ॐ

અર્પણપત્રિકા.

ઉદારચરિત! નિરભિમાની! સદ્ગુણસંપન્ન!

શેઠ ધરમસી મોરારજી ગોકળદાસ.

પરમસ્નેહી આત્મબંધુ.

આપનો પૂર્વ જન્મનો અતિ શુભ સંસ્કાર છે. પોતાના નામ પ્રમાણે આપ સ્વધર્મનિષ્ઠ, નિરભિમાની, ઉદારચરિત, માનવહિતૈષી, અને સ્વભાવે શાંત અને સત્યગુણી છો. વિદ્યા અને જ્ઞાનની વૃદ્ધિ કરવામાં હમેશાં પ્રવૃત્ત રહોછો. માનવસમાજની દુરદશા નિહાળી પોતાનીજ આંખમાં આંસુ આવેછે, પરંતુ જે ઉદારચરિત છે તેને તો સર્વ જગત્ કુટુંબ સમાન છે. પ્રિય સ્નેહી બંધુ! આપ પોતાના સ્વર્ગવાસી પિતા શ્રી ઑનરેબલ મોરારજી ગોકળદાસના જેવા સદ્ગુણ, સદાચાર અને સ્વધર્મનિષ્ઠપણાએજ વિવેકબુદ્ધિથી સંસારમાં પ્રવર્તોછો. માનસિક જ્ઞાનની યથાર્થ ઉન્નતિ થવાથીજ આલોક અને પરલોકના લાભો મનુષ્યને મળે છે એ આપ સમજોછો, સદ્ગ્રંથોનું શ્રવણ, મનન કરવા હમેશાં ઉત્સુક રહોછો, એટલુંજ નહી પરંતુ તેવા સદ્ગ્રંથોનો પ્રચાર આર્યબંધુઓમાં થવા પોતાના પિતાને પગલે ચાલતા રહોછો એ અત્યાનંદ પામવા જેવું છે. મુંબઇમાં ઘણા ઘણા ધનાઢ્યોની આજકાલ વૃત્તિ સંસર્ગ દોષને લીધે લૈકિક સુખ સંપાદન કરવામાં અને ઇંદ્રિયસુખ ભોગવવામાંજ નિમગ્ન થતી દ્રષ્ટિગોચર થાયછે, પરંતુ આપની તેવી વૃત્તિ નથી તેમ દર્શાવવાને જરાપણ સંકોચ નથી. મહા અદ્ભુત શક્તિવાળા તત્વજ્ઞાન અને આત્મજ્ઞાનના ગ્રંથોનું શ્રવણ મનન કરવા આપ પોતાનો સમય વ્યતીત કરતા પછાત પડતા નથી, એ મોટો સદ્ગુણ આપનામાં છે એ મારા હૃદય અનુભવથી જણાયુંછે. અને તેથી આ "બ્રહ્મવિજ્ઞાન સોમિમિઓ" આપજેવા સુશીલ, પરોપકારી, શાંતમય સ્વભાવવાળા આત્મબંધુને અર્પણ કરતા લેશમાત્ર અચકાતો નથી. અંતમાં ઈશ્વરપાસે યાચું છું કે આપજેવા બીજા અનેક આર્યબંધુઓની આર્યદેશની વિદ્યાનો પુનરોદ્ધાર કરવા સદ્બુદ્ધિ અને શુભ પ્રેરણા થાઓ અને જગન્નિયંતા પરમાત્મા, સચ્ચિદાનંદ આપને દીર્ઘાયુષ આપી આપની બુદ્ધિ હમેશાં નિર્મળ રાખી આપણા સ્વદેશી અનેક સ્વદેશહિતૈષી પરોપકારી કાર્યે કરાવી આ મનુષ્ય જન્મનું સાર્થ કરવાની આપની શુભ ઇચ્છાને સફળ કરો. તથાસ્તુ.

મુંબઈ મિતિ સંવત્ ૧૯૫૦ ના શ્રાવણ સુદી ૨ ને વાર શુક્ર તા૦ ૩ જી ઓગષ્ટ સન ૧૮૯૪.

ભવદીય સ્નેહાભિલાષી,

મનમોહનદાસ દયાળદાસ.

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ



तत् सत् परमात्मने नमः



सत्यात् नास्ति परो धर्म.

THERE IS NO RELIGION HIGHER THAN TRUTH.



(શ્રીમચ્છંકરાચાર્ય કૃત)

આત્મ વિવેક.

જે કાંઈ નહીં પરંતુ જે અચિન્ત્ય છે તેજ આત્મા છે, અને તે દ્રષ્ટિ રૂપે અવિકાર છે. જેનામાં ચિત્ શક્તિ છે તેને આત્માનો સાક્ષાત્કાર અનુભવ થયા વગર રહેતો નથી આત્મા અનાત્માને ઓળખવાને માટે પ્રાચીન મહર્ષિઓમાં અનંત અને અગાધ [illegible] [illegible] નો ભંડાર ભરપુર છે જેનો આ લઘુ આત્મવિવેક [illegible] છે.

૧ પ્રશ્ન—આત્મામાં દુઃખ કેમ ઉત્પન્ન થાય છે?

ઉત્તર—**આત્મા** તો પોતે દુઃખરહિત છે તથાપી દેહાભિમાને આવૃત્ત થયેલા **આત્માને** સુખદુઃખની પ્રતિતી થાયછે.

૨ પ્રશ્ન—દેહ બંધારણ કેમ થાય છે?

ઉત્તર—**કર્મ**ના યોગે કરી દેહ બંધાય છે.

૩ પ્ર૦—**કર્મ** બંધારણ કેમ થાય છે?

ઉ૦—નિરંતર ઉઠતી **તૃષ્ણા** અને **ઈચ્છાઓ**ના સંયોગથી કર્મ બંધાય છે.

૪ પ્ર૦—**તૃષ્ણા** અને ઈચ્છાઓ ઉત્પન્ન થવાનુ પ્રયોજન શું?

ઉ૦—**દેહાભિમાન**થી **તૃષ્ણા** અને ઈચ્છાઓ ઉત્પન્ન થાય છે.

૫ પ્ર૦—**અભિમાન** કેમ ઉત્પન્ન થયું?

ઉ૦—સત્યાસત્ય જાણવાના અવિવેકને લીધે **અભિમાન** ઉત્પન્ન થાયછે.

૬ પ્ર૦—**વિવેક** કેમ ઉત્પન્ન થતો નથી?

ઉ૦—**અજ્ઞાને** કરી આવૃત્ત થયેલા **જીવાત્માને વિવેક** ઉત્પન્ન થતો નથી.

૭ પ્ર૦—**અજ્ઞાન**ને ઉત્પન્ન કરવાવાળો કોઈ છે?

ઉ૦—**અજ્ઞાન** વાસ્તવિક રીતે જોતાં છેજ નહીં. પરંતુ દેહાભિમાની **જીવાત્માને સત્વ, રાજસ** અને **તામસ** આદિ ગુણોના અવલંબનથી હું અજ્ઞાની છું એવો ભાસ થાય છે.

આ ઉપરથી દુઃખનું મૂળ **અજ્ઞાન** માલમ પડે છે અને જ્યાંસુધી **અજ્ઞાન**રૂપી અંધકારનો પડદો ફાટી પોતાના **અનાદિ—અખંડ—અવિનાશી બ્રહ્મ**ને ઓળખ્યા નથી ત્યાંસુધી સર્વ દુઃખમય ભાસે છે. વેદશાસ્ત્રોએ વર્ણવેલાં નિત્ય નૈમિત્યાદિ કર્મોથી અંતરની શુદ્ધિ થાય છે અને તેથી સત્સંગે કરી **જ્ઞાન** પ્રાપ્ત થાય છે.

૮ પ્ર૦—**જ્ઞાન** કેવી પ્રકારે મેળવી શકાય?

ઉ૦—**આત્મા** અને **અનાત્મા** સંબંધી વાદવિવાદ અને વિચાર કરવાથી **જ્ઞાન** ઉત્પન્ન થાય છે.

૯ પ્ર૦—વાદવિવાદ કરવા કોણ યોગ્ય હોય?

ઉ૦—જેઓએ નિચલા ચાર ગુણો સંપાદન કર્યા હોય તેઓ વાદવિવાદ કરવા સમર્થ થઈ શકે.

૧ ચળ અને અચળ વસ્તુઓની પરીક્ષા કરી જાણે. એટલે આ જડ જગત મિથ્યા અને માયામય છે અને એક બ્રહ્મજ સત્ય છે.

૨ આલોક અને પરલોકના ભોગ ભોગવવા નિસ્પૃહપણું, એટલે આ જગતરૂપી દેખાવોની ઇચ્છાઓ માટેના ભોગોનો સરખો અભાવ રાખવો, એટલે સ્ત્રી, પુત્ર, ધન, વિગેરે અનેક વાસનાઓથી રહિત થવું એટલુંજ નહીં પરંતુ સ્વર્ગની રંભાઓના સુખનો પણ ત્યાગ કરી બ્રહ્મલોકની ઇચ્છા કરવી.

૩ શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન એ ૬ ગુણ સંપાદન કરવા.

૧. શમ એટલે નિરંતર વાસનાનો ત્યાગ કરવો. મનની અંદર ઉઠતા વેગોને દાબવા અને મનને શ્રવણ, મનન, અને નિદિધ્યાસનમાં લગાડવું.

૧ શ્રવણ એટલે વેદના અર્થો સાંભળવા.

૨ મનન એટલે વેદવાકયોના સાંભળેલા અર્થો વિષે વારંવાર વિચાર કરવો અને જે વિપરીત ભાસતું હોય તેને દૂર કરવું.

૩ નિદિધ્યાસન એટલે દુર્વાસના, દુર્બુદ્ધિ, ગર્વ, અહંતામમતા, કંજુસપણું, અસ્વાભાવિક ગુણો જેવા કે કામ, ક્રોધ, ખોટી ઇચ્છા ઇત્યાદિ ગુણો ત્યાગ કરવા અને પોતાનો આત્મા જે પરબ્રહ્મ છે એવો દૃઢ નિશ્ચય કરતા રહેવાને નિદિધ્યાસન કહેછે.

૧૫ સ૦—હવે સ્થૂળશરીરના ભાગો ક્યા ક્યા? અને તેનું વર્ણન?
જ૦—નીચેના સ્થૂળદેહના કોષ્ટક ઉપરથી સમજાશે.

स्थूल देहनां तत्वोनुं कोष्टक.

આકાશનાં	વાયુનાં	તેજનાં	આપનાં	પૃથ્વીનાં
કામ	ચલન	ક્ષુધા	શુક્ર	અસ્થિ
ક્રોધ	વલન	તૃષા	શોણિત	માંસ
શોક	ધાવન	આલસ્ય	લાલા	ત્વચા
મોહ	પ્રસારણ	નિદ્રા	મૂત્ર	નાડી
ભય	આકુંચન	કાંતિ	સ્વેદ	રોમ

ઉપરના કોષ્ટકની સમજણ.

આકાશનાં—પાંચ તત્વો છે, **કામ, ક્રોધ, શોક, મોહ અને ભય.** એ સર્વ હૃદયાકાશમાં ઉત્પન્ન થાય છે. તેથી આકાશનાં છે. એ પાંચ તત્વો બંધન દ્વારા પ્રસિદ્ધ દુઃખ દેનારાં છે એમ જાણી કામાદિકનો ત્યાગ કરવો. કામમાં આસક્ત થવાથી રાવણ ઘણો દુઃખી થયો અને રાજ્ય ગયું.

ક્રોધ—રાક્ષસથી પણ નઠારો છે. કારણ કે રાક્ષસતો પ-રાયું લોહી પીએ છે. રાક્ષસની પ્રતીતિ માત્ર રાતનીજ થાય છે. પરંતુ ક્રોધી તો રાત્ર અને દિવસ બંને વખત નાચ્યા કરે છે. રાક્ષસ બીજાને ભય પમાડે છે પણ પોતે ભય પ[illegible] ક્રોધી [illegible] મેછે ને બીજાને પણ [illegible] તે [illegible] અધિક દુઃખ [illegible]

શોક [illegible] છે. એ

કરવો અને તેમાં અહંતા મમતા ન કરવી. જેકે આ કામાદિક પંચતત્વ સુક્ષ્મદેહના ધર્મ છે. સ્થૂળ દેહના નથી તથાપી એનો સ્થૂળદેહમાં આવેશ પ્રસિદ્ધ દેખાય છે. તેથી સ્થૂળદેહના તત્વરૂપે વર્ણન કર્યું છે.

વાયુનાં—પાંચ તત્વો છે જેવાંકે ચલન (ચાલવું) વલન (વળવું) ધાવન (દોડવું) પ્રસારણ (પોહોળું કરવું) અને આકુંચન (સંકોચવું).

તેજનાં—પાંચ તત્વ છે. ક્ષુધા (ભૂખલાગવી) તૃષા (તરસ લાગવી) આલસ્ય (આલસ) નિદ્રા (ઉંઘ) અને કાન્તિ (તેજ). પેટમાં અગ્નિ પ્રબલ થયા વિના ભૂખ લાગતી નથી. ઉષ્ણ કાળમાં અગ્નિરૂપ ગરમીના જોરથી તરસ વધારે લાગે છે તેમજ આળસ અને નિદ્રા ગરમીના દિવસમાં વધારે થાય છે અને નિદ્રા કરવાથી અન્નનું પાચન પણ થાય છે. માટે તે અગ્નિના ભાગ છે. કાન્તિ કહેતાં તેજ એ પ્રસિદ્ધ તેજનો ભાગ જણાય છે.

આપનાં—શુક્ર (વીર્ય) શોણિત (લોહી) લાલા (લાળ) મૂત્ર (પેશાબ) અને સ્વેદ (પરસેવો) એ પાંચે તત્વો જળરૂપ પ્રસિદ્ધ જણાય છે વાસ્તે જળનાં છે.

પૃથ્વીનાં—અસ્થિ (હાડકાં) માંસ (માસ) ત્વચા (ચામડી) નાડી (નસો) અને રોમ (રૂંવાડાં) એ પાંચ તત્વો પૃથ્વીનાં છે. એનો હેતુ એકે જે વખતે સ્થૂળશરીરમાંથી પ્રાણ જાય છે તે વખતે આકાશ, વાયુ, તેજ, અને જળ, એ ચારે ભૂતોનાં કામ-ક્રોધ આદિ વિભાગો આકાશઆદિ ભૂતોમાં મળી જાય છે તે પ્રસિદ્ધ દેખાય છે. જુઓ મુડદાની અંદર કામ, ક્રોધ વગેરે આકાશનાં તત્વો નથી. ચલન, વલન, વગેરે વાયુનાં તત્વો નથી. ક્ષુધા, તૃષા વગેરે તેજના તત્વો નથી. શુક્ર. શોણિત વગેરે જળનાં તત્વો પણ તેમાં હોતાં નથી. પરંતુ જોતાં પૃથ્વીનાં અસ્થિ, માંસ, ત્વચા, નાડી અને રોમ એ પાંચે તત્વો જોવામાં આવે છે. તે તત્વો જે દેહને બાળે તે

ભસ્મરૂપ થઈ, હાડકો માટીરૂપ થઈ અને જનાવરો ખાયતો વિષ્ઠારૂપ થઇ પૃથ્વીમાં મળે છે તેથી એ પૃથ્વીનાં છે. ઉપર કહેતાં પચીશ તત્વોનો આ સ્થૂળદેહ થયો છે અને તે પંચીકૃત મહાભૂતોનું કાર્ય છે. હવે,

સ્થૂલ દેહનાં પંચીકૃત પચીશ તત્વોને સમજવાસારૂ કોષ્ટક.

પંચભુત	પૃથ્વીનાં	જળનાં	તેજનાં	વાયુનાં	આકાશનાં
પૃથ્વીનાં	અસ્થિ	શોણિત	આલસ્ય	સંકોચન	કટ્યાકાશ
જળનાં	માંસ	શુક્ર	કાંતિ	ચલન	ઉદરાકાશ
તેજનાં	નાડી	મૂત્ર	ક્ષુધા	પ્રસારણ	હૃદયાકાશ
વાયુનાં	ત્વચા	સ્વેદ	તૃષા	ધાવન	કંઠાકાશ
આકાશનાં	રોમ	લાળ	નિદ્રા	કંપન	શિરઆકાશ

કોષ્ટકનો અર્થ

૧ પૃથ્વીના ૧ અસ્થિ — [illegible] છે કેમકે તે પૃથ્વીની પેઠે કઠણ છે [illegible] પૃથ્વીના [illegible] અને [illegible] (૧) [illegible], (૨) [illegible], (૩) [illegible], (૪) [illegible] તે [illegible] આદિ બીજા ચાર ભૂતમાં મળ્યા.

૨ શોણીત — રૂધીર તેનો રંગ રાતો છે. તેથી પૃથ્વીનો અંશ છે તે જળમાં મળ્યો તેથી જળનાં તત્વો માંહે કહેવાય છે.

૩ આલસ્ય—પૃથ્વીની પેઠે [illegible] છે તેથી પૃથ્વીનો અંશ છે. અને તે તેજમાં મળ્યો. તેથી તેજ તત્વો માંહે કહેવાય છે.

૪ સંકોચન—એ પણ પૃથ્વીની પેઠે જડતાનો હેતુ છે. માટે પૃથ્વીનો ભાગ છે. પણ વાયુને મળ્યો એટલે વાયુનો ગણાય છે.

૫ કટયાકાશ—પૃથ્વીનો ભાગ જે મળ તેને રાખે છે. માટે પૃથ્વીનો ભાગ છે પણ આકાશને મળ્યો તેથી આકાશનો કહેવાય છે.

૨ જળનો—મુખ્ય અર્ધ ભાગ વીર્ય છે. તેનું કારણ એ છે કે જળ જેમ સફેત છે અને વૃક્ષાદિકને ઉત્પન્ન કરે છે તેમ વીર્ય પણ સફેત છે અને ગર્ભને ઉત્પન્ન કરે છે માટે જળનો છે એમ જાણવો. હવે બાકીના અરધા ભાગના ચાર ભાગ થયા જેવા કે (૧) માંસ, (૨) કાંતિ, (૩) ચલન, (૪) ઉદરાકાશ. તે પૃથ્વી આદિ બીજા ચાર ભૂતમાં મળ્યા તે કહે છે.

૧ માંસ—દ્રવીભૂત છે તેથી જળનું છે પણ પૃથ્વીનાં તત્વો સાથે મળ્યું તેથી પૃથ્વીનું કહેવાયું.

૨ કાંતિ—જળની છે કેમકે જળના સંબંધથી કાંતિમાં ફેરફાર થાય છે. પણ તે કાંતિ તેજની સાથે મળી તેથાર તેજની કહેવાઈ.

૩ ચલન—પાણીની પેઠે ચલાયમાન છે તેથી જળનું છે પણ વાયુના તત્વ સાથે મળ્યું તેથી વાયુનું કહેવાયું.

૪ ઉદરાકાશ—જળને રેહેવાનું સ્થાનક છે. તેથી જળનો છે, પણ આકાશમાં મળ્યો તેથી આકાશનો કહેવાયો.

૩ તેજનો—મુખ્ય અરધો ભાગ ક્ષુધા છે. તેનો હેતુ એ છે જે ઉદરમાં અગ્નિ પ્રબળ થયાથી ક્ષુધા લાગેછે. તે કારણથી તેજનો છે. બાકીનાં અરધા ભાગમાંથી ચાર ભાગ થયા જેવા કે (૧) નાડી, (૨) મૂત્ર, (૩) ઉત્ક્રમણ, (૪) હૃદયાકાશ. તે પૃથ્વી આદિ બીજા ચાર ભૂતમાં મળ્યા.—

૧ નાડી—થી જ્વરની પરીક્ષા થાય છે. માટે તેજની છે, પણ પૃથ્વીનાં તત્વોમાં મળી તેથી પૃથ્વીની કહેવાઈ.

૨ મુત્ર—ગરમ છે. માટે તેજનું છે પણ જળના તત્વોમાં મળ્યું તેથી જળનું કહેવાયું.

૩ ઉત્ક્રમણ—માં અગ્નિનીપેઠે ઉર્ધ્વ ગતી છે માટે તેજનું છે. પણ વાયુના તત્વોમા મળ્યું તેથી વાયુનું કહેવાયું.

૪ હૃદયાકાશ—સર્વદા હૃદયમા ઉષ્ણતા રહે છે તેથી તેજનો છે, પણ આકાશના તત્વોમાં મળ્યો તેથી આકાશનો કહેવાયો.

૪ વાયુનો—અરધો ભાગ ધાવન (દોડવું) છે. કેમકે વાયુનીપેઠે વેગથી દોડાય છે માટે વાયુનો ભાગ છે. બાકી વાયુના અરધા ભાગમાંથી ચાર ભાગ થયા જેવા કે ત્વચા, સ્વેદ, તૃષા, કંઠાકાશ. ને પૃથ્વી આદિ બીજા ભુતોમા મળ્યા.

૧ ત્વચા—થી સ્પર્શ થાય છે તેથી વાયુની છે, પણ પૃથ્વીના તત્વ સાથે મળી તેથી પૃથ્વીની કહેવાઈ.

૨ સ્વેદ—ઘણા શ્વાસોશ્વાસથી પરસેવો થાય છે, અને વાયુથી સુકાય છે માટે વાયુનો છે, પણ જળના તત્વ સાથે મળ્યો તેથી જળનો કહેવાયો.

૩ તૃષા—વાયુથી શોષણ થઈ તૃષા ઉત્પન્ન થાય છે. માટે વાયુની છે પણ તેજના તત્વ સાથે મળી તેથી તેજની કહેવાઈ.

૪ કંઠાકાશ—વાયુને જવા આવવાનું સ્થાન છે. માટે વાયુનો ભાગ છે, પણ આકાશના તત્વો સાથે મળ્યો તેથી આકાશનો કહેવાયો.

૫ આકાશનો—પોતાનો મુખ્ય અરધો ભાગ શરીર આકાશ છે. કારણ કે શરીરમાં જે પોલાણ છે તે આકાશરૂપ છે. અને એના બાકીના અરધા ભાગમાંથી ચાર ભાગ થયા જેવા કે કામ, ક્રોધ, નિદ્રા, પ્રસારણ. તે પૃથ્વી આદિ બીજા ચાર ભૂતોમાં મળ્યા.

૧ રોમ—કાપવાથી દુખ થતું નથી. માટે આકાશના છે, પણ પૃથ્વીના તત્વ સાથે મળ્યા તેથી પૃથ્વીના કહેવાયા.

૨ લાલા—શીર આકાશમાંથી નીચે આવે છે માટે આકાશની છે, પણ જળના તત્વ સાથે મળી તેથી જળની કહેવાઈ.

૩ નિદ્રા—શૂન્ય સ્વભાવ છે માટે આકાશની છે પણ તેજનાં તત્વો સાથે મળી તેથી તેજની કહેવાય છે.

૪ પ્રસારણ—વ્યાપકતા છે. માટે આકાશનું પણ વાયુના તત્વ સાથે મળ્યું અને વાયુથીજ શરીર પોહોળું થાય છે તેથી વાયુનું કહેવાય છે.

એ રીતે સ્થૂલદેહનાં પચ્ચીશ તત્વોમાં પંચીકરણ નિરૂપણ કર્યું છે. તે ગૌણપક્ષથી સમજવા સારૂ છે અને પંચીકૃત પંચમહાભૂતમાંથી પચ્ચીશ તત્વોનો જે સ્થૂળદેહ થયો છે તેજ મુખ્ય પક્ષ છે. પણ માત્ર આકાશના તત્વમાં બે પક્ષ છે તેમાં કામ-ક્રોધાદિ પાંચ પ્રથમ પક્ષમાં કહ્યા. ને બીજા પક્ષમાં આકાશના પાંચ ભાગ જેવા કે શિરાકાશ, કંઠાકાશ, હૃદયાકાશ, ઉદરાકાશ, કટ્યાકાશ, એ રીતે કહ્યા છે. પણ એ સરવે નિરૂપણ કરવાનો મુખ્ય અભિપ્રાય એ છે કે એ સર્વ તત્વો ભવતીરૂ (પંચભૂતનાં કાર્ય) ▯ માટે જડ છે. તથા પરિણામી, વિકારી, અસત્ય છે. અને તેઓને જાણવાવાળો દૃષ્ટા નિરવિકારી અસંગ આત્મા હું છું ને તે તત્વોનો સમુદાયરૂપ સ્થૂળદેહ હું નથી. તે તત્વો પંચભૂતનાં છે તેથી મારાં નથી. એમ જાણીને તેમાંથી અહંતા મમતારૂપ અધ્યાસને મુકી દેવો અને તે તત્વોમાંથી તું કોણ છે? એ વિચાર કર અને તેમાં તને શો સંબંધ છે? જેથી તું એ મારા છે એમ માને છે?

દેહ એવું નામ ઉપલાં પચીશ તત્વો મળીને થયું છે. જો એ તત્વોનું વિવેચન કરી જુદાં જુદાં કર્યા હોય તો તેમાં દેહ કાંઈ સિદ્ધ થતો નથી. જેમકે પથર, ઇટ, લાકડાં, ચુનો, વિગેરે જોડાયાથી ઘર એવું નામ પડ્યું પણ

તેને જુદા જુદા કરી નાંખે તો ઘર કાંઈ દેખાતું નથી. માટે ખરી રીતથી વિ-
ચારતાં દેહ મન છે એમ સિદ્ધ થતું નથી, પરંતુ કલ્પના માત્રજ છે.

૧૬ પ્ર૦—સૂક્ષ્મશરીરના ભાગો કયા કયા?

ઉ૦—સૂક્ષ્મશરીરના ૧૭ ભાગ છે જેવાં કે, પંચજ્ઞાનેંદ્રિય, પંચકર્મેંદ્રિય, પંચપ્રાણેંદ્રિય, અને મન, બુદ્ધિના, તત્વોના બંધારણથી સૂક્ષ્મશરીર થાયછે.

૧ પ્ર૦—પંચ જ્ઞાનેંદ્રિય કઈ કઈ?

ઉ૦— ૧ આંખ—જેમા આકારનું બંધારણ થવાની શક્તિ રહીછે તે.
૨ કાન—જેમા સ્વરના ધ્વનિ વા પ્રત્યક્ષ થાની શક્તિ રહીછે તે.
૩ નાક—જેમા સુંઘવાની શક્તિ છે તે.
૪ જીભ—જેમા રસ ચાખવાની શક્તિ છે તે.
૫ ત્વચા—આનથી મૃદુ ને નરમ લાગવાની જેમાં શક્તિ છે.

પંચજ્ઞાનેંદ્રિયોની પાંચ શક્તિઓની માગે.

દીક, વાત—વાયુ.
સૂર્ય—અર્ક.
પ્રાચેત—પાણી.
અશ્વિની, આહુતી—અગ્નિ
[illegible], [illegible], [illegible], ચંદ્ર, [illegible], રુદ્ર.
[illegible] [illegible] [illegible]

[illegible] લિંગશરીરનું [illegible] માટે પાંચ પ્રાણ, મન અને બુદ્ધિ અને [illegible] લિંગશરીરનું [illegible] [illegible] પંચમહાભૂતોથી જુદા નહિ [illegible] છે.

૨ પ્ર૦—પંચ કર્મેંદ્રિય કઈ કઈ?

ઉ૦—[illegible] (ઇંદ્રિય) અને [illegible]—
[illegible] છે અને [illegible] છે અને [illegible] છે (જેવાં કે [illegible]) [illegible] છે.

૩ સ૦—પાંચ પ્રાણઇંદ્રિય કઈ કઈ?

જ૦—૧ પ્રાણ, ૨ અપાન, ૩ વ્યાન, ૪ ઉદાન, ૫ સમાન.

૧ પ્રાણ—આ નામનો વાયુ હૃદયસ્થાનમાં રહી રાત્રદિવસ મળી ૨૧૬૦૦ શ્વાસોશ્વાસરૂપી કર્મ કરેછે. તે બાહાર નિકળી પરસ્વેદ ઉત્પન્ન કરેછે.

૨ અપાન—એવા નામનો વાયુ ગુદાસ્થાનમાં રહીને મળનો ત્યાગ કરેછે.

૩ વ્યાન—એ નામનો વાયુ શરીરના સર્વ સ્થાનમાં રહી દેહના સર્વ સાંધાઓને વાળવારૂપી કર્મ કરેછે.

૪ ઉદાન—એવા નામનો વાયુ કંઠસ્થાનમાં રહેછે. અને મનુષ્ય જે અન્નજળ ખાયપીએ છે તેના જુદા જુદા વિભાગ કરેછે તે ઉપર ચડેછે. વાત કરવાની શક્તિ તે આપેછે અને એનાથી અવાજ ઉત્પન્ન થાયછે. કંઠમાં હિતા નામની અતી સુક્ષ્મ નાડી છે. તેમાં સ્વપ્ન તથા હેડકી દેખાડે છે.

૫ સમાન—એ નામનો વાયુ નાભિસ્થાનમાં રહેછે. મનુષ્ય જે અન્નજળ ખાયપીએ છે તે અન્નાદિક જઠરાગ્નિમાં પાકીને તેના સ્થૂળ, મધ્યમ અને સૂક્ષ્મ એવા ત્રણ ભાગ થાયછે. તેમાં અન્નનો ઘણો સુક્ષ્મ ભાગ થાયછે. તે શરીરના હૃદય ઉપર આવીને મન, બુદ્ધિને પુષ્ટ કરેછે. અને અન્ન તથા જળનો બીજો જે સ્થૂળભાગ મળ તથા મુત્રરૂપ અસાર થાયછે, તે ગુદા અને લિંગદ્વારાએ શરીરમાંથી બાહાર નિકળી જાયછે. બાકી રહેલ અન્નજળના મધ્યમ રસરૂપી ભાગને સમાન વાયુ નાડીદ્વારા આખા શરીરમાં ઠેકેઠેકાણે પોંચાડે છે, કે જે રસના પરિણામરૂપ હાડમાંસ વિગેરેથી આખું શરીર પુષ્ટ થાયછે. સઘળી તરફ જો અન્નજળના રસનો ભાગ બરોબર ન પોહોચ્યો હોય તો સર્વ અવયવો પુષ્ટ થાય નહીં જેમ બગીચામાં માળી હોય છે તે કુવામાંથી પાણી કાઢી નીકોમારફતે

ઠેકાણે ઠેકાણે સર્વ ઝાડ પાનોને સરખું પાણી પોંચાડે છે. કે જેથી ઝાડો પ્રફુલ્લિત થાયછે. તેમ સમાન વાયુરૂપી માળી દેહરૂપી બગીચામાં અવયવો તથા રોમરૂપી ઝાડોને અન્નજળના રસરૂપી પાણીને નસોમાર્ગે પોંહોચાડીને આખા શરીરને પુષ્ટ કરેછે.

હવે પાંચ પ્રાણ ઇંદ્રિયના પાંચ અપાન વાયુ હોય છે જેવા કેઃ

નાગ—થી ઓડકાર આવેછે.— **કુર્મ**—થી આંખો ઉઘડે છે.

કૃકલ-ભુખ લગાડે છે. **દેવદત્ત**—બગાસાં લાવેછે.—**ધનંજય**—અન્નને પાચન કરેછે.

આપ્રમાણે યોગીઓનું કહેવું છે.

૪ પ્ર૦—**અંતઃકરણ** એટલે શું?

ઉ૦—**મન, બુદ્ધિ, ચિત્ત,** અને **અહંકાર** મળી **અંતઃકરણ** થાય છે.

મન—નું સ્થાન ગળામાં.—**બુદ્ધિ**—નું સ્થાન ચેહેરામાં.

ચિત્ત—નું સ્થાન નાભિસ્થાનમાં.—**અહંકાર**—છાતિમાં.

આ અંતઃકરણના ચાર સ્થાનોના જુદા જુદા ચાર ઉદગારો છે. જેવા કે શક-ચોકસપણું-**અવરોધ**-અને હુંપદ.

૧૭ પ્ર૦—**અનાત્મા** કોને કહેવા?

ઉ૦—ત્રણ શરીર. જડ અને નાશવંત એ મુખ્યત્વે દુઃખરૂપ અને જે સંયોગ અને વિયોગ આધીન તે **અનાત્મા** કહેવાય.

૧૮ પ્ર૦—ત્રણ અવસ્થા કોને કેહેવી?

ઉ૦—જાગ્રત-સ્વપ્ન-અને સુષુપ્તિ.

૧ **જાગ્રત**—જાગીને જીએ તે ઇંદ્રિયોના ચેહેવારથી શબ્દ વિગેરે વિષયોનું જે પ્રસિદ્ધ જ્ઞાન થાયછે તેને જાગ્રત અવસ્થા કહીએ અને તેનો વ્યવહાર બેનાળીના નન્વોથી થાયછે.

૨ **સ્વપ્ન**—જાગૃતની અસરથી ઉત્પન્ન થએલી ઇચ્છાઓ દ્વારા જે દેખાવો દેખાવામાં આવે છે, તેને સ્વપ્ન કહેછે.

૩ **સુષુપ્તિ**—જેમાં દેખાવોનો મુદ્દલ આભાસ નહીં તેને સુષુપ્તિ કહેછે.

આપણી જાગૃત અવસ્થામાં આપણા પંચમહાભૂત શરીરમાં વસેલો જે 'હું'નો ભ્રમ તેને વિશ્વ કહેછે. અને સ્વપ્ન અવસ્થા વખતે લિંગશરીરમાં તેને તૈજસ કહેછે. સુષુપ્તિમાં તેને પ્રાજ્ઞ કહેછે.

૧૯ સ૦—પંચકોશ તે કયા કયા?

જ૦—**અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, આનંદમય.**

૧ **અન્નમય**—સ્થૂળદેહ તે માતાપિતાએ ખાધેલા અન્નના પરિણામમાંથી લોહી અને વીર્ય થાયછે અને લોહી વીર્યનાસંબંધથી સ્થૂળદેહ પેદા થયો છે. જન્મ્યા પછી પણ માતાએ ખાધેલા અન્નના પરિણામથી દુધ થાયછે. તે દુધનું પાન કરી સ્થૂળદેહ વધે છે. દાંત આવ્યા પછી અન્ન ખાઈને જીવે છે. વળી સ્થૂળદેહ બીજા જીવોને અન્નરૂપ ભક્ષ છે. અને અન્ન ખાધાવગર જીવતો નથી. અને જ્યારે મરેછે ત્યારે અન્નરૂપ પૃથ્વીમાં લય થાયછે. માટે એને **અન્નમય** કોષ કહ્યો. અને તેને કોષ કહ્યો તેનું કારણ એ છે કે, જેમ તરવારને ઢાંકવાવાળું જે મ્યાન છે, તેનું કોષ એવું નામ કહેવાયછે. ધનને ઢાંકવાવાળા ભંડારને પણ કોષ કહેછે. તેમજ અન્નમય શરીરથી **આત્મા** ઢંકાય છે. અન્નમય કોષ દેખાડતો છે અને **આત્મા** અન્નમય કોષથી જુદો છે. માટે તેને **અન્નમય** કોષ કહ્યો છે.

૨ **પ્રાણમય**—પાંચ કર્મેંદ્રિયો અને પાંચ પ્રાણ ઇંદ્રિયો મળી પ્રાણમય કોષ બને છે. પ્રાણના આવવાથી જે અવાચ્ય હોય તેને વાચા થાયછે.

૩ **મનોમય**—પંચ જ્ઞાનેંદ્રિયો અને મન મળી મનોમય કોષ થયો છે. આ કોષથી વિકાર ઉત્પન્ન થાયછે.

૪ **વિજ્ઞાનમય**—પાંચ જ્ઞાનેંદ્રિયોની સાથે બુદ્ધિ મળી વિજ્ઞાનમય કોષ થાય છે.

૫ **આનંદમય**—કારણ શરીરરૂપ અવિદ્યામાં જેમ લીન સત્વ છે. તેમાં **પ્રીય-મોદ-**અને **પ્રમોદ** એ ત્રણ પ્રકારની વૃત્તિથી જે આનંદ થાય છે તેનું નામ **આનંદમય** કોષ.

પ્રીય—પોતાને ગમતો પદાર્થ દેખીને આનંદ થાય તે.

મોદ—ગમતાપદાર્થથી જે લાભ થઈ આનંદ મળે તે.

પ્રમોદ—ગમતા પદાર્થોને ભોગવ્યાથી જે આનંદ થાય તે.

આવી વિષયરૂપ વૃત્તિઓએ કરી **નિર્વિકાર, આનંદરૂપ આત્મા** જણાતો નથી. અને અહંકારના પડદા નીચે ઢંકાયલો હોય છે. આનંદમય કોષનો પ્રકાશક સર્વ આનંદનો મૂળભૂત આનંદરૂપ તું **આત્મા** છે. પણ કોષરૂપ નથી. અને તું, **આત્મા** કારણદેહનો અને કારણદેહના તત્વનો તથા આનંદમય કોષનો સાક્ષી છે. અને તું સચ્ચિદાનંદ નિત્ય નિરંતર (ભેદરહિત) નિરવિષય (જેથી કોઈ અધીક નહીં) તેવો **પરમાનંદ** છે.

૨૦ સ૦—તેને ત્રણ અવસ્થાનો જાણવાવાળો કેમ કહ્યો?

જ૦—તે ત્રણ અવસ્થાનો સાક્ષી અને જ્ઞાનરૂપ અને **ભૂત, વર્તમાન અને ભવિષ્ય**માં વસવાવાળો છે તેથી.

૨૧ સ૦—**પંચકોષથી આત્મા** જુદો કેમ?

જ૦—આનો ઉત્તર નીચેના દૃષ્ટાંતથી સિદ્ધ થાય છે.

આ મારાં છોકરાં, સ્ત્રી, ધન, ગાડી, વાડી, વિગેરે મને ઘણોજ **આનંદ** આપે છે એવી સર્વ કલ્પનાઓ સાથે **આત્મા** ભળતો નથી. તે તેઓથી જુદો અને સાક્ષી દ્રષ્ટા છે. ઉપનિષદમાં કહ્યું છે કે **આત્મામાં અવાજ** નથી, **આકાર** નથી **રંગ, રૂપ, રસ, ગંધ** નથી, તેની **ઉત્પત્તિ** નથી, તેમ નથી તેનો **લય, પ્રકૃતિ**ની ઉપર છે. એપ્રમાણે જાણનારા અને સમજનારને મોક્ષની ઇચ્છા થાય છે, તે **સત્-ચિત્ત અને આનંદરૂપ** છે.

સત્—જાગૃત-સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા, ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણ કાળ, તું **આત્મા** છે. માટે સત્ કહેવો.

ચિત્ત—ત્રણે અવસ્થાને જાણે છે માટે તે **ચિત્ત** કહ્યો.

આનંદ—સદાકાળ **આત્મા** પરમ પ્રેમાસ્પદરૂપ છે. માટે **આનંદ** છે.

ॐ शांतिः शांतिः शांतिः



तत् सत् परमात्मनेमः



सत्यात् नास्ति परोधर्मः

There is no religion higher than Truth.

ભ્રાતૃભાવ.

ભાગ ૧ લો.

ઉપોદ્‌ઘાત.

કોઇ પણ વિદ્વાન અને બુદ્ધિવાન પુરૂષ પોતાનું અંતઃકરણ નિર્મળ કરી વિચાર કરશે તો તેને એવું જણાશે કે આ સૃષ્ટિમાં કાંઈ પણ પુરૂષાર્થ અથવા કોઈ પણ જાતના અર્થની સિદ્ધિ કરવાસારૂ જે પુરૂષ પ્રયત્ન કરવાનું છે તે મનુષ્યપ્રાણીની બુદ્ધિ અનુસાર થઈ શકે છે પરંતુ સઘળા મનુષ્યપ્રાણીની બુદ્ધિ સમાન હોતી નથી. તેથી સઘળાને અર્થની સિદ્ધિ પણ સમાન થતી નથી, તેમજ વિદ્યા મેળવવાની ઇચ્છા રાખનારા સઘળા પુરૂષોને સરખી વિદ્યા પ્રાપ્ત થઈ શકતી નથી તેથી જુદી જુદી સ્થિતિના માણુસો જેવામાં આવે છે અને તેમને અર્થની સિદ્ધિ પણ જુદી જુદી થાયછે.

વળી વાઘ, રીંછ, સિંહો વિગેરે ઘણા પશુઓ મનુષ્યપ્રાણી કરતાં અધીક બળવાન હોય છે તેમ છતાં મનુષ્ય તેઓને વશ કરી તેમના ઉપર સત્તા ભોગવી પોતાની ઈચ્છાપ્રમાણે તેઓની પાસે કાર્યો કરાવે છે. એ સઘળાનું મુખ્ય કારણ **બુદ્ધિ** અને **જ્ઞાન** છે.

આપણે નિષ્પક્ષપાત રીતે જુદા જુદા દેશના પ્રાચીન ઇતિહાસોનું અવલોકન કરી જોઇશું તો આપણને જણાશે કે જે પ્રજા કોઇ કાળે કેવળ અજ્ઞાન દશામાં હતી, જેને વસ્ત્ર પેહેરવાનુ પણ જ્ઞાન નહોતું તો એંટીવાડી કરી ઘર બાંધવાનું જ્ઞાન હોવાજ કયાથી, તે પ્રજા આજે નાનાપ્રકારના સુશોભિત વસ્ત્રાલંકાર તૈયાર કરી પૃથ્વીના સર્વ ભાગમાં મોકલી અતુલ્ય દ્રવ્ય સંપાદન કરે છે અને જે દેશમાં ડુંગર અને પહાડોને લીધે કોઈ પણ જાતનું ધાન્ય થઈ શકતું નહીં ત્યાં આજ ઘણું ધાન્ય ઉત્પન્ન થાય છે. ત્યાં ઘરો વિગેરેની જે હાલ સુશોભિત બાંધણી છે તેવી બીજા કોઈ દેશમાં નથી. એ સિવાય તે દેશમાં ઉપયુક્ત વિદ્યાનો વધારો થવાથી નાના પ્રકારની કળા-કૌશલ્યતાની પણ પ્રવર્તિ થઈ છે તેણે કરી ત્યાંની પ્રજાને અતુલ્ય દ્રવ્યની પ્રાપ્તિ થઇ તે પ્રજાએ સર્વભોમપર સત્તા મેળવેલી છે અને તેથી હાલ તે પ્રજાની **સાંસારિક**, **વ્યાવહારિક**, અને **રાજકિય** એ ત્રણે સ્થિતિ ઉત્તમ દશામા આવી છે. એ સઘળાનુ મૂળ કારણ **બુદ્ધિ** અને **જ્ઞાન** છે. માટે સર્વે મનુષ્યપ્રાણીઓએ બુદ્ધિ અને જ્ઞાનની વૃદ્ધિ કરવાના ઉપાયો શોધવા પ્રયત્ન કરવાની મૂખ્ય અગત્ય છે પણ મનુષ્યપ્રાણીને ઉપયુક્ત વિદ્યાના યોગે કરી નાનાપ્રકારનાં ચમત્કારિક કાર્યોના સાધનથી જે **સાંસારિક** અર્થની મનવાંછિત પ્રાપ્તિ જેમ જેમ થતી જાય છે તેમ તેમ તેમના અંતઃકરણમાં **મદ** અને **અહંકાર** વિગેરે દુર્ગુણો વધતા જાય છે. તેથી ઘણા એમ સમજે છે કે જે કાંઇ કાર્ય આ દુનિયામાં થઈ શકે છે તે માત્ર મનુષ્યપ્રાણી પોતાની બુદ્ધિ અને વિદ્યાના યોગે કરી શકે છે અને તેથી એવો સિદ્ધાંત કરે છે કે, આ દુનિયાનો કર્તા કોઈ નથી. સૃષ્ટિનાં અદ્ભૂત કાર્યો એની મેળે મહાભૂતના રસાયણ વિગેરે પ્રયોગના મિશ્ર થવાથી થયા કરેછે, અને તે મહાભૂતના રૂપાંતર થવાથી નાશ પામે છે. તેવીજ રીતે આપણા શરીરમાં **જીવ** કાંઇ વસ્તુ નથી પણ શરીર લોહીના ફરવાથી હાલીચાલી

વળી વાઘ, રીંછ, સિંહો વિગેરે ઘણા પશુઓ મનુષ્યપ્રાણી કરતાં અધીક બળવાન હોય છે તેમ છતાં મનુષ્ય તેઓને વશ કરી તેમના ઉપર સત્તા ભોગવી પોતાની ઇચ્છાપ્રમાણે તેઓની પાસે કાર્યો કરાવે છે. એ સઘળાનું મુખ્ય કારણ **બુદ્ધિ અને જ્ઞાન** છે.

આપણે નિષ્પક્ષપાત રીતે જુદા જુદા દેશના પ્રાચીન ઇતિહાસોનું અવલોકન કરી જોઇશું તો આપણને જણાશે કે જે પ્રજા કોઇ કાળે કેવળ અજ્ઞાન દશામાં હતી, જેને વસ્ત્ર પેહેરવાનું પણ જ્ઞાન નહોતું તો ખેતીવાડી કરી ઘર બાંધવાનું જ્ઞાન હોયજ કયાંથી, તે પ્રજા આજે નાનાપ્રકારના સુશોભિત વસ્ત્રાલંકાર તૈયાર કરી પૃથ્વીના સર્વ ભાગમાં મોકલી અતુલ્ય દ્રવ્ય સંપાદન કરે છે અને જે દેશમાં ડુંગર અને પહાડોને લીધે કોઈ પણ જાતનું ધાન્ય થઈ શકતું નહીં ત્યાં આજ ઘણું ધાન્ય ઉત્પન્ન થાય છે. ત્યાં ઘરો વિગેરેની જે હાલ સુશોભિત બાંધણી છે તેવી બીજા કોઈ દેશમાં નથી. એ શિવાય તે દેશમાં ઉપયુક્ત વિદ્યાનો વધારો થવાથી નાના પ્રકારની કળા-કૌશલ્યતાની પણ પ્રવર્તિ થઈ છે તેણે કરી ત્યાંની પ્રજાને અતુલ્ય દ્રવ્યની પ્રાપ્તિ થઇ તે પ્રજાએ સર્વભોમપર સત્તા મેળવેલી છે અને તેથી હાલ તે પ્રજાની **સાંસારિક, વ્યાવહારિક, અને રાજ્યકીય** એ ત્રણે સ્થિતિ ઉત્તમ દશામાં આવી છે. એ સઘળાનું મૂળ કારણ **બુદ્ધિ અને જ્ઞાન** છે. માટે સર્વ મનુષ્યપ્રાણીઓએ બુદ્ધિ અને જ્ઞાનની વૃદ્ધિ કરવાના ઉપાયો શોધવા પ્રયત્ન કરવાની મૂખ્ય અગત્ય છે પણ મનુષ્યપ્રાણીને ઉપયુક્ત વિદ્યાના યોગે કરી નાનાપ્રકારનાં ચમત્કારિક કાર્યોના સાધનથી જે **સાંસારિક** અર્થની મનવાંછિત પ્રાપ્તિ જેમ જેમ થતી જાય છે તેમ તેમ તેમના અંતઃકરણમાં **મદ** અને **અહંકાર** વિગેરે દુર્ગુણો વધતા જાય છે. તેથી ઘણા એમ સમજે [redacted] કે જે કાંઇ કાર્ય આ દુનિયામાં થઈ શકે છે તે માત્ર મનુષ્યપ્રાણી પોતાની બુદ્ધિ અને વિદ્યાના યોગે કરી શકે છે અને તેથી એવો સિદ્ધાંત કરે છે કે, આ દુનિયાનો કર્તા કોઈ નથી. સૃષ્ટિનાં અદ્‌ભૂત કાર્યો એની મેળે મહાભૂતના રસાયણ વિગેરે પ્રયોગના મિશ્ર થવાથી થયા કરેછે, અને તે મહાભૂતના રૂપાંતર થવાથી નાશ પામે છે. તેવીજ રીતે આપણા શરીરમાં **જીવ** કાંઇ વસ્તુ નથી પણ શરીર લોહીના ફરવાથી હાલીચાલી

શકે છે એવી રીતનો નિશ્ચય કીધાથી એવા પુરૂષ એમ સમજે છે કે સંસાર-સુખ મેળવવું એજ મનુષ્યપ્રાણીનું કર્તવ્ય છે. એવું સમજ્યાથી તેમનાં અંતઃકરણમાં સંસાર સુખની તૃષ્ણા અનિયમીત થતી જાય છે, તેણે કરી તેને એક ક્ષણ પણ શાંતિ અને વિશ્રાંતિ થતી નથી. તેવા પુરૂષ અનિયમિત લોભને વશ થઈ પોતાથી જે ટુંકી બુદ્ધિના હોય તેમની પાસેથી કોઈપણ રીતે પૈસા હરણ કરવાના ઉપાયો રાત્ર દિવસ શોધ્યા કરે છે અથવા કોઈ સમયે અલ્પ પ્રાણીઉપર સત્તા મેળવવાસારૂ લડાઈ કરી અથવા દંગા ફિસાદો ઉઠાવી નિરઅપરાધી માણસોનો સંહાર કરાવે છે. તેવા પુરૂષના મનમાં સઘળા મનુષ્યપ્રાણી ઉપર **ભ્રાતૃભાવ** રાખવાનો વિચાર કદિ આવતો નથી, પણ કેવળ પૈસા સંપાદન કરી પોતાની સત્તા બેસાડવાના વિચાર કરવામાં રાત્ર-દિવસ નિમગ્ન રહે છે. એવી રીતની સ્થિતિ થવા માંડી એટલે તે કેવળ **કર્મઉપાસુ** પુરૂષ થાય છે. તેથી તે ધાર્મિક વિષયમાં કેવળ **અજ્ઞાની** રહે છે અને **સત્ય અસત્યનો** નિર્ણય કરવા અસમર્થ થાય છે. આપણે નિષ્પક્ષપાત રીતે વિચાર કરીશું તો આપણને જણાશે કે ઉત્તરકાળમાં વિદ્વાન અને બુદ્ધિવાન પરદેશી રાજકર્ત્તા પુરૂષોના સંબંધથી આર્યદેશમાં નષ્ટ થએલી ઉપયુક્ત વિદ્યામાંથી કેટલીએક વિદ્યાનો પ્રસાર થવાથી બુદ્ધિહીન થએલા આપણા આર્યબંધુઓમાંથી ઘણાની બુદ્ધિનો પ્રકાશ થવા માંડ્યો છે. માટે જ્યારે **બુદ્ધિ** અને **જ્ઞાનનો** સંપૂર્ણ પ્રકાશ થયાથી સત્યજ્ઞાનની પ્રાપ્તિ થઇ એટલે સર્વ દેશમાં, સર્વ જાતીના મનુષ્યપ્રાણીમાં પરસ્પર **ભ્રાતૃભાવ** ઉત્પન્ન થયાથી હાલ જે પરસ્પર **કલહ, કુસંપ,** અને **વિરોધ** થવા માંડ્યો છે તેનો નાશ થઈ સદાકાળ એક બીજાના કલ્યાણને અર્થે સ્નેહ અને પ્રીતિથી સર્વ કાર્યોમાં સઘળા મનુષ્યપ્રાણીઓ વર્તે એજ **ભ્રાતૃભાવનો** મૂળ ઉદ્દેશ અને હેતુ છે.

આટલો ઉપોદ્ઘાત કરી હવે પ્રસ્તુત વિષયનો આરંભ કરવામાં આવે છે. આ વિષયના બે ભાગ છે. એક **સામાન્યભ્રાતૃભાવ** અને બીજો **ભ્રાતૃભાવ-આત્મજ્ઞાનની** મધ્યમ સ્થિતિ.

સામાન્ય  ભ્રાતૃભાવ.

Universal Brotherhood.

ઇશ્વર સ્તુતિ.

यस्माज्जातं जगत्सर्वं यस्मिन्नेव विलीयते ।
येनेदं धार्यते चैव तस्मै विश्वात्मने नमः ॥

ભાવાર્થ—જેથકી આ જગત્ સર્વે ઉત્પન્ન થયું છે, જેમાં લીન થાય અને જેણે કરીને ધારણ કરાય છે તેવા વિશ્વ નિયંતા અંતર્યામી, સાક્ષીભૂત, સચ્ચિદાનંદ પરમાત્માને નમસ્કાર હો.

શાર્દૂલવિક્રીડિત છંદ.

શક્તિમાન દયાળુ ઈશ્વર વિભૂ સચિત્ આનંદ જે,
નિર્વિકાર અનન્ય ન્યાય કરતા જન્મા નિરાકાર તે;
જેના પ્રૌઢ પ્રતાપથીજ અવની ચંદ્રાર્ક તારાદિ છે,
તેવા ઈશ્વરની સદૈવ કરવી ઉપાસના યોગ્ય છે.
આપે અંતરમાં પ્રકાશ સહુને જે નિર્વિકારી હરિ,
જેણે અંબર, વાયુ, તેજ, જળને પૃથ્વી વિશેષે કરી;
તે વિશ્વેશ્વર વિશ્વરૂપ જનને સત્ સંગતિ આપજો.
સત્પ્રજ્ઞા સુવિચાર જીવ સહુમાં ભ્રાતૃપણું સ્થાપજો.

મિથ્યામાન બડાઈ શિર ધરતા ખોઈ બધી ઉન્નતિ,
વ્યાપી છે બહુ આર્યબંધુ જનમાં શી આ અરે કુમતિ;
હું મારૂં તજી ઐક્યભાવ કરીને કલ્યાણ ચાહો ભવા,
લેશો લાભ અસંખ્ય ભાવસભરી ચેતો જતું એકડા.

ઈશ્વરની ખરી ઉપાસના તે શું!

દરેક મનુષ્યે તેનાપર દરેક પળે પળે પ્રીતિ રાખવી અને તેના પ્રિય કાર્યનું સાધન કરવું એજ ખરી ઉપાસના કહેવાય છે. પરંતુ ઈશ્વરની ઉપર ખરી પ્રીતિની પારખ શાથી થાય છે! મનુષ્યપર પ્રીતિ રાખવાથી થાય છે. જેને આપણે જોઈએ છીએ, જેની સાથે આપણે વારંવાર બેસવા ઉઠવાનો સર્વ વ્યવહાર કરવો પડે છે તેનાપર જો પ્રીતિ નથી રાખતા તો અદૃષ્ય, (દેખાવામાં આવે નહીં તેવા) નિરાકાર, નિરંજન ઈશ્વર ઉપર આપણી કેવી રીતે પ્રીતિ થઈ શકશે! બીજી બાજુથી જોવા જઈએ તો જેનાપર આપણો પ્રેમ અને મમતા છે તેવી પ્રિય વસ્તુપર પ્રીતિ થવી સ્વાભાવિક છે. પરમાત્માની પ્રીતિ સર્વ જગતપર, સર્વ મનુષ્યોપર, સર્વ જીવોપર, સર્વ વસ્તુમાત્રપર છે ત્યારે તેની જે પ્રિય વસ્તુ હોય તેનાપર આપણે જરૂર પ્રીતિ રાખવી જોઈએ છે. ઈશ્વરપર ખરો પ્રેમ અને નિષ્કામ ભક્તિ હોય તો સર્વ લોકોએ અરસ પરસ પ્રેમભાવથી ચાલવું જોઈએ. તેથી ઉલટું આપણા ભાઈઓ સાથે દ્વેષભાવ, કુસંપ, અદેખાઈ અને ધાતકીપણાથી ચાલીએ તો પિતાપર ખરી પ્રીતિ છે એમ કહેવું મુશ્કેલ છે. ઈશ્વર આપણો **પરમપિતા** છે, અને આપણે સર્વ મનુષ્યો તેના પુત્રો છીએ માટે આપણે સર્વ **ભાઈઓ** છીએ. આ ભાવ જો દરેક મનુષ્યના અંતઃકરણમાં ઠસે તો સંસાર કેવો સુખ અને શાંતિનું સ્થાન થાય? વાદ વિવાદ, ટંટાફિસાદ અને કુસંપ નાશ પામી એક જાતિનું બીજી જાતિપર જે ધાતકીપણું ગુજારવાની ચાલ છે તે બંધ પડી આ મહાસમુદ્રરૂપી સંસારમાં સર્વ ઠેકાણે **આનંદ** અને શાન્તિ પસરી રહે! આટલામાટે હાલમાં જ્ઞાનસભામંડળોની સ્થાપના અને વૃદ્ધિ આપણા દેશમાં જ્યે જ્યે થઈ છે એ દેશના સુભાગ્યનાં ચિન્હો છે. તેનો પ્રથમ હેતુ એ છે કે–

સર્વ મનુષ્યપ્રાણીમાં પરસ્પર સ્નેહ અને પ્રીતિ રાખવી. મતપંથ અને જાતિભેદ દૂર કરી સામાન્ય ભ્રાતૃભાવથી ઐક્યતા કરવી.

હવે વિચારવાન, ઊંડી નજરવાળા અને નિષ્પક્ષપાતી ઉત્તમ જ્ઞાની પુરૂષોને તો એનો હેતુ સહેજમાં સમજવામાં આવશે પરંતુ અજ્ઞાનરૂપી અંધારામાં ડુબેલાને તેનો મૂળ ભાવાર્થ સમજાવવો કઠણ પડશે. આપણા **આર્ય**ભાઈઓને આ મંડળોએ પોતાનાં પ્રાચીન આર્યશાસ્ત્રો અને વિદ્યાનું અવલોકન કરવા જાગૃત કર્યા છે. એટલુંજ નહીં પરંતુ પશ્ચિમ દેશના મોટામોટા વિદ્વાનો અને કળા કૌશલ્યમાં એક્કા ગણાતા અને આર્યવિદ્યા અને શાસ્ત્રોને જુઠાં અને ગપ્પાં કરી માનનારાઓની પણ શુદ્ધબુદ્ધ હાલમાં ઠેકાણે લાવી તેઓને પણ આર્યશાસ્ત્રોની ઉત્તમતા તરફ અવલોકન કરાવતા કર્યા છે. દુનિયાના તમામ મોટામોટા ભાગોપર અને વિશેષેકરી આપણી **ભારતભૂમિ**માં જ્યારથી આ **બ્રહ્મજ્ઞાન** મંડળના આગેવાનો, સ્વર્ગવાસી **મેડમ બ્લાવાટસ્કી અને કરનલ એચ. એસ. ઑલકોટ**ના પ્રમુખપણા નીચે જ્યાં જ્યાં આ મંડળની શાખાઓ સ્થાપન થઈ છે ત્યાં ત્યાં અનેક વિઘ્નો આવ્યાં છતાં એ ખંતીલા અને સત્યશોધક મહાન સ્ત્રીપુરૂષોએ **ભ્રાતૃભાવ**નાં બીજો વાવ્યાં છે એટલુંજ નહીં પરંતુ આર્યદેશના લોકોને તેનો અનુભવ લેવા ગાઢ નિદ્રામાંથી જાગૃત કર્યા છે.

જો બે ધર્મશાસ્ત્રો આપણે ઉંડાણથી તપાસીશું તો તેમાં અરસપરસ **ભ્રાતૃભાવ** કેળવવાનો ઓછો વત્તો ઉપદેશ જોવામા આવશે. પશ્ચિમ દેશમાં હાલ આર્ય વિદ્યાનું અવલોકન કરવાનું જોર દિનપરદિન વધતું જાય છે. **અમેરિકા અને હિંદુસ્તાનમાં તત્વજ્ઞાન** મેળવવામાટે ઘણાએ ઇચ્છા રાખે છે. હિંદુસ્તાનમાં અનેક મતપંથો અને ધર્મોનો ફેલાવો છે. તેવા મતપંથોના ઢોંગોમાં ઘણા ઘણા સ્ત્રીપુરૂષો અવળે માર્ગે દોરવાય છે અને કેટલોકો નાસ્તીક પણ બન્યા છે. આવા કઠણ સમયમાં **ભ્રાતૃભાવ**ના ઉત્તમ હેતુઓનો વારંવાર ઉપદેશ જ્યાં જ્યાં થાય છે તે આપણા દેશની ઉન્નતિના એક મોટા ચિન્હરૂપ છે, એટલુંજ નહીં પરંતુ ભવિષ્યમાં આવતી પ્રજાને તે ઘણો લાભકારી છે. આ હેતુ પાર પાડવા માટે આ મંડળમાં કોઈ ગુરૂ, કે આચાર્ય નથી, કોઈ શિષ્ય નથી, અમુક ધર્મપાળવાનું બંધન નથી, કોઈ

જાતનો આચાર કે વ્યવહારનું બંધન નથી, કોઈ ન્યાત જાતનો તફાવત નથી. જેના જે ગુરૂ હોય, જેના જે આચાર્ય હોય, જેની જે નાત વા જાત હોય તે તેને સાચવવા પાળવામાં કોઈપણ પ્રકારે હરકત છેજ નહીં પરંતુ ફક્ત ભ્રાતૃભાવનો ઉત્તમ નિયમ મંડળીના દરેક બંધુએ કેળવવાનો છે.

દરેક **ધર્મ ભ્રાતૃભાવના** ઉદ્દેશનો ફાંકો રાખેછે, પરંતુ તેમાં કાંઇક બંધન હોયછે. **ખ્રિસ્તી** ધર્મ ખુહી રીતે ભ્રાતૃભાવનો ઉપદેશ કરેછે પરંતુ **ચર્ચ**માં જોડાયા વગરનાને તેઓ **ભ્રાતૃ** સમાન ગણતા નથી. **કુરાન** સર્વે જગતસાથે ભ્રાતૃભાવ કરવા ફરમાવે છે પરંતુ **ઇસલામી ધર્મ**માં ભળ્યા વગર કે **મહમદને પેગમબર** તરીકે માન્યા વગર બીજાઓને **ભ્રાતૃ** ગણતા નથી. દરેક જાત પોતાના રીત રીવાજ મુજબ **ભ્રાતૃભાવ** કરવાના હેતુઓ ધરાવે છે, પરંતુ આ **બ્રહ્મજ્ઞાનમંડળ** તો **સામાન્ય ભ્રાતૃભાવ** કરતાં શિખવે છે. તે એવાં કારણો બતાવે છે કે સર્વ મનુષ્યપ્રાણિઓ, જીવો અને વસ્તુઓ જેની આ દુનિયામાં હયાતી છે તે સર્વ એક શક્તિથી ઉત્પન્ન થાય છે, માટે એક બીજાના હક્કોને માન આપવાની આપણી સર્વની ફરજ છે. આ મંડળ હિંદુ કે પારસી, મુસલમાન કે યાહુદી, ખ્રિસ્તી કે ચાઈનીસ વિગેરે ગમે તે હો તેની તે દરકાર રાખતું નથી, પરંતુ મનુષ્ય જો **સામાન્ય ભ્રાતૃભાવ**ના મુખ્ય હેતુને અવલંબીને ચાલે તો તે સદ્દગુણી અને સદાચારી થયા વગર રહેતો નથી. કોઇ એમ કહેશે કે **ઇશ્વરપર પ્રીતિ** અને મનુષ્યપ્રાણિપર **ભ્રાતૃભાવ** રાખવાનો ઉપદેશ કેવળ **ખ્રિસ્તી** ધર્મમાં છે અને **હિંદુ, પારસી, મુસલમાન, જૈન** અને **બૌદ્ધ**, કે **યાહુદિ** વિગેરે ધર્મોમાં નથી, તો એ વાત તદન જુઠી, ગલત અને ભુલા-વામાં દુબાડનારી છે. સર્વ ધર્મમાં કેવળ મનુષ્યમાત્રપર પ્રીતિ રાખવા ફર-માવેલું છે એટલુંજ નહીં પરંતુ સર્વજીવમાત્રપર પ્રીતિ અને દયા રાખવા ઉપદેશ કરેલો છે. જુવો વૃદ્ધચાણાક્યનો નિચેનો શ્લોક.

आत्मवत्सर्वभूतेषु यः पश्यति स पश्यति ।

અર્થ—સર્વ મનુષ્યમાત્રને પોતાના જેવા એટલે સર્વને સમાન નજરથી જે જુવે છે, તેજ જુવે છે એટલે તેજ જ્ઞાની છે.

न यस्य स्वः पर इति वित्तेष्वात्मनि वा भिदा ।
सर्वभूतसमः शान्तः स वै भागवतोत्तमः ॥

ભાગવત્ અ૦ ૧૧ શ્લોક ૨-૫૨ મો.

અર્થ—આત્માવિષે, ધનવિષે જે આ મારૂં અને આ પારકું એવો જેના મનમાં ભેદ નથી, સર્વ પ્રાણીપર સમાન નજરે જુવે છે અને જે શાંત છે તેજ ઉત્તમ પ્રકારનો ભગવદ્ભક્ત છે. વળી યોગવાશિષ્ઠ રામાયણના

અધ્યાય ૧૬ શ્લોક-૧૭.

अयं बंधुरयं नेति गणना लघुचेतसाम् ।
उदारचरितानां तु वसुधैव कुटुंबकम् ॥

અર્થ—આ પોતાનો અને આ પારકો એવો વિચાર હલકા મનના માણસોના મનમાં આવેછે પરંતુ ઉદાર વૃત્તિના ઉત્તમ પુરૂષોને તો સર્વ પૃથ્વી પોતાનું કુટુંબ છે એમ લાગે છે.

ભ્રાતૃભાવ.

ભ્રાતૃ શબ્દમાં **ભ્ર** ધાતુ છે, જે **ધારણ**, પોષણને માટે વપરાય છે, અને બીજો ત્રૃ નામ પ્રત્યય છે. અર્થાત એ કે, જે પોષણ કરે તે **ભ્રાતૃ** કહેવાય. **ભ્રાતૃ** એટલે ભાઈઓમાં અથવા સર્વ મનુષ્ય પ્રાણીઓમાં સમાન ભાઈબંધીનો ભાવ રાખવો એ થાય છે. વ્યવહારમાં **ભ્રાત** ઉપયોગ થાય છે. પરમાર્થમાં **ભ્રાતૃ** શબ્દ **આત્મા** અર્થે વપરાય છે. આ પ્રમાણે બરાબર સમજ્યામાં આવે તો સર્વમાં ભ્રાતૃ ભાવ રહે. આ ભાવને દૃઢ કરાવનારૂં જ્ઞાન વેદાંત છે. એ જ્ઞાન હોય તેજ, તે મનુષ્યોને **અહંકાર, મદ, મમતાથી** દૂર રાખે છે, અને સર્વ પ્રાણીમાત્ર પોતાના **આત્માની** બરોબર છે એમ જણાય છે તે શિવાય અહંકારાદિ વિકારથી છુટા થવાતું નથી. દયાની પ્રવૃત્તિ થતી નથી, અને મનુષ્ય પોતાના સ્વાર્થમાટે અને બીજાનું નઠારૂં કામ કરવું હોય તો તે કરવામાં અચકાતો નથી. જે રીતે આપણે આપણા કુટુંબ[illegible] [illegible], [illegible] [illegible] ઉત્પન્ન થાયછે. [illegible] [illegible]

બુદ્ધિ રાખવી ઉત્તમ છે. જો **ઈશ્વર સર્વમય** છે એમ જાણતાં હોઈએ, તો સર્વમાં ઐકયતાની બુદ્ધિ રાખવી યોગ્ય છે.

उदारचरितानां तु वसुधैव कुटुंबकं.

આ શ્લોક સૂચવેછે કે મોટા સારા આચરણવાળા મનુષ્યોને પૃથ્વીજ કુટુંબરૂપ છે.

જો આમ છે તો સર્વએ અરસપરસ સહાયતા આપવી જોઈએ. પરંતુ આ બાબતનો કાંઈ પણ વિચાર નહીં કરતાં કેટલાકો પરજ્ઞાતવાળાઓ અથવા પરકોમવાળાઓને મદદ આપવી બાજુએ મુકી પોતાની જ્ઞાતી કે ભાઈઓને પણ મદદ આપતાં નથી એટલુંજ નહીં પરંતુ કાર્ય અવસરે વગર કારણે બખેડા કરવા અને કાર્ય કરતાને દુઃખ દેવા તૈયાર થાય છે. શું આ **ભ્રાતૃભાવ** અને **આર્યપણું?** શું આ પરોપકાર બુદ્ધિ? આ કાંઇજ નહીં પણ દ્દઢ મતાભિમાનપણું કહેવાય. આવી વર્તણુકથી ચાલનારાઓ કાંઈ સુજ્ઞ કહેવાતાં નથી, પણ ઘણું કરી નિન્દિત જેવાં છે. પરંતુ જેઓ સુજ્ઞ છે અને પોતાની સમાનજ બીજાઓને જાણનારાં છે, તેઓ તો પોતાની ગમે તે કાર્યપ્રસંગમાં બનતી સહાયતા આપે છે; તેઓથી જો કદાચ તે કામ નથી બનતું તો ઘણા લજ્જા પામે છે. મનુષ્યમાત્રની ફરજ છે કે અરસપરસમાં સહાયતા આપવી. આ રૂઢી આર્યલોકોમાં જેટલી પૂર્વે હતી તેટલી હાલ નથી. માટે હાલમાં પણ તેમ કરવા આર્યોએ મક્કમપણે પરીપકવતાથી પ્રવર્તવું જોઇએ છે. ધર્મજ્ઞાન મંડળનો હેતુ પણ એજ છે, અને એ હેતુ માટે તે પોતાથી બનતો પ્રયાસ કરે છે. જે બાબતની પ્રવૃત્તિ કરવી મુખ્ય આપણા દેશ તરફથી ઘટે છે તે પરદેશમાં થાય, એ આપણા દેશને કેટલું નીચું જોવરાવનારૂં છે! પરંતુ જો આપણે સંપૂર્ણ તેને સારરૂપ માનતા હોઇએ અને તેમાં જો પ્રવૃત્તિ કરીએ નહીં, તો આપણી મોટી ભુલ ગણાય. માટે જેવો તે મંડળીનો હેતુ છે, તેવોજ હેતુ દરેક મનુષ્યે રાખી તેમાં પ્રવર્ત થવું જોઇએ. જો તે મંડળીમાં ભળવા સારૂં લાગતું હોય તો તેમ કરવું, અથવા તેમ નહીં તો આપણે તેથી બહાર રહી તેના જે ઉત્તમ વિચારો છે તેવા ઉત્તમ વિચારો અમલમાં લાવવા ધ્યાન આપવું. જો આપણે સુશીલ થઇશું તો આ સઘળું થઈ શકશે. એક કવિએ કહ્યું છે કેઃ—

“ **શીલથી** એટલે સારાં આચરણથી સઘળું વશ કરી શકાય **સ્વચ્છપણાથી** મનુષ્ય, મિત્રને વશ કરે છે, **ન્યાયના** બળથી શત્રુને કરે છે, **ધનોથી** લોભીને વશ કરે છે, **સમર્થને** કાર્ય કરી વશ કરે છે, બ્ર ણને આદર આપવાથી વશ કરે છે, **સ્ત્રીને** પ્રેમથી વશ કરે છે, બ સાચવી બાંધવોને વશ કરે છે, **સ્તુતિઓથી** અતિ ઉગ્ર હોય તેને વશ છે, **પ્રણામોથી** ગુરૂને વશ કરે છે, **મુર્ખને** વારતાઓથી વશ કરે છે, **દ્વાનોને** વિદ્યાથી અને રસીકને રસથી વશ કરે છે. ”

જ્યારે આ પ્રમાણે છે, ત્યારે સદાસર્વદા સર્વ પ્રાણીઓમાં **ભ્રાતૃ** રાખતા મનુષ્યે પ્રવર્ત થવું એ અશક્ય નથી. ઈશ્વર કૃપાથી મહાત્મ જ્યારે અશક્યને પણ શક્ય કરે છે, ત્યારે આ શક્ય વસ્તુમાં તેને મેળ પ્રવર્ત થવું એ યોગ્યજ છે. વળી એક કવિએ કહ્યું છે કેઃ “ જ્યાં ઉદ્ **સાહસ, ધીરજ, બળ, બુદ્ધિ** અને **પરાક્રમ,** આ છ વસ્તુ છે, દેવતાપણ સહાયતાવાળા છે. ” જો આમ છે તો આપણે તે બાબતમાં ઉ કહેલા ગુણોને ધારણ કરી ચાલીશું, તો દેવતાઓની પણ સહાયતા થશે ત્યારે મનુષ્યોની થાય એમાં શી નવાઈ? માટે આર્યબંધુઓએ **મદ, મત** વિગેરે દુર્ગુણોને દૂર કરી, સર્વમાં **સમાન બુદ્ધિ** અને **સમભાવથી** જવાને અને સર્વને સહાયતા આપવાને, તથા આ દેશને ઉત્તમ લાભ વવાને અને મનુષ્ય દેહના જન્મનું સફળ કરવાને કમર કસી, ખોટી બાબ તજી, સત્ય આર્યલોકોની ઉત્તમ રીતીને અનુસરી **ભ્રાતૃભાવનો** હેતુ ન્તઃકરણમાં લાવી **સદ્ભાવ** જાગવવા આદરમાં તત્પર થઈ, એ કિનારી બોમાં અને તેવડી મદદ કરવી અને દેશ કલ્યાણ સંબંધી કાર્યો હોય તે પો નાંજ છે એમ સમજવામાં ખરો હેતુ સમાયલો છે. તેમાંજ પોતાનું પરનું ભલું છે. તેમ કરવાથી જગત્ કર્તા **સર્વાન્તર્યામી પરમાત્મા** ખુશી થાય છે. પરંતુ એકલા પોતાનેજ અર્થે ઝાંખવાથી અને બીજાઓ કેવળ રાખવાથી પરમેશ્વર પ્રસન્ન રહેતા નથી, એટલુંજ નહીં પરંતુ પણું અંતઃકરણ અપ્રસન્ન રહી રોગ વિગેરે વ્યાધીઓ ઉત્પન્ન થાય કારણ કે મનનો આધાર શરીર ઉપર પણ કેટલીક અસર કરે છે. ગમે રહો તંદુરસ્ત હોય, પણ જો તેનું મન વિમળ રહે તો તે જોઈએ તેવું ઉ

કામ કરવા ઇચ્છાપ્રમાણે કદી સમર્થ થશે નહીં: માટે મનના વિકારોને દબાવી કુમાર્ગમાં જતી વૃત્તિઓને હરી લઇ, સદ્ભાવ અને ભ્રાતૃભાવ કરવામાં અંતઃકરણને નિરંતર આસક્ત કરવું, એજ મોટું ફળ મેળવ્યા બરાબર છે.

સ્વર્ગવાસી મેડમ બ્લાવાટસ્કી કહે છે કે:—

"જે મનુષ્ય ભ્રાતૃભાવ કરતો નથી, ગરીબ અને નાતવાન આદમીઓનાં સુખ દુઃખનો ભાગી થતો નથી, હરકોઈ પ્રજાના, નાતના, કાળના મનુષ્યબંધુને સર્વ જગ્યાએ મદદ કરતો નથી, અને ગરીબને મદદ કરવાની વાતમાં અખાડા કરે છે, કોઇપણ મનુષ્યપ્રાણીની નાહક નિંદાપર ધ્યાન આપે છે, અને પોતાની કોઈ ચાડી ચુગલી કરે તો તે પોતાનો જેવી રીતે બચાવ કરે તેવી રીતે બચાવ કરવાને તત્પર રહેતો નથી, તે મનુષ્ય બ્રહ્મજ્ઞાની થતો નથી."

ભ્રાતૃભાવ ખિલવવાથી થતા લાભો.

ભ્રાતૃભાવ સંબંધી જુદા જુદા મનુષ્યોના વિચારો જુદા જુદા હોયછે; પરંતુ ઉંડાણની નજરથી જોતાં તો તે આખી દુનિયામાં સરખા છે. આ હેતુનો મૂળ તાત્પર્ય એ છે કે આપણા પૂર્વજો અને પ્રાચીન ઋષિ મુનીઓનાં સત્યવચનો અને વાક્યોનું શ્રવણ, મનન, અને નિદિધ્યાસન કરી મનુષ્યપ્રાણી પોતાનો અંશ સમજી અરસ પરસ ભ્રાતૃભાવ ખિલવવાનો છે. કેટલાકોનો એવો વિચાર હોય છે કે એક થાળીમાં બેસી જમવાનો કે ખાવા પીવાનો વેહેવાર જ્યાંસુધી થાય નહીં ત્યાંસુધી ભ્રાતૃભાવ થઇ શકે નહીં. આવા વિચારો ખરેખર ભુલાવો ખવરાવનારા છે. દુનિયાના જુદા જુદા લોકોના વિચારો ગમે તેવા હો પરંતુ આ બ્રહ્મજ્ઞાનમંડળના હેતુઓ અને વિચારોતો કેવળ શુદ્ધ માનસિક (*Mental*) આધ્યાત્મિક (*Spiritual*) બાબતોની ઉત્તમ કેળવણીનું જ્ઞાન ખિલવનાર છે. તે ક્ષણિક ભોગવિલાસ કે રમત ગમતમાં સુખ મનાવનારા નથી પરંતુ સાધારણ મનુષ્યપ્રાણી અને જીવોનું રક્ષણ અને તેની સાંસારિક (*Social*) વ્યાવહારિક (*National*) રાજકિય (*Political*) અને ધાર્મિક (*Religious*) સ્થિતિનું ભાન કરાવી તેથી થતા લાભોપર મુખ્યત્વ કરી ધ્યાન ખેંચાવનારા છે. તેથી મનુષ્ય પો-

તાની ફરજ શું છે તે સમજવાને શક્તિવાન થઈ અરસ પરસ મદદ કરવા હમેશ તત્પર થાય છે. તેમાં વળી **આર્ય** દેશના બંધુઓની નિસ્તેજ થએલી હાલતનું સંરક્ષણ કરાવવા વધારે તત્પર કરાવે છે. જે જે મંડળીઓ, સભાઓ કે સમાજો આ દુનિઆના પટપર સ્થપાઈ છે તેમાં સભાસદ થવા માટે જાતિભેદ કે મતપંથ ભેદ હોય છે પરંતુ આ **અધ્યાત્મ મંડળનાં** બારણાં સર્વેને માટે ઉઘાડાં છે. **બ્રહ્મજ્ઞાનરૂપી** ઉપદેશ વારંવાર મનુષ્યપ્રાણીમાં **સામાન્ય ભ્રાતૃભાવ** કરવાનો બોધ ફરમાવે છે. એટલુંજ નહીં પરંતુ સત્યાસત્યનું ગ્રહણ કરવું, મનુષ્ય પ્રાણીપર પ્રેમ રાખવા, સ્વમતાભિમાન અને ધર્માંધપણાથી દુર રેહેતાં અને સહનશિલતા રાખતાં શિખવે છે. ઘણા ઘણા મતપંથોમાં અને નાસ્તિક વાદીઓમાં પોતાના મત ઉપરાંત વર્તવાની સખત મનાઇ હોય છે પરંતુ આ મંડળમાં તેવા કોઈ પણ પ્રકારના બંધારણની શાંકળરૂપી બેડીઓથી બંધાવાનું છેજ નહીં. જો શુદ્ધ અંતઃકરણથી આ મડળીના હેતુઓનું અનુકરણ કરવામાં આવે તો છિન્નભિન્ન દશામાં આવી પડેલા આપણા **આર્ય** બધુઓનો એક મોટો સમુહ કદીપણ છુટો પડે નહીં તેવા બંધારણમાં જોડાયા વગર રેહે નહીં એટલુંજ નહીં પરંતુ ભાન અને જાનનો તફાવત બાજુએ મુકી મનુષ્ય મનુષ્યનાં દુઃખોની લાગણીમાટે મદદગાર બન્યાવગર રહેજ નહીં. **તુકારામ બાવાનો** તે ઉપર એક અભંગ છે તે જુવોઃ—

विष्णुमय जग वैष्णवांचा धर्म ॥ भेदाभेदभ्रम अमंगळ ॥
आइकाजि तुम्ही भक्त भागवत ॥ कराल तें हित सत्य करा ॥
कोणाही जीवाचा न घडो मत्सर ॥ वर्म परमेश्वर पूजनाचें ॥
तुका म्हणे एक देहाचे अवयव ॥ सुख दुःख जीव भोग पावे ॥

To consider that creation is one with the God is the duty of Vaishnavas. To consider it separate from Him is impurity and vain trouble. Hear, Oh Worshipper of Bhagwan! do that which is really beneficial, do not consider any Creature separate, for this is the secret worship of the God. Though there are many limbs in one body, still the soul (alone) experiences their pleasures and pain.

ભાવાર્થ—જગતની ઉત્પત્તિ બ્રહ્મમય છે એમ માનવું એ વૈષ્ણવોની પ્રથમ ફરજ છે. ઈશ્વરથી કાંઈપણ જુદું માનવું એ સર્વ અપવિત્રતા અને કપટ હાંકાં માર્યા જેવું છે. અરે! ઓ! ભગવદ્ભક્ત! સાંભળ! સત્યાસત્યને ગ્રહણ કરી હિતકારી કાર્ય કર અને મિથ્યા અભિમાનનો ત્યાગ કર. કોઈપણ પ્રાણીને તારાથી જુદો ગણીશ નહીં એજ પરમાત્માની ખરી ભક્તિરૂપ પ્રસાદ છે. જેકે દરેક મનુષ્યનાં શરીરમાં ઘણા ઘણા અવયવો છે છતાં જીવજ સુખ-દુઃખનો અનુભવ કર્તા છે.

આ માયામય જગતની તમામ લીલાની ઉત્પત્તિના દરેક પ્રાણી અને જીવો અને મનુષ્યદેહરૂપી પુતળું ઈશ્વરની ઉત્પત્તિ છે તે જાણવાને આ ભ્રાતૃભાવ કેળવવાથી આપણે શક્તિવાન થઇએ છીએ. માટે કોઈનું પણ બુરૂં ઈચ્છવાથી આપણું પોતાનુંજ બુરૂં ઇચ્છયા બરોબર છે. ખરે ખરી રીતે જોતાં આ બ્રહ્મશાલમંડળ જાણે એક શાંત પ્રકૃતિનું હિંદનું કુટુંબ હોયની! તેવું છે. આ મંડળમાં જોડાયલા દરેક બંધુઓ જુદો જુદો ધંધો, વેહેવાર, કે ચાકરી કરતા હોય છે પરંતુ તેઓ સર્વ શાન્તતાથી એક્યભાવ રાખી ચાલનારા બને છે. અમેરિકાના લોકો જોકે ખાવા પીવામાં જુદા છે પરંતુ તેઓમાં અરસ પરસ ભ્રાતૃભાવનું મકમપણું થતું જોઈ યુરોપવાસીઓ હાલમાં ઘણા અચંબો પામે છે. પ્રિય વાંચનાર! ખાવા પીવાથીજ મનુષ્યના અંતઃકરણની વાત જાણી શકાતી નથી કે કાર્યની સિદ્ધિ થઈ શકતી નથી; પરંતુ સદવિચાર, દયાભાવ અને સદાચરણથી ચાલી બીજાઓને દાખલારૂપ ખાતરી કરી આપવી એજ મૂળ હેતુ પાર પડ્યા બરોબર છે. ભવિષ્યમાં જાતિભેદ દુનિયામાં રેહેવાનો નથી જેના દાખલા તરીકે સિમલાવમાં વસ્યા જુદી જુદી જાતના લોકોમાં કોઈપણ પ્રકારનો ભિન્નભાવ હોતોજ નથી. ત્યાં ટીબેટનો, નાતારો, મંગોલીયનો, ચીનાઓ, જાપાનીઝો, સીયામીઝો, બરમીઝો, સિંહલીસ્ટો, ગ્રીકો, હુંગેરીયનો, અંગ્રેજો, જર્મનો, બંગાલીઓ, સિખો, મદ્રાસિઓ, રજપૂતો, જૈનો, જુધો, ગુજરાતીઓ, પારસીઓ, મુસલમાનો વિગેરે જુદી જુદી જાતના લોકો એકત્ર વસેલા છે. તેઓ આખા જગતના મનુષ્યના હિતાર્થે એકઠા મળી કામ કરે છે. એ ભ્રાતૃભાવનો પ્રતાપ નહીં તો બીજું શું!

ભ્રાતૃભાવ સંબંધી કર્નલ એચ. એસ. ઑલકૉટ, આ બ્રહ્મજ્ઞાન મંડળના પ્રમુખ સાહેબ કહેછે કે,

"હે પ્રિય બંધુઓ! હું ખાતરીથી કહું છું કે જ્યારે **આર્યો** અને યુરોપવાસિઓમાં જે ભિન્નતાનો ભાવ છે તે દુર થશે અને ધર્મ અને મનુષ્યની ઉત્પત્તિના મૂળનું જ્યારે યથાર્થ જ્ઞાન સર્વ લોકો સમજતા થશે ત્યારે સર્વ મનુષ્યો ભ્રાતૃ છે, જુદા નથી તેમ માનવામાં કાંઈજ સંદેહ રહેશે નહીં. **હિંદુ, પારસી,** કે **મુસલમીન** વિગેરે પ્રાચીન આર્યોની ઉત્પત્તિના છે એટલુંજ નહીં પરંતુ યુરોપીયનો પણ તેજ લોહીની ઉત્પત્તિના છે, માટે અરસ પરસ **ભ્રાતૃભાવથી** વર્તવું એ ઘણુંજ લાભકારી છે. હાલમાં રંગ અને વર્ણમાં કાળની પરીઅગતાએ ફેરફાર થયો છે. પરંતુ વંશપરંપરાની રીતિ તો સરખીજ છે. આજથી ૧૫૦૦ વરસોપર **એલેક્ઝાંડ્રિયામાં** એક **બ્રહ્મજ્ઞાનીએ, ફીલાડેલફીયાની** પાઠશાળા સ્થાપી હતી. તે અતિ ઉત્તમ વિદ્વાન ઉપદેશક હતો અને તેનો **આત્મભાવ** એટલો તો દયાવાન હતો કે તેને (Ammonius Saccas) **થીઓડીડાક્ટોસ** (Theodidactus) અથવા પરમેશ્વરના અવતારનું ઉપનામ આપવામાં આવ્યું હતું. તે **ખ્રિસ્તીને** પેટે જન્મ્યો હતો છતાં તેની વર્તણુક કાંઈ વિચિત્ર હતી તેપરથી આખી દુનિયા તેના માટે ઘણી મગરૂર હતી. તેણે જુદી જુદી જાતના છિન્ન ભિન્ન થઈ ગયેલા લોકોના સમૂહને ઐક્ય કરવા ઘણા ઘણા પ્રયત્નો કર્યા હતા. તે જાદુ અને ઢાંબિકોના જોરને દૂર કરવા હમેશ તત્પર રેહેતો હતો. તેણે પાદરીઓના જુઠાપણાને અને ચર્ચના ફાધરોએ ઉપજાવેલા ક્રાઇસ્ટના ઉપદેશોને તોડી પાડવા પ્રયત્નો કર્યા હતા. તેણે તત્વજ્ઞાનની શોધ કરી હતી અને આપણને આપણા પ્રાચીન ઉત્પત્તિસ્થાનમાં પાછા લાવવા અનેક પ્રયત્નો કર્યા હતા, એટલુંજ નહીં પરંતુ ધર્મ, નીતિ રીતીને પોતાના સ્વચ્છપણામાં લાવી મુકવા અને **બ્રહ્મજ્ઞાનની** શોધને સારી રીતે જગાડવી મુકવા મજબુત પુરૂષાર્થ કર્યો હતા. તે હમેશ મનુષ્યપ્રાણી સાથે **ભ્રાતૃભાવ** કરવાનો ઉપદેશ કરતો હતો."

આર્યોના ઉત્તમ ગુણો અને અર્વાચીન સ્થિતી.

આપણા આર્ય પૂર્વજોના દિવ્યગુણો એટલાતો વખાણવા યોગ્ય છે

પરંતુ હાલની આપણી દુર્દશામાટે સુખરૂપ સાધનો મેળવવા આપણે શક્તિવાન થવાનો સંભવ છે. **સામાન્યભ્રાતૃભાવને** કેટલાકો સ્વપ્નાના તરંગોતરીકે ગણતા હશે તો ભલે પરંતુ તેની ઉત્પત્તિ અનાદિ કાળથી ચાલી આવી છે એમ માનવાને ઘણાં ઘણાં સબળ કારણો છે."

ભ્રાતૃભાવની અસરથી થતા લાભો.

"આપણે પાછળ જણાવી તો ગયા છીએ કે, સર્વ ધર્મો ઓછાવત્તા અંશે **ભ્રાતૃભાવ** કરવા સૂચવે છે પરંતુ આ **બ્રહ્મજ્ઞાનમંડળ** વધારેમાં **સામાન્ય ભ્રાતૃભાવ** કરવા સૂચવે છે, કે જેથી અરસપરસનો નિકટ સંબંધ બંધાવા માટે ભિન્નભિન્ન વિચારોનું સરસ રીતે અવલોકન થઈ શકે છે. **સામાન્ય ભ્રાતૃભાવ** કેળવવાથી સર્વને એક રણભૂમિપર વગર અથડામણે લાવી મુકે છે. તેના ઉત્તમ હેતુથી મનુષ્યને પોતાની, પોતાના ભાઈ ભાંડુની, પોતાના દેશના બંધુઓની થતી દુર્દશા વગેરેનું ભાન કરાવી સર્વને જાગૃત કરેછે.

જ્યારે આ ભારતભૂમિપર **ભ્રાતૃભાવનો** ખરો અર્થ કેળવવામાં આવશે ત્યારે આ લોક અને પરલોકના સુખનાં સાધનો મેળવવા માટેની ખરેખરી ઐક્યતા થએલી સમજાશે. **આર્યબંધુઓ**માં કુસંપ, વૈરભાવ, અમર્યાદાની જે જાલ પસરેલી છે તેથી તેઓની **સાંસારિક, વ્યાવહારિક, રાજકિય** અને **ધાર્મિક** એ ચારે સ્થિતી છિન્નભિન્ન થઈ દુર્દશાએ પામેલી છે તે સર્વની જાણમાં છે. આર્યબંધુઓ પશ્ચિમના લોકોના સહવાસથી ક્ષણીક ભોગવિલાસો; મોજ શોખ, ગાડીવાડી, અને ગાનતાનના શોગી થતા જવાથી તેવાઓને પોતાના બંધુઓની સ્થિતીનું જરાપણ ભાન રેહેતું નથી. **નિષ્પક્ષપાતી** અને **બુદ્ધિમાન** પુરૂષો તો સારી રીતે જાણી શકે છે કે આ આર્યદેશપર આવા દુઃખરૂપ ડુંગરો અને ભૂખમરાની આવી પડતી આફતો દૂર કરવાની આ **ભારતભૂમિ**માં હાલના સમયે ઘણી અગત્ય છે. પરંતુ બુદ્ધિહીન અને સ્વાર્થમાં ડુબેલાંઓને તે સંબંધી જરાપણ દરકાર હોય તેમ જણાતું નથી. **સામાન્ય ભ્રાતૃભાવ** ખીલવી જુદી જુદી જાતના લોકોનો સમૂહ ઐક્યતાથી એકઠો મળે તેવા દાખલાઓ **ભારતભૂમિ**પર જવલેજ બન્યા હશે. પરંતુ આ **હિંદભૂમિ**પર જ્યારથી આ મંડળની શાખાઓ સ્થાપન થઇ છે

ત્યારથી ઐક્યભાવથી એકઠા મળવાના અનેક પ્રસંગો આવવા લાગ્યા છે. આ મંડળીનો જે વાર્ષિક મેળાવડો મદ્રાસમાં થાય છે તેમાં બ્રાહ્મણો, ક્ષત્રીઓ, વૈશ્યો, શુદ્રો, જૈનો, બુદ્ધો, કાયસ્થો, પારસીયો, મુસલમાનો, ખ્રિસ્તીઓ વિગેરે જે એકઠા મળે છે તે ભ્રાતૃભાવના ખરા લક્ષણોનું આપણને ભાન કરાવે છે. તેઓ સર્વ આ પુણ્ય ભારતભૂમિના પોતાના બાંધવોની દુર્દશા સુધારવામાટે ઐક્યભાવથી મદદગાર બન્યા છે. એટલુંજ નહી પરંતુ દીનપર દીન તેથી ભ્રાતૃભાવના ખરા લાભોના સંતોષકારક પરિણામો નિપજતા જાય છે. દાખલા તરીકે આપણા દેશમાં સ્થાપન થએલી નેશનલ કોંગ્રેસ અને તે સ્થાપન કરનાર તેનો પિતા, દેશીઓનો ખેરખાં અને તે જાતે અંગ્રેજ મી. એ. ઓ. હ્યુમ; મી. આડલી નોરટન, સ્વર્ગવાસી ચાર્લ્સ બ્રાડલો મી. દાદાભાઈ નવરોજી એમ. પી.; મી૦ વેડરબરન, એમ. પી.; ઑ૦ ફીરોશા મેરવાનજી મેતા, સી. એસ. આઈ.; ઑ૦ જવેરીલાલ ઉમીયાશંકર યાજ્ઞીક, જે. પી.; ઑ૦ સુરેન્દ્રનાથ બેનરજી; ઑ૦ ડબલ્યુ સી બેનારજી વિગેરે અનેક સ્વદેશાભિમાની સજ્જન ગૃહસ્થો ભ્રાતૃભાવના ખરા પ્રભાવથી અને શુદ્ધ અંતઃકરણની લાગણીથીજ આપણા દેશી ભાઈઓની સ્થિતિ સુધારવા અને તેઓના વાજબી અને સમાન હક્કોનું રક્ષણ કરવા અતિખંતીપણાથી આજ નવ નવ વરસો થયાં આપણા દેશના દેશીઓના મિત્રો બન્યા છે. હાલમાં વળી ઔદિચ્ય બ્રાહ્મણોએ પણ પોતાની જ્ઞાતિઓની સ્થિતિઓમાં સુધારો કરવા અર્થે એક ઔદીચ્ય બ્રહ્મસમાજ આજ ત્રણ વરસ થયાં સ્થાપન કર્યો છે તે ભ્રાતૃભાવના અંકુરો નહીં તો બીજું શું છે. ભ્રાતૃભાવેજ તેઓને પોતાના બંધુઓની થતી દુર્દશાનું અવલોકન કરાવવા સામર્થ્યવાન કરી એક રણભૂમિપર તે સુધારવા લાવી મુક્યાં છે.

હાલમાં આપણા દેશના કેટલાક જુવાનીયાઓ બારીસ્ટરો કે સોલીસીટર; વકીલ કે ડાકટર; બી. એ. કે એમ. એ.; વિગેરેની યુનીવરસીટીની પદવી વા ચાંદો મેળવી બહાર પડે છે તેમાંના કેટલાકને તો ફક્ત એકજ ઇંદ્રિયનું જ્ઞાન મળ્યું એટલે સકળ વિદ્યા સંપાદન થઈ એવો ગર્વ પેદા થાય છે અને તેઓ

પોતાના બીજા બંધુઓને નીચ અને હલકા ગણી તેમની તરફ કેટલીક વાર તિરસ્કારની નજરે જુવેછે; પરંતુ કેટલાકો જેમણે ઉત્તમ નીતિ રીતીનું જ્ઞાન સંપાદન કર્યું હોયછે તેવા અનુભવીઓ પોતાના દેશી બાંધવો પ્રત્યે **સમભાવ** અને **મમતાથીજ** વર્તેછે તેથી તેઓ જનસમૂહમાં માનને અધિક પાત્ર થઇ લોકપ્રિય થઈ પડેછે. કાળની બલીહારી અતિ વિલક્ષણ છે. આપણા નિસ્તેજ થયેલા આર્યબંધુઓમાં જ્યારથી **ભ્રાતૃભાવનાં** બીજ રોપાયાં છે ત્યારથી કાંઈક પ્રકાશ થયેલો માલમ પડેછે. તેના સંપૂર્ણ તેજનું અજવાળું તો ભવિષ્યની પ્રજા જોવાને શક્તિવાન થશે.

વળી આપણો હિંદદેશ જે ખેતીવાડીપર મોટો આધાર રાખે છે અને જેનાપર **બ્રીટીશ સરકારનો** ન્યાયી વાવટો ઊડી રહ્યો છે તેવા અદલ ઈન્સાફી રાજ્યમાં ખેતીવાડીનાં મુખ્ય સાધનો જે સિંગડાવાળાં ઢોરો જેવાં કે ગાય, બલદ, ભેંસ અને પાડા વિગેરે છે અને જેનાપર આખા દેશની આબાદાનીનો આધાર [illegible] તેનો હાલના સમયમાં છુટથી બેહોલો નાશ થાય છે અને તેથી ખેતીવાડી અને ખેડુતવર્ગની ઘણી દયામણી દુર્દશા થાય છે એટલુંજ નહી પરંતુ પ્રજાના સુખનાં સાધનોમાં ઘટાડો થવાથી અને મોંઘવારી વધવાથી રાજ્યની અને પ્રજાની ઉપજ નિપજને પણ ઘણી હાની થવાનો સંભવ રહે છે. એવું ઘણાક વિદ્વાનો અને બુદ્ધિમાન પુરૂષોના લક્ષમાં આવ્યાથી દેશના લોકોની સામાન્ય સ્થિતી નિહાળી ન્યાત, જાત, કે ધર્મનો તફાવત દૂર રાખી આ હિંદુસ્થાનની સર્વ પ્રજાના લોકોને સુખ થાય તેવો હેતુ અંતઃકરણમાં ધારણ કરી **સામાન્યભ્રાતૃભાવ**નાજ નિયમે **ગોરક્ષા**થી થતા લાભો લોકોને દર્શાવવા **ગોરક્ષક** સભાઓ સ્થાપન કરી છે. એ પણ **સામાન્યભ્રાતૃભાવ**નું શુભચિન્હ જાણવું જોઇએ છે. બીજા કેટલાક સ્વાર્થી લોકો ગમે તેવો હલકો અભિપ્રાય આવી પવીત્ર નેમવાળી હીલચાલો તરફ રાખતા હોય તો તે તરફ સર્વ સામાન્ય લોકોનું ભલું ઈચ્છનારે નજર રાખવી જોઇતી નથી.

આર્યોની મંદતા.

હે વાંચનાર! આ ઉપરથી તમારા દીલમાં ખરેખરી લાગણીનો ખ્યાલ ઉત્પન્ન થાય કે આ પૂજ્ય ભારતભૂમિની પ્રાચીન યાદદાસ્તો જરૂર માનને યોગ્ય છે એવું માનતા હો તો તમારે **આર્ય** પૂર્વજોના જેવાજ મહાન

થવાની ઇચ્છા રાખી મનુષ્યપ્રાણી તરફ ભ્રાતૃભાવથી વર્તવું જોઇએ છે. સ્વાર્થરહિત શુદ્ધ અંતઃકરણથી સામાન્યભ્રાતૃભાવ ખિલવ્યા વગર આપણે પશુ સરખા પેટ ભરા જેવા છીએ. હાલની પશ્ચિમની કેળવણીની સત્તાથી આપણા આર્યબંધુઓ જેઓ પોતાના બંધુઓનું ભલું ઇચ્છવાને બદલે ઉલટા સ્વાર્થી, મિથ્યા અપવાદી, અને સંસારનાં માયિક સુખોના ભોગ વિલાસોમાં આનંદ માનનારા અને પરદેશીઓના ખોટા ગુણ ગાવાવાળા બને છે. પરંતુ હિંદદેશપર પ્રસરી રહેલા દુઃખનાં વાદળો દૂર કરાવવાપર તેઓની નજર પડતી નથી એ કેટલું અફસોસકારક છે!

આર્ય પૂર્વજોના જેવી મનુષ્યપ્રાણીતરફ સામાન્યભ્રાતૃભાવની લાગણી જો કે આ દેશમાં સદંતર નાશ પામેલી નથી પરંતુ દુનિયાના ઘણા ઘણા ભાગોમાં આ ઉત્તમ હેતુની નજરે જોનારા અને ચાહનારાઓ વસેછે. તેવાઓ અતિ માનને પાત્ર થાય છે, અને તેવા હિતકારી અને ઉત્તમ જ્ઞાની મહાન પુરૂષો હિમાલયમાં વાસો કરી રહ્યા છે.

ભ્રાતૃભાવ કેળવવાથી જ્ઞાનનો ઉદય થાયછે.

સામાન્ય ભ્રાતૃભાવની નજરથી જોનારના જ્ઞાનની ઉન્નતિ થયા વગર રહેતી નથી. તેઓ હમેશ સાધારણ માનસિક જ્ઞાનવાળાઓથી દુર રહેછે, અને તેમની આત્મજ્ઞાનની ઉન્નતિ થતાં વાર લાગતી નથી. ઘણાક લોકો યોગવિદ્યાને હસી કાઢે છે, પરંતુ તેવા હાંસી કરનાર પુરૂષોએ પોતાનામાં વ્યાપિ રહેલા રાગ, દ્વેષ, કુસંપ, અદેખાઇ વિગેરેનો પ્રથમ સમભાવ કે ભ્રાતૃભાવ કરતા જો તેઓ શિખતા હોય તો તેવા પુરૂષથી પછી કદી પણ યોગવિદ્યાની હાંસી થતી સંભવશે નહીં. ગુપ્તજ્ઞાન અને ગુપ્તવિદ્યા તે સિવાય કદી પણ મેળવી શકાતી નથી. ભ્રાતૃભાવની નજરે જોનાર પુરૂષની માનસિક અને બુદ્ધિચૈતન્ય જ્ઞાનની ઉન્નતિ સારી રીતે ખિલવા પામે છે એટલુંજ નહીં પરંતુ તેઓ દુરંદેશી બને છે. આવી સમતાદિક બક્ષીસ એ ઈશ્વરી બક્ષીસ છે એવું મહાત્મા લોકોનું વચન છે. સામાન્ય ભ્રાતૃભાવના હેતુ ખિલવનાર પુરૂષ પરમાર્થી, પર દુઃખભંજન અને સત્યાગ્રહી બનેછે. આ હેતુ વગરના જીવ તમામ સ્વા-

રહ્યો શુદ્ધ અંતઃકરણે કરવામાં આવે છે તે અવશ્ય ઘણાં વિઘ્નો આવવા છત
પાર પડેછે અને અંતે સત્યનો જય થાય છે. આ સિવાય બીજાં સર્વ જે કાર્ય
પ્રાપંચિક, જુઠા, ઠગારા, સ્વાર્થી અને **બગલ્ભક્તિ**પણાના થાળા જેવ
ગણાય છે.

આત્મચિકિત્સા કે **બ્રહ્મજ્ઞાન** સંપાદન કરનારાઓના હૃદય
માં જેટલો **સામાન્યભ્રાતૃભાવ** રટન કરી રહેછે તેટલો બીજા પુરૂ
ષોમાં ભાગ્યેજ માલમ પડે છે. આપણા **આર્ય** બંધુઓને સ્વાર્થપણાની બે
ડીએ એવા તો સંકડાવી લીધા છે કે જેથી કરીને તેઓમાં ખરા પારમાર્થીએ
ભાગ્યેજ માલમ પડી આવે છે કે જેઓ આ દુનિયાના ભલા માટે પો
તાની જીંદગીનો ભોગ આપવામાં કદી પણ પશ્ચાત્ પડતા ન હોય. આમ
સ્વાર્થી થવામાં શું લાભ છે.? કદાચ એમ ધારો કે મનુષ્ય પોતાના શુભ
કર્મોને આધારે થોડો ઘણો સુખી થાય પરંતુ અંતે જવાબદારીનું જોખમ તેન
માથાપર ટંગાયલું છે, છે ને છેજ. આપણા દેશના ભાઈબંધોની સ્થીતિપર
આપણે લક્ષ આપતા નથી તેથીજ આપણા દેશની દુર્દશા થઈ છે અને થશે

પ્રાચીન અગાધ સમુદ્રના ભંડારરૂપ આર્ય વિદ્યાઓનું જો મનમાનતી
રીતે અવલોકન થતુ હોય તો અતિ ઉત્તમ લાભ મળ્યા વગર રેહે નહીં. હા
લની કેળવણીનું જ્ઞાન તે કદી પણ ઉત્તમ જ્ઞાનની પંક્તિમાં ગણાવાનું નથી
સાધારણ લોકોના ભાવાભાવ ઉત્તમ હોતા નથી તો પછી **પરબ્રહ્મ પરમા-
ત્માને** ઓળખવાની શક્તિ તેઓમાં ક્યાંથી આવી શકે ! આથી એમ સ-
મજવું નહીં કે જુદા જુદા ધર્મો પાળનારાઓમાં **ભ્રાતૃભાવ** કરવો નહીં!
ના. જો દરેક ધર્મના લોકો પોતાનું અંતઃકરણ સ્વચ્છ અને નિષ્કપટપણે
રાખી ચાલતા હોય તો તેઓમાં જરૂર **ભ્રાતૃભાવનો** અંકુર ફુટ્યા વગર
રેહેશે નહીં. જુવો કે એક મનુષ્ય તીર્થો કે યાત્રાઓ કરી પોતાનાં પાપ ક-
ર્મોનો નાશ કરી બચે; બીજો ફક્ત શુદ્ધ અને નિર્મળ અંતઃકરણે ભગવદ્ભ-
જન કરી ઈશ્વરની આરાધના કરવામાં ખુબ આનંદ માની દેવ મંદીરમાં કે મ-
સીદ, અગર ચેરેસમાં, કે દેવલોમાં જઈ ઈશ્વરપ્રાર્થના કરી સંતોષ પામે;
ત્રીજો **આત્મજ્ઞાનની** સિદ્ધિ સંપાદન કરવામાં મશગુલ રહે તો એવા ત્રણ
પ્રકારના પુરૂષો સરખા માનને યોગ્ય છે અને તેવાઓના અંતઃકરણમાં
સામાન્ય ભ્રાતૃભાવ નથી એમ કદી કહેવાશે નહીં.

જ્યાં જ્યાં **બ્રહ્મજ્ઞાનમંડળો** છે ત્યાં ત્યાં **ભ્રાતૃભાવના** હેતુઓથી કામ લેવામાં આવે છે. કુસંપ, અદેખાઇ અને સ્વાર્થની જાલમાં ફસેલા **આર્ય** બંધુઓમાં આવા હેતુઓનાં જે બીજો વવાયાં છે તે આ ભારતભૂમિના ઉદયના ઈશ્વરી બક્ષીસરૂપ ચિન્હો છે. નિંદાખોરો અને જુઠા અપવાદ મુકનારાઓથી આ મંડળના બંધુઓ દુર રહેછે. **સામાન્ય ભ્રાતૃભાવની** ખરી લાગણીના યોગથી દુષ્ટ દુરાચારમાં અને અજ્ઞાનરૂપી અંધકારમાં પોતાના **આર્ય** બંધુઓને ફસતા બચાવવામાં આ મંડળના બંધુઓ પોતાની યથાશક્તિ, તન, મન, અને ધનથી પુરૂષાર્થ કરે છે તેમાં કોઈ પણ પ્રકારની તેઓ માન કે આબરૂ વધવાની અભિલાષા રાખતા નથી. આવા મંડળોના ફેલાવાથી ભારતભૂમિના લોકોની આંખો ઉઘડી છે અને તેઓની **નિશ્ચયાત્મક બુદ્ધિ ચૈતન્યજ્ઞાન** સંબંધી ઉન્નતિ થતિ ચાલી છે. **ભ્રાતૃભાવનો** ખરો હેતુ જાણ્યા પછી હિંદ ભૂમિના આપણા દેશી ભાઇઓ પોતાના દેશની દુઃખદ સ્થિતી મટાડવા દેશોદેશ વિચારો ચલાવવા લાગ્યા છે એટલુંજ નહીં પરંતુ ખુદ પશ્ચિમના લોકો આપણા દેશના લોકોની થતી દુર્દશાપર લક્ષ આપી તે દુર કરવાનાં સાધનોમાં સંમતિ આપતા ચાલ્યા છે. આ **સામાન્ય ભ્રાતૃભાવનો** યોગ નહીં તો બીજું શું ? જેઓ આપણને જંગલી ગણતા અને **આર્ય પૂર્વજોનાં શાસ્ત્રોને** ઠઠા મશ્કરી જેવાં ગણી હસી કાઢતા તેઓ આજે આપણા હિતૈષી અને પ્રેમની નજરથી જોનારા અને **આર્ય** વિદ્યા અને શાસ્ત્રોને આજે ખરા રૂપમાં માન આપવા તત્પર થતા ચાલ્યાછે. તેઓજ દેશીઓને **સામાન્ય ભ્રાતૃભાવનો** ઉપદેશ કરવા મેદાન પડ્યાછે એટલુંજ નહીં પરંતુ તેઓ આપણી ભૂમિના ચારે ખુણામાં પસરેલી બદીઓ અને જુલમોનો ખુદ જાતે અનુભવ મેળવી તેનું રક્ષણ કરવા તત્પર થઈ રહ્યા છે. હવે તેઓએ અરસ પરસ ખાવા પિવાના મિથ્યા અનુમાનોની પોતાની ભુલો દૂર કરી છે. **આત્મજ્ઞાન** આ ભારતવાસી મહાત્માઓ અને ઋષિમુનિઓએજ સંપાદન કર્યું હતું એવું તેઓને આ **બ્રહ્મજ્ઞાનમંડળે** પુરવાર કરી આપ્યું છે. વળી આવું જ્ઞાન સાધારણ બુદ્ધિના પુરૂષોથી મેળવી શકાતું નથી પરંતુ **ભારતભૂમિના મહાત્માઓની** પૂર્ણ કૃપાથીજ સંપાદન થઈ શકે છે. કે જે જે મહાત્માઓએ આ માયિક સંસારના

રહો શુદ્ધ અંતઃકરણે કરવામાં આવે છે તે અવશ્ય ઘણાં વિઘ્નો આવવા છત
પાર પડેછે અને અંતે સત્યનો જય થાય છે. આ સિવાય બીજાં સર્વ જે કાર્યો
પ્રાપંચિક, જુઠા, ઠગારા, સ્વાર્થી અને **બગભક્તિ**પણાના ચાળા જેવ
ગણાય છે.

આત્મચિકિત્સા કે **બ્રહ્મજ્ઞાન** સંપાદન કરનારાઓના હૃદય
માં જેટલો **સામાન્યભ્રાતૃભાવ** રટન કરી રહેછે તેટલો બીજા પુરૂ
ષોમાં જવલેજ માલમ પડે છે. આપણા **આર્ય** બંધુઓને સ્વાર્થપણાની બે
ડીએ એવા તો સંકડાવી લીધા છે કે જેથી કરીને તેઓમાં ખરા પારમાર્થીઓ
ભાગ્યેજ માલમ પડી આવે છે કે જેઓ આ દુનિયાના ભલા માટે પો
તાની જીંદગીનો ભોગ આપવામાં કદી પણ પશ્ચાત્ પડતા ન હોય. આમ
સ્વાર્થી થવામાં શું લાભ છે.? કદાચ એમ ધારો કે મનુષ્ય પોતાના શુભ
કર્મોને આધારે થોડા ઘણો સુખી થાય પરંતુ અંતે જવાબદારીનું જોખમ તેના
માથાપર ટંગાયલું છે, છે ને છેજ. આપણા દેશના ભાઈબંધોની સ્થીતિપર
આપણે લક્ષ આપતા નથી તેથીજ આપણા દેશની દુર્દશા થઈ છે અને થશે.

પ્રાચીન અગાધ સમુદ્રના ભંડારરૂપ આર્ય વિદ્યાઓનું જો મનમાનતી
રીતે અવલોકન થતું હોય તો અતિ ઉત્તમ લાભ મળ્યા વગર રેહે નહીં. હાલ
ની કેળવણીનું જ્ઞાન તે કદી પણ ઉત્તમ જ્ઞાનની પંક્તિમાં ગણાવાનું નથી.
સાધારણ લોકોના ભાવાભાવ ઉત્તમ હોતા નથી તો પછી **પરબ્રહ્મ પરમા**
ત્માને ઓળખવાની શક્તિ તેઓમાં ક્યાંથી આવી શકે ! આથી એમ સ
મજવું નહીં કે જુદા જુદા ધર્મો પાળનારાઓમાં **ભ્રાતૃભાવ** કરવો નહીં
ના. એ દરેક ધર્મના લોકો પોતાનું અંતઃકરણ સ્વચ્છ અને નિષ્કપટપણે
રાખી ચાલતા હોય તો તેઓમાં જરૂર **ભ્રાતૃભાવનો** અંકુર ફુટ્યા વગર
રેહેશે નહીં. જુવો કે એક મનુષ્ય તીર્થો કે યાત્રાઓ કરી પોતાનાં પાપ ક
ર્મોનો નાશ કરી બચે; બીજો ફક્ત શુદ્ધ અને નિર્મળ અંતઃકરણે ભગવદ્ભ
જન કરી ઈશ્વરની આરાધના કરવામાં ખુબ આનંદ માની દેવ મંદીરમાં કે મ
સ્જીદ, આતશ બેહેરામમાં, કે દેવળોમાં જઈ ઈશ્વરપ્રાર્થના કરી સંતોષ પામે;
ત્રીજો **આત્મજ્ઞાનની** વિદ્યા સંપાદન કરવામાં મશગુલ રહે તો એવા ત્રણ
પ્રકારના પુરૂષો સરખા માનને યોગ્ય છે અને તેવાઓના અંતઃકરણમાં
સામાન્ય ભ્રાતૃભાવ નથી એમ કદી કહેવાશે નહીં.

જ્યાં જ્યાં **બ્રહ્મજ્ઞાનમંડળો** છે ત્યાં ત્યાં **ભ્રાતૃભાવના** હેતુઓથી કામ લેવામાં આવે છે. કુસંપ, અદેખાઇ અને સ્વાર્થની જાળમાં ફસેલા **આર્ય** બંધુઓમાં આવા હેતુઓનાં બે બીજો વવાયાં છે તે આ ભારતભૂમિના ઉદયના ઈશ્વરી બક્ષીસરૂપ ચિન્હો છે. નિંદાખોરો અને જુઠા અપવાદ મુકનારાઓથી આ મંડળના બંધુઓ દુર રહેછે. **સામાન્ય ભ્રાતૃભાવની** ખરી લાગણીના યોગથી દુષ્ટ દુરાચારમાં અને અજ્ઞાનરૂપી અંધકારમાં પોતાના **આર્ય** બંધુઓને ફસતા બચાવવામાં આ મંડળના બંધુઓ પોતાની યથાશક્તિ, તન, મન, અને ધનથી પુરૂષાર્થ કરે છે તેમાં કોઈ પણ પ્રકારની તેઓ માન કે આબરૂ વધવાની અભિલાષા રાખતા નથી. આવા મંડળોના ફેલાવાથી ભારતભૂમિના લોકોની આંખો ઉઘડી છે અને તેઓની **નિશ્ચયાત્મક બુદ્ધિ ચૈતન્યજ્ઞાન** સંબંધી ઉન્નતિ થતિ ચાલી છે. **ભ્રાતૃભાવનો** ખરો હેતુ જાણ્યા પછી હિંદ ભૂમિના આપણા દેશી ભાઈઓ પોતાના દેશની દુઃખદ સ્થિતી મટાડવા દેશોદેશ વિચારો ચલાવવા લાગ્યા છે એટલુંજ નહીં પરંતુ ખુદ પશ્ચિમના લોકો આપણા દેશના લોકોની થતી દુર્દશાપર લક્ષ આપી તે દુર કરવાનાં સાધનોમાં સમતિ આપતા થયા છે. આ **સામાન્ય ભ્રાતૃભાવનો** યોગ નહીં તો બીજું શું ? જેઓ, આપણને જંગલી અજ્ઞાન અને **આર્ય પૂર્વજોનાં શાસ્ત્રોને** ઠઠા મશ્કેરી જેવા ગણી હસી કાઢતા તેઓ આજે આપણા હિતૈષી અને પ્રેમની નજરથી જોનારા અને **આર્ય** વિદ્યા અને શાસ્ત્રોને આજે ખરા રૂપમાં માન આપવા તત્પર થતા જાયછે. તેઓજ દેશીઓને **સામાન્ય ભ્રાતૃભાવનો** ઉપદેશ કરવા મેદાન પડ્યાછે એટલુંજ નહીં પરંતુ તેઓ આપણી ભૂમિના ચારે ખુણામાં પરદેશી નારીઓ અને પુરૂષોનો ખુદ જાતે અનુભવ મેળવી તેનું રક્ષણ કરવા તત્પર થઈ રહ્યા છે. હવે દેશીઓએ અરસ પરસ ભાવ. વિરોધી ભિન્ન મનુષ્યોની પોતાની ભુલો દુર કરી છે. **આત્મજ્ઞાન** આ કારણથી મહાત્માઓ અને ઋષિમુનિઓએજ સંપાદન કર્યું હતું તેવું તેઓને આ **બ્રહ્મજ્ઞાનમંડળે** પુરવાર કરી આપ્યું છે. વળી આવું જ્ઞાન સાધારણ બુદ્ધિના પુરૂષોથી મેળવી શકાતું નથી પરંતુ **ભારતભૂમિના મહાત્માઓની પૂર્ણ કૃપાથીજ** સંપાદન થઈ શકે છે. કે જે જે મહાત્માઓએ આ અવિદ્યા સંસારના

ઉપદ્રવો અને જંજાલોનો ત્યાગ કરી જંગલો અને પર્વતોની ગુફાઓમાં વાસો કરેલો છે તેઓજ આ ઉત્તમ જ્ઞાન મેળવી શકયા છે. મિથ્યા અપવાદીઓ અને શાસ્ત્રોના મૂળતત્વજ્ઞાનનું અવલોકન કર્યાવગર આવા ઉત્તમ હેતુના મંડળ તરફ ધિક્કાર ઉપજાવે તેવી વર્તણુકો ચલાવેછે અને જુદી જુદી નિંદાઓ કરેછે તે-વાઓ તરફ ખરા સત્યાગ્રહી પુરૂષોએ તો લક્ષ આપવું જોઈતું નથી. જુવો કે આપણે સાધારણ જ્ઞાન મેળવતાં મેળવતાં વરસોનાં વરસો અને મોટી મોટી મુસીબતો વેઠવી પડેછે તો અગાધ શક્તિરૂપ ધરાવનારૂં અને પવિત્ર શા-સ્ત્રોનું જ્ઞાન શું કાંઈ સેહેજમાં મેળવી શકાતું હશે? જ્ઞાન મેળવવા માટે મનુષ્યે શું કરવું જોઇએ છીએ? પ્રથમ તો તેણે **કામ, ક્રોધ, મોહ** અને **લોભરૂપી** પોતાના અંતઃકરણમાં રહેલા શત્રુઓને જીતવા જોઈએ છીએ. સદાચરણી અને સદ્બુદ્ધિનાં આચરણોથી ચાલવું જોઈએ છે. આથી બી-જો કયો મત, પંથ કે રસ્તો છે કે મનુષ્યને સદ્વૃત્તિ અને સન્માર્ગના રસ્તા-પર ચઢાવી સંસારની પ્રવૃત્તિની જાળમાંથી છુટવાનાં સાધનો મેળવતાં શિ-ખવે? એક મનુષ્ય યાત્રાએ જઈ ત્યાં પોતાની દુષ્ટ બુદ્ધિએ પાપ કર્મો કરે; બીજો દેવમંદિરોનાં પવિત્ર સ્થાનોમાં દુરાચારથી વર્તે ને પછી પોતાને લાભ ન થતાં દેવસ્થાનોની નિંદા કરે તો તેમાં દોષ કોનો? વાસ્તે **સામાન્ય ભ્રાતૃભાવ** રાખવા વગરનાં સર્વ ફોકટનાં ફાંફાં છે. **ભ્રાતૃભાવ** કેળવનારાએ નિંદાખોરો તરફ કદી પણ નજર ફેંકવાની જરૂર નથી; પરંતુ પોતાના સદ્વર્તનના દાખલા બીજાઓને આપવાની જરૂર છે. આપણે **આર્યાવર્તથી** ઉતરી આવેલા **આર્યાકુલોત્પન્ન** કેહેવાઇએ છીએ. તેઓ જો પોતાનો લુટાઈ ગએલો ખજાનો પાછો મેળવવા પ્રયત્ન નહીં કરશે તો બીજા કોણ કરશે? **"ભૂલ્યા ત્યાંથી ફરી ગણો"** એ કેહેવતને અનુસરી આપણી કીર્તિ આપણે હા-થેજ સંપાદન કરવાની આપણી ફરજ છે. દરેક માણસે જાતે યાદ રાખવું જોઇએ છે કે, તેના માથાપર પોતાનાં ભલાં અને બુરાં કર્મોની ઓઢી વત્તિ જવાબદારી આપવાનું વાદળ દરેક પળે પળે ઘેરાયલું છે. પવિત્ર મહાત્મા-ઓની આજ્ઞાઓનું ઉલ્લંઘન જેણે કર્યું તો જરૂર અશુભ ફળના માઠા પરિણામો આપણને ચાખવા પડવાના છે. માટે **સામાન્ય ભ્રાતૃભાવ** રાખી અંતે શુભ ફળ મેળવવા હમેશ તત્પર રેહેવું યોગ્ય છે. કાળ ઘણો

અમૂલ્ય છે. તે પોતાનું કામ કરવામાં કદી પછાત પડતો નથી, પરંતુ આપણે પછાત પડીએ છીએ. ગઈ ઘડી પાછી હાથ આવતી નથી તેવો અમૂલ્ય વખત મિથ્યા રમતગમતો, નાશવંત તૃષ્ણાઓમાં કદી પણ ગુમાવી દેવો જોઈતો નથી; પરંતુ કાંઈ નહીં ને કાંઈ જાણી લેવા અને સત્યશોધક થવા હમેશ તત્પર રહેવું યોગ્ય છે એટલુંજ નહીં પરંતુ આપણાથી પોતાનું જે સાર્થક થાય તે કરવામાં મચ્યા રહેવામાંજ ફાયદો છે. વ્યાવહારિકપણાથી જાતીભેદ છે તેની સાથે ધર્મનો સંબંધ નથી. હું ઉંચ અને બીજો **નીચ** એમ ગણી અદેખાઈ અને તિરસ્કારની નજરે જોવામાં ખરા **ભ્રાતૃભાવનાં** લક્ષણો ગણાતાં નથી. નીચમાં જન્મ થયો તેથી શું થયું ? આપણે પાછળ જણાવી ગયા છીએ કે **"સર્વ મનુષ્યપ્રાણિપર પ્રીતિ રાખવી જોઈએ તેજ ઈશ્વરપર પ્રીતિ રાખ્યા સમાન છે."** સર્વની ઉત્પત્તિનું સ્થાન એકજ છે. રોગ, શોક, મોહ, જન્મ, મરણ સર્વ મનુષ્યોનેમાટે સરખાં છે. દરેકના અંતઃકરણમાં **સદ્‌વિચાર** અને **વિવેકબુદ્ધિ** હોય છે અને તેને ઈશ્વરના મંગળભાવનો આભાસ મળ્યો હોય છે. એક માણસને બીજા કરતાં કાંઈક વધારે જ્ઞાન મળ્યું, વધારે સાધુત્વભાવ મળ્યો પરંતુ તેજ ભાવના અંકુરો દરેક મનુષ્યના અંતઃકરણમાં વ્યાપેલા હોય છે. જેમ મોટા થવાનું બીજ બાળકમાં છે તેમ દરેકમાં મહત્વનું બીજ મુકેલું છે; પરંતુ અજ્ઞાનરૂપી આવરણનેલીધે તે મંદમતિનો થઈ બેસે છે. દરેક **પરમાત્માનો** પુત્ર છે અને તેની અનંતકાળની ઉન્નતિનો અધિકારી છે. જ્યારે આમ છે તો **સામાન્ય ભ્રાતૃભાવનો** ધર્મ સ્વાભાવિક રીતે નિષ્પન્ન (સાબિત) થાય છે. કદાચ મોટા મોટા સમર્થ વિદ્વાનોને માન આપો તો તેમાં હરકત નથી પરંતુ તેજ વખતે બીજાપર **ભ્રાતૃભાવની** નજર રાખવાનું ભુલી જવું જોઈતું નથી. પોતાના હાથે જેટલો પરોપકાર બને તેટલો હમેશ કરવા રહેવામાંજ ફાયદો છે. ખોટા અભિમાન અને ડોળઘાલુપણાથી દૂર રહી કોઈની અવગણના કે તુચ્છકાર કરવો નહીં. આપણે સર્વ મનુષ્યો એકજ પિતાના પુત્રો, તેના રાજ્યની પ્રજા, તેના અનંત ઐશ્વર્યના અધિકારી છીએ, માટે સર્વ લોકોએ **સામાન્ય ભ્રાતૃભાવ** અને **સમભાવથી** ઐક્યતા રાખી એક બીજાથી હળીમળીને ચાલવામાં અને એકબીજાના કલ્યાણમાં મચ્યા રહેવું એજ મોટી ફરજ અદા કર્યા બરોબર છે. સત્યધર્મનો ઉપદેશ એવો છે કે **પરમાત્મા** આપણો પિતા છે અને સર્વ મનુષ્યો તેના પુત્રો છે માટે ભાઈઓ છીએ. દરેકને તેના **અમૃતનો** રસ પિવાનો અધિકાર છે. આવા ઉપદેશની સર્વ જીવનપર અસર થવાથી તમારૂં કાર્ય થઈ તેના શુભ ફળ મેળવ્યા વગર રહે-

વાશે નહીં. એકના ઉદ્યોગથી કાંઈ થતું નથી માટે સર્વ એકઠા મળીને સત્ય સનાતન ધર્મનું અવલંબન કરશો તો પરમાત્માની કૃપાથી પરિણામે મંગળ થશે. **પરમાત્મા** સર્વ **આર્ય** બંધુઓની તેવી શુભ ઈચ્છા પૂર્ણ કરો.

સમભાવ કેમ થાય તે સંબંધી સૂચના.

જ્યાંસુધી મારૂં તારૂં વગેરે જેટલી જુદાઈ છે તે ગઈ નથી ત્યાંસુધી એકપણું થતું નથી. આ અહંપણું જવાને માટે વિચાર, વૈરાગ્ય તથા સત્સંગ જોઈએ. હમેશાં જ્યારે જ્યારે અહંપણાને લીધે આપણાથી ભિન્ન વસ્તુઓમાં જુદાઈ જણાય ત્યારે ત્યારે આપણે વિચાર કરવો જોઈએ કે તે વસ્તુમાં વાસ્તવિક રીતે શું જુદાઈ છે? અને જેમ જેમ આપણે અંદર ઉતરતા જઈશું તેમ તેમ આપણી ખાત્રી થશે કે તેમાં સ્વાભાવિક રીતે કંઈ પણ ફેરફાર નથી પણ બધાથી વસ્તુઓ એકજ છે, તથા તેઓ એકજ વસ્તુની વિભૂતિઓ છે. આકાશ મુળે એક છે તેને આકાશ, ઘટાકાશ, મઠાકાશ વગેરે જુદાં જુદાં નામ આપીએ છીએ, અથવા માટી એક છે અને તેને જુદાં જુદાં નામ આપીએ છીએ. જેમકે ઘડો, કોડીયા, બિન. આમાં આપણે વિચાર કરીશું તો માલુમ પડશે કે આમાં મુખ્ય તત્વ એકજ છે અને જોવામાં જુદા છે.

આ પ્રમાણે વિચાર કરવાથી સઘળી વસ્તુ એકરૂપે જણાશે. જ્યારે સર્વ એક વસ્તુમય લાગશે અને એક છે એવો દૃઢ બોધ થશે ત્યારે હું, તું, તે, વગેરે ક્યાં રહેશે. બીજા કોણ રહેશે અને બીજા કોણ? વળી જેનો હું બીજો છું તેનો હું બીજો છું. વાસ્તવિક રીતે તેઓ એક છે. **શ્રીમદ્ભગવદ્ગીતામાં** પણ કહ્યું છે કે '**દરેક ભૂતોમાં એક હું આત્મા રહ્યો છું અને મારામાં બધાં ભૂતો રહ્યાં છે, એ પ્રમાણે બધું એકસરખી રીતે યોગી જુવે છે.**' જ્યારે સર્વ વસ્તુ દરેક એક આત્મામય છે ત્યારે પછી દ્વેષ શું રહે છે અને દ્વેષ કરવાનો કોનો રહે છે. વાસ્તે આવી સ્થિતિ લાવવાને માટે દૃઢ અભ્યાસની જરૂર છે. તથા દરેક દરેક વસ્તુ ઉપરનો પ્રેમ કાઢી નાંખવો જોઈએ. આ પ્રમાણે યત્ન કરનાર પુરૂષમાં **ભ્રાતૃભાવ** તો શું પણ તેથી વધારે અદ્વૈતસ્થિતિ એટલે સર્વ પોતેજ છે એવું જ્ઞાન થઈ શકે. **તથાસ્તુ**

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

પ્રથમ ભાગ સમાપ્ત.



तत् सत् परमात्मने नमः



अहिंसा परमो धर्मः

ભ્રાતૃભાવ.

ભાગ ૨ જો.

આત્મજ્ઞાનની મધ્યમ સ્થિતિ.

ચારિત્રશિક્ષા.

मातृवत् परदारेषु परद्रव्येषु लोष्टवत् ।
आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति ॥

ચારિત્રાભિલાષીઓ!* આ શિક્ષાવાક્યનું અંતર્મુખ† થઈ મનન કરો. એ વાક્ય કામદુધાની પેઠે તેના સેવન કરનારાઓના સુમનોરથોને પરિપૂર્ણ કરનાર છે. જગતમાંહેના ઉત્તમ પ્રકારનાં સુખોનું ઉપાદાનકારણ છે. ચારિત્રધારકોના મસ્તકમાં માન્યતાના મુકુટરૂપ છે. વિદ્યાભિલાષીઓનું ભૂષણ

* ઉન્નતિની આશા રાખનારાઓ. † અંતઃકરણની નજરથી.

છે. સર્વ ધર્મોનું રહસ્ય છે–નહિ કે સંસ્કૃત શબ્દો છે તેથી એકલા આર્યધર્મનુંજ છે. મિત્રો! ચારિત્રસમાજમાં સ્તંભરૂપ ઉપરની ત્રણ શિક્ષાઓના અનુભવજન્ય જ્ઞાનવિનાના માણસોને તીક્ષ્ણ આંખો છતાં પણ શિષ્ટાચાર્યોએ* તેમની નષ્ટ ચક્ષુમાં ગણના કરી છે.

અભિપ્રાય ગુઢ છે. ચારિત્રવર્તિઓ તો તેના અપૂર્વ આનંદના લ્હેરામાંજ જગત સત્યતાથી અનુભવે છે, પણ તે સુખનો લેશ જેને સમાગમના અને સત્‌સંગના આનંદથી ક્ષણભર નિમગ્ન કરી જોયો નથી, તેને તો એકાગ્રતાવિના સમજવો દુર્ઘટજ છે. એમ કેમ? વાકયભાવ તો સ્પષ્ટ છે, શબ્દ શોધકને તુરતજ જણાયછે, છતાં સમજવો મુશ્કેલ કેમ? આવો પ્રશ્ન કર્યા પેહેલાં બંધુ! જરાક એકાગ્રચિત્તથી આ ગુઢ આદેશરૂપી ચંદ્રકાન્ત મણીવરનું સ્વરૂપ યથાર્થ સમજી, તેને હૃદયપ્રદેશની ગુહામાં યંત્રતંત્રના બળથી ગોઠવી, તેમાંથી ઝરતા અમૃતરસના સ્વાદનો અનુભવ કરી, અખંડાનંદ પ્રાપ્ત કરી,, આપ્તકામ બની અમર થા! તથાસ્તુ.

પ્રથમ તો શબ્દભાવજ સારી પેઠે સમજ. मातृवत् परदारेषु—**સ્વપત્ની** શિવાય–દેવ, ગુરૂ કે ઇશ્વિરસાક્ષિથી પ્રતિજ્ઞાપૂર્વક ગ્રહણ કરેલી અર્ધાંગની શિવાય–અન્ય ભોક્તાઓના ઇશ્વિરસાક્ષી ગ્રહણ કરેલા અર્ધાંગનાદિ ભોગ્યપદાર્થોના ભોક્તા થવાની દુરાશા ન રાખ, અને તે દુરાશાનો ત્યાગ કરી તેમના સામું **માતૃભાવ**ની દૃષ્ટિથી જો. **ભાવ શું?** શિષ્ટપુરૂષની પ્રતિજ્ઞા છે કે એજ તારો ચારિત્રનિયમ તારા સુખનો ઉત્પાદક છે. એથી આગળ વધી બીજું વાકય જો, કેમકે પ્રથમ સુખનો તને અનુભવ થયો. જેપ્રમાણે **પરપત્ની**ને માતૃવત્ નીરખે તેજપ્રમાણે परद्रव्येषु लोष्टवत्—**પરદ્રવ્ય**ને લોષ્ટવત્ (ધૂળ જેવું) જાણ. અને જો એટલા પૂર્ણ સુખના અર્ધાંશનો તેં અનુભવ કર્યો તો આગળનું ત્રીજું વાકય आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यतिના અનુભવથી પૂર્ણાનંદ સુખ પ્રાપ્ત કરવાને તું શક્તિમાન થઇશ. પછી તને ત્રિલોકના સુખની પણ અપેક્ષા રેહેશે નહીં. પણ કયારે? અધવચમાંથી એમ માની બેસતો નહીં. જ્યારે તને પૂર્ણ અનુભવ થશે ત્યારેજ **અખંડાનંદ** પ્રાપ્ત થશે.

* ઉચ્ચ લોકોના આચરણ પ્રમાણે વર્તનારા.

મિત્ર! જ્યાંસુધી ઉપરના ચારિત્રની દૃષ્ટિથી તેં જગત્ જોયું નથી ત્યાંસુધી ચારિત્રધારકે તને ચક્ષુથી દેખતાં છતાં નષ્ટચક્ષુ ગણ્યો છે એ સારી પેઠે યાદ રાખજે. દેખતાને આંધળો કહેવો એ વિપરીત વચનની ઉપેક્ષા કરીશ નહીં. વિચાર કર અને સત્પુરૂષના વાક્યપર, તેની પરમાર્થ પ્રતિજ્ઞા તરફ શ્રદ્ધારૂપ વૃત્તિના અંકુરથી જો. ચારિત્રવાક્યોના અનુભવજન્ય જ્ઞાનથી આ વિષયના મથાળે અંકિત થએલા મહાવાક્ય "ભ્રાતૃભાવ"નો અપરોક્ષાનુભવ તું કરી શિષ્ટપુરૂષોના પ્રમાણપત્રકમાં નામાંકિત થઈ શોભીશ.

ક્ષણભર ચિત્તને રોક અને ઊંડા ઉતરી વિચાર કર કે જગત્માં માણસ માત્ર, અરે! પ્રાણીમાત્ર શું શોધે છે? શાનેમાટે આટલી બધી ધાંધલ ચાલે છે, શામાટે પ્રાણીમાત્ર અનેક ઈચ્છાથી અનેક સંકલ્પ વિકલ્પ કરી અનેક કાર્યોને જન્મ આપેછે, અનેકનો નાશ કરેછે, અનેકને રમાડે છે, અનેકને રડાવેછે, અનેક પ્રકારના પ્રપંચો કરાવે છે? આખું જગત્ એવા એક ક્યા પદાર્થની પ્રાપ્તિ માટે તનમનથી પ્રયત્ન કરેછે? મિત્ર! એક બે અક્ષરેજ પોતાની પાછળ આખા જગત્ને દોડાવ્યું છે, અને જેના આધિન થઇ આખું જગત્ ક્રિયા કરેછે તે "સુખ" છે. સુખ એ પદાર્થ એવો છે કે, જગત્માં કોઇ એવું પ્રાણી. પશુ, પક્ષી, ભૂચર, ખેચર, જળચર, સ્થાવર-જંગમ, મનુષ્યપ્રાણી, દેવ, ગંધર્વ, દૈત્ય–ઠેઠ બ્રહ્મલોકથી રસાતળપર્યંત નથી કે જે તેની અતિ ઉત્કંઠાથી ચાહના નહીં કરતું હોય. પણ ક્યાં રાગી કે વિરાગી સમગ્ર જગત્ કેવળ એક સુખનેજ ચાહેછે. સુખ સિવાય કોઇ અન્ય પદાર્થની ચાહના કરી તેમાં પ્રવૃત્ત થતુંજ નથી. મિત્ર! તારા પ્રત્યે મારા દૃઢ નિશ્ચયથી પ્રતિજ્ઞા કરી હું જણાવું છું કે જો આ સમગ્ર જગત્માંહેથી તીવ્ર (તીક્ષ્ણ) બુદ્ધિના યોગે જગત્ના તત્ત્વને યથાર્થ નીરખનાર કોઇ પણ વિદ્વાન એમ કહે કે, સમગ્ર જગત્ સુખને-ચાહાતું નથી. એવો સિદ્ધાન્ત કરે તો મારી સમૃદ્ધિ, મારો દેહ તેની સત્તાને સ્વાધિન કરી, જગત્માં આજસુધી નહીં નિરખેલા તેના નવા સિદ્ધાંત માટે તેને આધિન થઈ જીંદગી ગુજારૂં. બીજું શું કહું!!! અર્થાત્ સિદ્ધાંત એ છે કે સર્વ કોઇ સુખનેજ ઇચ્છે છે.

હવે જેને માટે જગત્માંહેનાં અગણિત મનુષ્યપ્રાણીઓની પ્રવૃત્તિ ચાલેછે, તેને ઉત્પન્ન કરવાના રસ્તા પણ અનેક હોવા જોઇએ. કેમકે મનુષ્ય

મનુષ્ય અને જીવ જીવ પ્રત્યે ઉપાધિભેદથી સ્વાભાવિક રીતે **સુખ** ઉત્પન્ન કરવાની પ્રવૃત્તિ ભિન્ન ભિન્નજ થઇ જાય છે. અને એ રીત જગતમાં આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. અનાદિ કાળથી ચાલતા આ સંસારમાં અભેદસ્વરૂપે એકજ **સુખ** હોવા છતાં અનેક મનુષ્યોના અનેક વૃત્તિભેદથી અનેક પ્રકારનાં **સુખો** જણાય છે. અને તે વૃત્તિભેદથીજ તે એક છતાં અનેકરૂપે દેખાતાં **સુખને** પ્રાપ્ત કરવા અનેક રસ્તાઓ નિકળેલા છે.

આ અનેક રીતે **સુખ** પ્રાપ્ત કરવાના અનેક રસ્તાઓ જોનાર મનુષ્ય-પ્રાણીમાંથી, કેવળ ઇશ્વરના અનુગ્રહથી મનુષ્યોના સુખસ્વરૂપ દેહ ધારણ કરી, એકજ વસ્તુમા એકજ **સુખ** દર્શાવનાર પુરૂષ ઉત્પન્ન થાયછે. અને સકળ પ્રાણિઓને ઇચ્છેલાં **સુખો** સેહેલાઇથી પ્રાપ્ત થવાનો માર્ગ દર્શાવી, તે **સુખનો** અનુભવ કરાવી અનેક પ્રાણીઓને **સુખદાતા** હોવાથી તેમની અનેક વૃત્તિઓના સમૂહને એકરૂપ બનાવી પોતાની વૃત્તિને સ્વાધિન કરેછે. જે સર્વે પ્રાણીઓનાં સુખને ધારણ કરનાર થઈ જે નિયમ પ્રવર્તાવેછે તેજ **ધર્મ** છે, અને તેજ ઉત્તમ પુરૂષ ઇશ્વર તરીકે પુજાઈ ધર્મધારક તરીકે માન્ય થાયછે. સર્વે કોઈ પોતપોતાના ઇષ્ટને માન્યની દૃષ્ટિથી શું કરવા જુવેછે? તે **સુખદાતા** છે તેથીજ. એનો અનુભવ અજ્ઞાનીયો દુઃખ સમયે ઈશ્વરને આરોપ મુકી દુર્વચન બોલેછે, તેથી પ્રત્યક્ષ જણાય છે.

ધર્મ જે છે તે, તે તે ધર્મની દરેક પ્રજાને **સુખ** બનાવવાનો રસ્તોજ છે અને સુખ પ્રાપ્ત કરવાને અર્થે ધર્મ પાળનારાઓએ અવશ્ય તેતે ધર્મના નિયમો પાળવાજ જોઇએ. શ્રદ્ધાભક્તિ તે નિયમો પ્રમાણે વર્તન કર્યાશિવાય તેને **ધર્મની** કે **સુખની** પ્રાપ્તિ થનીજ નથી. માટે **સુખેચ્છુઓ**(સુખના ઇચ્છનારા)એ અવશ્ય ધર્મનું પાલન કરવું જોઇએ. **સુખ** પ્રાપ્ત થવા માટે જે નિયમો બાંધ્યા છે તે **ધર્મશાસ્ત્રો** કેહેવાય છે.

નિત્યસુખ કેમ પ્રાપ્ત થાય એ રસ્તો સર્વે કોઇ શોધેછે અને તે રસ્તો **ધર્મ** બતાવે છે. એ **નિત્યસુખ** પ્રાપ્ત કરવાને માટે કેટલાક નિયમો જે સંસારિક **નીતિ** કહેવાયછે તે **નીતિ** છે. અને તે નીતિના નિયમો પ્રમાણે સંપૂર્ણ રીતે વર્તવાથી તે **સુખ** તેને પ્રાપ્ત થાયછે. જે ઉત્તમ નીતિ (સદાચાર) છે, તે ઉત્તમ સુખનો ભોક્તા થાયછે. નીતિભંગથી અનિત્ય સુખોની પ્રાપ્તિ અને ક્લેશ ઉત્પન્ન થાયછે.

ઉત્તમ પ્રકારનું સુખ પ્રાપ્ત થવા માટે જે ઉત્તમ નિયમો છે, તે નિયમો પાળનારને સેહેલાઇથી પ્રાપ્ત થતાં ક્ષણિક, ક્લેશજન્ય સુખો તરફ જતાં પોતાની વૃત્તિને રોકી ઉત્તમ નીતિને રસ્તે ચડાવવાની જરૂર પડેછે. અને જો તેપ્રમાણે તે વર્તે છે તો તેથી તેને તે ઉત્તમ સુખની પ્રાપ્તિ થાયછે, એ જગતના દરેક માણસને અનુભવસિદ્ધ છે.

જે ઉત્તમ પ્રકારનું સુખ પ્રાપ્ત કરવાને ઉત્તમ નીતિની જરૂર જણાવી, તેમાંહિની મુખ્ય મુખ્ય તો દુનિયાના દરેક ધર્મના નિયમોમાં હોયછે અને તે નિયમો સમગ્ર જગતને એક સરખી રીતે માન્ય હોયછે.

ચોરી ન કરવી, **વ્યભિચાર** ન કરવો અને સર્વ મનુષ્યપ્રાણિપર **દયા** રાખી **ભ્રાતૃભાવથી** વર્તવું. આ સર્વે ધર્મોનાં મૂળતત્વોનો સર્વસાધારણ નિયમ છે. નહિ કે કોઈ અમુક ધર્મનોજ છે. અને તે ઉત્તમ નીતિ, ઉત્તમ સુખદાતા છે તે વાત સર્વેને અનુભવસિદ્ધ છે. વિવેકી પુરૂષોને તો જણાયુંજ હશે કે આ ત્રણ મહાનિયમોની દરેક ધર્મ પાળનાર વિવેકીને તેપ્રમાણે વર્તન કરવાની કેટલી આવશ્યકતા છે.

વ્યભિચાર ન કરવો, કેમકે **દુઃખદાતા** છે તે પ્રત્યક્ષ જણાય છે અને તેથી વિવેકી પુરૂષો તેમાં પ્રવૃત્ત થતા નથી. ધર્મથી જે પોતાને પ્રાપ્ત છે તેનો યોગ્ય ઉપભોગ કરી, પરપદાર્થો તરફ ચોરી કે વ્યભિચારની દૃષ્ટિથી ન જોવું એ ન્યાયપુરઃસર છે અને આ મહાનિયમો દરેક માણસને **સુખ**પ્રાપ્તિમાટે પાળવાની અત્યંત આવશ્યકતા છે. આ બે નિયમોનું ઉલ્લંઘન કરવાથી પ્રત્યક્ષ રાજપ્રજાથી પ્રાપ્ત થતાં દુઃખો જોઇ તેમાં ઘણાકો તો પ્રવૃત્ત થતા નથી. જેઓ ઉલ્લંઘન ન કરી યથોચીત (મનમાનતા) આ ધર્મનિયમો પાળેછે તે નહિ પાળનાર કરતાં ઉત્તમ ગણાય છે એજ પ્રથમ તો તેમને જગતની તરફથીજ **સુખ** છે. એ ચારિત્ર અંશધારકો માનપાત્ર ગણાય છે અને પરિણામે ઉત્તમ સુખના ભોક્તા થાયછે.

પણ જે **ભ્રાતૃભાવ** અથવા **આત્મભાવની** મધ્યમ સ્થિતિ છે તે ઉપર દરેક માણસનું લક્ષ ઓછું જાયછે. વિચારદૃષ્ટિથી જોઈએ તો ભ્રાતૃભાવમાંજ ઉપલા નિયમોનાં સુખનો અંતરભાવ છે. જો સુજ્ઞજન **ભ્રાતૃભાવ**જ યથાર્થ સાધે તો ઉપલા બે નિયમો એને વિના પ્રયત્ને સાધ્ય (સિદ્ધ)

થાયછે. જેને પોતાનો **આત્મબંધુ** જાણ્યો તેના ઘરમાં **ચોરી કે વ્યભિચાર** કરવાની તેની ઇચ્છા થાય? નહિ. કદીજ નહિ. એવો કોઇ નર અધમ નથી કે જેને એવી કુઇચ્છા પ્રાપ્ત થાય. અને પોતાના બંધુપ્રત્યે જેને એવી ભાવના થઇ ત્યારે જાણવું કે તેને બંધુભાવના થઇજ નથી. માટે ઉત્તમ ચારિત્રાભિલાષિઓએ **ભ્રાતૃભાવ** સંપાદન કરવાની પ્રથમજ જરૂર છે.

તે નિયમમાં પ્રવૃત્ત થતાં પહેલાં **ભ્રાતૃભાવ** એટલે શું, એ પ્રથમ સમજવું જોઈએ.

ભ્રાતૃશબ્દમાં **ભૃ** ધાતુ છે અને તે **ધારણ, પોષણ**ને અર્થે વપરાયછે. બીજો વર્ણ પ્રત્યય છે. અર્થાત્ એ કે જે પોષણ કરે તે **ભ્રાતૃ** કહેવાય છે. પોતાના ભૃત્ય (ભાઈભાંડુ) સમુહને પાળી, પોષી, યથોચીત ધર્મકર્મમાં પ્રવૃત્ત કરાવનાર **ભ્રાતૃ** છે, વ્યવહારમાં **ભ્રાતૃ**શબ્દનો એવો ઉપયોગ થાયછે. પરમાર્થમાં **ભ્રાતૃ** શબ્દ **આત્માર્થે** છે.

ખરો **આત્મભાવ** ઉત્પન્ન થવો એ અત્યંત શુદ્ધ અંતઃકરણવિના થતો નથી અને એવો ભાવ જેને પ્રાપ્ત થયોછે તે કૃતકૃત્ય છે. કેમકે એને જે **આત્મભાવ**નું અખંડાનંદ **સુખ** છે તેના આગળ ઇંદ્રના વૈભવનું સુખ તુચ્છ છે. **સુખ** કે **દુઃખ** એ કાંઈ વાસ્તવિક પદાર્થ નથી. તે કેવળ અંતઃકરણેજ રાગદ્વેષથી ઉત્પન્ન કરેલાં છે. જગતનો કોઈ પણ પદાર્થ **સુખદાતા કે દુઃખદાતા** છેજ નહીં. **સુખ કે દુઃખ** કેવળ પોતે પોતાનેજ ઉત્પન્ન કરેછે. જો પદાર્થ દુઃખ કે સુખરૂપ હોય તો જે પદાર્થથી એકને સુખ થાયછે તેથી સર્વેને સુખ થવું જોઈએ અને જે પદાર્થથી એકને દુઃખ થાયછે તેથી સર્વેને દુઃખ થવું જોઈએ, પણ તેમ થતું નથી. જે પદાર્થ એકને સુખરૂપ છે તે બીજાને દુઃખરૂપ ભાસેછે અને બીજાને દુઃખરૂપ ભાસેછે એ ત્રીજાને સુખરૂપ ભાસેછે. અર્થાત્ જગતની અંદરનો કોઈ પણ પદાર્થ કોઇને સુખદુઃખનો હેતુ નથી, પરંતુ તે પદાર્થોસંબંધી પોતાનું અનુકૂળ (ફાવતું) અને પ્રતિકૂળ (નહીં ફાવતું) જ્ઞાન સુખ-દુઃખનો હેતુ છે. એ અનુકૂળ અને પ્રતિકૂળ જ્ઞાન એ એક અંતઃકરણની **વૃત્તિ** છે અને તેના સ્ફુરણથીજ અનુકૂળમાં રાગ-પ્રીતિ અને પ્રતિકૂળમાં દ્વેષ ઉત્પન્ન થાયછે. અને રાગદ્વેષદ્વારાએ, અનુકૂળ પ્રતિકૂળ જ્ઞાનરૂપ કે વૃત્તિરૂપ અંતઃકરણજ સુખ-દુઃખનો હેતુ

છે. માણસ બાહેર સુખ શોધે છે, તે તેને કોઈ કાળે પ્રાપ્ત થવાનું નથી; પરંતુ સુખ-દુઃખનું જે કારણ છે તેને કબજે કરી લે તો તેના સ્વાધિન થવાથી નિરંતર અખંડ સુખ પ્રાપ્ત કરી અમર થાય! પણ એ પ્રાપ્ત થવું ઘણું કઠણ છે. કેમકે અનેક જન્માંતરના બહિર્મુખ(અજ્ઞાન)વૃત્તિના સંસ્કારોએ એવી તો તેની ઉંડી જડ ઘાલી છે કે તેને મૂળસહિત ખોદી કાઢતાં કેટલાક જન્મો સુધી પુરૂષાર્થ કરવાની જરૂર પડેછે. અને ઉત્તર પુણ્યના સંસ્કારોના પૂર્વપૂર્વના પુણ્યના સંસ્કાર કારણ થઈ પરિણામે પાપસંસ્કાર માત્રનો નાશ થઈ કેવળ સ્વચ્છ સ્ફટિક (નિર્મળ મણી)ના જેવું પ્રથમ સૃષ્ટિની ઉત્પત્તિ સમયે જેવું પોતાનું સ્વરૂપ હતું તેવું થઇ **આત્મચૈતન્યથી બ્રહ્મભાવને** પ્રાપ્ત થઇ ત્રિલોકનાં સમગ્ર સુખ જેના સામે તુચ્છ છે એવા અલૌકિક સુખનો અનુભવ તે **મહાત્મા** કરેછે. તે ધીર પુરૂષ પૃથ્વી રસાતળમાં જાય કે આકાશમાં ઉર્ધ્વ ગમન કરે, સમુદ્રો વિકાળ સ્વરૂપ ધારણ કરી સમગ્ર જગત્‌ને એકદમ બોળી નાંખે, પર્વતો ફાટી પડે, જળપ્રલય થાય, અગ્નિપ્રલય થાય કે કાં તો સમગ્ર બ્રહ્માંડમાં ઇંદ્રનાં જેવાં દરેક માણસને વિલાસ સુખો પ્રાપ્ત થાય તો પણ તે તો સહજતર હર્ષશોકથી રહિત પોતાના **સ્વરૂપાનંદમાં** ડુબી ગએલો જરાક પણ ડગતો નથી. આવા પ્રકારનો **બ્રહ્મભાવ** પ્રાપ્ત થવો એ પુણ્યવિના અપ્રાપ્ય છે. તોપણ વ્યવહારિક દૃષ્ટિવાળાઓને **આત્મજ્ઞાનની મધ્યમસ્થિતિ બ્રાતૃભાવથી** વ્યવહારિક સુખો ભોગવવાની શક્તિ પ્રાપ્ત થાયછે. એકજ ઈશ્વરની રચેલી આ સૃષ્ટિમાં સૌ કોઈ એકજ ઈશ્વરની કૃપાથી પ્રાપ્ત થએલા પદાર્થો ભોગવતાં છતાં, અંદર રાગ-દ્વેષ રાખી **બ્રાતૃસુખનો** નાશ કરેછે એ અતિ શોકજનક આશ્ચર્ય ઉત્પન્ન કરનાર વાત છે. કેવળ અજ્ઞાની જેને, આ સૃષ્ટિ એ શો પદાર્થ છે તે સમજવાની શક્તિજ નથી, તેને આ **બ્રાતૃભાવ** કંઈ અસર કરી શકશે નહીં, કેમકે તેના સમજવામાં તેના અંતઃકરણે મોટી મોટી ભૂલોનાં મૂળ ઘાલ્યાં છે પણ જેને વ્યાવહારિક કુશળતાના બોધ સાથે કંઈ પણ ધર્મનો અંકુર છે તેને **બ્રાતૃભાવ** સહેલથી સુખ આપશે. તે સમજવાથી સમજશે કે નદી-નાવનઃ સંયોગની પેઠે પ્રાપ્ત થએલી આ સૃષ્ટિની અંદરના પદાર્થો આસ્વાદ-વાઈઆંડું સર્વે આંખ મિંચાણી નથી ત્યાંસુધી છે. પછી "मन्दीरने नवनदो-नेह किंचिदस्ति" આંખ મિંચાયા પછી કોઈ કોઈનું નથી, તો શામાટે એ

કના પ્રત્યે રાગ અને બીજા પ્રાણિપ્રત્યે દ્વેષ કરવો જોઇએ. જો દ્વેષ ક
વાથી કાંઈ ફળશ્રુતિ પ્રાપ્ત થતી હોય તો તેપણ આંખ મિંચાણી નથી
સુધી છે. પછી તો ચાર દિવસના ચટકામાં કરેલાં સત્યાસત્ય, દ્વેષાદ્વેષ
ફળ ઉપાડવા પરમાત્માની હજુરમાં દાખલ થવું પડશે, અને પોતપોતા
સગાં ભ્રાતૃઓ એક જગતનિયંતા મહાપિતાથી નિર્માણ થએલા ભ્રા
ઓમાં પરસ્પર ભ્રાતૃદ્રોહ કરવાની શિક્ષાને માટે તે મહાપિતાએ નિર્મ
કરેલો દંડ ભોગવવો પડશે. તો શામાટે જેની આજ્ઞા પાળવાની પ્રતિ
આપી જેની ઈચ્છાથી મારા પ્રારબ્ધવશાત્ સુખો કે દુઃખો હું ભોગવું
તેમાં મારા અન્ય ભ્રાતૃઓ પ્રત્યે મારે દ્વેષની નજરથી જોવું જોઇએ? નહિ
હું તો સદાય ભ્રાતૃભાવજ રાખવાની મહાપિતાની આજ્ઞાથી બંધાયે
ભ્રાતૃઓનો પ્રેમ મેળવી-જગતકર્તા મહાપિતાનો પણ પ્રેમ-અનુગ્રહ
પાદન કરીશ, કે જે અનુગ્રહથી મારી હમણાની સ્થિતિ કરતાં ઉત્તમ
ઓત્પાદક સ્થિતિ પ્રાપ્ત કરવાને હું શક્તિમાન થઇશ. જે પુરૂષની કિંચિ
પણ આ સૃષ્ટિના પિતા તરફ દૃષ્ટિ થએલી છે તેને ખરો હેતુ સમજાવાથી
પ્રમાણે તેની સુનિશ્ચય ધારણા થાયછે, અને એ ધારણાના બળથી તે ભ્રાતૃ
ભાવથી જે સુખ પ્રાપ્ત થાયછે તેનો ભોક્તા થાયછે. વળી સજ્જન હોય
તે વિચાર કરેછે કે "જો હું સર્વ પ્રાણીમાત્ર તરફ એહની દૃષ્ટિ રાખી કે
ઇનો પણ દ્વેષ નહિ કરતાં ભ્રાતૃભાવ રાખીશ તો હમણાં મારો જે વ્ય
હાર ચાલેછે તેને કંઈ નુકસાન પહોંચે છે કેમ? જો નુકશાન પહોંચતું હો
અથવા બીજી કોઈ પણ વ્યવસાય પ્રાપ્ત થતી હોય તો મારે એહદૃષ્ટિ
રાખવી? આવો સજ્જનનો વિચાર તેના અંતઃકરણમાં ઉઠતાં તેના પ્રશ્નો
સમાધાન આવી રીતે કરેછે અને પ્રેમસંબંધી પોતાનો અનુભવ શોધેછે.

"મારી સ્ત્રી, મારાં પુત્રપુત્રીઓ, મારાં માતાપિતા, અને મારાં સગ
સ્નેહીઓ પ્રત્યે મારો જે પ્રેમ ઉમળકો છે તે તેમને સુખનો હેતુ છે
દુઃખનો હેતુ છે? નિશ્ચય કરશે કે સુખનો હેતુ છે. સુખનો હેતુ કોણ
તેમના ઉપરનો મારો **પ્યાર.** ત્યારે નિર્ણય થયો કે તારો **પ્યાર** તને સુખ
આપેછે, તારાં સગાંવાલાં કે સ્ત્રીપુત્રાદિ સુખ આપતાં નથી. અને જેટલ
જેટલાં સગાંવહાલાં અને કુટુંબ સ્નેહીવર્ગ ઉપર તું પ્રેમની નજરથી જુ

પેછે, તે સઘળાં તને અભયદાન આપનાર થાયછે. કેમકે તેં એમને પોતાના ગણ્યા તેથી તેમના તરફથી ભય થવો એ વાત તારૂં મનજ કબુલ કરતું નથી. પરંતુ નિર્ભય બની તેમના મનને તારા મનને સાદૃશ્ય પ્રેમી તું બનાવેછે. કેમકે તારો પ્રેમ જોઈ તેઓને તારા ઉપર પ્રેમ ઉપજેછે, એટલે તારો પ્રેમજ તેઓના તારા પ્રત્યેના પ્રેમનો ઉત્પાદક છે. સાર એ છે કે, જેવી રીતે પોતાનાં શરીરસંબંધી સગાંવહાલાં તરફ પ્રેમની નજરથી જોવાથી તે તારા પ્રત્યે પ્રેમી થઈ સામો તને પ્રેમ આપેછે તેમજ અન્યપ્રત્યે પણ પ્રેમ આપવા લેવાનો એજ નિયમ છે. સર્વ દુઃખમાત્રથી મુક્ત થઈ અભયદાન પ્રાપ્ત કરવાનો માર્ગ પણ પ્રાણિમાત્ર તરફ પ્રેમની દૃષ્ટીથી જોવું તેજ છે. એ તો સિદ્ધજ થયું છે કે પ્રેમ આપ્યાથી પ્રેમ પમાય છે, પ્રેમથી પ્રેમ મળેછે. સમાન ધર્મોનુંજ સંમિલન થાયછે. વિરોધ ધર્મોનું સંમિલન થતુંજ નથી. બીજાના સંબંધે આપણા અંતઃકરણમાં ભિન્નભાવ છે તો સામાના અંતઃકરણમાં પણ ભિન્નભાવજ છે. જો ભલાં કે શરીરસંબંધીઓજ સુખ આપનાર હોય અને બીજાંના તરફથી પ્રેમ ન મળતો હોય તો જે પુરૂષની પોતાની સંકલ્પ અને ગુણવાન સુંદરી છે તેના પ્રત્યે તેનો પોતાનો પ્રેમ ન હોવાથી તે તેને પ્રેમનું સુખ આપતી નથી પણ તે તેને દુઃખરૂપજ લાગેછે, કેમકે તેના પ્રત્યે તેનો પ્રેમ તેને પ્રેમી બનાવવાને પ્રવૃત્ત થયો નથી માટે વસ્તુતઃ પોતાનોજ પ્રેમ, પ્રેમ મેળવી આપેછે. અને પોતાનુંજ દુઃખ, દુઃખ મેળવી આપેછે, અન્ય કોઈ સુખદુઃખ આપતુંજ નથી. પાપીની દૃષ્ટિએ જગત પાપી ભાસેછે. દ્રોહીને જગત દ્રોહી ભાસેછે. ભિન્નતાવાળાને જગત ભિન્નતાવાળું ભાસેછે. જેમ કમળાના રોગવાળાને પોતાના નેત્રદોષ છતાં સકળ પદાર્થો તેને પિતવર્ણુંજ ભાસેછે તેમજ પોતાનાજ દોષથી બીજો દોષિત જણાયછે. પોતાનીજ સર્વે પ્રત્યેની સુખ દૃષ્ટિથી સર્વત્ર સુખ છે અને જગત્ પ્રત્યેની આ પદાર્થ મને ભયનો હેતુ છે, દુઃખનો હેતુ છે એવી દૃષ્ટીથી તે પદાર્થ તેને ધારણા પ્રમાણેજ ફળ આપેછે. પદાર્થ કાંઈ દુઃખ આપતો નથી તે પદાર્થપ્રત્યેની તેની એવી ધારણા તેને દુઃખ આપેછે. માટે હું જો સમગ્ર જગતને ભ્રાતૃભાવની દૃષ્ટિથી જોઈશ તો સમગ્ર જગત્ પણ મારા તરફ ભ્રાતૃભાવની દૃષ્ટિથી જોશે. હું સૌનું સુખ ઇચ્છિશ તો સૌ મારૂં સુખ ઇ-

રહેશે. હું પોતે સુખરૂપ અને હું પોતેજ દુઃખરૂપ છું. માટે સમગ્ર જગતનો પ્યાર મેળવી સમગ્ર જગતના પ્રાણીમાત્રના ભિન્નભિન્ન અંતઃકરણોમાં રહેલા મારા પ્રત્યેના સુખના અંશો ભેળા થઈ હાલના કરતાં કોટિગણું જે સુખ મને પ્રાપ્ત થાય તેની શામાટે મારે હાની કરવી જોઇએ? મારે પોતે પોતાનેજ શામાટે દુઃખનો હેતુ થવું જોઇએ? શામાટે સમાન ધર્મોના સંમિલન થવાના મહાનિયમનું ઉલ્લંઘન કરી વિરૂદ્ધ ધર્મ આદરી સ્વતઃ દુઃખાબ્ધિ (દુઃખદરીયા)માં ડુબકાં મારવાં જોઇએ?”

સમજુ અને વિવેકી શાણો પુરૂષ આ પ્રમાણે પોતાના અંતઃકરણને સમજાવી સર્વ પ્રાણીમાત્રમાં એક સમાન દ્રષ્ટીથી પોતાનો **આત્મા** સમજી **ભ્રાતૃભાવ** રાખી વર્ત્તે છે. અને તેથી તે જગતમાંહેના પ્રાણીમાત્રનો **ભ્રાતૃભાવ** વહોરી અનેક ઘણાં સુખનો અનુભવ કરેછે. સકળ જગત્ તેને પોતાને નિર્ભય ભાસેછે કેમકે એ કોઇને ભયનો હેતુ હોતો નથી. કારણના ગુણોજ કાર્યમાં હોય છે. અહો! સર્વદા સુખદાયી આ મહાનિયમનું માણસો શામાટે ઉલ્લંઘન કરતા હશે! અહો! સુખ પ્રાપ્ત કરવાની આ કેટલી સુગમતા છે? જગતમાં આ મહાનિયમના જેવી સુખ પ્રાપ્ત કરવાની કોઇ સુગમ રીતિ છે? નહિજ.

અરે! ભૂલ તે કઇ થોડી ઘણી? પોતે શત્રુ અને પોતેજ મિત્ર છતાં માણસો બાહેર ભટકી હજારોને કાપેછે, વાઢેછે, ઘર બાળેછે, અને ગરીબ બિચારાં નિરપરાધી પ્રાણીઓને છિન્નભિન્ન કરી નાખેછે. અહો! આ અજ્ઞાન તે કેવું!! એજ એ અજ્ઞાનવશાત્ દુઃખો પણ તેજ પ્રમાણે પ્રાપ્ત થાયછે. તેઓ પણ શોધવા જાયછે તો સુખ પરંતુ મુર્ખાઇને લીધે દુઃખજ પ્રાપ્ત કરી બેસેછે અને સર્વદા ક્લેશમાંજ કુટાય છે. કેમકે જે પદાર્થો તેને દુઃખ આપતા નથી તે પદાર્થોના સામું દુઃખની ભાવના કરી તેમના સામું તેમનો નાશ કરવા પ્રયત્ન કરેછે, પણ વિનાકારણે દ્વેષ કરવાથી તેને દ્વેષજ પ્રાપ્ત થાયછે-અર્થાત્ ક્લેશજ પ્રાપ્ત થાયછે. અહો! આ શી મૂર્ખાઇ!!!

હે વિચારવાનો! જગતમાં કોઇ સ્થળે **દુઃખ** છેજ નહિ. સર્વત્ર **સુખ, સુખ ને સુખજ** છે. **દુઃખ** માત્ર અજ્ઞાનની દ્રષ્ટિથીજ દેખાય છે. ઊંડો વિચાર કરો! કેવળ હું કહું તેટલા ઉપરથીજ તમે માની બેસશો નહિ. જો તેમ

માની બેસશો તો તમારા પોતાનાથી ઉત્પન્ન થએલી દ્રઢતાનો અભાવ હોવાથી પરિણામે તમારૂં તે માનવું તમોને દુઃખકારક થઈ પડશે. કારણ કે વ્યવહારના અનેક સંયોગો વચ્ચે તમારા સ્વતઃસિદ્ધ જ્ઞાન અને દ્રઢતાવિના તમારૂં માનવું સમૂળ નાશ પામશે અને વળી પાછા દુઃખનું દુઃખ દેખશો. જો તમે વિચારવાન છો તો શામાટે વિચારની હાની કરોછો? તમારા વિચારનો ઉપયોગ કરી ઘણાજ ઊંડા ઉતરી એક વખત આ સુખના નિયમનો અનુભવ કરો અને પછી કહો કે તમોને શું લાગ્યું? ખોટું **સુખ**, દુઃખ ક્યાંઈ છેજ નહિ, અને જ્યાંસુધી દુઃખનો અંશ પણ જણાય છે ત્યાંસુધી તમોને **ભ્રાતૃભાવના** નિયમનો પુરો અનુભવ થયો નથી એમ નિશ્ચય કરી સમજવું. આ વિષય ઘણોજ ગૂઢ છે. તે કેવળ સાજ વિચાર કરવાથી સમજાય તેમ નથી. **આર્ય ઋષિમુનીવર્ગોએ** નિરંતર એકાંત સ્થાનોમાં રહી, અંતરમાં ઘણાજ ઊંડા ઉતરી વર્ષોના વર્ષો પર્યંત તેના શોધન માટે મથન કર્યું છે અને આ સુખોત્પાદક મહાનિયમ આપે હજારો વર્ષો થયા તેમનાં પુસ્તકોમાં વિચારવાનની દૃષ્ટિએ જ્યાં ત્યાં તરી આવેલો દૃષ્ટિએ પડેછે, આધુનિકશાસ્ત્રો શોધજ એ કરેછે એટલુંજ નહિ પણ સર્વ ધર્મશાસ્ત્રોનું રહસ્ય તેનાં સૂત્રોનું એકસરખી રીતે બોધન કરેછે. અહો! **ભ્રાતૃભાવનો** અપાર મહિમા છે. અને તે જે જાણેછે તેજ જાણેછે તે પ્રાપ્ત કરવાને જેણે પુરૂષાર્થ નથી કરેલો તેને તેના અપૂર્વ મહિમાની ખબર પડતી નથી. જે પુરૂષ સુખ ચાહતો હોય તેને આ નિયમ અંગીકાર કર્યાવિના ચાલે તેમ નથીજ. **ભ્રાતૃભાવ એટલે સ્નેહ-પ્રેમ-સમદૃષ્ટિ** તેવિના કોઇને પણ કોઈ પદાર્થ સુખરૂપ લાગતોજ નથી. ધનનું સુખ જેનેછે તેને ધનઉપર પ્રેમછેજ તે ધન સુખ આપેછે. તેના પ્રેમવિના તે ધન તેને સુખ આપતું નથી. કોઈ સમયે મનુષ્ય કોઇનુંમાં "લાગ્યોઈએ" એવું વાક્ય તેના ઉપરનો પ્રેમ જેડી કહેછે તે સમયે તે પૈસો તેને તેના તુરતમાં સુખ ઉત્પન્ન કરેછે કે દુઃખ? દુઃખ. એ દુઃખ તેને તેના ઉપરથી પ્રેમ ઘટવાથી ઉત્પન્નજ પ્રાપ્ત થયું. જ્યાંસુધી તેનાઉપર તેનો ભાવ હતો કે પ્રેમ હતો ત્યાંસુધી તે તેને સુખરૂપ લાગતો હતો. પ્રેમ ઉતરવાથી દ્વેષ થયો. અને તે સાથેજ તે પદાર્થ તેને દુઃખરૂપ લાગ્યો. આ સઘળું સંસાર ભિન્ન ભિન્ન છતાં તેના અંતઃકરણમાં

એટલા એકી વખતે થાયછે કે તેના અંતરનું કંઈ માપ કરી શકાતું નથી. કારણ કે ક્ષણમાં કોઈ સંકલ્પથી સુખ અને ક્ષણમાં કોઈ સંકલ્પથી દુઃખ ભાસેછે. હવે એ જે સુખરૂપ કે દુઃખરૂપ ભાસ્યું તેજ કેટલા સમયમાં? તેનો સમય પણ નક્કી કરી શકાતો નથી તો એ સંકલ્પની અંદર જે પ્રેમનો અભાવ, દ્વેષ અને દુઃખ અને પ્રેમનો ભાવ, રાગ અને સુખ ભાસેછે. એ ત્રિપુટીનો સમય શી રીતે નક્કી કરી શકાય? અર્થાત્ એ ત્રિપુટી એકજ અનન્તક્ષિણ પલકાળમાં નાશ થાયછે. આ રીત સુખ દુઃખ કેમ ભાસેછે તેમાટે છે કે સુખદુઃખનું સ્થિત્યંતર કેમ થાયછે તેનામાટે છે. સુખનો સંકલ્પ થતાં તેની સાથેજ કેટલી ક્રિયાનો આરંભ થાયછે અને દુઃખનો સંકલ્પ થતાં તેની સાથેજ કેટલી ક્રિયાનો આરંભ થાયછે તે સમજવામાટે છે. પણ એ સમજવામાં વિવેકીને સુખ પ્રાપ્ત કરવામાં એક અગત્યનું સાધન થાયછે.

સમજવાનું એ છે કે **સુખદુઃખ** વસ્તુતઃ કોઈ પદાર્થમાં નથી પણ તે પોતાની દૃષ્ટિમાંજ ભરેલા છે અને સુખ પ્રાપ્ત કરવાના ખરા નિયમથી અજ્ઞાન હોવાનેલીધે અવિવેક પ્રાપ્ત થઈ દુઃખ દેખાય છે. સર્વ પ્રાણિમાત્ર મિત્ર છે ત્યાં શત્રુ જણાયછે. આમ એકજ સુખરૂપ વસ્તુમાં અવિવેકથી ભેદ પ્રાપ્ત થવાથી પરિણામે ભેદ જણાએલા પદાર્થો ભયરૂપ અને દુઃખરૂપ ભાસેછે. સુખ પ્રાપ્ત કરવાને ફક્ત જે અવિવેકવૃત્તિ છે તેનો ત્યાગ કરવાની જરૂર છે. અને તે વૃત્તિનો ત્યાગ થવાની સાથેજ **ભ્રાતૃભાવ**ની બીજીવૃત્તિ સ્ફુરી નિકળે છે જે સુખના સાગરરૂપ છે. અને એ યથાર્થ તે **ભ્રાતૃભાવ** અનુભવાય તો પછી તે અનુભવ કરનારની મહાનુભાવમાં ગણના થાય છે.

રે! જરા વિચાર તો કરો! સત્ પુરૂષો ચારિત્રવાન થવાનો નિરંતર બોધ કરેછે તે શામાટે? તમોને તેટલાથી સુખ પ્રાપ્ત થાય તે અર્થેજ. તમોને કહેતા આવ્યા છે કે તમો ચારિત્રવાન થાઓ. કોણ પુરૂષ, કયો ધર્મવેત્તા, કયો ધર્મપ્રચારક, કયો તત્વજ્ઞાની, એમ કહી શકશે કે ચારિત્ર એજ સુખ પ્રાપ્ત કરવાનો સીડીરૂપ રસ્તો નથી? મહાનુભાવ ચારિત્રધારકો કે જેમણે **ભ્રાતૃભાવ**નો યથાર્થ અનુભવ કર્યો છે તેમણે આપણાઉપર પ્રેમની નજરથી એવું દુઃખદૃષ્ટિનો ત્યાગ કરાવી આપણને સુખ તેટલાથી પ્રાપ્ત થાય તે અર્થે વિચારોને અનુભવ ચારિત્રના રૂપમાં જણાવ્યો છે. જુદા જુદા

પ્રકારના સદ્‌ગુણો એ એક **ભ્રાતૃભાવ** ઉત્પન્ન કરવાનાં સાધનોજ છે. શુદ્ધ અંતઃકરણવિના એકદમ **ભ્રાતૃભાવ** પ્રાપ્ત થતો નથી માટેજ મહાનુભાવ **મનુ** મહારાજે મનુસ્મૃતિ અ૦ ૬ શ્લોક ૯૨ માં કહ્યું છે કેઃ—

> धृतिः क्षमा दमो स्तेयं शौचमिंद्रियनिग्रहम् ।
> धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणं ॥ १ ॥

એ સુખ પ્રાપ્ત કરવાનાં **ભ્રાતૃભાવનાં** દશ લક્ષણો જણાવ્યાં. વિચાર કરી જુઓ. **ભ્રાતૃભાવ** સાચવવામાં એ દશે નિયમોની કેટલી આવશ્યકતા છે. **ભ્રાતૃભાવમાં** **ધીરજની** તો પ્રથમજ જરૂર છે. કેમકે તે પ્રાપ્ત કરવામાં તરેહ તરેહનાં વિઘ્નો તેનો નાશ કરે એવાં આવે છે પણ ધીરજવાન પુરૂષ ધીમેથી તેમનો નાશ કરી પોતાના નિયમમાં નિડર થઈ આગળ પ્રવર્તાવે છે. **ક્ષમાની** પણ બહુ જરૂર છે કેમકે **ભ્રાતૃઓમાં** કોઈથી કાંઇ અપરાધ થઇ ગયો તો ત્યાં **ભ્રાતૃભાવનો** ભંગ ન થાય તે માટે **ક્ષમા** રાખવાની અને **ક્રોધ** ત્યાગવાની જરૂર છે. તેમજ **શમ દમની** પણ એટલીજ જરૂર છે. મનમાં પોતાના ભ્રાતૃસંબંધી જરા પણ વિરોધી સંકલ્પ થાય કે તુરતજ તેને રોકવાના કામમાં શમનો ઉપયોગ થાયછે. તેવીજ રીતે **દમનો** પણ ઉપયોગ છે. **ભ્રાતૃઓમાં** **આચૌર્યવ્રત** પાળવું એ તો અવશ્ય છે. **પવિત્રતા** પણ તેટલીજ જોઇએ. **ભ્રાતૃભાવમાં** સારાસાર સમજવાની **બુદ્ધિની** પણ આવશ્યકતા છે. **સત્ય** તો અવશ્ય જોઇએ કેમકે **ભ્રાતૃભાવ** દર્શાવવાનું સ્વરૂપ તેજ છે. એમ એ દશે ધર્મો **ભ્રાતૃભાવ** સંપાદન કરવાનાં સાધન છે. જેણે **ભ્રાતૃભાવ** સંપાદન કર્યો છે તેણે સર્વ સંપાદન કર્યું છે. ઉત્તમ ચારિત્રધારક પુરૂષ તેજ કે જેના અંતઃકરણના ચારે ખુણાઓમાં **ભ્રાતૃભાવ** ભરપૂર ભરાઈ ગયો છે. પ્રાણીમાત્રનેવિષે જે **ભ્રાતૃભાવ** તેજ ભાવ પ્રાણિમાત્રનું સુખ તેના હૃદયમાં લાવી ભરેછે. તેજ **ભાવ** તેને જગત્‌નાં ક્ષણિક સુખોથી **પરદૈવીસુખ** પ્રાપ્ત કરવાને શક્તિમાન કરેછે. તેજ ભાવની મનુષ્ય હૃદયપ્રત્યે પરિપૂર્ણતા અને તેજ સમગ્ર સુખોની અવધિ છે. **પરસુખ** એજ છે.

જેને **સુખ** સંપાદન કરવાની ઇચ્છા છે, જેને ઉત્તમ ચારિત્રવાન્ થઈ સકળજગતના પ્રાણીમાત્રનો પ્રેમ પ્રાપ્ત કરવાની અભિલાષા છે, જેને જગત્‌કર્તાના અનુગ્રહથી અલૌકિક-પારલૌકિક સુખો પ્રાપ્ત કરવાની ઇચ્છા છે, જેને

પોતાનું તથા જગતનું કલ્યાણ કરવાની શુભેચ્છા છે, જે ધર્મધારક થવાનું માનનીયપદ પ્રાપ્ત કરવા કામનાવાળા છે, જે જગત્ હિતેચ્છુ છે, જે સુખ શું છે એ સમજ્યા છે, જે દયાના અવધારણવડે કોમળ હૃદયવાળા થએલા છે, જે સૃષ્ટિરચનાના અદ્ભુત નિયમોનું આનંદદાયક અવલોકન કરવા ઇચ્છે છે અને જે આ દેહ ક્ષણભંગુર જાણી તેનાથી બની શકે ત્યાંસુધી મનુષ્યપ્રાણીનો પ્રેમ વ્હોરવા હોંશિલા છે તે સર્વ શુભ ઇચ્છાવાળાઓને તો **ભ્રાતૃભાવ** પ્રાપ્ત કરવાની અવશ્ય જરૂર છે. એજ **ભાવ** તેમના સમગ્ર શુભમનોરથોને પરિપૂર્ણ કરી આનંદાબ્ધિમાં મગ્ન કરશે. એજ તેમની શુભેચ્છાઓને જગતની નજરે ફતેહના વાવટાઓ ઉડાવતી દેખાડશે, એજ તેમના અંતરનેત્રોને સ્વરૂપાનંદનું ભાન કરાવશે. જે ભાન મહાપુરૂષાર્થથીજ પ્રાપ્ત થાયછે તે આટલેથીજ તેને કિંચિત્ અનુભવદર્શન કરાવશે. સમજો રે! સમજો મિત્રો! અને આ અપૂર્વ સુખોત્પાદક **ભ્રાતૃભાવ**નો અનુભવ કરો.

જો તમને જગત્નાં સુખોની ઇચ્છા હશે તો તે તમારા સંકલ્પની સાથે પ્રાપ્ત કરી આપશે. જે જે ઇચ્છાઓથી એ ભાવને તમે સેવન કરશો તે તે તમારી ઇચ્છાઓને એ **કામદુધાની** પેઠે ફળિભૂત કરશે. રે! વ્યવહારમાં **ભ્રાતૃભાવ** રાખવાથી કંઇક પ્રજાઓ અજીત પદ પ્રાપ્ત કરી બેઠી છે, ઉત્તમ પ્રકારના સુખો ભોગવતી થઇ છે, અને દરિદ્રતાને દુર કરી શ્રીમાન પુરૂષોથી દેશ દશે દિશાઓમા શોભાવ્યો છે તે **ભ્રાતૃભાવ**નોજ પ્રતાપ છે.

બંધુઓ! ચારિત્રધારકો! તમે **ભ્રાતૃભાવ** રાખતાં શીખો. જો **ભ્રાતૃભાવ** તમે યથાર્થ સેવી જાણ્યો તો પછી આ સંસારચક્રમાં કોઇ કાર્ય તમારે અવરોધ રહેતું નથી એમ સમજવું. જેવું તમે જગતને દેખશો તેવુંજ જગત્ તમોને દેખશે. સર્વ તમારા **ભ્રાતૃ**ઓ તો તમે સર્વના **ભ્રાતૃ** છો. બે ત્રણ ચાર ભાઇ હોયછે તો માણસને પર્વત ફાડવાની હિમ્મત આવી કાર્ય કરવા ઉત્સુક થાયછે, તો જેને સમગ્ર જગત્ **ભ્રાતૃ** છે, સમગ્ર જગત્ સ્નેહી છે, સમગ્ર જગત્ પોતાનું મિત્રમંડળ છે, તેને શું ન્યૂન છે? તેને શું અપ્રાપ્ય છે? તે જે ચાહે તે કરી શકે, તેને કાંઇ પણ અશક્ય નથી.

દુનિયામાં વિજય કરી ગયેલા અને ઇતિહાસના પૃષ્ઠોઉપર અધદિગ્વિજયવાળીનાં ગાનમાં ગવાતા મહાયોદ્ધાઓએ કોના બળથી વિજય પ્રાપ્ત

કર્યો હતો? એવો કયો પદાર્થ અને કઈ સિદ્ધિ તેમને પ્રાપ્ત હતી કે જેથી સમગ્ર જગત્ એની દૃષ્ટિમાંજું જેનાં વજનદાર શબ્દમાંજું વિના આનાકાનિએ માનની નજરથી જોઈ તેને આધિન થતું હતું. શું! મહાનુભાવ ચારિત્રધારકોનો એ સિદ્ધાન્ત નથી કે ક્રોધથી સંહાર કરી અધિષ્ઠાનતા (સર્વોપરી) પ્રાપ્ત કરનાર રાજા કરતાં પ્રેમથી વશ કરી પ્રેમથી પ્રેમ પામી અધિષ્ઠાતા થનાર પુરૂષ પુરૂષોત્તમ ગણાયછે. રે! યુદ્ધ કરનાર પણ જેના બળથી યુદ્ધ કરેછે તે સૈન્યપ્રત્યેના તેના અને તેના પ્રત્યે સૈન્યના સમષ્ટિ ભ્રાતૃભાવ સ્નેહ કે પ્રેમનુંજ બળ છે. મહાન સિકંદરને દિગ્વિજય આપનાર તેનો ભ્રાતૃભાવજ સિદ્ધ હતો. જુવો ને જરાક સૈન્યનો પ્રેમ ખસ્યો કે તુરત હિંદુસ્થાનનો વિજય કરવો છોડી તેને પાછું વળવું પડ્યું.

વળી પ્રેમ સંબંધી અખા ભગતે નીચેની કવીતામાં કહ્યું છે કેઃ—

"હાટે હાટે હીરાના ઢોય, કોઈ ખાટે કોઈ મુળગુ ખોય,
ધન હીરાતિયા જેણે વસ્તુ જોઈ, અખા પ્રેમના પાત્ર વડા નર સોઈ,
* * * * * * * * * *
પ્રેમ અલ્પ આનંદી સદા અલ્પાય, અખા પ્રેમાનંદનો પ્રવેશ ન થાય,
પ્રેમાનંદની ભક્તિ આકરી, વસમી વાટ મહા ખરેખરી,
કામ રહિત તે કામનો વેરી, તેનો જ્ઞાની પંડિતને ન લાધે દેશ,
પ્રેમાનંદી જ્યાં આવ ને વાય, અલ્પાનંદીને અલ્પકું જણાય,
અલ્પાનંદી પોતાને પ્રેમાનંદી લખે, જેમ વાંઝણી પુત્ર ખોળામાં રમે."

વળી પ્રીન્સીપાલ જોન કેર્ડ, પોતાના ફીલાસોફી ઓફ રીલીજીયન નામના પુસ્તકમાં પાને ૧૨૪ માં કહ્યું છે કેઃ—

"Of all that is meant by such words as love, sympathy, affection, trust, of all the treasure of moral ideas which are contained in our relations to the family, the community, the state, we should never if isolated in our own individuality, become the conscious possessors. Considered from a merely individualistic point of view, the social institutions amidst

which we live, are, every one of them, limits to our freedom. But considered from a higher point of view, it is just here, most of all that there is provided an escape from the narrowness and poverty of the individual life and the possibility of a life which is other and larger than our own, and which is most truly our own. For to be ourselves we must be more than ourselves. What we call love is, in truth, the finding of our own life in the life of another, the losing of our individual selves to gain a larger self."

John Caird. Philosophy of Religion P. 124.

"પ્રેમ, દયા, સ્નેહ, શ્રદ્ધા એ શબ્દોની વાસ્તવિક શક્તિનો, તેમજ કુટુંબ, જ્ઞાતિ, દેશ ઇત્યાદિ સાથેના સંબંધોમાં જે ઉત્તમ નીતિ સમાયલી છે તેનો, જો આપણે પડે એકલાંજ રહ્યાં કરીએ તો કદાપિ સાક્ષાત્ અનુભવ કરી ન શકીએ. કેવળ સ્વાર્થબુદ્ધિપરાયણ થઈ વિચારતાં જે સંસારસંબંધમાં આપણે રહીએ છીએ તે બધા આપણી સ્વચ્છંદ સ્વતંત્રતાને ઓછી કરવાવાળા છીએ. પણ જરા પરબુદ્ધિ કરી વિચારતાં એજ સંબંધદ્વારા મુખ્ય કરીને સ્વાર્થ બુદ્ધિથી થતા સાંકડા મનને મારવાનો, કેવળ એકલાં રહેવાના દુઃખમાંથી મુક્ત થવાનો, માર્ગ યોજેલો છે; અને કેવળ અહંપદયુક્ત સ્વપરાયણ જીવિત કરતાં ઉચ્ચતર અને વિસ્તીર્ણ જીવિત–ખરૂં પરમાધાર બ્રહ્મજ્ઞાન–તેમાં ભળવાનો સંભવ બતાવેલો છે. કારણ કે ખરૂં સ્વ રૂપ જાણવામાટે આપણે સ્વરૂપ કરતાં મોહોટાં થવું જોઈએ. જેને આપણે પ્રેમ કહીએ છીએ તે વાસ્તવિક રીતે, આપણા પોતાના જીવિતને સામાના જીવિત–મય બનાવવું એનું બીજું નામ છે, આપણા સ્વ રૂપનું ભાન, પરમાધાર રૂપના ભાનને માટે ભુલવાની વાત છે." પ્રીન્સીપાલ જૉન કેર્ડ–ફીલોસોફી ઑફ્ રીલીજ્યન. પા. ૧૨૪.

તેમજ આપણા મહાન વિદ્વાન, રા. રા. **મણીલાલ નભુભાઈ દ્વિવેદી. બી. એ.**, સામળદાસ કૉલેજના પ્રોફેસર; યુનીવરસીટીના ફેલો એમણે પોતાના **પ્રેમજીવન**ના ગ્રંથમાં **પ્રેમસ્વરૂપ** જે નિરૂપણ કર્યું છે તેમાંની કેટલીક અગત્યની કવિતા આ જગે વિશેષ અનુભવ થવામાટે ટાંકવામાં આવી છે.

પ્રેમસ્વરૂપ.

દીંડી.

પ્રીતિ પ્રેમ પહું જય જય જય વાણી,
અહો પ્રેમથકી પરમ આમ પામી,
શાંતરૂ પ્રાણનાથ આપતો સમીર,
કુસુમચંદ્રનો પ્રેમ શો ચકોર! ૧

પિતા પુત્ર માત પત્ની ને સંસાર,
હસે પ્રેમવડે દીપતો અપાર;
ઉદયો પ્રેમ હીરી જ્યારે સંસાર,
પરમાત્મની યોજના અપાર! ૨

પુરો પ્રેમાં અંશ પ્રેમનું જ અંગ,
સદા જીવતો પ્રીતિતણા તરંગ;
અને સાથ હરિ હાથમાં એક.
ગહન પ્રેમ આદ યોજના અભેદ. ૩

તારે અમૃતનું પાન કર્યું છે,
શાંતિ સેક રોમેરોમમાં અનેક;
અદ્ભુત પ્રીતિપાનનો કર્યો વિવેક.
ગહન, પ્રેમ! તારી યોજના અનેક! ૪

પશુ પ્રાણી સમુદ્ર સંપમાં ફરે છે,
વિવિધ ધારતણી યોજના કરે છે;
મનુજ દ્વન્દ્વ મનુજ દ્વન્દ્વ શું વણાય,
ગ્રહ, પ્રેમ! તારી કલ્પના જણાય. ૫

પ્રિયા પ્રીતમનું કે લીન થાય,
પિતાકૃતિથી ભાસતો સરાય;
જિમ કામ જિમ નિમ રૂપ ભાસે,
અયિ પ્રેમ! તુજ એકથી પ્રકાશે. ૬

નહીં દુઃખમય, પ્રેમ! શક્તિ તારી,
નિર્વિદુઃખ પ્રેમતેજ કે પ્યારી;
અયિ બ્રહ્મરૂપ બ્રહ્મપ્રેમ ખરું,
કોઈ રીતિ મતિ નિજના પ્રમાણું. ૭

આરંભે પ્રેમ એજ બ્રહ્મસ્વરૂપ છે, અથવા સર્વત્ર બ્રહ્મરૂપે જે સમજાય તેજ ખરો પ્રેમ એવું સિદ્ધ કરવા માટે આ ઉપોદ્ઘાત છે. પ્રેમ અર્થાત્ માયિકપ્રેમ તે પણ ખરેખરો ક્યારે થયો ગણાય છે કે જ્યારે પૂર્ણ અભેદ, કોઈ પણ બે વ્યક્તિનો, થઇ રહે ત્યારે. આવા અભેદનું રહસ્ય એ છે કે એક વ્યક્તિ પોતાનું દ્રવ્ય, ધન, માલ—સર્વસ્વ બીજી વ્યક્તિમય સમજે છે અર્થાત્ સ્વ અથવા અહંભાવ નીચોવીને કેવળ નિર્મૂળ થઈ જાય છે. ખુબી એ છે કે આવું થવા માંડ્યું એટલે બ્રહ્મભાવની છાયા પડવા માંડી. બ્રહ્મભાવનાને પહેલે પગથીએ ચઢાયું. શ્રીમદ્વિદ્યારણ્ય સ્વામીએ પંચદશીમાં કહેલું છે કે યથા-સ્મુખે મલેલ્લસ્થિત પ્રતિબિમ્બનાત્ તેમ વિશ્વાનંદ પણ બ્રહ્માનંદનો અંશ છે, એટલે આવો અનેક પ્રેમ સમજવા માંડ્યો કે બ્રહ્મસમાધિનું પ્રાણાયામ હાથ આવ્યુ જાણવું. આવી ભક્તિ થવી એ એક રીતિનો વિરામ જ છે. કેમકે વિરામમાં પણ ત્યાગમાત્ર સ્વસંબંધનો જ છે. એકવ્યક્તિનિષ્ઠપ્રેમ ધીરેધીરે સર્વ વિશ્વને સમાન ગણવા યોગ્ય બની બ્રહ્મભાવમાં પર્યવસિત થાય છે. આપણા ધર્મશાસ્ત્રમાંની મૂર્તિપૂજા, સુફીધર્મમાંની સાકીની ભક્તિ, વેદાન્તશાસ્ત્રમાંની ગુરૂભક્તિ એ સર્વ આવાજ કોઈ વિચારનાં રૂપાંતર છે.

કવીતાની ટીકા.

૧. કવી તે ઉદ્દેશ રાખી પ્રથમ માયિકપ્રેમથી વાત આરંભી છે. પુરંદરનાં મદાર જડવત્ પદાર્થોમાં જે પોમાનુયોગથી અવતાર નીપજે તેને પણ પ્રેમ માન્યો છે.

૨. સંસાર પણ પ્રેમ અર્થાત્ માયિક-સ્વાર્થપ્રેમ-થીજ ખરો છે. મનમાં જે મમતારૂપ પ્રેમ છે તેજ મા, બાપ, સંસાર સમજાવે છે; જ્યારે એ પ્રેમ નથી અર્થાત્ ખરેખરો અભેદપ્રેમ હોય છે ત્યારે તેમાંનું કાંઈ નથી. આમ પ્રેમ પણ માયિક ને શુદ્ધ એમ બન્ને પ્રકારે સોપાધિક માન્યો છે એ રહસ્ય છે. શાસ્ત્રપ્રણાલિકા પણ એજ

છે, સર્વે વસ્તુમાં તે વસ્તુ છે, (સત્) તે ભાસેછે (ચિત્) ને તે પ્રિય (આનંદ) એટલા અંશ બ્રહ્મનાજ છે. ને તેનાં જુદાં જુદાં નામરૂપમાત્ર જગત્ છે એટલે મિથ્યા છે. આમ સર્વે વિશ્વની સત્તા, તથા પ્રેમસ્વરૂપના બ્રહ્મને આધીનજ છે. આ પદમાં પ્રેમરૂપ બ્રહ્મસ્તુતિ કરી મંગલાચરણ કરેલું છે ને પ્રથમ પંક્તિમાં 'જય જય જય' એમ ત્રણવાર કહી સત્યોચ્ચારથી મંગલ પ્રાર્થ્યું છે.

૩. શુદ્ધ પ્રેમનો અધિકારી અને તે પ્રેમનું સ્વરૂપ જણાવ્યાં છે. પ્રેમસ્વરૂપ બીજી પંક્તિમાં છે કે તે કેવલ અભેદરૂપ છે; છતાં પણ ગહન છે એટલે ઝટ હાથ લાગે તેવું નથી કે તુરત સમજાય તેવું પણ નથી. એટલે અકલ છે. આવા પ્રેમનો અધિકારી મિનાજ પ્રેમમાં તન્મય હોય તે પણ તેવો તો નિત્ય મળતો નથી, કદાપિ પ્રેમનું નામ લેનાર ઘણા લોકને જુઓ તેમાં એકાદ મળે તો મળે. એવા અભેદરૂપ બ્રહ્મનિષ્ઠ મહાત્માની દુર્લભતા શ્રીમદ્ભગવદ્ગીતા પણ કહેછે: મનુષ્યાણાં સહસ્રેષુ કશ્ચિદ્યતતિ સિદ્ધયે। યતતામપિ સિદ્ધાનાં કશ્ચિન્માં વેત્તિ તત્ત્વતઃ.

૪. એ અભેદપ્રેમપાનનો આનંદ કેવો છે? એથી કદાપિ મરણ થતું નથી એવા અમૃતનું પાન કર્યા બરોબર આનંદ રહેછે; આવા અમૃતને પણ સહજ ચાખી લીધું હોય તેમ નહિ, પણ છક પરિપૂર્ણ પાન કર્યું હોય તેવો આનંદ રહેછે. નહિ કે અમૃતનુંજ પાન કર્યું હોય, ને આમ થયું હોય, પણ તે પાન વિનાએ કેવલ અભેદજ્ઞાનથી એવું કૃત બનેછે માટે 'રહે' એવી ઉક્તિ વાસ્તવિકજ છે કે મરણ શબ્દ સંચિત તમામ ક્લેશ દુઃખાદિ જાણીને સ્પર્શ કરનારા નથીજ. અરે! વાસ્તવિક મરણ પણ તેનું નથીજ. મરણ એટલે શું? મરણનો મહાક્લેશ એકદમ સર્વેન્દ્રિય થાય એજ છે, તો એ નિત્ય થોડો થોડો ધ્યાન કરતે કરતે ધ્યાન કરવા જેવું કાંઈ પણ સંબંધી રહ્યો નથી-દ્વૈત પ્રેમમય અભેદમાં સ્થિત છે-તેને મરણ આવ્યુંજ છે, ને આવવાનું નથી પણ અથવા એજ પ્રેમપાનનો મહિમા બીજી રીતે જણાવે છે કે રોગોમાં જેમ કાંઈ ઔષધ પદાર્થનો ઉપાય અર્થાત્ ચિકિત્સા કર્યું હોય તેવો છે કે લૌકિક રોગથી એ શાંતિ, આનંદ અનુભવાય છે તેજ પ્રકારનો પણ તેથી ઉત્તમ કોઈ અપૂર્વ આનંદ બની રહેછે. માટેજ પ્રીતિપાનનો વિવેક અદ્ભુત છે; ને તેથીજ પ્રેમની યોજના અભેદ અને ગહન છે. અભેદ અને ગહન કહેવાનું તાત્પર્ય કે એવા પ્રેમના અનુભવમાં નિરંતર તેની તે વાતના મનનથી મન વિરસ થઈ જાય તેમ નથી, પણ એ આનંદમાં વધી અપૂર્વ-નવનવો અદ્ભુત-અભેદ જણાય છે

૫. જ્યારે આવા પ્રેમનું સ્વરૂપ કાંઈ જાણે પણ પ્રત્યક્ષ હશે કે નહિ? હા, એ ચિરદિન એ તેનુંજ ચિહ્ન છે, પણ પ્રત્યક્ષ ઝટ કરી રહેછે, કેવળ નિઃસ્વાર્થ ભાવથી તે ઉદ્ધારને માટે જે એ કાંઈક તેવા પ્રેમનો અર્થ છે, જ્યાં કાર્યનુસિદ્ધ પણ માલૂમ પડતાં આનંદનાં અનેકપ્રકાર થઈ આવેછે ને પણ તેજ પ્રેમનું પ્રમાણ છે. પ્રત્યક્ષ કેમ કલ્પના આવે તો તેમ નથી, પણ એ કલ્પના આમ પ્રત્યક્ષ, પ્રત્યક્ષ જણાય) સિદ્ધ થાય છે

૬. ભિન્ન ખાત ભરે હો પણ ભરે એક તે કેમ હોય? મિત્ર સાથે જુદો, બાપ સાથે જુદો, બ્હેન સાથે જુદો, સ્ત્રી સાથે જુદો એમ આપણે જોઈએ છીએ ત્યાં એક કેમ? મિત્ર ઉત્તરમાં લખ્યાયાંદી એજ દરાદરણ આપી શકુ છે કે રસ્તાભેદે ભિન્ન જેવો જણાયછે, બાકી પ્રેમ સ્વરૂપે તો એકજ છે. બ્રહ્મ માયાને સંયોગે ભિન્ન ભાસે પણ તેમ નથી. જુદા જુદા દેશમાં પ્રતિબિંબિત સૂર્ય જુદા જુદા જણાય પણ વસ્તુતઃ એકજ વ્યક્તિ છે તેમ સમજવું. ત્યારે એમ છે કે એજ સંસારાસક્ત મનની વૃત્ત છે કે પિતપુત્રાદિક સંબંધીને પ્રેમ માનેછે, પણ તે પ્રેમ નથી. પ્રેમ જામે ત્યાં દોષ પણ તેનો તેજ છે, ને સંબંધાદિભાવ તેની ઉપાધિ છે, તેનો બ્રહ્મરૂપને સ્પર્શ પણ થતો નથી.

૭. એમ પણ હો, ત્યાં સુખમાં દુઃખમાં કાંઈ વધે ઘટે કે નહિ? ઉત્તર કે ના. દુઃખમાં પણ એની કાન્તિ ઓછી નથી, ઉલટું દુઃખરૂપી તિમિર તો ખરા પ્રેમના તેજને વધતું દીપાવેછે. જેમ કોઈ સળગતી લાલટેનની આસપાસ અંધાર વીંટાવાથી તે વધારે દીપવા માંડેછે તેમ બ્રહ્મભાવાપન્ન જ્ઞાનીને અર્થાત્ શુદ્ધ પ્રેમીને સુખ, દુઃખ, વગેરે હોજ નથી. આમ બ્રહ્મ અને પ્રેમનું સર્વ પ્રકારે ઐક્ય પ્રતિપાદન કર્યું. ઉભય સ્વરૂપે એક પણ ઉપાધિવડે અનેક. ઉભયની પ્રાપ્તિ અભેદ જ્ઞાનથી, ઉભયનો આનંદ સમાન, ઉભય નિર્વેદ—ત્યારે સિદ્ધાન્ત કર્યો કે પ્રેમ ને બ્રહ્મ શબ્દજ જુદા છે પણ વસ્તુ એકજ છે, ઉભયની ગતિ, રીતિ, મતિ, કાંઈ જુદું નથી.

૨ શુદ્ધ પ્રેમનો વિરાગ.

પદ.

અમે વેરાગી વેરાગી,
અમમના વેરાગી રે શી,
રામનામ અખંડ ધુન લાગી—અમમના૦ ૧

આવા વેશે આવું પડે,
વિશ્વ વધુથી ભાગ્ય;
પ્રેમ ધર્યો છે ઉભર હૃદયો?
ક્યાં જાશે ક્યાં લાગ!—અમમના૦ ૨

પ્રેમતાન ચઢ્યું કોડું,
ઘરેમ ધુંક લાગી;
[illegible] પણ [illegible] સાથે,
[illegible] લાગી!—અમમના૦ ૩

[illegible] હૃદય ફાવે,
[illegible] રે શાને!
[illegible]
[illegible]—અમમના૦ ૪

[illegible]
[illegible]

મનની મમતા રે', નવ સમજે,
ને મૂરખ પસ્તાવે.—અમમના૦ ૫

આત્મભાવ સઘળે કર્યો જો કાંઈ,
આત્મારામની પ્રીતિ,
એજ ખરો અનુભવ પડ્યો માયા,
[illegible]!—અમમના૦ ૬

[illegible] દરિયર [illegible],
એમ કહે કોઈ રીતિ;
દરિયર [illegible] ન દેખે,
[illegible]!—અમમના૦ ૭

[illegible] નવ [illegible].
[illegible] ખરા વેરાગી.
[illegible] વિરાગ ન એક ક્ષણ મન,
તેજ વિભાગિ વેરાગી.—અમમના૦ ૮

અખિલ નિર્મળ [illegible] અવતાર,
એજ પરમ પ્રતિષ્ઠાન,
[illegible],
[illegible] ન રાખ—અમમના૦ ૯

આ પ્રમાણે માયાનું જુદા જુદા પ્રકારે વર્ણન કરી હવે તે માયાનું સ્વરૂપ તથા તે માયાનો ત્યાગ યથાર્થ સમજ્યા પછી ખરો વિરાગ કેવો થાય છે તેનું વર્ણન આવે છે. માયા વિષેજ આટલા પ્રકારાંતર કરી કરી લખવાનું રહસ્ય એ છે કે માયા તજવી કે સમજવી ઘણી દુર્ઘટ છે.

૧. જ્ઞાની કહે છે કે હું વૈરાગીજ છું. ભગવાં લુગડાં પહેરવાથી થયેલો નહિ, દીક્ષા લઇ અમુક સમ્પ્રદાયને વળગેલો એવો નહિ, કે નહિ ફક્ત મોઢા વખાનથી થયેલો, પણ અનાદિ કાલનો, જ્યારથી જન્મ્યો ત્યારનો વિરાગીજ છું. આવો વિરાગ ઉદય કેમ થયો તેનું કારણ કહે [illegible] કે રામ અર્થાત્ સર્વમાં રમી રહેનાર પરબ્રહ્મમાંજ લીનતા થઇ છે, ને તે અચલ, કદાપિ ટળે નહિ તેવી થઈ છે, એટલે બીજી વાત મિથ્યા છે. સર્વ વાત તેનેજ અધીન છે, ને તેમાં હું સ્થિર છું એટલે બીજી વાતનો વિરાગ સ્વાભાવિકજ છે. મૂલ બ્રહ્મસ્વરૂપ કદાપી રાગ પામેલું છે નહિ, સર્વદા વિરાગીજ છે.

૨. મૂલથીજ વિરાગી હોવાનું કારણ હવે યુક્તિપૂર્વક કહી બતાવે છે. આ જગતમાં જે વખત આવવું થયુ તે વખત મારી સાથે આ શરીર વિના કાંઇ હતું નહિ, તેમ જવામાં પણ તેવુંજ થવાનું છે, તો મારૂં મારૂં માની લીધેલુ તો કાંઇ પણ મારૂં નથી, એ સિદ્ધવાત છે; માટેજ મિથ્યા વસ્તુ બાજી, વચમાંની વાત, બધો માયાનો વ્યવહાર માંડ્યો તે મિથ્યા છે, સ્વપ્નવત્ છે, ત્રિકાલમાં સ્થિર રહે તેવો નિત્ય નથી. માયાનું સ્વરૂપ કહેતાં શ્રીકૃષ્ણભગવાન કહેછે કે अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ॥ अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥ गीता ॥ માયા કેવલ મધ્યમધ્યજ માની છે, કેમકે ભૂત અને ભવિષ્યમાં ન છતા કેવલ વર્તમાનમાંજ તેની સત્તા મનાઈ છે. આમ માયા નિત્ય નથી, ને પોતે તો વિરાગીજ છે, ત્યારે પુછેછે કે હે સંતો ! હે જ્ઞાનના શુદ્ધ અધિકારીઓ ! તમે કદાપિ કદાપિ ચડીને તે માયાપર પ્રેમ કરી બેઓછો, તે શા ઉપર કરો છો ? એનો સ્વભાવ તો નિત્ય નથી, એ તો ઘડીમા ભાગે છે, ને ઘડીમા સાજી થાય છે. આવી મિથ્યા વાતપર મમતા કેમ કરો છો ? તમારૂં નિર્લેપ સ્વરૂપજ ઓળખી વિરક્ત રહો.

૩. દુનીયાંમાં પ્રેમ, અર્થાત્ આ, તે વ્યક્તિનિષ્ઠપ્રેમ, માણસને હેરાન કરે છે. જેવો પોતાના સ્વાર્થપર પ્રેમ હોય છે તેવો બીજાપર નથી હોતો, પણ તેથી તરતજ ઉતરતો પત્નીપર હોય છે. પણ વિચારવાન્ પુરૂષો જાણે છે કે એ પણ કેવલ સ્વાર્થની સંગી છે, એનેજ માટે, એની પ્રજાને માટે, કાળાં ધોળાં કરવાં પડે છે, એમ એ તો માણસની પછવાડે કષ્ટરૂપ થઈ પડી છે. મહા અનર્થ કરાવનાર ભૂતનીપેઠે વળગી છે. આમ વિચાર કરતાં કદાપિ પત્નીનો સ્વાર્થ સમજાઈ તેનાપર વિરાગ આવે, પણ જેણે આપણને જન્મ આપેલો અને જેના હાથમાં ઉછરેલાં તેના પરનો સ્નેહ કેમ તૂટે ? એમાં પણ વિચાર તો સ્પષ્ટજ છે, સર્વ સ્વાર્થનું સગું છે, કમાઈ લાવે તો દીકરો નહિ તો પથરો એ લોકપ્રસિદ્ધ છે, તો તે સંબંધમાં પણ લપટાઇ રહેવામાં માલ નથી. અહો ! એવાં કેવલ નિઃસ્વાર્થી જણાતાં માબાપ તેપણ સ્વાર્થ સાધે એ ખરેખર આશ્ચર્ય, ઉંધીજ ઠોકર છે ! પણ તેવી બાધાવિના ખરો વિરાગ થતો નથી.

૪. કહેવાનું તાત્પર્ય એમ નથી કે પતી, મા, બાપ, વગેરેને તજીને નાસી જાઓ; પણ એમ છે કે તેજ તમારા પરમસેવ્યનું સ્થાન છે એમ જાણી ભુલાવામાં ન પડો. એ સર્વ માયાનાં બંધન છે, તેની ઉપાસનામાં આસક્ત ન થાઓ, પણ ખરો પ્રેમ પૂર્ણ પુરુષ પરબ્રહ્મમાં બાંધો કે મોક્ષ થાય. આવા આશયથીજ કહેછે કે ભાઇ આવા સંબંધોમાં રતિ ને રતિ એવો અનુભવ જરૂર થશે કે જેથી મન ચોરાઇને મરી જવાય. પણ કોઇને કહેવાય નહિ; એમ હૈયાનાં બીજાર એવું દાઝશે કે કંઇ ગમે નહિ; આમ પ્રત્યક્ષ અનુભવ થઇ. વિચાર કરતાં માયાનો ખેલ નકામો જણાવાથી મન ગભરાઇ રહે ને શું સાચું તે શોધે, પણ તેને કોણ બતાવે? આમ જ્યાં બીજાર દાઝયું ત્યાં ઓસડ કેમ લાગે, અને સાચી વાત કોણ જણાવે કે જેથી એ અંતરમાં આનંદ ઉદય પામે? માબાપ સગાં સંબંધી એ સંબંધોથી તો ખરે, રોગીએ ઉપાય મળવાનો નહિ, કેમકે એ તો મૂળ ઉપર દીપણ છે, એમના ખોટા સ્નેહથી ખરો પ્રેમભાવ સમજવાનો નહિ. માટે જે જે લોક એવી વાતોમાં લીન થયા છે તે કાચી બુદ્ધિના, પામર પ્રાણી છે એમ હે મુમુક્ષુઓ! નહી સમજશો.

૫. માતાપિતાદિકમાં કદાપિ સ્નેહ ભલે ન લાગો, પણ પોતે પસંદ કરી સમાનશીલવ્યસનવાળો ખરો પ્રેમી મિત્ર કર્યો હોય તેનાથી કેમ છુટાં થવાય? છુટા થવા ન થવાની વાત નથી, પણ તેજ તમારો ઈશ્વર એમ સમજવામાં ભુલ છે કેમકે તે શુદ્ધ-બ્રહ્મમય, પ્રેમમય હોય તો જુદી વાત, પણ તેમ નથી, તે પણ માયામયજ છે. એ વાત સ્પષ્ટ કહેછે કે તેઓ પણ માયાના સંગી છે, પોતાની વાતપર રોકાયલા છે, દુઃખ ટાળતા નથી, જન્મ ટાળતા નથી. ને સર્વદા આ મારૂં આ મારા મિત્રનું એમ માની જુદા ને જુદા રહી સ્વાર્થબુદ્ધિ બતાવેછે, ને સ્વાર્થપરાયણ હોયછે. વળી આવા સ્વાર્થ ઉપરાંત એવા અહંપદયુક્ત પણ હોયછે કે તારા મનની વાત ખરી, જેવી હોય તેવી સમજવા નથી ને તારે તો તારા મનમાંજ ગભરાવું પડેછે. આટલુંજ નહિ પણ વળી પોતેજ ડાહ્યા છે એમ સમજી તને મૂર્ખ પણ બનાવવા ચુકતા નથી આવા કેવળ મોહભાવ અને સ્વાર્થબુદ્ધિવાળા તે મિત્ર કેમ કહેવાય? એમાં પણ આસક્તી હોવી મિથ્યા છે

૬. ત્યારે શું દેહિકત્યાગ કરવાની ના કહેછે, ને વળી ત્યાગ કરે એવી યુક્તિઓ બતાવેછે ત્યારે સત્ય શું? સત્ય એટલુંજ કે પ્રેમ જો કરવો હોય તો બ્રહ્મસાથે કરો, અનિત્ય વસ્તુઓસાથે ને માયિક પદાર્થો સાથે ન કરો. તેની પ્રક્રિયા એ છે કે ચરાચરવિશ્વપર સમાન દિવ્યભાવ રાખો, સર્વને પોતાનાં જાણો ને એ સર્વાધાર ઈશ્વરપર-આત્મારામપર પ્રેમ રાખો વેદ, પુરાણ વગેરે શાસ્ત્રોનો તેમ જુદા જુદા મહાત્મા અને આચાર્યોનો એજ વાસ્તવીક અનુભવ છે-ખરો આનંદમાર્ગ એજ તેમણે શોધ્યો છે. તમે પણ તેમ કરો, ને તેમ કરતાં કદાપિ માયાના જોર ખોટું સારૂં કહે, ફાવે તિમ ગમે તે કરે, તો તેની લેશ પણ દરકાર ન કરો. કશાથી ડરો નહિ. પણ તેમાંજ આસક્ત ન થાઓ કેમકે એ જ્ઞાની છે તે कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किंचित् करोति सः ॥ गीता ॥

૭. આમ કરવામાં તો ઘર વેચીને તીરથ કરવાની વાત થઇ, માટે એ ધર્મ કામનો નહિ. ઘર સાચવવું ને હરિભજન કરવું એ ખરો માર્ગ છે એમ કોઇ-ઘણા ધર્મસંપ-

હાથવાળા-બતાવે છે તે ઠીક છે. એ વાત ખોટી છે એમ જણાવ્યું છે: આમ હોયજ નહિ, કેમકે એને હરિ ઉપર ખરો પ્રેમ છે તે હરિવિના બીજું દેખનો નથી, ને હરિ તો સર્વત્ર છે, ત્યારે આ મારૂં ઘર ને આ હરિ એવો ભેદભાવ ક્યાં રહ્યો? સિદ્ધાન્ત એજ છે કે મોક્ષ કેવળ અભેદનો અનુભવ કરવામાં છે બીજા કશામાં નથી, ઘર ખાલી કરી કરવાની પણ વાત નથી, કેવલ ભેદનો તથા ન્યૂનાધિકતાનોજ નિષેધ છે.

આ કડીમાં સર્વ દ્વૈતવાદીઓના ખંડનની સુક્ષ્મ યુક્તિ કહી છે.

૮. ત્યારે ખરો ભક્ત, ખરો પ્રેમી, ખરો જ્ઞાની કોણ? જે અમે પ્રેમી છીએ એમ કહેતા ફરેછે તેવા રાગી લોક ખરા રાગી-પ્રેમી-નથી, એ તો એમ કહેછે તેટલામાંજ તેમનો સ્વાર્થ જણાઈ આવેછે, અમે પ્રેમી ને બીજા નહિ એ ભેદબુદ્ધિજ તેમનું અજ્ઞાન જણાવેછે; પણ ખરા પ્રેમી જ્ઞાની તો એજ કે જે વિરાગી છે અર્થાત્ જે પોતાના પ્રેમસ્થાન-બ્રહ્મ-સિવાય બીજા તમામને જાણતા સરખા પણ નથી, બધું પ્રેમસ્થાનમય દેખેછે, મારૂં તારૂં એપરથી વિરાગ પામ્યા છે. ભેદ એ શબ્દ સમજતા નથી. આવાનેજ વૈરાગી કહેવાતા હોય તો દુનીયાંમાં વૈરાગી થઈ ફરેછે તે કેવા? જેઓ રાગ અર્થાત્ પ્રેમ, અને વિરાગ-ત્યાગ-એ બેને એકરૂપે-ઉપર બતાવ્યા પ્રમાણે-નથી સમજતા તે તો દુનીયાંમાં ભીખ માંગવામાટે વેષ ધરનાર વૈરાગીઓ છે. ખરા વિરાગી તો પ્રેમીજ છે; કોઈપર પ્રેમ ન રાખતાં સર્વેને તજીને નાસનાર વિરાગી નથી એ તો કેવલ પેટને માટે ભમનારા છે.

રહી એ મંડળની ઉન્નતિ કરવા તન, મનથી સહાય કરેછે. એ સિવાય પૂર્વના અતિકુશળ સંસારત્યાગી કેપટન રીમીંગટન જે કે પ્રખ્યાત લશ્કરી સરદાર હતો તેને એક સમયે અયોધ્યાપુરીમાં એક યોગીનો સમાગમ થયો અને તેમના ઉપદેશથી પોતે સૈવદિક્ષા લેઇ સને ૧૯૧૬-૧૭માં આ સંસારનો ત્યાગ કરી નિવૃત્તિદશાને ગ્રહણ કીધી. એવી રીતે નામાંકિત અને વિદ્વાન પારેખ પરધર્મી પુરૂષો પોતાના ભૌતિક સુખનો ત્યાગ કરી આ મંડળમાં સામેલ થયા છે, તે છતાં અમારા દેશબંધુઓ હજી હાલના ક્ષણિક વિચારના મિથ્યા અભિમાનથી દૂર રહેવાનું ઉચિત ધારે છે ! એ મંડળ આપણું અતિપ્રાચીન આર્યોનુંજ છે. માટે આપણા દેશાભિમાન ધરાવનારા વિદ્વાન પુરૂષો તથા સત્યશોધક ધાર્મિકપુરૂષો એ મંડળમાં સામેલ નહીં થાય તો તેમને સત્યધર્માભિમાની અને દેશાભિમાની કહીશું ? માટે પોતાનું કર્તવ્ય કરવાનો લાભ થોડાં બહાનાં કાઢી જવા દેશો નહીં. જે વસ્તુનું તમને જ્ઞાન નથી તે વસ્તુ સૃષ્ટિમાં છેજ નહીં એવો અસત્ય નિર્ણય કરતા નહીં. વળી પાત્ર થયાવિના ગુપ્ત વિદ્યા અથવા અદ્ભૂતશક્તિ મેળવવાની ઇચ્છા રાખતા નહીં. તેમજ વારંવાર યોગવિદ્યાના ચમત્કારો જોવાની અપેક્ષા રાખશો નહીં કેમકે હાલના જે રાજયોગી આપણા મહાત્માઓ છે તે કોઇ બહુમતના જોરે કરી મનુષ્યની શ્રદ્ધા બેસાડવાનું નીચકર્મ કરતા નથી. કેમકે જેવી રીતે વ્યાધિવાળા મનુષ્યપ્રાણીને ઓષધની અગત્ય છે અને આરોગ્યતાવાળાને નથી તેવી રીતે હાલમાં માનસિક જ્ઞાનની ઉન્નતિને પામેલા સત્યશોધકોને ચમત્કારના જોવાથી અથવા ગુપ્તવિદ્યાના પ્રયોગથી સ્પૃહા કરવી ઉચિત નથી. તેમણે તો પુરૂષાર્થથી જ્ઞાનના યોગે અનુભવ કરી લેવાનો છે. એમ છતાં જો ચમત્કાર જોવાની અથવા પોતે કરવાની અપેક્ષા રાખશો તો વેહેમી થઈ કેવળ સ્વાર્થી થઈ જવાશે. અને તેથી અનુચિત જ્ઞાનની મર્યાદામાં રહી તેમાંજ આનંદ પામી અવિદિતમ જે સર્વજ્ઞ, સર્વવ્યાપક, પોતે થઈ અનંતરૂપ પિતાથી થવાશે નહિ.

હવે અંતમાં એટલુંજ કહેવાનું છે કે અરે ! અમારા પરમપ્રિય આર્યબંધુઓ આપણા અને આપણા દેશના કલ્યાણને અર્થે સઘળા વેહેમોનો ત્યાગ કરી કેવળ પરમાર્થ કરવાના મંડળમાં સામેલ થઈ પાછળ કહેલાં મુખ્ય ચાર કર્તવ્યો તન, મન, અને ધનથી કરવાનો નિશ્ચય કરી આગ્રહપૂર્વક વર્તશો તો વગર ઇચ્છાએ કૃપાળુ સમર્થ મહાત્માઓની કૃપાથી સર્વ સિદ્ધિની પ્રાપ્તી નિશ્ચય થશે. આટલુ લક્ષમાં રાખજો કે હાલમાં નિસ્તેજ થયેલા આર્યોની ઉન્નતિ થવાનું મુખ્ય સાધન ગીતાજી માર્ગે પોતે વર્તી બીજાને વરતાવવાવાળા અનુભવવાને નીચે દર્શાવેલા દશ ધર્મ અને આત્મબળના લક્ષણોની મર્યાદામાં રહેવું, એજ છે.

ॐ अहिंसा परमो धर्मः

सर्वथा सर्वदा भूतानाम नभि द्रोह अहिंसा श्रेया.

ભાવાર્થ—કોઈ પણ પ્રાણીનો દ્રોહ કરવો નહીં. દ્રોહ મનુષ્ય પ્રાણીનોજ થાયછે માટે કેમ્યતે કરી વેદવ્યાસના અભિપ્રાય પ્રમાણે મનુષ્ય પ્રાણીએ દ્રોહ નહિ કરતાં સર્વેપ્રતિ ભ્રાતૃભાવ અને સમભાવ રાખી પરસ્પર પ્રેમ પ્રીતિથી વર્તવાથી મનુષ્ય લાભ થાયછે.

દશ ધર્મનાં લક્ષણો.—મનુસ્મૃતિ અ૦ ૬ ઠો.

धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः ।
धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणं ॥ १२ ॥

ભાવાર્થ-धृति એટલે ધારણા, ધીરજ રાખવી; क्षमा એટલે માફી. પારકાએ અવગુણ કર્યો તો તેને બદલે તેને અવગુણ ન કરતાં તેનું ભલું કરવું; दम એટલે વિષયવાસનાથી મનને રોકવું; अस्तेय એટલે ચોરી કરવી નહીં અથવા અધર્મનું લેવું નહીં; शौच એટલે પવિત્રતા, નિર્મળતા રાખવી; इन्द्रियनिग्रहः એટલે પોતાની ઇંદ્રિયોને વશ રાખવી; धी એટલે સદ્બુદ્ધિ રાખી વેદ, વેદાંત આદિ શાસ્ત્રોનું શ્રવણ મનન કરવું; विद्या એટલે પરબ્રહ્મનું જ્ઞાન સંપાદન કરવા તત્પર રહેવું, सत्यं એટલે સાચું બોલવાની ટેવ રાખવી; क्रोधः એટલે કોઇપર કોપાયમાન થવું નહીં. એટલા ખરા ધર્મનાં દશ લક્ષણો છે.

દશ અધર્મનાં લક્ષણો.-મનુસ્મૃતિ અ० १२.

परद्रव्येष्वभिध्यानं मनसानिष्टचिंतनं ।
वितथाभिनिवेशश्च त्रिविधं कर्म मानसम् ॥ ५ ॥

ભાવાર્થ-૧ મનથી ત્રણ અધર્મ થાયછે. ૧ પારકાનો પૈસો છળકપટથી મેળવી પચાવી પાડવા સારૂ ઉપાય શોધવા નહીં; ૨ કોઈ પણ પ્રાણીનું ભુંડું કરવાનો મનમાં જુસ્સો ઉઠાવવો નહીં, ૩ નાસ્તિક વિચારો રાખવા નહીં. એવા ત્રણ પ્રકારનાં મનનાં ખોટાં ફળ ઉપજાવનારાં કર્મો છે તે કરવા નહીં.

पारुष्यमनृतं चैव पैशुन्यं चापि सर्वदाः ।
असंबद्धप्रलापश्च वाङ्मयं स्याच्चतुर्विधम् ॥ ६ ॥

ભાવાર્થ-૨ વાણીથી ચાર અધર્મ થાયછે. ૧ કોઇને દુઃખ ઉત્પન્ન થાય તેવાં ભુંડાં વચન કેહેવાં નહિ; ૨ જુઠું બોલવાની ટેવ રાખવી નહિ; ૩ કોઈની પુંઠ પછાડી નિંદા કરવી નહિ; કોઇને ખોટો ભરૂંસો આપવો નહિ એ ચાર પ્રકારનાં વાણીનાં દુષ્ટ કર્મો છે તે કરવાં નહિ.

अदत्तानामुपादानं हिंसा चैव विधानतः ।
परदारोपसेवा च शारीरं त्रिविधं स्मृतम् ॥ ७ ॥

ભાવાર્થ-૩ શરીરથી ત્રણ અધર્મ થાયછે. ૧ અયોગ્ય કર્મ કરવું નહિ; ૨ કોઈ પણ પ્રાણીની હિંસા કરવી નહિ. ૩ પરસ્ત્રીનો સંગ કરવો નહિ. એ ત્રણ પ્રકારનાં શારીરનાં દુષ્ટ કર્મો છે તે કરવાં નહિ.

આ પ્રમાણે જે મનુષ્યપ્રાણી ધર્મ અને અધર્મની મર્યાદામાં રહી પોતાનાં કર્તવ્યો કરશે તેની સાંસારિક વ્યાવહારિક, રાજકિય અને ધાર્મિક એ ચારે સ્થિતિ સુધરી ઉત્તમ દશામાં આવી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે ફળ મેળવવા શક્તિવાન થશે.

હાલમાં નિષ્પક્ષપાતી સત્યશોધકોને તો જણાયલું છે જે સત્યરૂપી પ્રકાશ પૂર્વ તરફથીજ પ્રથમ આવેછે.

અરે ! આર્યબંધુઓ ! આપણને જન્મ આપનારી આ હિંદની માત્ર ભૂમિ મૃત્યુને પામેલી નથી. તે માત્ર હાલ ઘોર નિદ્રામાંછે. માટે આપણા સર્વેનાં સ્વદેશાભિમાનથી તેને જાગૃત કરવાને તન, મન, અને ધનથી પ્રયત્ન કરો. તથાસ્તુ.

ॐ शान्तिः शान्तिः शान्तिः.





આર્ય ધર્મ નીતિસાર.

૧ સિદ્ધાંત.

૧. " ઈશ્વર જે (પરબ્રહ્મ) તે દરેક મનુષ્યના હૃદયમાં રહે છે "–(ભગવદ્ગીતા અધ્યાય, ૧૮–૬૧.)

૨. " અરે ! મનુષ્ય તું ધારે છે કે તું એકલોજ છે અને તારી મરજીમાં આવે તેમ વર્તે છે તારા હૃદયમાં જે અંતર્યામી ઈશ્વર વસે છે તેને તું જાણતો નથી. જે જે તું કરે છે તેને તે નિહાળે છે અને લક્ષમાં રાખે છે. આત્મા તેનો સાક્ષી છે, અને તેના પોતાના આશ્રયનું સ્થળ છે. તે મનુષ્યનો મોટો સનાતન સાક્ષી છે, તેના હુકમની અવગણના કરતો નહિ. " (મહાભારત ૧, ૩,૧૫; મનુસ્મૃતિ, ૮–૯૫.)

૩. " મન, વાચા ને શરીરથી સારાં કે માઠાં કર્મ આચરણે કરીને તે પ્રમાણે તેનાં સારાં કે માઠાં ફળ થાયછે, અને એ કર્મે કરીને મનુષ્ય ઉત્તમ, મધ્યમ અને અધમ યોનિમાં પુનર્જન્મ લે છે. મનુષ્ય પોતાનાજ કર્મયોગે સુખ કે દુઃખ પામે છે. પ્રત્યેક મનુષ્ય પોતાની વર્તણુકનાં ફળ મેળવે છે." (મનુ ૧૨,–૩. મહાભારત અનુશાસનપર્વ ૬૦. વિષ્ણુપુરાણ ૧, ૧–૧૮.)

૪. ધર્મનો નાશ થવાથી આ દેહમાં રહેલા આત્માને લાગતાં પાપ અને ધર્મ પ્રમાણે યોગ્ય વર્તણુક કરવાથી થતા પુણ્યનો વિચાર કરીને તેમજ સદ્ગુણ તથા દુર્ગુણથી આત્માનું જન્માંતર થાયછે તેનો તારા બુદ્ધિજ્ઞાનની શક્તિથી વિચાર કરીને તારે હરદમ સદ્ગુણ ઉપર પ્રીતિ રાખવી. વિચાર, વાણી અને કર્મથી હમેશાં પવિત્ર વર્તણુક ચલાવવી. (મનુ. ૬,–૬૪; ૧૨,–૨૩; ૧૧, ૨૩૨.)

૫. " તારી પોતાની મેળે તારી જાતને ઉંચે પહોંચીને ચડાવવા યત્ન કરવો જોઈએ. પોતે (અહં) પોતાનો (અહં) જ મિત્ર તેવીજ રીતે પોતે (અહં) પોતાનો દુશ્મન છે. (ભગવદ્ગીતા, ૬.–૫.)

૬. મનુષ્યનું મનજ તેનું બંધન ને મોક્ષનું કારણ છે. વિષયના પદાર્થને વળગી રહેવું એ તેના બંધનનું કારણ છે અને તે પદાર્થથી વિરક્ત રહેવું એ મોક્ષનું સાધન છે. માટે જે મનુષ્ય જ્ઞાનને પારખી શકે છે તેણે વિષયના પદાર્થથી પોતાના મનને અળગું રાખવું. મોક્ષ મેળવવાને માટે પરબ્રહ્મ પરમાત્મા સંબધી જ્ઞાન મેળવવા મનન કરવું." (વિષ્ણુપુરાણ ૬-૭,-૨૨-૩૦.)

૭. "બીજે અવતાર ધારણ કરવામાં મનુષ્યના પિતા, માતા, પતિ, પુત્ર, અથવા સગાંસંબંધી કોઈ સાથી થતું નથી. જે વસ્તુ તેના આત્માને વળગી રહેશે તે ફક્ત તેણે અહીંયાં કીધું હશે તેનાં પરિણામો એટલે કર્મ છે. તેટલા માટે પોતાથી અળગો ન થાય એવો સોબતી મેળવવાને મનુષ્યે હરદમ સદ્‌ગુણનો સંગ્રહ કરતાં રહેવું. સદ્‌ગુણને પોતાનો ભોમિઆ કરવાથી જે અંધારૂં તરવાને કઠણ છે તેમાં થઈને તે પસાર થાવછે." (મનુ ૪. ૨૯૯-૨૪૧.)

૨ સામાન્ય આજ્ઞાઓ.

૮. "(૧) સંતોષ; (૨) બીજાને દુઃખ ન દેવું; પરોપકાર અને અપકારને બદલે ઉપકાર; (૩) વિષયવાસનાનો અટકાવ; (૪) ચોરી કરવાનો ને અયોગ્ય લાભ મેળવવાનો પ્રયત્ન ન કરવો; (૫) પવિત્રતા, શિયળ, ને નિર્મળતા; (૬) મનોધર્મને કબજામાં રાખવા; (૭) જ્ઞાન પ્રાપ્ત કરવું; (૮) ઈશ્વરસંબંધી જ્ઞાન સંપાદન કરવું; (૯) સત્ય, પ્રમાણિકપણું, અને કૃતજ્ઞતા; (૧૦) ક્રોધ અને ઇર્ષા કોઈપર ન રાખવી; એવાં સુવ્રત તે ધર્મનાં દશ તત્ત્વ છે." (મનુ, ૬-૯૨.)

૯. "લઘુતા, આળસ, દ્રવ્યનો લોભ, નિદ્રા, ચાડીચુગલી, અનાત્મવિદ્યા, ઠરાવેલા નિયમમાં વિસ્મૃતિ, સહાયતા માગવાની લત, અને અગત્યના કાર્યમાં લક્ષ નહિ આપવું એ નરસા ગુણમાં ગણાય છે; તેમજ હવે પછી આવતી અવસ્થા નથી એમ કહેવું, વેદ અમર શાસ્ત્રનો અનાદર, દેવોની અવજ્ઞા, ઈર્ષા, દ્વેષ, ગર્વ, અહંકાર, ક્રોધ અને જુલમ, એ પણ દુર્ગુણ કહેવાય છે." (મનુ, ૧૨-૩૩, ૪.-૧૬૩.)

૧૦. "સુકૃત્યમાં મંડ્યા રહેવું, તારી વૃત્તિઓને નિયમમાં રાખ, યોગ્ય રીતે બક્ષીસો આપ, રીતભાતમાં માયાળુ રેહેવું, ધીરજથી દુઃખ સહન કર, કોઇ મનુષ્યને કનડ નહિ. આટલાં બતો કર કે જેથી તને મોક્ષ મળવાની આશા રહે." (મનુ, ૪-૨૪૬.)

૧૧. "સદાચરણી મનુષ્યોએ નિર્માણ કરેલ પ્રમાણે તારા વડીલો વર્ત્યા તે રીતે તું આચરણ કર, જેવી રીતે વિષમાંથી અમૃત, બાળક પાસેથી વાણીની મધુરતા, દુશ્મન પાસેથી સુવર્તણુક અને પવિત્ર પદાર્થમાંથી કંચન ગ્રહણ કરીએ છિયે તેમ સઘળા પાસેથી સુવર્તણુક ગ્રહણ કર." (મનુ, ૧૧-૨૩૫; ૪-૧૭૮.)

૧૨. "ધર્મમાં પ્રતિજ્ઞા રાખી વૃદ્ધિ કર ને યોગ્યતા વધારવાને પ્રયત્ન કર જેથી સર્વે સુખ મળશે." (વિષ્ણુપુરાણ, ૧. ૧૧.-૨૩.)

૧૩. "સદ્‌ગુણથી વર્તતા છતાં અત્યંત દારિદ્ર્યમાં આવી પડે તોપણ દુર્ગુણ ઉપર તારૂં ચિત્ત લગાડતો નહિ." (મનુ, ૪-૧૭૧.)

૧૪. "જ્યારે મનુષ્ય અનિષ્ટ કર્મ કરેછે ત્યારે હવે પછી નહિ કરૂં એમ કહેવું પુરતું નથી, અપરાધની માફી અંતઃકરણના પશ્ચાતાપ ઉપર વધુ આધાર રાખે છે અને હવે પછી પાપકર્મથી ખરેખર દુર રહીએ તોજ પાપની ક્ષમા મળે છે." (મનુ, ૧૧-૨૩૦.)

૩.

સમાધારણ આજ્ઞાઓ.

૧૫. "સત્ય બોલ. સત્યનોજ વિજય થાય છે, અસત્યનો નહિ. સત્ય જેવો મન વચન, અને કર્મનું ઐક્ય એજ ઉત્તમ તપ. કોઈ ધર્મ કે નીતિ સત્યથી મોટાં નથી અને કોઈ વસ્તુમાં અસત્ય કરતાં વધારે પાપ નથી. તેટલા માટે મનુષ્યોએ વારંવાર માત્ર સત્યનેજ વળગી રહેવું. સત્ય એ એક ધર્મ છે. સત્યના ઉપર આપણા કર્મના ફળનો આધાર છે. સત્ય કરતાં ઉંચ બીજું કંઈ નથી." (તૈત્તિરીય ઉપનિષદ્. ૧. ૨. મુંડક ઉપનિષદ્ ૩, ૬; ... ઉપનિષદ્, ૧; મહાનિર્વાણ ૪-૭૪,૭૭.)

૧૬ "ન્યાય (ધર્મ) નહિ જેને વર્તો એનો વધ થશે તો સર્વનો નાશ થશે, અને એનું રક્ષણ થશે તો સર્વનું રક્ષણ થશે તેટલામાટે કદાપિ પણ તેનું ઉલ્લંઘન ન થવું જોઈએ. આ વધ કરેલ નહિ તો ધર્મ ... આપણા સઘળાનો નાશ થશે" (મનુ ૮-૧૫)

૧૭. "દુઃખ કોઈને દેવો નહીં અર્થાત્ કોઈપણ મનુષ્યને કોઈપણ પ્રસંગે મનસા, વાચા ને કર્મણાથી કોઈ પ્રકારનું દુઃખ દેવું નહિ. દુઃખ ન દેવાનો નિયમ આપણને દયા, ધર્મ, ભક્તિ, ને આરાધના વગેરે સદ્ગુણોના અભ્યાસ કરવા મદદ કરે છે. એ આપણું પ્રેમ ... સર્વ ને ઓળખવાનો મિત્ર છે, અને તે સુખ, શાન્તિ, ને સફળતા ... ઉત્પત્તિ સ્થાન છે." (મહાભારત અનુશાસનપર્વ ૧૧૫, ૫૬, ૧૭.)

૧૮ "દયા એ કરુણાળુ મનુષ્યોનું લક્ષણ છે" (વિષ્ણુપુરાણ ૧ ૧-૨૧) "તમારા પોતાના ઉપર નિર્દયતા વપરાઈ હોય તો તેનો બદલો નિર્દયતાથી વાળશો નહીં. આપેલો બદલો આશિર્વાદથી આપો." (મનુ. ૬-૪૮) "જેવી રીતે ચંદનવૃક્ષ કુહાડો ઉપર છે તો તે કુહાડાને એ સુગંધવાળો કરે છે તેમ સદાચરણી મનુષ્ય સર્વનું હિત કરવા ધારે છે: એ કોઈ પણ તેનો નાશ કરવા ઇચ્છે તોપણ તેના પ્રત્યે વેરવૃત્તિ રાખતા નહીં." (હિતોપદેશ

૧૯. "ઉપકૃત થવા." "મુનિઓ મનુષ્ય હત્યા, ચોર ને જુગાર, મદ્ય પ્રાશન ને બીજા અધમ પાતક કરનારને માટે પ્રાયશ્ચિત્ત કહી ગયા છે પણ કૃતઘ્નતાના અપરાધનો ગુન્હો જે કરે છે તેને પ્રાયશ્ચિત્તમાંથી પવિત્ર થવાને કંઈ નથી." (રામાયણ કિષ્કિંધાકાંડ, ૩૪. ૨

૨૦ "પરમાર્થબુદ્ધિનો અનાદર કરવો નહિ. ક્ષુદ્ર મનના કહે છે કે શું એ મનુષ્ય આપણા કુટુંબનો છે? પણ મોટા મનના મનુષ્યો આખી મનુષ્ય જાતને પોતાના સગાં ગણે છે." "જે કોઈ મનુષ્યને કંઈપણ દુઃખ દેતો નથી પણ તેનું હિત ઇચ્છે છે તે અત્યંત સુખ ભોગવે છે." (તૈત્તિરીય ઉપનિષદ્, ૧૧ શિક્ષાવલ્લી, હિતોપદેશ ૧.૭૧; મનુ ૫-૪૬ અને મહોપનિષદ્)

૨૧. "અતિથિ." "પ્રમાણિકપણેથી સંપાદન કરેલું દ્રવ્ય, ધાન્ય ઇત્યાદિ જેમને આશ્રયની જરૂર હોય તેમને જે ખુશીથી આપવું એને અતિથિ કહે છે વળી તે અતિથિ, પરમાંગી કે નિરાધાર ભીખારી ગમે તેવા હોય તેમને તારી શક્તિ પ્રમાણે અતિથિ સત્કાર આપ. અને જે લોકોનો તમામ આધાર તારા ઉપર હોય તેઓને અડચણ ન આવે તેવી રીતે તારા દ્રવ્યનો યોગ્ય ભાગ સાર્વજનીક કામને માટે રાખ." (શાંડિલ્યોપનિષદ્. ૨. મનુ, ૪-૩૨)

૨૨ "સ્વાર્થી ન થા. સ્વાર્થીપણાનું વલણ એ પ્રકારનાં દુઃખનું કારણ છે. એ દુર્ગુણને અમણી જેર કરવા જોઇએ. નિર્વાહને માટે મન ઉપરાંત આતુરતાથી યત્ન કરવો એ તો ઈશ્વરે પુરૂં પાડેલુંજ છે. પ્રાણી જન્મ્યું કે તરત તેની માતાના સ્તનમાંથી દુધની ધારા વેહેવા માંડેછે." "વિવેકી પુરૂષો અન્યના સારાને માટે પોતાના દ્રવ્યનો તેમજ પ્રાણનો ત્યાગ કરેછે. દ્રવ્ય અને જીવિતનો નાશ અનિર્વાચ્ય હોવાથી સારા હેતુને માટે સુજ્ઞ લોકો તેનો ભોગ આપવાનું પસંદ કરેછે સ્મરણમાં રાખ કે તારા નાશવંત દેહ અને સદ્ગુણ વચ્ચે ઘણો અંતર છે. પેહેલા નાશવંત શરીરનો એક ક્ષણમાં નાશ થાયછે, અને બીજો સદ્ગુણ એ તો કલ્પના અંત સુધી રહેછે." (મનુ, ૭-૪૧. હિતોપદેશ. ૧ ૧૭૩. ૪૩, ૪૪)

૨૩. "જે પારકું હોય તે હરી લેવાની તૃષ્ણા ન રાખો. ચોરીથી દુર રહેવું અર્થાત્ કે અન્યની મીલકત ગ્રહણ કરવાની મન, વચન કે શરીરથી ઇચ્છા ન રાખવી." (ઈશાવાસ્યોપનિષદ્, ૧. શાંડિલ્યોપનિષદ્. ૧.)

૨૪. "તારા પોતાના કૃત્યોથી તને જે માન મળે તે કરતા વધારે પ્રતિષ્ઠા મેળવવા તત્પરતા ન રાખ ને જે સ્થિતિમાં તુ છે તેમાં સંતોષ માન" (વિષ્ણુપુરાણ ૧. ૧૦.-૨૨, ૨૪.

૨૫. "સંતોષી થા. સંતોષ એટલે જે મળે તેથી થએલી તૃપ્તિ. જેવી રીતે ઘૃતથી અગ્નિ શાંત પડતો નથી તેમ ઇચ્છેલા પદાર્થની તૃષ્ણા ભોગવવાથી તૃપ્તિ થતી નથી. પણ એથી વળી (ઘૃત નાખવાથી) અગ્નિ વધારે સતેજ થાયછે." (મનુ, ૧૧૯, ૧૦.)

૨૬. ધૈર્યનો મહાવરો પાડ. અર્થાત્ કે, જ્યારે દ્રવ્ય કે સગાં મળે અગર તેઓનો નાશ થાય ત્યારે સઘળા વખતે મનની સ્થિરતા રાખ. સંકટ પડે મનમાં ઉદ્વેગ ન લાવ અને સુખ પ્રાપ્ત થાય તો હર્ષથી ગર્વ ન કર. ચિંતા, ભય અને દ્વેષથી વિરક્ત થા અને હંમેશ પ્રમાણીક વર્તણુકપર આસ્થા રાખ" (શાંડિલ્યોપનિષદ્ ૧. ભગવદ્ગીતા ૫૬)

૨૭. "એ તો નક્કી છે કે મનુષ્ય વિષયસુખમાં લુબ્ધ થઇ પોતાની ઇન્દ્રિયોથી કંઇ કંઇ અધર્મ ને અનીતિયો કરેછે તેટલા માટે તેને ઇન્દ્રિયો અંકુશમાં કબ્જાઇથી રાખી ઇન્દ્રિયદમન કરી ઇન્દ્રિયજીત થવું જોઇએ ત્યારે તેને હમેશાનું સુખ પ્રાપ્ત થાય છે." (મનુ, ૨-૯૩)
"ક્રોધ એ મૂર્ખ મનુષ્યનો મનોવિકાર છે, ડાહ્યા મનુષ્યોએ માન આપી સમજવામાં ભૂષણ નથી." (વિષ્ણુપુરાણ, ૧, ૧૩,-૭૮.)

૨૯. "હમેશાં પ્રીતિયુક્ત ને મધુર વચન બોલો. વ્યર્થ કંકાસ યા તકરાર કરવી નહિ અથવા નકામી વાતમાં મગ્ન ન રહેવું." (મનુ, ૪.-૧૩૯.)

૩૦. "દરેક મનુષ્ય જેવી રીતે પોતા તરફ જુવે તેવીજ રીતે અન્ય તરફ નિહાળવું જોઈએ. સઘળા પ્રાણીને પોતાનો આત્મા તારા જેવોજ પ્રિય છે એવો મનમાં સંકેત કરીને તારાં સઘળાં કર્મો બીજા અન્ય મનુષ્યો સાથે સરખાવ ને પછી જે શ્રેષ્ઠ લાગે તેમ કરવા પ્રયત્ન કર. બીજાને સુખ કે દુઃખ દેવામાં તેમજ બક્ષીસ આપવામાં યા નહિ આપવામાં મનુષ્યને આત્મતુલનાથી પુખ્ત વિચાર મળે છે." (મહાભારત અનુશાસનપર્વ. ૧૧૬-૫૬૬૧, હિતોપદેશ, ૧. ૨. ૧૨.

૩૧. "માંસ આહાર કે કેફી પદાર્થ પીવા નહિ. સદાચરણી ગમત ને રોજગાર, આહાર ને નિદ્રામાં નિયમીત રહેવું. કેમકે વિપત્તિ દૂર કરવાનો આ પ્રયોગ છે. (તૈતિરીય ઉપનિષદ્ અને ભગવદ્ગીતા, ૬,-૧૯. અને બૃહદારણ્ય ઉપનિષદ્.)

૩૨. "પુરાતન કાળથી દ્યૂત રમવાનો દુર્ગુણ મહા દુઃખ ઉત્પન્ન કર્તા જણાયો છે તેટલા માટે અક્કલમંદ મનુષ્યે ગમ્મતને માટે પણ દ્યૂત અથવા એના જેવી કંઇપણ ઉપદ્રવ કરનારી રમત રમવી નહિ." (મનુ, ૯.-૨૭.)

૩૩. "તારા માતા, પિતા, ગુરૂ અને વડિલોને માન આપ." (તૈતિરીય ઉપનિષદ્, શિક્ષાવલ્લી, ૧૧. મનુ, ૪,-૧૩૪.)

૩૪. "તારા કરતાં ઓછુંપણા જે મનુષ્યો જેઓ કદરૂપા, અભણ, વયે મોટા, બદસિકલ, દ્રવ્યહીન ને અધમ યોનિમાં જન્મેલા હોય તેમનો તુચ્છકાર ન કર." (મનુ, ૪.-૧૪૧)

૩૫. "મનુષ્ય સિંહ જેવો બહાદુર હોય તોપણ તેને ઉદ્યોગ ને મહેનત વગર દ્રવ્ય પ્રાપ્ત થતું નથી તેટલા માટે દરેક મનુષ્યે નિમેલાં કૃત્ય કરવાં. કારણ ઉદ્યોગ એ સ્તુતિ કરતાં પસંદ કરવા જેવો છે અને મનુષ્યના શરીરની મુસાફરી સ્તુતિથી ચાલતી નથી. પણ તે સાથે વિચાર સહિત હોવું જોઇએ" (હિતોપદેશ ૩૨ ભગવદ્ગીતા ૨.-૪૭, ૩. ૮.)

૩૬. "સઘળી પવિત્ર વસ્તુમાં દ્રવ્ય સંપાદન કરવામાં પવિત્રતાઇ એ આ જગત્માં સર્વથી અગત્યની છે. તેટલા માટે દ્રવ્ય પ્રાપ્ત કરવાને યોજેલાં સાધન હમેશાં પવિત્ર હોવાં જોઇએ. મુખ્યત્વે કરીને ન્યાયાધિશો જેમની પાસેથી ફરિયાદી મળવાનો લોકોને વિકલ્પ થાય છે તેમને આ લાગુ પડે છે. આથી આ બાબતોમાં તેવા ન્યાયાધિશોની ચીવટ જમા કરી તેમને રૈયતનિશાલ કરવાથી રાજ્ય પવિત્રાઇ જાળવી શકે છે." (મનુ, ૯.-૧૪૨)

૩૭. "આપણા આત્મા પરબ્રહ્મના અંશ છે ને પરબ્રહ્મ સર્વ પ્રાણિઓમાં ઘણા અંતરરૂપે રહેલો છે એવું જેઓ ધારે છે તેઓ કોઇ પણ પ્રકારનું પાપ કરતા નથી." (ઉપનિષદ્, ૯.)

બ્રહ્મવિદ્યા શું છે?

૧ બ્રહ્મવિદ્યા મનુષ્યના આનંદની એ શાખા છે કે જેથી મનુષ્ય ચઢાવતો, તે નજરમાં નહીં આવે તેવા જગતની—જેને જગત્ જોનારો કેવળ યોગ્ય હોવાથી ઉન્તેનિન શાસ્ત્રોમાં ભણી શકે છે

૨ બ્રહ્મવિદ્યાથી મનુષ્ય નરનો નારાયણ થઇ જાય છે.

૩ બ્રહ્મવિદ્યા મનુષ્યના તત્વજ્ઞાનની શાખા છે કે જેનાથી મનુષ્યને એવી બાબતનો સિદ્ધાન્ત કરતાં આવડે છે કે મન અને અહંકારથી જોડ વસ્તુ હું શું છું!

૪ બ્રહ્મવિદ્યા રસાયણ શાસ્ત્રની શાખા છે કે જેથી અમરત્વ સિદ્ધ થઇ શકે છે.

૫ બ્રહ્મવિદ્યા ચિત્રકળાની શાખા છે જેથી ચૈતન્યપરનો આપત્યશો રંગ કાળ પણ ભૂસી શકતો નથી.

૬ બ્રહ્મવિદ્યા વૈદકની શાખા છે કે જેથી આત્માનું પોષણ ઔષધવગર જીવની રક્ષા કરતાં આવડે છે.

૭ બ્રહ્મવિદ્યા જ્યોતિષ, સ્વરશાસ્ત્રની શાખા છે કે જેથી મનુષ્યની નજર જડ જગતની પાર જોવાને શિખવે છે.

૮ બ્રહ્મવિદ્યા શિલ્પશાસ્ત્રની શાખા છે કે જેથી જડ સ્થિતિને આનંદમય સ્થિતિથી દૂર કરે છે.

૯ બ્રહ્મવિદ્યા શિલ્પશાસ્ત્રની શાખા છે કે જે ઉડામાં જગત્ બતાવી દે છે.

૧૦ બ્રહ્મવિદ્યા સંગીતશાસ્ત્રની શાખા છે કે જે પ્રકૃતિ અને પુરુષને એકય કરે છે.

૧૧ બ્રહ્મવિદ્યા બાગબગીચાના કર્મની શાખા છે કે જે કેવડામાંથી ઝાડ ઉગાડવાની યુક્તિ બતાવે છે.

૧૨ બ્રહ્મવિદ્યા આરોગ્યશાસ્ત્રની શાખા છે કે જે કાર્યકારણથી મૂળ સ્થિતિના સાધનનો વિધી શિખવે છે.

૧૩ બ્રહ્મવિદ્યા ક્ષેત્રશાસ્ત્રની શાખા છે કે જે જીવન-મરણની વચમાંના સમુદ્ર ઉપર સેતુની પાળ બંધાવે છે.

૧૪ બ્રહ્મવિદ્યા યુદ્ધકળાની શાખા છે કે જે મનુષ્યના જન્મ મરણને જીતવાની શક્તિ શિખવે છે.

૧૫ બ્રહ્મવિદ્યા એવું બળ છે કે જેથી મનુષ્ય પોતાના અંતરના અનુભવનો સ્વાદ લેઈ શકે છે

૧૬ બ્રહ્મવિદ્યા નાટકશાસ્ત્રની શાખા છે કે જે મનુષ્યને મનુષ્ય જીવનના પ્રયાણ સિદ્ધ અને પરવાવસાન દેખાડે છે

૧૭ બ્રહ્મવિદ્યા વ્યાપારની શાખા છે કે જે મનુષ્યને આ લોક અને પરલોકની સામગ્રી નગર મૂક્યે મેળવવાને શક્તિવાન કરે છે.

૧૮ બ્રહ્મવિદ્યા રાજનીતિની શાખા છે કે જે ભુત, ભવિષ્ય, અને વર્તમાનમાં મિળાપ કરી આપે છે અને નીચ પ્રકૃતિના અતિ તુચ્છ અવયવોમાં શાંતિ ઉત્પન્ન કરે છે.

૧૯ બ્રહ્મવિદ્યા ધાતુ વિદ્યાની શાખા છે કે જેથી મનુષ્ય ચહાય તો જીવ, જ્ઞાન અને નિત્યાનંદને એકત્ર કરવાવાળા અવિનાશી અને સંપત્તિનું ઉત્પત્તિસ્થાન શોધી લે છે.

૨૦ બ્રહ્મવિદ્યા જ્યોતિષ શાસ્ત્રની શાખા છે કે જે એવું શિખવે છે કે કેવળ બ્રહ્મજ એક સ્થિર તારો છે કે જે જગતની પણ વિપળમાં અચળ રહે છે.

૨૧ બ્રહ્મવિદ્યા મલ્લવિદ્યાની શાખા છે કે જે મનને ઉત્સાહ આપે છે અને બુદ્ધિનો પ્રચાર કરે છે. વિચારોના શ્વાસ ક્ષેપીથી બાંધે છે—કામની ગરમીને દૂર કરે છે. જગતના ગ્રહોમાં પ્રવેશ કરવાને માટે ચિત્તશુદ્ધિદ્વારા તાપ નિવારણની શાન્તિ ઉત્પન્ન કરે છે.

૨૨ બ્રહ્મવિદ્યા માનસિક તત્વજ્ઞાનની એવી શાખા છે કે સ્વઆત્માનું મધ્યબિંદુ પોતાના અન્તઃકરણમાં શોધી લઇ શકે છે અને એટલો અનુભવ લેઈ શકે છે કે વેદાંતીઓના જીવાત્મા અથવા અર્વાચીન થીઓસોફીસ્ટ અર્થાત બ્રહ્મજ્ઞાનીઓનો આત્મા અથવા સાધારણ લોકો જેને પરમેશ્વર કહે છે તે ભિન્ન નથી.

૨૩ બ્રહ્મવિદ્યા વૈદકશાસ્ત્રની શાખા છે કે જેથી મનુષ્ય પોતાના અનાદિ કાળથી કરેલાં પાપો નાશ કરી શકે છે.

૨૪ બ્રહ્મવિદ્યા પદાર્થવિજ્ઞાનની શાખા છે કે જેથી મનુષ્ય સૃષ્ટિના જન્મ-સ્થિતિ-અનિચાર અને વૃદ્ધાવસ્થાનો સાક્ષી થઇ તેનું અવલોકન કરી શકે છે.

૨૫ બ્રહ્મવિદ્યા આર્ય સ્વતંત્રતાનો અંશ છે કે જેથી મનુષ્ય સૃષ્ટિની સહાયતા વિના રહી શકે છે.

સારાંશઃ—બ્રહ્મવિદ્યા સર્વજ્ઞ, અવિનાશી સુખ અને ચિરકાળના જીવનનું પૂર્ણ જ્ઞાન છે. આર્યોને શક્તિ પાર કરવાના માર્ગથી નિત્યાનંદમાં જવાને એજ બ્રહ્મવિદ્યાએ શિખવ્યું હતું. ખરેખરી વાત તો એ છે કે બ્રહ્મવિદ્યા સર્વ શાસ્ત્રોનું મૂળ છે.





सत्यात् नास्ति परोधर्मः

THERE IS NO RELIGION HIGHER THAN TRUTH.

બ્રહ્મજ્ઞાનમંડળ અને તેના હેતુઓ.

બ્રહ્મજ્ઞાનરૂપી સમુદ્ર ઘણો અગાધ છે મોટા મોટા જ્ઞાનીઓ પણ તેનો પાર પામ્યા નથી. જ્યારથી બ્રહ્મજ્ઞાન મંડળની આશરે સદીના ચોથાં પચીસ વર્ષોથી સ્થાપના આપણા ભારત દેશમાં થઈ છે, ત્યારથી તે આજસુધી એ મંડળપર ઘણા ઘણા દ્વેષી હુમલાઓ અનેક રસ્તાઓ તરફથી થતા આવ્યા છે, પરંતુ તેવા સર્વ દ્વેષી હુમલાઓમાંથી આ મંડળ મુક્ત થયું છે એટલુંજ નહીં પરંતુ પોતાના ખંતીપણાથી લોકોપયોગી ઘણાં ઘણાં કાર્યો એ મંડળે કર્યાં છે ને હજુ પણ કર્યાં જાયછે.

આપણા સર્વેના જાણવામાં છે કે શુભ કામોમાં હમેશ વિઘ્ન તો આવ્યા વગર રહેતું નથી. તેવા તેવા શુભ કામોનો અથાગ પાયો એક ઠેકાણે અને નિકૃષ્ટ દશામાં આવી પડેલા દેશના ભલામાટે કેટલો ઉપયોગી છે તે નિષ્પક્ષપાતી અને વિદ્વાન પુરૂષોને તો સારી રીતે માલમ પડી શકશે. કોઈ પણ લોકોપયોગી સુધારાના પ્રયત્નો તેનો ફેલાવો કરનારની મોટી મોટી આશાઓમાં પાણી ઘાલ્યાં વગર તો રહેતાજ નહીં પરંતુ જો આપણા અંતઃકરણમાં ઉત્તમ વિચારશક્તિ અને ખંતીપણાથી વારંવાર નિષ્કામ બુદ્ધિથી સત્પુરૂષાર્થ કરવો જારી રાખીશું તો વખત જતાં ધારેલા શુભ હેતુઓ તેના વાવેલા બીજના પ્રમાણમાં આગળ જતાં કદિ અંશે પણ ફળીભૂત થયા વગર રહેશે નહીં.

પ્રિય વાંચનાર! પ્રાણીમાત્ર તરફ સમભાવ કે ભ્રાતૃભાવથી વર્તવાના હેતુઓનો વિચાર કેટલાક હસી કાઢવા સરખો માને છે અને કેટલાક તેની ઉત્તમતા ઉપર નજર રાખી ઉત્તમપણું લેખવેછે પરંતુ ભ્રાતૃભાવ એ આત્મજ્ઞાનની પ્રથમ સ્થિતિ છે અને આ સંસારરૂપી સાગરમાં મનુષ્યરૂપી વહાણનાં અંતઃકરણરૂપી સુકાનમાં બેસાડવા યોગ્ય છે.

એ શિવાય બીજાં સર્વે ફોકટ ફાંફાં મારવા જેવું છે. મને ઘણી વખત મારા મિત્રો, સ્નેહીઓ અને ઓળખાણવાળાઓથી પુછવામાં આવ્યું છે કે બ્રહ્મજ્ઞાન મંડળમાં જોડાવાથી શું લાભ છે? તો આ પ્રસંગે હું ટુંકામાં એટલુંજ જણાવું છું કે તેથી મનુષ્યને મોટો લાભ થાયછે. તે પોતાની જીંદગી ઉત્તમ પ્રકારે ચલાવવા સમર્થ બનેછે. જુઓ આ મંડળના જે ત્રણ હેતુઓ તે શું બતાવે છે?

૧ સર્વ મનુષ્ય પ્રાણીમાં પરસ્પર સ્નેહ અને પ્રીતિ રાખી મતભેદ અને નાતીભેદ દુર કરી ભ્રાતૃભાવથી એકપણા કરવી.

૨ માનસિક અને નિશ્ચયાત્મક બુદ્ધિજ્ઞાન એ બેઉની યથાર્થ ઉન્નતિ થવાથી બની ઉત્તમ અને અદ્‌ભુત લાભ આ લોક અને પરલોકમાં થઈ શકેછે, માટે વેદ, ઉપનિષદ, આરણ્યક, શ્રુતિ-સ્મૃતિ, સાંખ્ય અને યોગશાસ્ત્ર વિગેરે સદ્‌ગ્રંથોમાં દર્શાવેલા હેતુ તથા નિયમો, તત્વજ્ઞાન અને આત્મજ્ઞાનનું શ્રવણ, મનન, અને નિદિધ્યાસન કરવાનો આગ્રહ રાખવો.

૩ ત્રીજો હેતુ સઘળા મનુષ્ય પ્રાણીમાં જની ગુપ્ત રીતે બુદ્ધિચૈતન્યની અને દૈવી પ્રકૃતિની દશ્ય અને અદશ્ય મહાઅદ્‌ભુત શક્તિ રહેલી છે તેનું શોધન અને ઉન્નતિ કરવાનાં સાધનોનો વિચાર કરવો.

હવે પ્રથમના બે હેતુઓ આ મંડળના તમામ સભાસદોને લાગુ પડેછે અને ત્રીજો ઘણા થોડાકોને લાગુ હોયછે કે જેઓ કેવળ યોગવિદ્યાની શોધમાંજ નિમગ્ન હોયછે.

હવે ભ્રાતૃભાવનો પ્રથમ હેતુ અને તેની પવિત્રતામાટે ઘણાઓને અજાયબી લાગશે, પરંતુ મોટા મોટા ધર્મધુરંધરો અને નીતિજ્ઞ શિક્ષાગુરૂઓનાં વચનોથી તેમજ સર્વે દેશ દેશાંતરો અને સૈકાઓમાં પણ આ ભ્રાતૃભાવનો હેતુ અનાદિકાળથી ઉપદેશ આપતો આવ્યો છે. પરંતુ દીલગીર થવા જેવું એછે કે ભ્રાતૃભાવ નહીં કેળવવો એ કેવળ ધર્મના અંધપણાને લીધે છે, અને તેવા ધર્માંધમાં દોરવનારા તેઓના ધર્મગુરૂઓ કે આચાર્યો કે જેઓ પૈસા અને સત્તાના બળે કરીને પોતાના વાડામાં દોરાએલા લોકોને એવું ઉંધુ વાળું સમજાવેછે કે આપણા ધર્મમાં જે આવે તે તેનેજ સ્વર્ગ કે મુક્તિ મળેછે અને બીજાને નરકે જવું પડેછે. અહા! અફસોસ! અફસોસ! આ કેવો હસવા જેવો વિચાર છે! જુઓ કે જેમ સૂર્યનાં કિરણો દરેક જીવજંતુ, મનુષ્ય, પ્રાણી, વનસ્પતિ, ગ્રહો-ઉપગ્રહોનેમાટે સમાન છે તેમ મોક્ષના દરવાજા સર્વેને માટે ખુલ્લા છે. પરંતુ તે દરવાજાપર પોહોંચવા દૃઢ નિશ્ચય અને સદ્‌બુદ્ધિથી અને પવિત્ર અંતઃકરણથી જેઓ સત્ય પુરૂષાર્થ કરેછે તેઓજ પોતાના સ્વધામમાં વિરામ પામવા શક્તિવાન થાયછે. જેમ કેઃ—

“એક આંધળો હતો તે એક કિલ્લાની આસપાસ હાથ દઈ બારણું હાથ લાગે તો અંદર પેસવાને પ્રયત્ન કરતો હતો, પરંતુ ફરતાં ફરતાં બારણું નજદીક આવતાં તેના શરીરે ખજવાળ આવી એટલે ખજવાળતાં ખજવાળતાં બારણું મુકી પાછો તે આગળ ચાલ્યો અને માર્ગ મળ્યો નહીં. એ પ્રમાણે અનેક ફેરાઓ મારી કર્યાં પરંતુ દરવાજાનો તેને પત્તો લાગે નહીં ત્યારે કોઇ એક પરમાર્થી તેને મળતાં માર્ગ બતાવી તેને કિલ્લામાં જવાને રસ્તે પાડયો.”

એજ પ્રમાણે જ્યાં સુધી સદ્‌ગુરૂની કૃપા અને આત્મતત્વના બોધના ઉપદેશ વગર આ

વિકારરૂપી સંસારમાં અંધકારરૂપી આવરણના કારણમાં મનુષ્યોને મંદબુદ્ધિના કરી મેલ્યા છે તે મટી શકતા નથી. કેહેવત છે કે કાળ, ધૈર્યતા, અને મેહેનત મોટા ડુંગરનાં પાંદડાંને સાદીન બનાવી દેછે, તો સત્ય પુરૂષાર્થ આગળ બીજું શું છે? પરંતુ તે પુરૂષપ્રયત્ન શુદ્ધ અને નિષ્કામબુદ્ધિથી કરવામાં આવે તો સર્વકારણના નિયમ પ્રમાણે મોડાં યા વેહેલાં તેનાં શુભ પરિણામ આવ્યા વગર રેહેતાંજ નથી.

પ્રીય વાંચનાર! સર્વે પવિત્ર શાસ્ત્રોમાં જુદેજુદું જણાવવામાં આવ્યું છે કે મુક્તિ મેળવવા કે સંસારબંધનના ફેરામાંથી મુક્ત થવાના સાધનરૂપ આપણે પોતેજ છીએ. બીજો કોઈ પણ આપણી સ્થળે તે કામ બજાવવાને આવનાર નથી. વાસ્તે પવિત્ર શાસ્ત્રોની આજ્ઞાઓનું ઉલંઘન ન કરતાં જેને પોતાની જીંદગીનું સાર્થક્ય કરવા ઇચ્છા છે તેને તો હમેશ નિર્મળતા અને શુદ્ધ અંતઃકરણથી પોતાની જીંદગી ગુજારવી જોઇએ છીએ. અને પોતાના બંધુઓ માટે સ્વાર્થરહિત ખરા મનરંગીપણાથી તેઓના ભલાના કાર્યોમાંજ હમેશ તત્પર રેહેવું જોઈએ છીએ.

સામાન્ય બંધુભાવનો હવે ત્યારે ખુલ્લો અર્થ એ થાયછે કે દરેક જુદી જુદી જાત—જાત અને ધર્મના લોકોતરફ માયા-મમતા અને દયાભાવની લાગણીની ગાંઠથી હમેશ બંધાઇ રેહેવું. તેમ કરવાથી સામાન્ય પ્રેમ અને દયાના અંકુરો જે આપણામાં ફુટેછે તેથી મનુષ્યપ્રાણીને જુદું માલમ પડી આવેછે કે મનુષ્યમાત્રના ભલા તરફ નજર કરવામાં અને તેમનું ભલું ઇચ્છવામાં તેનું પોતાનુંજ ભલું અને લાભ થવાના હેતુઓ સમાયલા છે. આ હેતુ બ્રહ્મજ્ઞાનમંડળનો મુખ્ય પાયો છે એટલુંજ નહીં પરંતુ તે તેની જીંદગી અને પ્રાણ સમાન છે. આ મંડળ મતાભિમાન કે ધર્માંધપણામાં ડુબાવનારૂં નથી. જે એ મંડળનો મુદ્રાલેખ "सत्यात् नास्ति परो धर्मः:—There is no Religion higher than Truth." છે તે સિદ્ધ કરી આપેછે કે દરેક ધર્મો અને જુદાઇઓમાં જે સત્ય હોય તેને માન આપવું. આથી બીજો કયો હેતુ કેવો જોઇએ વારુ!

બ્રહ્મજ્ઞાનમંડળ પૂર્ણ ખાતરીથી જાણેછે કે દરેક મનુષ્યજાતિઓના ભિન્નભિન્ન વર્ગ હોવા સમુદાયનાં કારણો કાંઈ આશ્ચર્ય કે ગુરૂબાપી નથી, પરંતુ થાય કાળના અનેક કારણોના યોગે થએલાં છે. દરેક મનુષ્યની રીતભાત બીજા દરેક મનુષ્ય જાતી સાથે મળતી આવતા ઇચ્છા રાખેથી ફોકટ છે. નાસ્તિકો, જડવાદિઓ, અને બીજા એવી ઘણી જાતોના બુદ્ધિહીન અને અવિચારી રીવાજો અને કાયદાઓ હોયછે જે કુદરતી કાયદાઓ કરતાં તદ્દન ઉલટા હોયછે કે તેઓને બ્રહ્મજ્ઞાનનું જ્ઞાન પણ થવું ઘણું મુશ્કેલ છે. બ્રહ્મજ્ઞાનનો ધ્યેય આર્યઋષિઓના વેદાંતના અભ્યાસની શાખાઓને લગતો છે. તે સિદ્ધ કરી આપેછે કે એવા સંપ્રદાયો, અંધશ્રદ્ધાઓ, અને ભિન્નભિન્નતાઓ મનુષ્યોના હૃદયોમાં ભરેલી હોયછે, તેનાં મૂળકારણો મનુષ્યની કુદરતી માનસિક શક્તિની નબળાઇને લીધેજ હોયછે, અને જ્યાંસુધી તેથી કુદરતી જાતિવાનો ઉપર મનુષ્ય કાબુ મેળવી પોતાના બુદ્ધિચૈતન્ય અને બ્રહ્મજ્ઞાનની શક્તિ જાહેર કરી નથી ત્યાંસુધી મનુષ્ય જાતિઓમાં જે ભિન્નભિન્નતાનાં લક્ષણો પડેલાં છે તેમાં ખરેખર આશ્ચર્યભાવ કે જ્ઞાનભાવ થયો કાયદું છે. વાસ્તે એ વિષય ધ્યાનમાં રાખી બ્રહ્મજ્ઞાનમંડળ

મુખ્યત્વે કરી મનુષ્યના બુદ્ધિચૈતન્ય અને આધ્યાત્મિકજ્ઞાનની ઉન્નતિ થવા માટેના ઉપદેશપર વધારે લક્ષ આપી લોકોમાં તેઓના કલ્યાણનો ઉચ્ચ રસ્તો બતાવવા યત્ન કરેછે. આમ કરતાં પણ આ મંડળ કોઇને પોતાનો સ્વધર્મ ત્યાગ કરવાનું કદી સુચવતું નથી પરંતુ એ મંડળ એટલીજ અપેક્ષા રાખેછે કે સર્વ કોઈ પોતપોતાના ધર્મમાં રહેવાં સત્ય ઉપદેશને વળગી ચાલે તો વધારે લાભકારી થાય. હાલમાં દરેક ધર્મોમાં વા ન્યાત, જાત અને વર્ણોમાં જે વેરભાવ અને કુસંપનાં બીજો પ્રસરેલાં છે તે તેઓના ટુંક વિચાર અને અજ્ઞાનતાના યોગે કરીને હોયછે. પરંતુ બ્રહ્મજ્ઞાનના બોધથી જો આ સર્વેનાં મૂળતત્વોનો ઉંડાણથી શોધ કરવામાં આવે તો સત્યશોધકને તેની સત્યતા માલમ પડી તે એકજ ઝાડનાં ડાળાં છે એવું જણાયા વગર રહેશે નહીં.

જેઓ મુખ્ય ભ્રાતૃભાવના હેતુની વિરૂદ્ધ હોયછે તે કદી પણ બ્રહ્મજ્ઞાની કહેવાતો નથી. આ કલીયુગના સમયમાં, ચડતી કળાકૌશલ્યતા અને વિચારોના પુરાપણામાં મનુષ્યોની વિચારશક્તિ જુલમ અને અન્યાયમાં કેટલી દબી રહેશે ? જો ન્યાત અને જાતના મોટાં મોટાં ભિન્નતાનાં જે વડાઓ પડ્યાં છે તેનાપર સમભાવની નજર નહીં રખાય તો પરિણામ કેટલું બુરૂ આવ્યું છે અને આવશે ? દરેક મનુષ્યપ્રાણી તરફ પ્રેમભાવથી થાવઉં એ સર્વ ધર્મો પ્રતિપાદન કરેછે. ઈશ્વરને પિતારૂપ માનવો અને મનુષ્યોમાં ભ્રાતૃભાવ કરવો એ દરેક ધર્મનો મૂળ પાયો છે કે જે મનુષ્યને મનુષ્ય તરફ ઉચ્ચ વા નીચ, દ્રવ્યવાન કે ગરીબ, કાળો કે ગોરો ગમે તેવો હો, તોપણ તેના તરફ ભાઇબંધીથી વર્તતાં શિખવે છે. બ્રહ્મજ્ઞાનમંડળમા ભ્રાતૃભાવથી કેવી રીતે વર્તવામાં આવેછે તેનો ખ્યાલ વાંચનારે કરી લેવો ઠીક છે. આપણી વર્તમાનસ્થિતિ શું સંતોષકારક છે ? નહીંજ, નહીંજ ને નહીંજ. તમે એમ ધારોછો કે એ નાના મંડળમા તેનો અવાજ હવામાં ઉડી નાશ પામવા સરખો થશે ? અરે ! તે કદી પણ નાશ પામે નહીં અરે' તેને જાગૃત કરો તેને આપણામાં અરસપરસ પુરૂષાર્થ કરી કેળવો, અને પછી તેનો જુદે જુદે સ્થળે ફેલાવો કરો. ભ્રાતૃભાવ કરવાની જે પવિત્ર ફરજ છે તે અદા કરવામા અને દરેક મનુષ્યમાં તેના પવિત્ર હેતુઓનું અનુકરણ કરાવવાનો ફેલાવો કરવામાંજ જીંદગીનુ સાફલ્ય છે. જો આપણે ખરા જીગરથી આ હેતુનું અનુકરણ કરી શકીશું, અને આપણા પાડોશીઓને આપણા બંધુઓ જાણી તેમનાપર પ્રેમભાવની નજરથી જોઇશું તો હું કહુંછું કે આપણે નીતિમાર્ગના ઉચ્ચ પગ-પર ચડવા શક્તિવાન થઈશું કે જેને માટે શાસ્ત્રકારો ખુલ્લેખુલ્લું જણાવી ગયા છે કે સ્વચ્છ અંતઃકરણ, શુભવાક્ય, અને ઉત્તમ કર્મો કરવાથીજ આપણને લાભ અને મોક્ષરૂપ સાધન મેળવવા શક્તિવાન થવાય છે.

આપણી જીંદગી તો એક સ્વપ્નું છે. તે પલકારાની અંદર વીજળીના ઝબકારાની માફક ઉડી જનાર છે. આ સંસારમાં લાંબામાં લાંબી જીંદગી ભોગવવી એ તો એક હવાઈ ખ્યાલ છે અને તે અતિશૂલ ભરેલો છે. આ લોકની જીંદગીનું સુખ ખરેખરી રીતે જોતાં તો અતિ દુઃખમય છે. છતાં આપણે આપણા બંધુઓ સાથે નાશવંત અને માયામયી ચીજો માટે અરસપરસમાં ફિટંટ શું કરવા વઢવું જોઈએ છે? ખરેખર! આપણે તો માયા, મમતા

અને દયાભાવથીજ તેમો સાથે વર્તવું ઘોગ્ય છે અને કુસંપ અને કુબુદ્ધિનો નાશ કરી સ્નેહસંપના પરિણામો પ્રગટાવવા જોઇએ છે.

ખ્રીસ્તિઓનો એક ધર્મગુરુ સેન્ટ જેમ્સ કહેછે કે "ક્રોધથી ભરેલા મનુષ્યને પરમેશ્વરના દ્વારનો ખરો રસ્તો મળી શકતો નથી." ખરેખર' ત્યારે દરેક મનુષ્યની ફરજ છે કે તેના પોતાનામાં જે દુર્ગુણો અને દુરાચાર હોય તે દરગ્યાથી અને શાંતપણે દૂર કરવા જરૂર છે. આવી જુસ્સાભર્યું આગ્રમ પડેછે અને ઘણા વિદ્વાનોએ પણ એ વાત કબુલ રાખી છે કે વતના જુસ્સા કરતાં નીતિમાર્ગનો જુસ્સો વધારે મજબુત થાયછે હવે ત્યારે આપણી પાસે જેવા જ્ઞાનરૂપી બળ અને શક્તિ છે તેનો [redacted] આપણે દઢઅભ્યાસશક્તિના યોગે સદુપયોગ કરવા ઇચ્છા રાખીશું તોજ આપણે ફતેહ પામીશું. આપણે પોતે એક સંપરૂપ થઇએ. આપણા સર્વેનાં જુસ્સો ભેળા કરી તેને મોટા શક્તિરૂપ બનાવી જગતમા સામાન્ય ભ્રાતૃભાવ અને પ્રેમભાવ કરવાના બોધનો ફેલાવો કરવાની આપણી પવિત્ર ફરજ છે તેપર પૂર્ણ ભારવા રાખી આપણે સર્વે દુનિયાને શત ભ્રાતાં દેહાત્મવાદમાંથી છુટા કરી અધ્યાત્મવાદમાં તેઓની મોટી ઉન્નતિ કરી શકીશું.

કોઈ કદાચ કહેશે કે આ મંડળે હાલમાં કાર્યો મનોકલ્પિત અને આધારવગરના છે તો મને જણાવવા દો કે હવે એવો કોઇ પણ દિવસ આપણે દેખવાનો નથી કે સર્વત્ર શોક અને ધર્મોમાં ભોગના વાદ અથવા લડાઈઓ કે જય પરાજય થવો બંધ પડે પરંતુ આ મંડળના નેતુઓએ પોતાની યથાશક્તિ અને નમ્ર રીતિ નિષ્ઠા મુજબ ભ્રાતૃભાવનો સામાન્ય અને પવિત્ર હેતુ એકલ રચાશે નહીં પરંતુ દુનિયાના સર્વે ભાગોમાં પ્રકાશવાનો નિશ્ચય કરેલો છે કે જેથી દરેક ભાવના વિદ્વાન, દીર્ઘદર્શી અને ઉત્તમ જ્ઞાની પુરૂષોને તેઓ પોતાની સાથે આ ઉત્તમ કામમાં જોડવાથી કામ કરવા આમંત્રણ કરેછે. પશ્ચિમમાં થોડામાં થોડી પાશ્ચાત્યોની વૃદ્ધિઓ કઈક વરસોમાં થઈનથી, પરંતુ સદીઓની સદીઓ તેની પરિપાકદશા થવામાં લાગી છે. માટે ઉતાવળથી કંઇ પણ કાર્ય નહીં કરતાં ધીરજથી કાર્ય કરતાં તેના ફળ હમેશ ફળ થવાવગર રહેવાના નથી એ નિશ્ચય જાણું

સાધારણ મનુષ્યોનો સમુદાય થયો હોવછે પરંતુ તે શિવાય વધારે કાંઈ પણ તપાસ કરી શકી નથી તેજ પ્રમાણે આશા નુકશાનરૂપી ભાઈઓમા કુમેળા, કંગાલપણા, અને શાંતિવગરના મનુષ્યો પાસેથી વધારે લાભ મળવાનો સંભવ રાખવો ફોગટ છે. માટે આ મંડળ નિરભિમાની અને શાંતપણે પોતાના ઉત્તમહેતુઓના કાર્યો કર્યા જાયછે. જણાવવાને ખુશી થાયછે કે યુરોપ, અમેરિકા અને આપણા હિંદદેશના ઘણા ઘણા નિષ્પક્ષપાતી વિદ્વાનો અને ધર્મોધપણાના વેરીઓની જાતમા નહીં ફસનારા ઘણી જાતના લોકોએ આ મંડળના હેતુઓનું અનુકરણ કરી મંડળમાં દાખલ થયા છે.

બ્રહ્મજ્ઞાનમંડળનો આરંભ થયાને ઓછા હાલ થોડાં વરસો થયાં છે છતાં તેની દુનિયાના તમામ ભાગોમાં એટલી અસર થઈ છે કે આજે યુરોપ, અમેરિકા, ઇગ્લાંડ, ફ્રાન્સ, જર્મની, હોલાંડ, આફ્રિકા, ઇટલિઆ, આસિયા, જપાન, સિલોન, આસ્ટ્રેલિયા, અને હિંદુસ્તાનમાં સર્વે ઠેકાણે ઠેકાણે તેની મોટી મોટી શાખાઓ સ્થપાઈ છે. હિંદુસ્તાનમાં આ મંડળની એટલી બધી શાખાઓ છે કે જે આ મંડળનો કોઈ પણ જાતું કેપ કોમદીલથી

મુખ્યત્વે કરી મનુષ્યના બુદ્ધિચૈતન્ય અને આધ્યાત્મિકજ્ઞાનની ઉન્નતિ થવા માટેના ઉપદેશપર વધારે લક્ષ આપી લોકોમાં તેઓના કલ્યાણનો ઉચ્ચ રસ્તો બતાવવા યત્ન કરેછે આમ કરતાં પણ આ મંડળ કોઇને પોતાનો સ્વધર્મ ત્યાગ કરવાનું કહી સુધારતું નથી પરંતુ એ મંડળ એટલીજ અપેક્ષા રાખેછે કે સર્વ કોઈ પોતપોતાના ધર્મમાં રહેલાં સત્ય ઉપદેશને વળગી ચાલે તો વધારે લાભકારી થાય હાલમાં દરેક ધર્મોમાં વા ન્યાત, જાત અને વર્ણોમાં જે વેરભાવ અને કુસંપનાં બીજો પ્રસરેલા છે તે તેઓના ટુંક વિચાર અને અજ્ઞાનતાના યોગે કરીને હોવાછે. પરંતુ બ્રહ્મજ્ઞાનના બોધથી જો આ સર્વેનાં મૂળ-તત્ત્વોનો ઉંડાણથી શોધ કરવામાં આવે તો સત્યશોધકને તેની સત્યતા માલમ પડી તે એકજ માતના છોરાં છે એવું જણાયા વગર રહેશે નહીં

એઓ મુખ્ય ભ્રાતૃભાવના હેતુની સિદ્ધ હોવાછે તે કદી પણ બ્રહ્મજ્ઞાની કહેવાતો નથી આ કલીયુગના સમયમાં, ચડતી ઝગડાખોરાઓના અને વિચારોના મુકાબલામાં મનુષ્યોની વિચારશક્તિ જુસ્સા અને અજ્ઞાનમાં ફેકી દઇ રહેલી ? જો ન્યાત અને જાતના મોટા મોટા ભિન્નતાના જે તડાઓ પડ્યા છે તેનાપર સમભાવની નજર નહીં રખાય તો પરિણામ કેટલું ભુંડું આવ્યું છે અને આવશે ? દરેક મનુષ્યપ્રાણી તરફ પ્રેમભાવથી વર્તવું એ સર્વ ધર્મો પ્રતિપાદન કરેછે ઈશ્વરને પિતારૂપ માનવો અને મનુષ્યોમાં ભ્રાતૃભાવ કરવો એ દરેક ધર્મનો મૂળ પાયો છે કે જે મનુષ્યને મનુષ્ય તરફ ઉચ્ચ વા નીચ, ધનવાન કે ગરીબ, કાળો કે ગોરો ગમે તેવો હો, તોપણ તેના તરફ ભાઈબંધીથી વર્તવાં શિખવે છે બ્રહ્મજ્ઞાનમંડળમાં ભ્રાતૃભાવથી કેવી રીતે વર્તવામાં આવેછે તેનો ખ્યાલ વાચનારે કરી જુવા ઠીક છે આપણી વર્તમાનસ્થિતિ શું સંતોષકારક છે ? નહીંજ, નહીંજ ને નહીંજ. વળી ભ્રમ લાગતા કે એ નાના મંડળમાં તેનો અવાજ હવામાં ઉડી નાશ પામવા સરખો ગણાય ? અરે ! તે કદી પણ નાશ પામનાર નહીં. અરે ! તેને બહુજ કરો તેને આપણાના અંતઃકરણ પૂર્વક ગ્રહણ કરી કેળવો, અને પછી તેનો જુદે જુદે સ્થળે ફેલાવો કરો ભ્રાતૃભાવ કરવાથી જે પવિત્ર ફરજ છે તે અદા કરવામાં અને દરેક મનુષ્યમાં તેના પવિત્ર હેતુઓનું અનુકરણ કરાવવાનો ફેલાવો કરવામાંજ જીંદગીનું સાફલ્ય છે. જો આપણે ખરા જીગરથી આ હેતુનું અનુકરણ કરી ચાલીશું, અને આપણા પાડોશીઓને આપણા બંધુઓ જાણી તેઓનાપર પ્રેમભાવની નજરથી જોઇશું તો હું કહું છું કે આપણું નીતિમાંહેના ઉચ્ચ પાયાપર ચડવા સંભવિત થઇશું કે જેને માટે હાલમાં ઘણુંકરીને ખુલ્લેખુલ્લું જણાઈ આવે છે કે સ્વચ્છ અંતઃકરણ, શુભવાસના, અને ઉમદા કર્મો કરવાથીજ આપણને લાભ અને ભલુંરૂપ સાધન મેળવવા સંભવિત થવાય છે.

આપણી દ્રષ્ટી તો એક સ્થળે છે કે [illegible] ઘણા પ્રકાર છે આ સંસારનાં [illegible] છે અને તે [illegible] દુઃખમય છે [illegible] આપણું તો [illegible]

બ્રહ્મજ્ઞાનમંડળ અને તેના હેતુઓ.

અને દયાભાવથીજ તેઓ સાથે વર્તવું યોગ્ય ■ અને કુસંપ અને કુ
કરી સ્નેહસંપના પરિણામો ઝળકાવવા જોઈએ છે.

ખ્રીસ્તિઓનો એક ધર્મગુરૂ સેન્ટ જેમ્સ કહે છે કે "ક્રોધથી ભરેલ
પરમેશ્વરના દ્વારનો ખરો રસ્તો મળી શકતો નથી." 'ખરેખર' ત્યારે
ફરજ છે કે તેના પોતાનામાં જે દુર્ગુણો અને દુરાચાર દોષ તે દઢતાથી અને
કરવા જરૂર છે. આવી મુશ્કેલીભર્યું માલમ પડેછે અને ઘણા વિદ્વાનોએ પણ એ
રાખી છે કે તનના જુસ્સા કરતાં નીતિમાર્ગનો જુસ્સો વધારે મજબુત થાયછે
આપણી પાસે સેવા જ્ઞાનરૂપી બળ અને શક્તિ છે તેનો જો આપણે દઢપ્રમાણિ
સદુપયોગ કરવા ઇચ્છા રાખીશું તોજ આપણે ફતેહ પામીશું. આપણે પોતે
રૂપ થઈએ. આપણા સર્વેનાં ઉભરો ઐક્ય કરી તેને મોટા શક્તિરૂપ બનાવી
સામાન્ય ભ્રાતૃભાવ અને પ્રેમભાવ કરવાના બોધનો ફેલાવો કરવાની
પવિત્ર ફરજ છે તેપર પૂર્ણ આસ્થા રાખી આપણે સર્વ દુનિયાને [illegible]
માંહી ઘણા કરી અધ્યાત્મવાદમાં તેઓની મોટી ઉન્નતિ કરી શકીશું.

કોઈ કદાચ કહેશે કે આ મંડળે દર્શાવેલાં કાર્યો મનોકલ્પિત અને આધાર
છે તો મને જણાવવા દ્યો કે હવે એવો કોઈ પણ દિવસ આપણે દેખવાનો નથી કે
લોકો અને રાજ્યોમાં બોલવાના વાદ અથવા લડાઈઓ કે જય પરાજય થવો બધ
પરંતુ આ મંડળીના બંધુઓએ પોતાની યથાશક્તિ અને નમ્ર રીતિ નિતી મુજબ
ભાવનો સામાન્ય અને પવિત્ર હેતુ એકજ રચવે નહીં પરંતુ દુનિયાના સર્વ ભા
પ્રસારવાનો નિશ્ચય કરેલો છે કે જેથી દરેક જાતના વિદ્વાન, દીર્ઘદર્શી અને ઉત્તમ
પુરૂષોને તેઓ પોતાની સાથે આ ઉત્તમ કામમાં જોડવાથી કામ કરવા આમંત્રણ કરે
પશ્ચિમમાં મોટામાં મોટી પાઠશાળાઓની વૃદ્ધિઓ કંઈ દશ વરસોમાં થઈનથી, પરંતુ સદીઓ
ની સદીઓ તેની પરિપક્વતા થવામાં લાગી છે. માટે ઉતાવળથી કંઈ પણ કાર્ય નહીં કર
ધીરજથી કાર્ય કરે તેનાં તેના ફળ હમેશા ઉત્તમ થયાવગર રહેવાનાં નથી એ નિશ્ચય જાણ

સાધારણ મધમાખીઓનો બણબણાટ ઘણો હોયછે પરંતુ તે મીણ સિવાય બધા
કંઈ પણ બનાવ કરી શકતી નથી તેજ પ્રમાણે આશા તૃષ્ણારૂપી ખાઈઓમાં ડુબેલા, સ્વ
ભાગના, અને શાંતિવચરના મનુષ્યો પાસેથી વધારે લાભ મળવાનો સંભવ રાખવો કોઈક
છે. માટે આ મંડળ નિવૃત્તિથી અને શાંતપણે પોતાના શુભહેતુઓનાં કાર્યો કર્યાં જાયછે.
જણાવવાને ખુશી ઉપજે છે કે યુરોપ, અમેરિકા અને આપણા હિંદુસ્થાના ઘણા ઘણા નિષ્પ
ક્ષપાતી વિદ્વાનો અને ધર્માંધપણાના વહેમોની જાળમાં નહીં ફસનારા વળી જાતના લોકોએ
આ મંડળના હેતુઓનું અનુકરણ કરી મંડળમાં દાખલ થયા છે.

બ્રહ્મજ્ઞાનમંડળનો આરંભ થયાને જોકે હાલ થોડાં વરસો થયાં છે છતા તેની દુ-
નિયાના તમામ ભાગોમાં એટલી અસર થઈ છે કે આજે યુરોપ, અમેરિકા, ઇંગ્લાંડ, ફ્રાન્સ,
જર્મની, હોલાંડ, આફ્રિકા, રૂશિયા, આશિયા, જાપાન, સિલોન, આસ્ટ્રેલિયા, અને હિં-
દુસ્તાનમાં સઘળે ઠેકાણે ઠેકાણે તેની મોટી મોટી શાખાઓ સ્થપાઈ છે. હિંદુસ્તાનમાં
આ મંડળની એટલી બધી શાખાઓ છે કે જે આ મંડળનો કોઈ પણ બંધુ કેપ [illegible]

તે પવિત્ર હિમાલયસુધી મુસાફરી કરવા ઇચ્છા રાખે તો તેને દરેક ગામો વા શેહેરોમાં બ્રહ્મજ્ઞાન મંડળના બંધુઓ તરફથી તેને બંધુત્વભાવથી મોટો આવકાર મળ્યા વગર રહેશે નહીં. આ મંડળે આરંભેલું શુભકાર્ય નાશ પામનાર નથી, પરંતુ ભવિષ્યની સંતતિના લોકો તેના ઉત્તમ પ્રેમ અને જ્ઞાનનો લાભ લેવા વધારે સમર્થ થશે.

ગુંથ નામનો એક વિદ્વાન કહેછે કે " વર્તમાન સમય ઘણો બળવત્તર છે. મનુષ્યના પવિત્ર વિચારો તેની ઉત્તમ ઉત્પત્તિ છે કે જે એક વખત શુદ્ધભાવનાએ બંધાયા અને તેનો પવિત્ર ઉપયોગ કરવામાં આવ્યો તો વખત જતાં તેના અમૃતરસની અસરો હજારો વરસો અને વંશપરંપરા સુધી ચાલવા સમર્થ થશે. જમીનમાં એક નાનું બી વાવ્યાથી મોટામાં મોટાં સુંદર ઝાડો અને રોપાઓ ઉગી નિકળેછે. તેટલામાટે અંતરજ્ઞાન અને અંતઃકરણની કુદરતી પવિત્રતા ખીલવાથી મનુષ્યની ઉત્તમ વર્તણુકની ઉન્નતિનું વલણ જન્મ પામેછે.

ઈંગ્લાંડના વધારા સબંધી લખનાર મી. સીલી નામના ગ્રંથકારે લખનાં કહ્યુ છે કે " હિંદુસ્તાનની બરોબરી કરવા બીજો કોઈ પણ જગા નથી. આખા હિંદુસ્તાનમાં એક્યતા નથી માટે સરલ રસ્તે કામ કરવા હમેશ તત્પર રેહેવું જોઈએ છીએ. પ્રથમ હિંદુના ભિન્નભિન્ન થઈ રહેલા ન્યાતજાત અને વર્ણોના સમુદાયોના મામલાને એકયતાની ગાંઠમાં જોડવા પુરૂષાર્થ કરવાની ઘણીજ જરૂર છે કે જે દેશ આપણા દેશના લોકોની દયાભાવની લાગણીમાંથી કેવળ દુર થઈ રહ્યો છે. "

આ બાબત ક્યારે બનશે કે આપણામાં **સમભાવની** લાગણી વધી અને આપણામાં એકબીજાની ખણખોદની લાગણી દુર થઈ તેઓનું નીતિ અને **બુદ્ધિજ્ઞાન** ખીલવવામાં આવે ત્યારે અરસપરસનો ગાઢ **ભ્રાતૃભાવનો** સંબંધ બંધાશે. તેઓ ગમે તે ધર્મના હોય પરંતુ તેઓને આપણા દેશીઓ સાથે **પ્રેમભાવથી** હળીમળી ચાલતાં શિખવવું જરૂરનું છે અને હિંદના કરોડો દુઃખીતોની સુખશાંતિનો ખરો માર્ગ તેઓને બતાવવો જોઈએ છે. સ્વદેશહિતેષી અને પરદુઃખ ભંજનની લાગણીવાળાઓને મારી નમ્રતાપૂર્વક અરજ છે કે **બ્રહ્મજ્ઞાનમંડળનું** વિશાળ ક્ષેત્ર કે જે જ્ઞાત, જાત, અને ધર્મના તફાવતને દુર રાખી **સમભાવ** અને **ભ્રાતૃભાવ** કરતાં શિખવેછે તેમાં એકઠા મળી પોતાના **આત્માને** ઓળખવા શક્તિવાન થવું. અરે એટલુંજ નહીં પરંતુ **ભ્રાતૃભાવના** પવિત્રહેતુની ઉન્નતિ કરવી. હે સ્વદેશહિતેષી ભાઈઓ ! તમારામાંના થોડાક સજ્જનો હિંદુસ્તાનના દરેક શેહેરો અને ગામડાઓમાં **પ્રેમભાવ** અને **સમભાવ** વધારવાનાં અગત્ય સુખારૂપી સાધનોનો ઉદ્દેશ આપણા દેશીભાઈઓમાં કરો. હું ખાતરીથી કહુંછું કે તેવા ખરી લાગણીવાળા પરદુઃખભંજન પુરૂષો પોતાની ફરજ અદા કરવા મેદાન પડે અને આ આર્યાવર્તની પ્રાચીન સ્થિતિની ઉન્નતિમાટે પૂર્ણ રીતે પુરૂષાર્થ કરે તો ખરેખર તેઓના પ્રયત્નના પ્રમાણમાં જશ મળ્યાવગર રેહેજ નહીં. ભાઈઓ ! જો તમો સર્વ ધર્મોમાં પ્રેમ, સંપ અને શાન્તિ કરાવવામાં ફતેહ પામશો, આખા ભારતવર્ષના અને મનુષ્ય પ્રાણીમાત્રના ભલામાટે એક્યતાથી કામ કરશો, અને તેથી પણ વધારે આપણી પ્રતાપી મહારાણી

શ્રી ક્વીનએમપ્રેસ વીક્ટોરીયાના ન્યાયી રાજ્ય તરફ વફાદારી રાખશો તો તમે તમારી નીતિમાર્ગની વડાઇનો મોટો જય મેળવેલો ગણાશે. અરે! એટલુંજ નહીં પરંતુ તમારી રાજ્યકર્તા તરફની વફાદારી બતાવવાના તમો કારણરૂપ થશો. અરે! તેથી પણ વધારે તમે આ માયિક સંસારના બંધનમાંથી મુક્ત થઈ આલોક અને પરલોકના સુખનું સાધન મેળવવા ભાગ્યવાન થશો

હવે બ્રહ્મજ્ઞાનમંડળના બીજા ■ હેતુઓ પ્રાચીન આર્ય ધર્મશાસ્ત્રો અને તેમાં રહેલી ગુપ્તવિદ્યા અને મનુષ્યમાં રહેલી આત્મશક્તિનું જ્ઞાન સંપાદન કરાવવા વિષેનો છે. તેમાંના પ્રથમ તરફ કોઈ પણ દીર્ઘદર્શિતાવાળો અને જ્ઞાની પુરૂષ ગુપ્તકાર કે અભાવ દેખાડી શકવાનો નથી. આ આર્યધર્મો શિખવવા અને તેની ઉન્નતિ કરવામાં મૂળ મારો હેતુ એ છે કે કોઈ પણ કાળાંતરે આપણા છિન્નભિન્ન થઈ ગયેલા આર્યોને સમજવાની સપાટી ઉપર લાવી તેઓના પૂર્વજોએ સ્થાપેલા સુખોનું તેઓને ભાન કરાવે કે એ માટે પ્રાચીન ઋષિમુનિઓ અને જ્ઞાની પુરૂષોએ વારંવાર પોકારીને જણાવેલું છે કે આખા જગતમાંના સર્વે ધર્મો અને રીતભાતોનો મૂળ પાયો એજ છે. વાસ્તે હાલના સંજોગોમાં આ મંડળના હેતુથી આપણી પ્રાચીન માતૃભાષા જે સંસ્કૃત તેની ઉન્નતિ કરવામાટે ઘણા ઘણા સ્થાનોમાં સંસ્કૃત પાઠશાળાઓ સ્થપાતી જાય છે તે ઘણી આનંદ પામવાની વાત છે. એટલુંજ નહિ પરંતુ ભારતના કાંઈ દરદના ચિન્હ જણાયછે. હિંદની નિશાળો અને કોલેજોમાં શિખાવવા હિંદી જુવાનો કે જેમનાપર હિંદના ભવિષ્યનાં સુખો અને તેઓની ભવિષ્યની ઉન્નતિનો આધાર ગણાય રહેલો છે તેઓ પોતાના પૂર્વજોએ સ્થાપેલા ઉત્તમ હેતુઓનું અવલોકન કરવા લાગ્યા ■ એટલુંજ નહીં પરંતુ આર્યોમાં સમભાવ કરાવવાની લાગણી તેઓમાં ઉત્પન્ન થવા લાગી છે. એજ રીતે સર્વે આર્યબંધુઓ પોતપોતાના તન મન અને યથાશક્તિ ધનથી મદદ કરી એક સંપ કરી તો ઘણી પ્રજાની આત્મિકશક્તિ સ્વતંત્ર અને પ્રમાણમાં પ્રવેશ ન થતાં ઉત્તમ જ્ઞાનમાર્ગ પકડી આપણા હૃદયના અંતઃકરણમાં વસેલા પ્રેમવાળી સોહેલીપન સાદેએ અડેલા સ્વરાજ્યના ભલા સુખોનો લાભ લેવા આપણે ભાગ્યવાન થઈ અને હિંદની પ્રજાના સુખના સાધનરૂપ બની ઉત્તમ જ્ઞાનની ઉન્નતિ મેળવવા અને આપણી છિન્નભિન્ન થઈ ગયેલી દશા અને હાલ થયેલી સ્થિતિને પુનઃ સંપાદન કરવા સમર્થ થાશું

હવે આ મંડળનો ચોથો હેતુ એ છે કે મનુષ્ય પ્રાણીમાત્રના અતિ ગુપ્ત રીતે ગુપ્ત રહેલી અને દૈવીપ્રકૃતિની ભવ્ય અને અલ્પ મહાઅદ્ભુત શક્તિ જે રહેલી છે તેનું શોધન અને ઉન્નતિ કરવાનાં સાધનોનો વિચાર કરવાનો છે. આ ગુપ્તજ્ઞાનની ખોજની ઉન્નતિ થાય તો પુરતી રીતે ઉત્પન્ન થતા નુકશાન અને શક્તિ સંપાદન કરી મનુષ્ય ઉત્તમ જ્ઞાનનો અમૃતરૂપી રસ પીવાને ભાગ્યવાન થાશે

આપણા પ્રાચીન પૂર્વજોનાં દર્શનોથી આ બાબતનો સ્વતઃ સિદ્ધાન્ત છે. પરંતુ આ કાળે પશ્ચિમના અર્વાચીન વિદ્વાનોના શોધોથી શું દેખાઈ આવેલ છે કે જેઓએ જે હાલ

મેળવેલું છે તે ફક્ત આધ્યાત્મિક વિદ્યાની તેઓની અજ્ઞાનતાના અંધારાને લીધેજ છે. આપણા દેશના ઘણા ઘણા વિદ્વાનોએ પણ તેઓની માફક ભૂલો ખાધી છે. તેઓની આટલી કબુલાતથી ખાતરી થશે કે આર્યપૂર્વજોએ તેમનામાટે ઉત્તમ અને કીર્તિ- [illegible] એ વારસો રાખી ગયા છે તે આર્યો હાલમાં પશ્ચિમના દેશોના [illegible] ઓની સબંધી ઉંડાણુ વિચાર ન કરતા તેઓએ માનેલા નાશવંત સુખોમાં [illegible] લાગ્યો છે. આપણા સર્વેના જ્ઞાનનો [illegible] એકજ ઝાડમાંથી ફુટેછે. બહારનો પ્રકાશ બહારના જગતની શોધોનો ફેલાવો કરેછે અને અંતરજ્ઞાનનો પ્રકાશ અંતરજ્ઞાનનો પ્રકાશ કરેછે. આ ગુપ્તજ્ઞાન સબંધી હજુ સુધી પશ્ચિમના વિદ્વાનોએ ખંતીપણાથી પુરતું વિચાર કે શોધ કરી નથી તેથી આપણા પ્રાચીન પૂર્વજોના ઉત્તમ જ્ઞાનીઓનાં લખાણો સંબંધી તેઓ અજ્ઞાન છે. પરંતુ હાલમાં આ જ્ઞાનનું સંશોધન યુરોપ, અમેરિકા, વગેરે દેશોમાં આ બ્રહ્મજ્ઞાનમંડળના પ્રતાપથી થવા લાગ્યું છે. જ [illegible] પામવા જેવું છે પરંતુ આપણા [illegible] થવાને બદલે લાગણી શૂન્ય થતા જાયછે [illegible] છે

૬ [illegible] ડોક્ટર ઈ. ડી. બેબીટ નામે અમેરિકન નામાંકિત ગ્રંથકાર [illegible] 'રંગ અને પ્રકાશનાં તત્ત્વો' એ નામના પુસ્તકમાં [illegible] આકાશિક તત્ત્વના કરતાં [illegible] આધ્યાત્મિક [illegible] આકાશિક પ્રકાશના કરતાં ઝીણો અને સાધારણ [illegible] તેણે તે સંબંધી અનુભવ મેળવવામાટે [illegible] અંતરદૃષ્ટિના યોગે એક પ્રયોગ કર્યો [illegible] તેના રંગોની ખરી ખુબી જોવાને શક્તિ [illegible] "તેનું વર્ણન સાધારણ બુદ્ધિ કે વાણીથી [illegible] તેની કલ્પનાથી [illegible] કોઈ પણ કલ્પનાશક્તિ તેની [illegible] કલ્પનાશક્તિ [illegible] યુરોપમાં [illegible] સાધારણ રીતે કલ્પનાશક્તિ [illegible] અને ચમત્કારિક [illegible]

છે. આ પુષ્ટિપાની આપણી ટુંક દૃષ્ટીમાં આપણે આપણા સ્થૂળશરીરમાં એક બીજું સૂક્ષ્મ વા લિંગશરીર આપણે ઉભું કરવા શક્તિમાન થઈએ છીએ કે જે ઈશ્વર વા ચૈતન્યપ્રકાશ કરતાં પણ ઉત્તમ હોયછે. તેની શક્તિ, પ્રકાશ, અને સત્તાના યોગે કરી આ નાશવંત સંસારમાં આપણી વર્તણુકનો આધાર બંધાયછે. તેથી કરીને આપણા મહર્ષિઓ અને ઉત્તમ જ્ઞાની પુરુષોએ વારંવાર ઉત્તમ અમૃતમય બોધ આપેલ છે કે "શુદ્ધ અંતઃકરણ, નિર્મળ વિચાર, અને બોલવા અને કાર્ય કરવામાં ઉપયોગમાં રાખવું." થોડા વરસોપર મુંબઈગેઝેટમાં ન્યુયોર્કના એક રહેવાસુહાર? નામે વાક્ટર કાઉંસના એક દ્રષ્ટાંતો ઉતારો કરવામાં આવ્યો હતો કે જેમાં જણાવવામાં આવ્યું હતું કે તે પોતે અવિશ્વાસી હોવાથી એ બેઉ માનતો નહોતો પરંતુ જ્યારે તેણે પોતાના અંતઃજ્ઞાનપણુથી અનુભવ મેળવ્યો ત્યારે તેણે આ નાશવંત સંસારનો ત્યાગ કર્યો અને ડાક્ટરના પ્રોફેસરની દ્રષ્ટ જાણ્યા પછી તે પોતાનો ફુરસદનો તમામ વખત કેવળ પ્રજ્ઞાનના વિચારમાટે ગાળવા લાગ્યો અને આજે તે વોશિંગ્ટન પેહેરની પ્રજ્ઞાનમંડળની શાખાનો પ્રમુખ થવા શક્તિમાન થયો છે.

વળી ઈ. બી. બેબીટ પણ કહેછે કે "આ અલૌકિક જગતની બાહેર બીજું જગત્ સમાયલું આપણે જોતા નથી!" સેન્ટપોલે પણ સ્થૂળ, સૂક્ષ્મ વા લિંગ અને કારણશરીરમાટે પણ વિવેચન કર્યું છે. કોઈ વખત બોલેછે કે અમારા શરીરપર એક બીજું ફરિશ્તો આપણે જોઈ શકતા નથી શું? ખરેખર એક પ્રખ્યાત વિજ્ઞાનીના ચમત્કારની વિદ્યા જાણનારે એ બાબત અનુભવ મેળવેલો દર્શાવતાં જણાવ્યું હતું કે "મારા અનુભવ પ્રમાણે મેં ઘણી વખત એવાં શરીરોને જોયાં છે કે તેઓ ઘણીક વખત પોતાના શરીરથી જુદાં પડી પોતાના શરીરને જોતાં રહી તેમાં ફરી પાછો પ્રવેશ કરવા તેઓને ઘણી મુશ્કેલી માલુમ પડી છે. દૃષ્ટિના જાણવાની દોરીને મૃતશરીર સાથે બંધાયેલું કરી શકાયછે, અને જ્યાં કોઈ વખત ચાહુંત નહીં થઈ શકે તેવા અવર જગતના ચમત્કારો જોઈ શકેછે."

ડાક્ટર હક્રીબસેન્ટ પોતાના પુસ્તકમાં એક સુતાર કે જે એક ઘરની ઉપરના છાપરાથી નીચે જમીનપર પડેલો તેના વિષે લખતાં જણાવે છે કે "તે સુતારે કહ્યું હતું કે જેવો હું બીજીજપર પડ્યો કે તુરત ફુટીર મારી ઉઠ્યો અને મારું નવું શરીર જાણે હલેચ થયું હોય તેમ લોકોની ભીડસાથે મારા જુના શરીરને જોતો ઉભો રહ્યો હતો. મેં લોકોને મારું પૂર્વનું શરીર ઉંચકતાં જોયા અને મેં મારા શરીરમાં ફરી પ્રવેશ કરવાના ઘણા ઘણા નિષ્ફળ પ્રયત્નો કર્યા અને આખરે હું ફતેહ પામ્યો."

આ શું! અજાયબી ઉપજાવનારા વિચાર નહિ કે જે નાશવંત ઇંદ્રિયોની નિશાની આપી તેથી પણ વધારે અંતર્દૃષ્ટિની સાથે વધારે નજદીક હોયછે તેની ખુબસુરતી કરી આપે છે. આપણું આ સ્થૂળ એટલે મળમૂત્રનું શરીર અગ્નિ કે અગર પક્ષિઓ તેને ખાયછે, અને મુવા પછી જુદા જુદા તત્વોમાં તે મળી જાયછે પણ ચૈતન્ય શરીર, ચૈતન્યપ્રકાશના પ્રકાશ કરતાં વધારે સુંદર હોયછે અને જેમાં કોઈ દિવસ નાશ પામવાનાં લક્ષણ હોતાં નથી તે અનાદિકાળસુધી હયાત રહેછે.

દેહાત્મવાદીઓ કહેછે કે "વિચાર અને માનસિક શક્તિ સ્થૂળશરીરવગર વિચાર કરવાને તદન અશક્ત છે." ખરે! એ બાબત ના પાડી શકાતી નથી. અહીંઆં કાંઇ મત મેં કહ્યું નથી, પરંતુ આખા શરીરની વાત કે જેનું કુદરતી બંધારણ ઉત્તમ પંચમહાભૂતના તત્વોથી થએલું છે. જો કે તે ઉત્તમ શુદ્ધ પંચમહાભૂતના તત્વોનું બનેલું છે ત્યાં પણ તેનો સાક્ષી દ્રષ્ટા આત્મા હમેશ તેની સાથે રહેછે."

હે પ્રિય વાંચનાર! હજુ તમારી આગળ દુનિયાના બીજા ભાગ૩પરની નોંધોની પુરાં રીઓનો એક ટુંક ભાગ પણ વર્નન કરી શકાયો નથી કે જ્યાં જ્યાં પુરવાર થઈ ચુક્યું છે કે અંતરજ્ઞાન દૃષ્ટિની ઉન્નતિ થવાથી આપણે આપણાથી સેંકડો માઈલપર દુર રહેલી ચીજો જોવા સાંભળવા અને સ્પર્શ કરવા શક્તિવાન થઈએ છીએ.

ડાક્ટર ડાઉડ નામનો 'ધી ટેમ્પલ ઓફ ધી રોઝી ક્રોસ' નામના પુસ્તકનો કર્તા કહેછે કે "અંતરદૃષ્ટિનો અનુભવ ઘણાં પુસ્તકો વાંચવાથી મેળવી શકાતો નથી. એવો વિચાર કોઈના મનમાં ઉત્પન્ન થયો તો જીવને સરળ માર્ગે કામ કરવાને લગાડી શકેછે પરંતુ તેનાં બારણાં પાછાં ત્યાથી બંધ થાયછે પણ તેથી ઉલટું તમામ બાહારના જગતની ઇંદ્રિયોની શક્તિના જુસ્સાઓને નરમ પાડવાથી અથવા ઐક્ય કરવાથી તેની સામે લડી શકાય છે. જીંદગી ભોગવવાના તત્વો અને અમરસુખ મેળવવાની તમામ શક્તિઓ મનુષ્યના પોતાનામાંજ રહેલી છે."

આ બાબતો ખુલ્લેખુલ્લી રીતે દેખાડી આપેછે કે આપણા પોતાનામાં એટલી બધી અદ્દરય અદ્દભૂત શક્તિઓ રહેલી છે કે જે કેળવવા અને ઉન્નતિ પામવામાટે ચોક્કસ પવિત્ર આશાઓનું આપણે પ્રથમ અનુકરણ કરવું જોઈએ છીએ અને તેવી શુદ્ધ, પ્રબળ ઇચ્છાશક્તિના યોગે આપણને પવિત્રતાની પવિત્રતાના માર્ગમાં પ્રવેશ કરાવી એકાંત પ્રદેશનો લાભ મેળવાવી આપણા જ્ઞાનચક્ષુઓદ્વારા આ સંસારના ગુહ્યાત્મક ભરેલા પ્રશ્ન "હું કોણ છું. હું ક્યાંથી આવ્યો, અને હું ક્યાં જઇશ." તેનો અનુભવ મેળવવા શક્તિવાન કરેછે.

આ બાબત ઘણી ગંભીર છે, પરંતુ ખરેખરી રીતે મનુષ્યપ્રાણી મોક્ષની ઇચ્છા રાખતો હોય તો એ ગંભીર બાબત માટેજ પુરૂષાર્થ કરી તે મેળવવાની આશામાંજ મરવું ઉત્તમ છે. દુનિયાં સ્વાર્થમયી અને ગમે તેટલી પાવલી તેના સુધારકો અને ભલું ઇચ્છનાઓને લાગતી હોય, પરંતુ તેઓના મરણબાદ તેઓનાં શુભ કામોનાં વાવેલાં બીજોની પ્રતિનો ખજાનો ઉગ્યી નિકળ્યા વગર રેહેશે નહીં. આ સમયની પ્રજા પોતાના ધર્મગુરુઓ વા આચાર્યોના ખોલવાપર લપટાઇ હોય, પરંતુ ભવિષ્યની પ્રજા તેઓનાં કબરસ્તાનોને ફુલો અને પસ્તાવાના અશ્રુપાતની ધારોથી ભીનાં કરી નાંખશે. કારણ કે તેવા લોકો પોતાની જીંદગીના કુદરતી દેખાવ અને તેની શિક્ષાપર વિચાર કરશે અને મનુષ્યના કરતાં તેની ઉત્તમતાના ગુણો માલ્ઠ કરશે. નારદમુનીએ કહ્યુ છે કે "કોઈએ પણ નીચેના શબ્દો બોલવા નહીં. હું જાણતો નથી માટે તે ખોટું છે. દરેકે અનુભવ મેળવવા પ્રયત્ન કરવો અને તેને ઉંડી વિચારદૃષ્ટિથી સમજતાં શિખવું."

વળી વેદાંતપંડિત આત્મારામ અમેરીકાના વિલીયમ કયુ જજ અને

આર્યધર્મની ઉન્નતિ માટે પુરૂષાર્થ કરનારાઓને નમ્રતાપૂર્વક લખતાં જણાવે છે કેઃ—

મારા હિંદુસ્તાનના બ્રાહ્મણમિત્રોપર તમોએ જે અરજ લખી છે તેનો તરજુમો ઘણીજ આતુરતાથી અને સંતોષકારક રીતે મારા વાંચવામાં આવ્યો અને હું તેના માટે તમારો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

બ્રહ્મજ્ઞાનમંડળના હેતુઓ અને કાયદાઓનું ઘણીજ બારીક રીતે અવલોકન કર્યા પછી હું એવા નિશ્ચયપર આવ્યો છું કે એ મંડળ ઉત્તમ બ્રહ્મવિદ્યાને સજીવન કરવા પોતાની કમર કસીને બહાર પડ્યું છે. એના યોગે આ ભારતવર્ષ સર્વ ભૂમિઓમાં હમેશ ઘણુંજ પવિત્ર અને ઉત્તમ ગણાયો છે. અરે' એટલુંજ નહીં પરંતુ તેના યોગે કરીને આ ભૂમિના ઋષિઓ અને મુનિઓ વિદ્યાવાનાની બની ઉત્તમ ફિલસુફીના જ્ઞાનરૂપ ગ્રંથો રચી હિંદુસ્તાનને તે વારસામાં બક્ષિસ આપી ગયા છે. આ વિદ્યાના યોગે ફરી જુદી જુદી ઉત્તમ શક્તિ તેની મેળે પ્રાપ્ત થાયછે ખરી પરંતુ જો તેનો આતુરતાથી અને ખરી દરકારથી શોધ કરવામાં આવતો હોય તો નિશ્ચય ફળની પ્રાપ્તી થયા વગર રહેશે નહીં.

આજ બ્રહ્મવિદ્યાએ બ્રાહ્મણોમાં ઉત્તમ આત્મશક્તિનું અને ક્ષત્રિઓનાં બાહુબળમાં બળ આપ્યું હતું. આ બ્રહ્મવિદ્યાએજ પ્રાચીનલોકોને આખી દુનિયાનું અવલોકન કરતાં શક્તિવાન કર્યા હતા. અરે! એટલુંજ નહીં પરંતુ આખી સૃષ્ટિનું જડ દૂરબીન કે કાચની દૂરબીનની સહાયતા વગર અવલોકન કરવા શક્તિમાન કર્યા હતા. આ વિદ્યા કલ્પવૃક્ષ છે. તે સાચસુખી રમોની મેળવણીનો હીરો છે અને તે કામદુધારૂપ છે.

આ વિદ્યાના વિનાશથી આત્મિકશક્તિ, તનબળ, તેજ કીર્તિ, ઉદારતા ધીરજ, વય અને દોલત પણ નાશ પામી છે. એટલુંજ નહીં પરંતુ આ વિદ્યા અને શાસ્ત્રોના અભાવે બીજાં કપોલકલ્પિત શાસ્ત્રોએ જન્મ લેવાથી સત્યમાર્ગથી આર્યલોકોને ભૂલાવ્યા છે

હિંદુસ્તાનના લોકોમાં ચેતન રહ્યું નથી એમ કહેવું પણ અતિશયોક્તિ અને ધારાશાહી (હાસ્યાસ્પદપણું) ભરેલું ગણાશે. પણ એનાં હિંદુસ્તાનની સ્થિતિ ચેતનતા વગરના મુડદાઓના કબ્રસ્તાનોથી ઘેરાયેલાં હોવાના જેવી હોવા છતાં પણ ઘણીજ ભયંકર અને અંતઃકરણને દુઃખીત કરે તેવી છે. તે દરરોજ ભૂલાવે નહીં એવા પતનના ઝરા નીચે ધીમે ધીમે ઉતરતી જાયછે. હવે મારી બોલવાની શક્તિ ખુટીજાયછે અને મારી કલમ લથડીયાં ખાયછે. ત્યાં હવે વારંવાર તે ઋષિ ને મહાત્માઓના ગુણોનું હું વર્ણન કરૂં કે જેઓની મનુષ્યપ્રાણીપરની અત્યંત દયા અને કરૂણાથી આ છિન્નભિન્ન અને નિરૂત્સાહ થએલા હિંદુસ્તાનનો ઉદ્ધાર કરવા આ બ્રહ્મજ્ઞાનમંડળના જનોશાઓદ્વારા તેની ભૂમિમાં એકવાર ફરીથી બ્રહ્મજ્ઞાનનાં બીજો વાવણી થઈ છે. હવે તો માત્ર હિંદુસ્તાનને તેની હાલની આફત ભરેલી સ્થિતિમાંથી તેનો ઉદ્ધાર કરવાનું આ મંડળના હાથમાં રહ્યું છે. અતિ પૂર્ણ આશા રાખવામાં આવે છે કે હિંદમાં આ બ્રહ્મજ્ઞાનની વિદ્યાના ફેલાવાથી એ પવિત્રભૂમિ પાછી પોતાની અસલી મહત્તા એક વખત સંપાદન કરશે ખરી. અને તે પ્રમાણે ખરેખર થાવ પણ. જો બ્રાહ્મણો અને બીજા દ્વિજ બન્ધુઓ પોતાનું તન મન આ ઉત્તમ બ્રહ્મજ્ઞાનની વિદ્યાની ઉન્નતિ પાછળ રોકે. જો તેઓ પોતાના છોકરાઓને શિક્ષણ આપતા હોય કે બ્રહ્મવિદ્યાના

યોગથી મંત્રશાસ્ત્ર અને ગ્રહ મંડળનું જ્ઞાન ફળરૂપ થશે. તે સિવાયની સર્વ જડ શાસ્ત્રોનું જ્ઞાન તેની સર્વ શાખાઓમાં માત્ર જડમાંજ ઉપયોગનું થઈ પડશે. તેઓએ પોતાના તનુજોના ઉમરોમા બ્રહ્મવિદ્યાનાં બીજો રોપવાં જોઇએ છે. કારણ કે તેથીજ ગરજ મંત્ર અને જ્યોતિષ જેવાં ઉત્તમ વખણાયલા શાસ્ત્રોનો ઉદય થઈ તેઓને અતિ ઉપયોગી થઈ પડશે. કેટલાક લોકો તેની ગુપ્તતાથી અજ્ઞાન હોવાનેથીજ તે શાસ્ત્રોને માનતા નથી અને પછી તેને નકામાં અને જુઠાં ગણે છે એ કેટલું ભૂલ ભરેલું છે.

સંસ્કાર પામ્યા વગરના અને બ્રહ્મવિદ્યાના પ્રકાશ વગરના ઉમરોમાં તે પવિત્ર અને શુદ્ધ મંત્રો કોઈ પણ દૈવીશક્તિની સત્તા દાખલ કરી શકશે? ના. કદી વખત નહિ. તે અવિશ્વાસ દૂર કરી શ્રદ્ધાપૂર્વક તેનો વિચાર કરવામાં આવે તો તરતજ માલમ પડશે કે ગુપ્તવિદ્યા એકલીજ ફતેહ મેળવી આપે છે કારણ કે હજુ પણ ગુપ્તવિદ્યાના બોધ સિવાય સર્વ પૂર્વની સ્થિતિ જેમની તેમ ટકી રહી છે.

તેજ સૂર્ય, તેજ ચંદ્ર, તેજ તારાઓ, અરે! તેજ તત્વો પૂર્વની માફક હૈયાત છે પરંતુ અજ્ઞાનરૂપી અંધકારના આવી પડેલા આવરણ નીચે બ્રહ્મવિદ્યાનું શિક્ષણ અલોપ થઈ ગયુ છે. તેના દાખલા તરીકે દેશના લોકોની અને દેશની હાલતપર નજર કરવાથી સર્વસ્વ ખુલ્લેખુલ્લું માલમ પડી આવે છે.

આ બ્રહ્મજ્ઞાનમંડળ ભયમાં આવી પડેલી અવિદ્યાનો બચાવ કરશે અને જેઓ સંસ્કારને પામેલા છે તેઓમાં ચૈતન્યતા પ્રદિપ્ત કરશે. આવી તેની સ્વાર્થરહિત ઇચ્છાઓનાં ફળો પરીપૂર્ણતાને પામો અને આ ભારતવર્ષ પાછી પોતાની ફળદ્રૂપતા એક વખત ફરી મેળવે એવી મારી નમ્ર અને વારંવારની પ્રાર્થના છે. જેઓના મનમાં એવો ખ્યાલ આવ્યો છે કે આ બ્રહ્મજ્ઞાનમંડળ તો બુદ્ધધર્મનો ફેલાવો કરનાર છે તે મોટી ભૂલ છે. તેવી સર્વ શંકાઓ દૂર કરવા જેની ઇચ્છા હોય તેણે એ મંડળના પ્રમુખ સાથે પત્રવ્યવહાર કરવાથી પોતાના મનનું સમાધાન થશે.

હું છું તમારો સદાનો મિત્ર અને ભલું ચાહનાર,

(વેદાંત પંડીત) આત્મારામ."

છેવટમાં જણાવવાનું કે આ બ્રહ્મજ્ઞાનમંડળ કાંઈ યોગવિદ્યાની દુકાનદારી માંડી બેઠું નથી પરંતુ તેનો મૂળ હેતુ જ્ઞાનનો પ્રસારો કરવો, સ્નેહ, સંપ અને પ્રીતિ આખા જગતમાં વધારવી કે જેથી એક એવો પણ વખત આવવા પામે કે આખી દુનિયાના લોકો સ્નેહ સંપમાં રહી અને મનુષ્યોનું ભલું ચાહનારા થઈ તેના અમૃતરસનું પાન કરી અંતે પરમાનંદને પામે. તથાસ્તુ-

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ



सत् सत्परमात्मनेनमः



सत्यात् नास्ति परोधर्मः

THERE IS NO RELIGION HIGHER THAN TRUTH

સનાતન ધર્મ.

ઈશ્વર સ્તુતિ.

૧

પદ.—રાગ કાલીંગડા, તાલ દાદરા.

ધ્યાન ધરો ભજન કરો, ભક્તિસે પ્રભુકા.—ટેક
અમર સત્ય નિત્ય વિમલ, મંગલમય શાંત અભિન્ન,
ઉચ્ચ શુદ્ધ બુદ્ધ અનંત, વિશ્વપતિ વિભુકા. ધ્યાન. ૧
શાંતિ સૌખ્ય વિનય નીતિ, સદાચાર પરોપકૃતિ,
સત્યધર્મ ભુક્તિ મુક્તિ, સાગર સબકોકા ધ્યાન. ૨

૨

શાર્દૂલવિક્રીડિત છંદ.

હે! સર્વોત્તમ જે પ્રકાશ કરતા સર્વાંગિ સૌ વિશ્વના,
અન્તર્યામી અનંતશક્તિ પ્રભુ હો તમે જગતના.



सत् सत्परमात्मनेनमः



सत्यात् नास्ति परोधर्मः

THERE IS NO RELIGION HIGHER THAN TRUTH

સનાતન ધર્મ.

ઈશ્વર સ્તુતિ.

૧

પદ.—રાગ સારંગિકા, તાલ દાદરા.

ધ્યાન ધરો ભજન કરો, ભક્તિએ પ્રભુકા.—ટેક
અમર સત્ય નિત્ય વિમલ, મંગલમય શાંત અમિત,
શુદ્ધ બુદ્ધ મુક્ત અચલ, વિશ્વપતિ વિભુકા. ધ્યાન. ૧
શાંતિ સૌખ્ય વિનય નિતિ, સદાચાર પરોપકૃતિ,
સત્યધર્મ ભુક્તિ મુક્તિ, દાનદ સર્વોકા. ધ્યાન. ૨

૨

શાર્દૂલવિક્રીડિત છંદ.

હે! સર્વોત્તમ જે પ્રકાશ કરતા સર્વાદિ સૌ વિશ્વના,
અંતર્યામી અનંતશક્તિ ભર્તા કર્તા ધર્મે જગતના.

પિતાની [illegible] પાવન અને સદાચારી ખરા,
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] રાજ્યયોગે [illegible]

મંગળાચરણ.

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

શ્લોક.

प्रणम्य सच्चिदानंदं कृष्णं योगीन्द्रपूजितम् ।
[illegible] सनातनं धर्मं श्रुतिस्मृतिनिरूपितम् ॥

ભાવાર્થ—સચ્ચિદાનંદ [illegible] પ્રણામ કરી [illegible] સનાતન ધર્મનું [illegible] કરવામાં આવે છે.

[illegible] અને [illegible] ધર્મ, [illegible] [illegible] અને [illegible]

બંધુઓની સન્માર્ગમાં અથવા આર્યધર્મમાં જેવી જોઇએ તેવી પ્રવૃત્તિ થઈ નથી ત્યાંસુધી સર્વ પ્રયત્નો સર્વથા સફળ છે એમ ગણાશે નહીં, માટે વિશેષે કરી જેવો બોધ તેવું આચરણ કરવા સર્વેને વધારે ધ્યાન આપવું જોઇએ છીએ. મહાકવિ ત્રિવિક્રમ ભટ્ટે પણ પોતાના નલચંપુ નામના ગ્રંથમાં કહ્યું છે કેઃ—

॥ चित्ते वाचि क्रियायां च साधूनामेकरूपता ॥

અર્થ—સજ્જનોના ચિત્તમાં, વાણિમાં અને આચરણમાં એકરૂપપણું હોયછે. મતલબ કે સજ્જનો જેવું મનમાં હોય તેવું બોલે છે અને જેવું બોલે છે તેવુંજ પાળેછે. પરંતુ આખી બોલવા અને અખી ફોક. એ કહેવત પ્રમાણે દુર્જનોની પેઠે સુજ્ઞથી બનતું નથી.

આટલા વાસ્તે સર્વે આર્યબંધુઓએ સજ્જનોમાં ગણાવાના પુરૂષાર્થો કરવા જોઇએ છીએ. આ ઉપરથી કોઇએ એમ નહીં સમજવું કે આપણા ભારતવર્ષમાં બોલવા પ્રમાણે ચાલનારા લોકો નથી. એવા પણ નરરત્નો હાલ ઘણા હયાત છે કે જેઓ હજારો વિપત્તિના પ્રહારો સહન કરે પણ સન્માર્ગ કે સ્વધર્મ તજવા કદી પણ ઇચ્છા કરતા નથી. એ આવા મનુષ્યો છે તોજ કંઈક અંશે આર્યધર્મની નિકૃષ્ટ દશા થતી અટકી છે અને કરાલ કલિકાળ પોતાનું પ્રબળ જોર જેવું જોઇએ તેવું પ્રકાશિત કરી શકતો નથી. આપણા દેશના પ્રમાણમાં, પ્રજાના પ્રમાણમાં સર્વમાન્ય અને સર્વોત્કૃષ્ટ આર્યધર્મના પ્રમાણમાં થોડા વીર પુરૂષો છે કે જેઓ વિદ્યા, હુનર અને બળથી પ્રશંસનીય થાય. માટે જેમ બને તેમ મિથ્યા અહંકારનો ત્યાગ કરી સ્વધર્મનું પાલન કરવામાં સર્વ આર્યબંધુઓએ સાવધ થવું જોઈએ છે કદી કોઈ એમ કહેશે કે ધર્મ પાળવો એ વાત તો ઠીક પરંતુ તે ધર્મ તે કયો? શું? વારંવાર વિષ્ણુના મંદિરમાં કે શિવના મંદિરમાં કે માતાના મંદિર વિગેરે દેવસ્થાનોનાં સ્થળોમાં દર્શન કરવા જવું તે કે શું? કોઇ બીજી રીતી નીતિ છે? આ સર્વ તો એક ધર્મના સાધનભૂતો તો છે પરંતુ આ ઠેકાણે કહેવાનો છે તે તો મહાત્મા મનુએ દર્શાવેલો ધર્મ છે કે જેનો વિચાર આપણે આગળ જતાં વાંચીશું. હવે પ્રથમ

ધર્મ એટલે શું?

એ બાબત બારીકીથી વિચાર કરીએ તો એ ઘણો ગહન વિષય છે. ધર્મની બાબતમાં જુદા જુદા દેશના લોકોનું જુદી જુદી રીતનું માનવું છે. કોઇ લોકો ઇશુખ્રિસ્તને ભજવો અને બાઇબલમાં દર્શાવેલી રીતિમુજબ ચાલવું તેનેજ ધર્મરૂપે માનેછે. કોઈ લોકો કુરાનમાં કહેલા કાયદાપ્રમાણે ચાલવું અને મહમદ પેગંબરને માનવો તેનેજ ધર્મરૂપે માનેછે. કોઈ લોકો ચોવીસ તિર્થંકરોને માનવા તેનેજ ધર્મરૂપ માનેછે. કોઈ વિષ્ણુને ભજવા તેને ધર્મરૂપ માનેછે. કોઈ શિવને ભજવા તેને ધર્મરૂપે માનેછે. કોઈ ગણપતિને ભજવા એજ ધર્મરૂપે માનેછે. કોઈ સર્પને ભજવા એજ ધર્મ છે એમ જાણેછે અને કોઈ દેવીને ભજવામાંજ ધર્મ સમાયલો સમજે છે. કોઇ યજ્ઞ યાગાદિ કર્મોનેજ ધર્મ

માનેછે, કોઈ ક્ષણીક વિષયાદિ ભોગવિલાસોના સુખનેજ ધર્મરૂપે ઠોકી બેસાડેછે. આમ જેઓની બુદ્ધિમાં જેપ્રમાણે સુઝે છે તેપ્રમાણે તેઓ ધર્મના રૂપો કલ્પી તેમાં મનોવૃત્તિને સંતુષ્ટ કરેછે. જો કે આ પ્રમાણે તો ધર્મની બાબતમાં ઘણો તફાવત રહેલો છે અને એક જાતથી પણ જ્યારે એક ધર્મ યથાર્થ નથી પાળી શકાતો ત્યારે ઘણી જાતોએ એક ધર્મ કેમ પાળી શકાય ? તોપણ હું એ પ્રશ્નનો ન હોઉં તો મનુએ દર્શાવેલા ધર્મો સર્વેથી પાળી શકાય તેવા અને તે ધર્મો સર્વમાન્ય છે એમ કહેવામાં અડચણ નથી. માટે તેવી બાબતમાં આર્યપ્રજાએ ધ્યાન આપી કેળવણી ખાતામાં નીતિજ્ઞાન વધે તેવા ધર્મનો ઉપદેશ અને તેની સાથે ચૈતન્યવાદના ઉપદેશોના સાધનો કેમ ન વધારવા બાળકોના અંતઃકરણમાં જે રીતે દૃઢ ઉતરે તે રીતે યોજના કરવી ઘણી જરૂર છે જ્યાંસુધી ખરા ધર્મની લાગણી બાળકોને થઇ નથી અને જડવાદનુંજ જેનું કેટલુંક ઝેર તથા કેટલેક ઠેકાણે પ્રબળ જોર છે ત્યાંસુધી હજી પણ દેશમાં સદાચાર થવાનો નથી સદાચાર નથી ત્યાંસુધી આર્યતા નથી અને આર્યતા નથી ત્યાંસુધી નક્કી ધારવું કે તેઓ સ્વતંત્રતા ભોગવવાને લાયક નથી. જો આર્યતા ખરી નહીં જળવાય તો આ ભારત ભ્રષ્ટ થઈ રહેશે – આ દેશની પ્રજા વળી પીડિત થઇ પસ્તાવાને પાત્ર થશે માટે તે દશા ન આવે અને આ દિવ્યનિમાંજ ઉદય પામી સ્વતંત્રતા ભોગવવા સમર્થ થાય એવું અમે અંતઃકરણથી ઈશ્વરપાસે માગીએ છીએ.

અફ્સોસ છે કે જે આર્ય પ્રજા તન, મન અને ધનથી ધર્મને પરમ શરણ આપનાર ગણી તેને માટે પોતાના પરમ પ્રિય પ્રાણને પણ પિતૃપતિના (યમના) પરોણારૂપ કરતી હતી તે આજે તે બાબતમાં મંદ થએલી જણાયછે એટલુંજ નહીં પણ કેટલાક અમાર પામરો પોતે આર્ય ધર્માચરણ કરતા નથી, એતો એક બાજુ રહ્યું પણ સુધર્માચરણ કરનારા સજ્જનોના ધર્મને ધક્કો પોંચાડનારા થઈ પડેછે. આવા નઠારા વાનરો પેઠે વિવેકહીન થઈ દીનને દુઃખ દેવામાં હરખાતા વિષે લીન થઇ કદી પ્રારબ્ધના પ્રતાપે ફાવી જાયછે તોપણ એટલું તો નિશ્ચયથી ધારવું કે અવશ્ય ઇનસાફી પરમેશ્વર પાસે તો એમને પોતાના કૃત્યોનું ફળ અવશ્ય મળવાનુંજ છે. માટે

ધર્મોપાય કેવી રીતે કરવો?

ખરો ધર્મ જાણવાથી ખરી પ્રીતિ રહેછે. માટે જો તમે ખરી પ્રીતિ મેળવવા ચાહતા હો તો ખરો ધર્મ પાળો. જ્યાંસુધી ખરા ધર્મમાં તમારૂં ધ્યાન નહિ હોય ત્યાંસુધી કદી ફેરોદય થવાનો નથી. જો તમે તમારૂં, તમારા કુટુંબનું, તમારા દેશનું, તમારી જ્ઞાતીનું અને આખી પૃથ્વીનું અને પ્રતાપી અંગ્રેજ રાજ્યનું ભલું કરવા ચાહતા હો તો ખરા ધર્મને રસ્તે ચાલો. જો તમે ધર્મને ઇચ્છતા હો અને ધર્મ પાળવામાં તમારી પ્રીતિ હોય તો શાંત, સદાચારિ, સદ્ગુણી અને દીનજનોને મદદ આપવા કરો. લોકોનાં કલ્યાણમાટે યત્ન કરનારાઓને મદદ આપો. નિરાશ્રિત, અપંગ જનોના હિત માટે ધર્મશાળાઓ બંધાવો, ખરા ધર્મને દર્શાવનારાં પુસ્તકો બનાવો અથવા બનાવનારી કવિઓને પ્રેરણા કરો. સારા હુન્નરો માટે વિદ્યાશાળાઓ કરાવો, સર્વ જગતનું રક્ષણ કરનારી ગાયોની રક્ષા કરી તેથી થતા લાભોનાં સુખ મેળવો! જો તમે ખરા ધર્મને જાગ્રત રાખવા ઇચ્છતા

દો તો દયાળુ અને પરોપકારી બનો કારણ કે તેમાંજ ધર્મનો સંક્ષેપથી સમાવેશ થાય છે. મહાભારતમાં વ્યાસજીએ કહ્યું છે કે "परोपकारः पुण्याय पापाय परपीडनम्" પરોપકાર છે એ પુણ્યમાટે છે અને બીજાને પીડા કરવી એ પાપમાટે છે." જો કે ધર્મની બાબતમાં પ્રથમ કષ્ટ તો છે પરંતુ પરીણામે સુખ છે, પણ આર્યો-ના ધર્મ બાબતમાં કશો ફેરફાર નથી. જેટલી ઉત્તમ બાબતો હોય છે તે પ્રથમ કડવી લાગે પણ પાછળથી સુખને આપનારી બને છે માટે તમે આર્યધર્મ પાળવામાં ભાગ્યશાળી થાઓ. ધર્મમાટે પ્રાણ આપવો પડે તો આપો અને ધર્મમાટે તન, મન અને ધન સર્વે અર્પણ કરો. જો તમે હાથે કરી ધર્મભ્રષ્ટ થવા ઇચ્છતા હો, હાથે કરી આપત્તિ માગવા માંગતા હો અને હાથે કરી વિપત્તિરૂપ મહાસાગરમાં ડુબવા ઇચ્છતા હો તો દુષ્ટ માંસ મદિરાના સેવનારા થાઓ. બાકી વિશેષે ગરીબ પ્રાણીઓને પીડા પમાડો અને અગમ્યાગમન કરનારા થાઓ. જો તમારાં શરીરોનું પુષ્ટ પોષણ કરવા ચાહતા હો તો દુધ, ઘી વગેરે ઉત્તમ પદાર્થોનું સેવન કરો. જો તમે પરાધીનપણામાંથી [illegible] નાસીપાસ થતા હો, જો તમને હાલનું હિંદુધર્મનું ધોરણ ઠીક ન હોય તો સ્વતંત્રતાની ઉત્તમ રીતિ દાખલ કરો પણ હરકોઇ રીતે પાછા ધર્મને અવલંબી ધર્મની રીતિ નીતિ દરેકનું દેશમાં દીપીને રહે તેવા પ્રયત્નો કરો. જો ધર્મને બાધા પહોંચતો હોય તો નિઃશેષ દુર્ગુણનો નાશ કરો. કારણ કે માણસની બુદ્ધિનો ઘણોભાગે આધાર સંગપર રહેલો છે. ભર્તૃહરિના નીતિશતકમાં કહ્યું છે કે:—

सन्तप्तायसि संस्थितस्य पयसो नामापि न ज्ञायते ।
मुक्ताकारतया तदेव नलिनीपत्रस्थितं राजते ॥
स्वात्यांसागरशुक्ति मध्यपतितं तन्मौक्तिकं जायते ।
प्रायेणाधममध्यमोत्तमगुणाः संसर्गतो देहिनाम् ॥ १ ॥

અર્થ—તપેલાં લોઢાં ઉપર પડેલા પાણીનું નામ પણ જણાતું નથી તેજ જળ કમળનાં પત્ર ઉપર રહેલું મોતીના આકારરૂપે દેખાય છે અને તેજ જળ સ્વાતિ નક્ષત્ર હોય ત્યારે સમુદ્રની છીપના મધ્યમાં પડવાથી મોતિ થાય છે માટે ઘણું કરી મનુષ્યોના અધમ, મધ્યમ અને ઉત્તમ એ ત્રણ બુદ્ધિ સંગથી થાય છે. આ કારણથી સત્સંગની સર્વને અતિ જરૂર છે. જો [illegible] તો [illegible] નહિ પણ [illegible], [illegible] દૂર કરીને, [illegible] મહાત્માનું [illegible], [illegible] અને [illegible] (ગુરૂ) [illegible] નહિ. [illegible] ધર્મશાસ્ત્ર [illegible] [illegible] [illegible] ન [illegible] અનાચારીપણું [illegible].

[illegible] આપણે [illegible] [illegible] [illegible] ન [illegible] તે હોકામાં [illegible] [illegible] વિષે [illegible] પણ વિચાર કરવામાં આવતો નથી. [illegible] નહીં પણ [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible]

કોઈ એકજ માણસને ઉદ્દેશીને નથી, પણ લોકહિતાર્થે છે. વળી કોઈથી અજ્ઞાનતામાં એક વેળા અનુચિત થયું અને પછી એણે એજ સારો રસ્તો લીધો તેને માટે પણ આ કહેવાનું છે એમ નથી પણ એઓ દુરાચારમાં ખુંચેલાજ છે તેઓ માટે આ કહેવાનું છે. એવું તો સર્વે માટે કહેવાનું કે પ્રમાણિક અનીતિ ન થાય તો સાર.

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु।
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम्॥
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा।
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः॥ १॥

અર્થ — નીતિનિપુણ [illegible] લક્ષ્મી આવો વા જાઓ, મરણ આજે વા યુગાન્તરે [illegible] ધીર [illegible] નથી.

આર્યોના [illegible] આવી થઈ તેજ આર્યોના [illegible] આવી થઈ તેજ રિવાજમાં, [illegible], અને નવી નવી [illegible]. પણ [illegible] આ લોકો ઉપર [illegible] તેમ ન હોય તો આ તેમને [illegible] બનાવનારે [illegible] તેથી [illegible] એમ નથી કે બીજા લોકોની સારી રીતિ નીતિ ન લેવી [illegible] પણ [illegible] હોય તો તે [illegible] પણ [illegible] સારી રીતિ [illegible] અને તેનું [illegible] ન હોય તો તેને [illegible] નહીં [illegible] પૂર્ણ વિચાર કરી ન લિયે એ [illegible] હોય તે સારો [illegible] અવિવેક [illegible] ઘણાકરીને [illegible] રહે છે.

सहसा विदधीत न क्रियामविवेकः परमापदां पदम्।
वृणुते हि विमृश्यकारिणं गुणलुब्धाः स्वयमेव संपदः॥

અર્થ — [illegible] વિચાર્યા વિના કામ કરવું નહીં [illegible] અવિવેક [illegible] અને જે વિચારી કામ કરનાર છે તેને [illegible] સંપત્તિઓ [illegible] વરે છે.

[illegible] પૂર્ણ વિચાર કરી [illegible] અર્થ [illegible] આપણી [illegible] નહીં [illegible] કેમ [illegible] કરે [illegible] નહીં [illegible] આ [illegible] હોય [illegible] વિચાર [illegible] તેમ [illegible] છે કે [illegible] તેવા [illegible] એમ [illegible] દુષ્ટ [illegible] હિંદુઓનું [illegible] છે એમ કે [illegible] —

जाड्यं ह्रीमति गण्यते व्रतरुचौ दम्भः शुचौ कैतवम् ।
शूरे निर्घृणता मुनौ विमतिता दैन्यं प्रियालापिनी ॥
तेजस्विन्यवलिप्तता मुखरता वक्तर्यशक्तिः स्थिरे ।
तत्कोनाम गुणो भवेत्सुगुणिनां योदुर्जनैर्नाङ्कितः ॥

અર્થ—દુર્જન લાજવાળામાં જડપણું ગણે છે, વ્રતોમાં પ્રીતિવાળાવિષે દંભ ગણે છે, પવિત્રતા વિષે કપટતા માનેછે, શૂરમાં નિર્દયપણું ઠરાવેછે, મુનિમાં (મૌનવ્રતવાળામાં) બુદ્ધિહીનપણું માને છે, પ્રીય બોલનારામાં દીનતા ઠરાવેછે, તેજસ્વીમાં ગર્વપણું, વક્તામાં મૂર્ખપણું, અને સ્થિર નરમાં અશક્તિ ઠરાવેછે. જેને દુર્જનોએ દોષવાળો ન ઠરાવેલો હોય તે કયો ગુણ છે? સાર એ કે તેવો ગુણ નથી કે જેને દુર્જનોએ નિંદ્યો ન હોય.

માટે આર્ય ધર્મને ઇચ્છનારાઓએ હમેશાં સદ્ગુણોપરજ વિશેષ ધ્યાન આપવું અને જેમ બને તેમ बालादपि सुभाषितं ग्राह्यं બાળકથી પણ સારું વચન ગ્રહણ કરવું. આ ન્યાય પ્રમાણે જયાં તે મળી હોય ત્યાંથી સદ્ગુણો ગ્રહણ કરવા. શત્રુ હોય અથવા મિત્ર હોય, જ્ઞાતિ હોય અથવા પરજ્ઞાતિ હોય, પણ તેથી સદ્ગુણો લેવામાં કશી અડચણ નથી. આટલું મંગળાચરણ કરી હવે

સનાતન ધર્મ એટલે શું તે જોઇએ.

સનાતન એટલે પ્રાચીન, મૂળ, પ્રથમ, જેની આગળ બીજો કોઈ ધર્મ નહીં તેને સનાતન કહેછે. વિદ્વાન લોકો તેને ઇશ્વરી ધર્મ કહેછે. માટે તે ધર્મ નિર્દોષ, કદી પણ ખંડન થાય નહીં તેવો, અને દુનિઆના સઘળા જાતના લોકોને સદાકાળ માનવા યોગ્ય, ઘણો ઉપયોગી અને સત્ય ધર્મ સિદ્ધ થએલો હોવો જોઇએ.

હે વાંચનાર! આતો આપણા પ્રાચીન ઋષિમુનીઓનાં વચનો છે એમ તને લાગશે પરંતુ હાલમાં એ સત્ય વચનોનો અભ્યાસ કરવાનો પ્રચાર આપણા આર્ય દેશમાં છે કે તેનો લોપ થયો છે? જો તેમ હોય તો આપણા આર્ય બંધુઓને તેવા સત્યના રસ્તાપર હાલના સમયમાં લાવવા વારંવાર તેની પ્રેરણી કરવાનું કામ દરેક વિદ્વાન અને અનુભવીનું છે કે નહીં? આ પ્રમાણે જો આર્ય ભાઇબંધો પોતાની ચાલ ચલગત રાખતા શિખે તો તેઓની પોતાની સાંસારિક, વ્યાવહારિક, રાજ્યકિય અને ધાર્મિક એ ચારે સ્થિતિઓ સુધરે કે નહીં? વાસ્તે આ સનાતન ધર્મની મર્યાદામાં રહી મનુષ્યપ્રાણી માટે મેહેનત કરવાની આવશ્યકતા ઉપર પ્રથમ વિચાર કરવાનો છે. તો પ્રથમ

પુરૂષાર્થવિષે જોઈએ.

વાંચનાર! તારા જાણવામાં હશે કે પુરૂષાર્થ એ શબ્દ પુરૂષ અને અર્થ એ બે શબ્દ મળીને થયો છે. વેદમાં પુરૂષને સર્વ વ્યાપક અને શુદ્ધચૈતન્ય કહ્યો છે.

તેને કેટલાક વિદ્વાનો ઈશ્વર અથવા પુરૂષોત્તમ પણ કહેછે સઘળા મનુષ્યપ્રાણિઓ તે શુદ્ધચૈતન્યના અંશ છે એમ જાણી મનુષ્યને પુરૂષપદ મળેલું જણાય છે હવે અર્થ એટલે કાંઇ પણ મેળવવું એમ છે આ ઉપરથી ઉત્તમ જ્ઞાન મેળવવાને શક્તિવાન થએલા સત્ય શોધકોને એવી કલ્પના સ્વાભાવિક રીતે ઉઠવી જોઇએ કે મનુષ્યપ્રાણિનું આ સંસારમાં કર્તવ્ય શું છે? સર્વે મનુષ્યપ્રાણિને તેના જુદી જુદી જાતના કર્મને લીધે તેને જે દેહ મળેલો હોય તેપ્રમાણે સત્ય અથવા અસત્ય પુરૂષાર્થ કરવાની કલ્પનાઓ વારંવાર તે મનુષ્યપ્રાણીને ઉઠયા કરેછે. આ બાબત આપણને અનુભવ ઉપરથી સત્ય જણાય છે. આ સંસારમાં કેટલાક જે રાનટી અથવા જંગલી મનુષ્યપ્રાણિઓ હોયછે તેઓ માત્ર પશુની માફક પોતાના પેટનું પોષણ કરવું એજ પુરૂષાર્થ સમજેછે તેઓને સત્ય, અસત્ય અથવા વિવેકનું કાંઇજ ભાન હોતું નથી માટે આવા મનુષ્યો અધમ* સ્થિતિના કહેવાય છે. હવે બીજા કેટલાક સારા સંસ્કારને પામેલા છે તેઓ માત્ર મહેનત, મજુરી અને ચાકરી કરી પોતાનું ગુજરાન કરવું અને તેમાંજ આનંદ પામવો તેજ પુરૂષાર્થ થયો એમ માનેછે. આવા લોકો કનિષ્ઠ પંક્તિના ગણાયછે બીજા કેટલાક કેના સારા કર્મના સંસ્કારને લીધે આ સંસારમાં કાંઇક વિદ્યા મળવી કોઇપણ પ્રકારનો ધંધો કે ઉદ્યમ કરેછે. અને તેવાઓને પંચ ઇંદ્રિયોના વિષયોના ભોગ ભોગવવાની ઇચ્છાઓ વારંવાર ઉઠયા કરે છે, તેમાં આનંદ માની લે છે અને જો કાંઈ પોતાની ઇચ્છાપ્રમાણે મેળવવા શક્તિવાન થાય તો તે પુરૂષાર્થ થયો એમ સમજે છે પરંતુ સત્ય અસત્યનો વિચાર કરવારૂપ વિવેકની કલ્પના તેમને જરા ઉઠતી નથી માટે તેવા પુરૂષો મધ્યમ પંક્તિના કહેવાય છે. હવે જે ઉત્તમ સંસ્કારી મનુષ્યો છે તેમને બાળપણથીજ વિદ્યા ભણવાના ઉપર પ્રીતિ અને સત્ય અસત્યનો વિવેક કરવાની શક્તિ આવે છે તેઓ આનંદ થવાના માન, પ્રતિષ્ઠા, દ્રવ્ય, અને સત્તા વિગેરે મેળવી યોગ્ય રીતેજ વિચરવાની ઇચ્છાઓ જે ઉત્પન્ન થાય તે લોભને [illegible] છતાં મંદબુદ્ધિથી તેમાં તેઓ આસક્ત બનતા નથી તેવાઓના મનમાં વારંવાર ધર્મ અધર્મ, સત્ય અસત્ય, અને આત્મા પરમાત્મા વિગેરેનું જ્ઞાન મેળવવા તેઓની વૃત્તિઓ સમયે સમયે ઉઠયા કરેછે. માટે તેવાઓને તેવા સાધનોની પ્રાપ્તિ થઈ કૈવલ્યમોક્ષની પ્રાપ્તિ કરી અંતે અખંડ અને અવિનાશી સુખ મેળવવાથીજ તેમને સત્ય આનંદ થાયછે. તેને તેવા પુરૂષો સત્યપુરૂષાર્થ સમજે છે. તેવા પુરૂષો ઉત્તમ વર્ગના હરેક શાસ્ત્રોમાં ગણ્યા છે.

હવે ઉપર કહેલી મધ્યમ, કનિષ્ઠ અને અધમ એવી ત્રણ પ્રકારની પંક્તિના મનુષ્યપ્રાણી હોય જ્યાં તેઓને જો ઉત્તમ વર્ગના મનુષ્યોનો સમાગમ થાય અને તે જો અભિપ્રાયથી પુરૂષસેવન કરે તો તેના સેવનના પ્રમાણમાં તેને ઉત્તમ લાભ થઇ ઉત્તમ પંક્તિમાં આવી શકેછે. માટે ઘણું ઘણું સત્શાસ્ત્રોમાં વિદ્વાન અને તત્વજ્ઞાની પુરૂષોએ પુરૂષાર્થનેજ મોટો માનેલો છે. પરંતુ હાલના સમયમાં અલ્પબુદ્ધિને લીધે આલસ્ય

* મનુષ્યોની ચાર પંક્તિ ગણાયછે. ૧ ઉત્તમ, ૨ મધ્યમ, ૩ કનિષ્ઠ અને ૪ અધમ. આ ઉપરથી કેટલાક પણ કહેવાયછે કે ૧ ઉત્તમ ખેતી, ૨ મધ્યમ વેપાર, ૩ કનિષ્ઠ નોકરી અને ૪ નીચ ભિખ.

અને કર્મનેજ પેદેહો માની લે છે અને તેનો સત્ય અર્થ નહીં સમજી પોતાને અશક્ત અને નિરાધાર જન સમજવાથી આપણી ઘણી હાની થઇ છે ને થતી જાયછે. હવે ત્યારે

પુરૂષ પ્રયત્ન શું?

આ ઉપરથી નિષ્પક્ષપાતિ બુદ્ધિમાન પુરૂષોના લક્ષમાં તો ખુલ્લેખુલ્લું જણાશે જે પૂર્વનાં કર્મોને અનુસરી આપણા અંતઃકરણમાં વારંવાર શુભ અને અશુભ સ્ફુરણાઓ જે હતા કરેછે તે શુભ અને અશુભ સમાગમથી વધારે ઓછી થઈ શકે છે. એટલે જ્યારે આપણને શુભ સ્ફુરણા થાય ત્યારે મનને અતિ આગ્રહથી તે સ્ફુરણાને યોગ્ય કર્મમાં મન, વાણી, અને શરીરથી કરે તો શુભ કર્મનું પ્રારબ્ધ થઈ ઉત્તમ ફળ મળે છે અને જો તે કરી અશુભ સ્ફુરણાને વશ થઇ તેનો ઉપયોગ અશુભ માર્ગે કરે તો યોગ્ય સમયે અશુભ ફળને પામે છે. ઉત્તમ માનસિક જ્ઞાનબળોઃ અને વિદ્વાન પુરૂષોને તો શુભ આગ્રહપૂર્વક મન, વાણી અને કાયાથી પુરૂષ પ્રયત્ન કરવાની જરૂર છે. હવે ત્યારે તેવા ઉત્તમ વર્ગના સઘળા વિદ્વાનો અને બુદ્ધિમાન પુરૂષોને આ સંસારમાં કેવા પ્રકારના પુરૂષાર્થ કરવાની જરૂર છે તેનો વિચાર કરીએ. તેવા ઉત્તમ સંસ્કારી મનુષ્યોને તો પોતાની તેમજ સઘળા મનુષ્યપ્રાણિની સાંસારિક, વ્યાવહારિક, રાજ્યકિય, અને ધાર્મિક એ ચારે સ્થિતિઓ ઉત્તમ દશામાં લાવવાને કોઈ પણ જાતનો સ્વાર્થ નહીં રાખતાં શુદ્ધ બુદ્ધિથી પુરૂષપ્રયત્ન કરવાની પ્રથમ જરૂર છે. માટે હવે હાલના વખતમાં આપણી આ ભારતભૂમિમાં આપણા આર્યબન્ધુઓને જે જે વિદ્યાઓની કેળવણી મળે છે તેથી અને તેમની આ સંસારમાં ચારે સ્થિતિમાં અરસપરસ વર્તવાની રીતી જે પડી છે તેથી તેમની એ ચારે સ્થિતિ ઉત્તમ દશામા આગળ જતાં આવવાનો સંભવ છે કે નહીં તેનો પણ વિચાર કરવો જોઇએ છે.

હે વાંચનાર! હરરોજ તારીઆગળ બનતા બનાવો અને હાલના છાપાઓપરથી તારા જાણવામાં તો હશે કે હાલની કેળવણીની સત્તાથી અને તેઓની આસપાસના લોકોની વર્તણુકથી આપણા લોકોના ઘણા ઘણા બાળક અને બાળકીઓને નાનપણથી સ્વચ્છંદ રીતે થાવવાની તથા પોતાની અલ્પ ઉપરાંત પંચ વિષયોના ભોગ ભોગવવાની ઘણી ઘણી ઇચ્છાઓ તેમને ઉત્પન્ન થાય છે. તેથી ઘણા સાધારણ સ્થિતિના લોકોનો ઘરસંસાર બરોબર સારી રીતે ચાલી શકતો નથી એટલુંજ નહીં પણ ઘણું કરી વિદ્વાન અને માન પામેલા તેમજ પૈસાવાળા લોકોના વર્ગમાં પણ તેવાઓને પોતાની મતલબો પુરી પાડવાની ઇચ્છાઓ વધારે હોવાથી તેઓમાં કુસંપ, છળકપટ અને અદેખાઇની રીતિઓ પડવાથી આપણા ભારતવાસી આર્યબંધુઓની સાંસારિક, વ્યાવહારિક, અને રાજ્યકિય એ ત્રણે સ્થિતિઓ નિર્બળ દશામાં આવી છે. એટલુંજ નહીં પરંતુ ધાર્મિક સ્થિતિ પણ તેવીજ થતી ચાલી છે આપણે વારંવાર વિચાર કરી ઉંડી નજરે જોશું તો આપણને ખુલ્લેખુલ્લું માલમ પડશે કે હાલના સમયના જુવાન પુરૂષો મોજ શોખની ઘણી ઇચ્છાઓને તાબે થવાને લીધે તેઓ વિવેકહીન બની પોતાના વડીલોની મર્યાદાનો ભંગ કરી બીજા લોકોના હુકમથી અપમાન કરવા લાગેલા ઘણી ઘણી જગ્યામાં જોવામાં આવેછે. તેઓ પોતાના દેશની અને પોતાની શક્તિ

ઉપરાંત પારકા દેશની મસ્થવાન [illegible] જનાનોની [illegible] ઉપર બને છે તો તેમનાં ઉગતાં બાળક અને બાળકીઓને પણ તેજ પ્રમાણે [illegible] પેદા થાય તેમાં કાંઈ નવાઈ નથી આથી તેવા સ્ત્રીપુરૂષોને [illegible] કલ્પનાઓ [illegible] તેથી કોઈ પણ પ્રકારે તેઓ પોતાની [illegible] કરવામાં સત્ય પુરૂષાર્થ સમજેછે. તેવા પુરૂષો કામને ઉત્તેજન મળે તેવા [illegible] વાંચે અથવા [illegible] કે તેવા ધર્મને અસત્ય અને કલ્પિત સમજી તે ઉપર ધ્યાન આપવું [illegible] સ્ત્રીપુરૂષોને તેવી ઇચ્છાઓ હોય છે તો ખરી તો પણ તેઓના [illegible] હોવાથી તેઓ દંભથી પૂજાસેવા, માળા, દર્શન, [illegible] પરંતુ તેઓની પંચ વિષયોની કલ્પનાઓ દૂર થતી નથી [illegible] કુસંપ અને હઠાઓ વારંવાર ઉત્પન્ન થાય છે અને [illegible] જેથી તેઓની વિવેકબુદ્ધિ હીન થવાથી ધર્મના [illegible] પણ તેઓ [illegible] પૈસા મળવવા જરા પણ અચકાતા નથી [illegible] ઉત્તમ [illegible] જ્ઞાનની [illegible] પામેલાઓને પંચવિષયોની ઇચ્છા બાળપણથી પોતાના [illegible] અને [illegible] વિગેરેના સમાગમથી વધારે વૃદ્ધિને પામેલી હોયછે તેવા [illegible] વિદ્વાનના પાસે કાંઈક સત્તા અને પૈસો મળ્યો હોય તે છતા તેવા પુરૂષોને બીજા ઘણા [illegible] ઇચ્છાવાળા પુરૂષોની માફક કલ્પીત વાર્તાઓ, ગાથાઓ, નાટકો કે હોળટપાંવાળાં પુસ્તકો વાંચવા પ્રીતિ થતી નથી પરંતુ તેવા લોકો રાજ્યકિય અને વ્યાવહારિક જ્ઞાન મેળવવાનાં પુસ્તકો વાંચવામાં પોતાનો સમય કાઢી માત્ર તેમાં આનંદ પામી ઉત્તમ પ્રકારની આસ્થાના સંસ્કારી થાયછે. આટલું છતાં તેવા ઉત્તમ બુદ્ધિવાન અને વિશેષી પુરૂષોના પોતાના જાણવામાં કાંઈક અદ્ભુત્ વિદ્યા અથવા જ્ઞાન આવે અને તેની સત્યતા માટે તેને જરા પણ સંદેહ નહીં રહે તે છતાં તેનો સારી રીતે અનુભવ મેળવવાના સાધનો મન, વાણી, અને કાયાથી કરવાની તેમને ઇચ્છા થતી નથી. આ ઉપરથી સઘળા નિષ્પક્ષપાતિ અને સત્યશોધકોને તો ખુલ્લેખુલ્લું જણાશે કે હાલની ચાલતી કેળવણી અને આપણા ભારતભૂમિના આર્યબંધુઓની અરસપરસ વર્તવાની ચાલથી આપણી હાલની ચારે સ્થિતિ ઉત્તમ દશામાં આવવાનો સંભવ નથી. પરંતુ આપણાં શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે આપણી ચારે સ્થિતિ હજુ વધારે નિર્બળ થઇ આપણી પ્રજા વર્ણસંકર થવાનો સંભવ છે. ધર્મશાસ્ત્રોમાં તેવિષે કહ્યું છે કેઃ—

कलौ पंचसहस्त्राणां जायते वर्णसंकरः ।

આનો અર્થ એ છે કે કલિયુગનાં પાંચ હજાર વર્ષ પુરાં થયા પછી પ્રજા વર્ણસંકર થશે. કલિયુગનાં હાલનાં ૪૯૯૫ વર્ષ ગયાં છે બાકી પાંચ હજાર વર્ષ પુરાં થવાને માત્ર પાંચ વરસો બાકી રહ્યાં છે. અંગ્રેજીમાં ઓગણીસમી સદીને ૭ વરસ બાકી છે. માટે પરોપકારી શુભ મહાન પુરૂષોની શુભ પ્રેરણાના સમયનો લાભ લઈ આપણે દરેકે આપણી ચારે સ્થિતિ પાછી અતિ ઉત્તમ દશામાં લાવવાનો અભ્યાસ પાડી અંતે મોક્ષ મેળવવાનાં સત્સાધનો કરવાની પ્રથમ જરૂર છે. તે માટે

સત્યસાધનો કેવાં જોઇએ ?

હે વાંચનાર! તારા જાણવામાં હશે કે ઉપર જણાવેલી ચારે સ્થિતિઓ સારી રીતે ઉન્નતિ પામવાનું મુખ્ય સાધન આપણી ચુસ્ત એકાગ્રતા અને સમચિત્ત કરવું એજ છે. કારણ કે એમ વિદ્યાર્થી પોતાનો પાઠ એક ચિત્તથી જો કરે છે તો તે થોડા સમયમાં સારી રીતે કરી શકે છે. એવીજ રીતે આપણાં સાંસારિક, વ્યાવહારિક, અને રાજ્યક્રિય કામો પણ એક ચિત્તથી ઉત્તમ રીતે હોય વગર થતાં છે. સમચિત્તનો અભ્યાસ આપણે જો નાનપણથી રાખવાને પ્રયત્ન કરેલું હોય તો ઉત્તમ ધર્મનાં કામોમાં પણ જુદા જુદા વર્ગો નહીં થતાં આપણું ચિત્ત સ્થિર થઇ ઈશ્વરની ભક્તિ વિગેરેમાં એકાગ્રતા થાશે. વાસ્તે દરેક કામોમાં પણ એકાગ્રતા થાય તોજ યોગ્ય ફળની પ્રાપ્તિ થવાનો સંભવ છે. માટે હે વાંચનાર! તું નિષ્પક્ષપાત રીતે વિચાર કરીશ તો તને જણાશે કે મુખ્યત્વે કરી સઘળા મનુષ્યપ્રાણિ પરસ્પર ભ્રાતૃભાવ અથવા સમભાવ રાખ્યા વગર બરોબર સમચિત્ત અને એકાગ્રતા થવાનો સંભવ નથી. કારણ કે વારંવાર આપણને પોતાનો સ્વાર્થ કરવાની અને પંચ વિષયો ભોગવવાની કલ્પનાઓ આપણા મનમાં ઉઠ્યા કરે છે. તેથી મન ચલિત અને અવ્યવસ્થિત રહે છે. માટે એકાગ્રતાનાં સાધનોનો વિચાર કરવો જોઇએ. આવિષે શ્રીમદ્ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણભગવાને એવું કહ્યું છે કેઃ—

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।

અર્થ—સર્વ ભૂતમાં આત્મા છે અને આત્માનેવિષે સર્વ ભૂતો રહેલાં છે.

પરમ ઉત્તમ યોગિઓ સઘળે સમાન નજરે જુવે છે. એટલે પોતાનો આત્મા તેજ સઘળાં પ્રાણીમાત્રનો આત્મા [illegible] એમ નિશ્ચય કરી સઘળા પ્રાણીઓ સાથે સમાનભાવની નજરથી વર્તવું પણ જુદા ભાવથી વર્તવું નહીં. એનો ખુલાસો ભાવાર્થ એ છે જે પોતાને સુખ કિંવા દુઃખ, લાભ અથવા હાની થાય છે, તે પોતાનીજ સમજવી બીજાની નહીં. એપ્રમાણે સર્વ કાર્યોમાં સમભાવથી ચાલવાનો અભ્યાસ હોય તો ઉત્તમ પ્રકારની એકતા થઈ શકે છે. વળી વેદવ્યાસે પણ સઘળા મનુષ્યપ્રાણિ સાથે સમાન વૃત્તિ રાખી કોઈનો તિરસ્કાર નહીં કરવાનો પરમ ઉત્તમ ધર્મ કહ્યો છે. કારણ કે એવી રીતે સમભાવથી વર્તવાની ચાલ રાખી પોતાના સ્ત્રી, છોકરાં, સગાંસંબંધી, સ્નેહી વિગેરેમાં પણ નાનપણથી એવીજ રીતે વર્તવાનો વારંવાર બોધ આપીશે પરસ્પર સ્નેહ અને પ્રીતિ દૃઢ થઈ સંસારનાં સઘળાં કાર્યો નિર્વિઘ્નપણે ઉત્તમ રીતે થઈ સંસારનાં ઉત્તમ સુખ ભોગવાય છે એટલુંજ નહીં પરંતુ તેથી આગળ જતાં પૂર્ણ અભ્યાસે કરી ઉત્તમ પ્રકારની સમચિત્તતા અને એકાગ્રતા થવાથી સઘળાંનાં વ્યાવહારિક અને રાજ્યક્રિય કાર્યોમાં પણ ઉત્તમતાભરી પ્રાપ્તિ થઈ શકે છે. અને તેવીજ રીતના સમચિત્તના [illegible] અભ્યાસથી ધર્મ કાર્ય પણ સારી રીતે થઇ શુભ ફળની પ્રાપ્તિ થાશે.

માટે આ **સમચિત્ત** અને **એકાગ્રતા** એ અતિ ઉત્તમ ધર્મ, કામદુધા સમાન કલ્પવૃક્ષરૂપ છે તેમાટે પ્રત્યક્ષ દૃષ્ટાન્તથી આપણને સત્ય જણાયછે. તે એમ કે યુરોપ અને અમેરિકાદેશના સઘળા મનુષ્યોમા ઘણુ કરી ન્હાપી અળણપણમાં આ પરસ્પરનું કાંઈક દઢતા થએલી છે તો તેમની તેવી રીતે **સાંસારિક**, વ્યાવહારિક અને રાજ્ય ક્રિય એ ત્રણે સ્થિતિ કાંઈ ઉત્તમ દશામાં આવેલી આપણને જણાયછે અને આપણી **ભારતભૂમિમાં** આપણા **આર્યબંધુઓમાં** જ્યારથી પરસ્પર **વૈરભાવ** અને કુસંપની વૃત્તિઓ નિરંતર ઉઠવાનો અભ્યાસ દઢ થતો ચાલ્યો છે ત્યારથી કુસંપ અને કલેશની વૃદ્ધિ થવાથી આપણી ચારે સ્થિતિ નિર્બળ દશામાં આવી આપણે નિસ્તેજ થતા જ ઇએ છીએ. દુઃખદ અવસ્થાઓ થવાનું કારણ શું? આપણામાં **દ્વૈતભાવ** અથવા જુદા જુદા ભાવની નજર છે તેજ છે. તે ઉપર **અષ્ટાવક્રગીતામાં** નીચેના શ્લોકમાં કહ્યુ છે કેઃ—

द्वैतमूलमहो दुःखं नान्यत्तस्यास्ति भेषजम् ।
दृश्यमेतन्मृषा सर्वमेकोऽहं चिद्रसोऽमलः ॥

આનો ભાવાર્થ એવો છે જે સર્વ દુઃખ અને તે સ્થિતિમાં હોય તેના મૂળનું કારણ **દ્વૈતભાવ** અથવા ભિન્ન ભિન્ન નજર છે.

ત્યારે તેવા ભિન્નતારૂપી નજરના દુઃખના નિવારણનું ઓષધ બીજું કાંઈજ નથી પણ વિકાર રહિત એક ચિદ્રૂપ, સાક્ષીભૂત **આત્મા** જે સર્વમાં વ્યાપી રહ્યો છે એમ પોતે સમજી સર્વ મનુષ્યોતરફ **સમભાવની** નજરથી જોવું એજ છે.

આની સત્યતા આપણને અનુભવપરથી સ્પષ્ટ જણાવેછે કે આપણું જે બગડે છે ભિન્નભાવથી બગડે છે. અને તેવીજ કલ્પનાઓ આપણામાં વારંવાર ઉઠવાથી અને હું, મારૂં અને તારૂં એવા ભાવાભાવથી કેવળ પોતાનોજ સ્વાર્થ કરી લેવાની વૃત્તિઓ આપણા આર્યબંધુઓમાં વારંવાર થાય છે. તેથી કરીને તેઓ વિવેકહીન થઇ અમર્યાદ અને છળકપટ કરવાની કલ્પનાઓની વારંવાર ઉઠતી વૃત્તિઓને આધિન થાયછે. એની સત્યતા નિષ્પક્ષપાતિ સત્યશોધકને ગુજરાતી ભાષાના પ્રથમ બે આંકડા ઉપરથી જણાશે. પ્રથમ (૧) એકડે એક અને પછી (૨) બગડે બે એનો ગુઢાર્થ એવો છે કે જ્યાંસુધી એક ત્યાંસુધી અચળ સુખનું કારણ અને જ્યાં બે થયા એટલે એક ભાવાભાવમાં ભેદભાવ ઉત્પન્ન થવા કે તુરત બગડે છે, અને તેથી સ્વસ્થ ચિત્ત રહે નથી. માટે દ્વિભાવથી સઘળાં કાર્યોમાં હાની થાયછે. વળી આપણા જાણવામાં છે એવી નિત્ત ભિન્ન ભાવાભાવની નજરોથી હજારો પશુ પક્ષીઓ તેમજ મનુષ્યપ્રાણીઓને સંહાર કરવાની પણ ઇચ્છા કેવળ સ્વાર્થી પુરૂષોને થાયછે. માટે દઢ અને અચળ ઐક્યતા કરી હોય તો આપણે સર્વ પ્રાણિમાત્રમાં ભિન્નતાના ભાવાભાવની નજર નહીં રાખતાં ઉપર કહેલા સત્ય પરમધર્મનો બોધ બાલ્યાવસ્થામાંથી આપણાં બાળક અને બાળકીઓને કરવાથી આગળ ચાલતાં આપણી ચારે સ્થિતિ ઉત્તમ દશામાં આવવાનો સંભવ છે માટે હવે એ મનુષ્યોના સાધારણ ધર્મ તરફ જોઇએ.

વેદ અને સ્મૃતિમાં આર્યલોકોમાટે જે સનાતનધર્મ પ્રતિપાદન કરવામાં આવ્યા છે તેઓ હાલના કલિકાલના સમયમાં લોપ થયેલા જણાયછે અર્થાત્ આર્યલોકો તે વેદમાં ફરમાવેલા સત્ધર્મોનું સરણ કરવા ભુલતા જાતા છે તેથીજ તેઓ દુઃખી અવસ્થામે પોહોંચ્યા છે અને પોહોંચશે. જે પોતાનો સનાતનધર્મ પાળીને ચાલે છે તેને દુઃખ પડતુંજ નથી અને તેવાની કીર્તિ થયા અંતે ઉત્તમ સુખ અને મોક્ષને પામે છે. આને માટે મનુસ્મૃતિ અ૦ ૨ શ્લોક. ૯ અને ૧૦ માં કહ્યુ છે કેઃ—

श्रुतिस्मृत्युदितंधर्म्ममनुतिष्ठन्हि मानवः ।
इह कीर्तिमवाप्नोति प्रेत्य चानुत्तमं सुखम् ॥ ९ ॥
श्रुतिस्तु वेदो विज्ञेयो धर्म्मशास्त्रं तु वै स्मृतिः ।
ते सर्वार्थेष्वमीमांस्ये ताभ्यां धर्मो हि निर्बभौ ॥ १० ॥

અર્થ—વેદસ્મૃતિઓમાં કહેલા ધર્મપ્રમાણે જે મનુષ્ય વર્તે છે તે મનુષ્ય આ જગતમાં કીર્તિ મેળવે છે એટલુંજ નહીં પરંતુ પરલોકમાં તેને ઉત્તમ સુખ મળે છે. શ્રુતિ નામ વેદનું છે અને સ્મૃતિ ધર્મશાસ્ત્રનું છે. તેજ વેદ સ્મૃતિના સર્વે અર્થોના વિચારથીજ સત્યધર્મ પ્રકાશ પામ્યા છે.

પ્રથમ શ્રુતિ સ્મૃતિમાં મનુષ્યોના સાધારણ ધર્મો કહેલા છે અને તે ધર્મ મોટા ઋષિ મુનિઓ અને બુદ્ધિવાન લોકોએ પોતાના જીવનદ્વાર ખરી માન્યા છે. હવે ત્યારે સ્વાભાવિક રીતે આપણને શંકા ઉઠશે કે આ સંસારમાં કરવા યોગ્ય ધર્મ કયો તે ક્યાં? આ ભારતવર્ષમાં મનુષ્યદેહ ઉત્પન્ન થવો ઘણો દુર્લભ છે. ખાવા પિવાની ક્રિયા સર્વે પ્રાણીમાત્રને થાયછે તે તો પરમાત્માએ જન્મતા પૂર્વે સરજ્યું છે. પરંતુ અજ્ઞાને કરી આપણે તેની કીંમતને જાણતા નથી. વાસ્તે ધર્મનું સાધન મનુષ્યદેહથી સુજ્ઞાનવિના બીજા પ્રાણીમાં થઈ શકતું નથી. મનુષ્યદેહ સર્વે યોનિઓમાં ઉત્તમ છે એ આપણા સર્વેના જાણવામાં છે. મનુષ્ય ધર્મનું સાધન કરી આલોકના સુખને પામી પરલોકમાં મોક્ષને પામે છે. આ બાબત ધ્યાનમાં લેઈ પરમાત્માએ મનુષ્યના આલોક અને પરલોકના સાધનને માટે ધર્મથી સાધનો કરવાની આજ્ઞાઓ આપી છે તે ઉપર મનુસ્મૃતિ અ૦ ૧૨ શ્લોક ૨૩ મા કહ્યુ છે કેઃ—

एता दृष्ट्वास्य जीवस्य गतीः स्वेनैवचेतसा ।
धर्मतोऽधर्मतश्चैव धर्मे दध्यात्सदामनः ॥

અર્થ—ધીરે ધીરે તેટલામાટે જીવોની સદ્ધર્મથી સદ્ગતી અને અધર્મથી અસદ્ગતી કરી છે. માટે વારંવાર સત્ય સનાતન ધર્મોમાં મનને લગાડવું યોગ્ય છે. ધર્મજ આ લોકના સુખના મૂળનું કારણ છે અને એથીજ પરલોક પણ જણાવામાં આવેછે. હવે વેદના પ્રમાણરૂપ જે ધર્મ તે પ્રથમ કહેવામાં આવેછે. મનુસ્મૃતિ અ૦ ૪ શ્લોક ૨૩૮.

૧ ધૃતિ.

ધીરજ, સંતોષ. મનુષ્યે સર્વદા સંતોષ રાખવો જોઈએ છે, સંતોષથી પરમ સુખ મળે છે, જેમાં મનુસ્મૃતિ અ૦ ૪ શ્લોક ૧૨ મા લખ્યું છે કે:-

संतोषं परमास्थाय सुखार्थी संयतो भवेत् ।

संतोषमूलं हि सुखं दुःखमूलं विपर्ययः ॥

સંતોષ રાખે કહે છે કે જે કોઈ પણ મનુષ્યને ધન મળે તેથી પોતાના પ્રારબ્ધની રક્ષા કરે, અન્યાય કે ગમે તેવા પ્રકારથી અતિશય ધન મેળવવાની ઈચ્છા કરી શકે નહીં. **સંતોષી** છે તે આ લોક અને પરલોક બન્નેમાં સુખી છે. આ લોકમાં ધન સંતાન, પરિવાર વિગેરેનું સુખ મળે છે અને પરલોકમાં મોક્ષ મળે છે. જેને આ લોકમાં સંતોષ નથી તે અસંતોષથી અને અપાર તૃષ્ણાના કારણને લીધે ધન એકઠું કરવાને જગતમાં અનેક પ્રકારે અહીં તહીં ભટકવાના માર્ગ લેવે છે અને પોતાના સ્વધર્મથી પણ રહિત થઈ વિનાશી માર્ગે ભટકી મરે છે. સંતોષી સર્વદા સુખે સુવે છે અને ખાવા પીવા ખાનપાનાદિ તેને ખાવા ન મળે તોપણ તે પ્રસન્નતામાં રહે છે અને આ ધનવાનોની દુર્દશા જોઈ તેને હસવું આવે છે કે તેઓએ આટલું બધું ધન મેળવ્યા છતાં તેઓને સુખ પ્રાપ્ત થયું નથી. જેની તૃષ્ણા શાંત થઈ નથી તેજ દરિદ્રી છે. ભર્તૃહરી રાજા લખ્યું છે કે:-

स तु भवति दरिद्रो यस्य तृष्णा विशाला ।

જેને અપાર તૃષ્ણા છે તેજ દરિદ્રી છે. સંતોષી પુરુષ પરમેશ્વરને પ્રિય છે. આ જગતમાં એક **રતીદેવ** નામના રાજાનું દ્રષ્ટાંત આપેલું છે તે રાજા એટલોબધો સંતોષી હતો કે જ્યારે તેનું રાજ્ય ગયું ત્યારે તેને જે કાંઈ પોતાના પરિશ્રમ અને વ્યાપાર કરી ધન મળતું હતું તેથી તે યથાશક્તિ વિગેરે કરી પોતાના કુટુંબનું પાલન કરતો હતો. એક વખત ૪૮ દિવસ સુધી જે કાંઈ કોઈ અન્ન તેને મળ્યું તે અતિથીના ભોજનમાં વપરાઈ ગયું. ત્યારે રાજાએ કેવળ જળપાન કરી ૪૮ દિવસ સુધી પોતાનો દેહ રાખી રાખ્યો અને ૪૯ મે દિવસે જે અન્ન તેને મળ્યું તે ભોજન સમયે એક બ્રાહ્મણ આવ્યો તેને તેમાંથી થોડો ભાગ આપ્યો અને ફરી એક ચાંડાલ પોતાના કુતરાને લઈને આવ્યો અને કહ્યું કે હે રાજા! હું અને મારો કુતરો બહુજ ભુખ્યા છીએ માટે અમને અન્ન આપો. ત્યારે રાજાએ રહેલું સર્વ તેને આપી દીધું અને પોતે કેવળ જળપાન કરી રહ્યો. રાજાનો આવો સંતોષ જોઈ બ્રહ્મા, વિષ્ણુ, અને રૂદ્રે રાજાપાસે આવી તેને વરદાન માગવા કહ્યું. રાજાએ સર્વેની પૂજા કરી વરદાન માગ્યું કે સર્વે પ્રજા અન્ન, ધન, સંતાનથી સુખી રહે એ સિવાય બીજું કાંઈ જોઈતું નથી. મારે મારા નિર્વાહ ઉપરાંત વધારે ઉન્માદ કરાવે એ છે તૃષ્ણા જોઈતી નથી. સર્વ દેવોએ તેમનાપે તેને આશિષ દીધી.

વાસ્તે જે મનુષ્ય સંતોષ રાખે છે તે સુખી છે અને અસંતોષથી અંધકારરૂપી નરકમાં પડે છે. માટે ધીરે ધીરે ક્રમ પ્રમાણે સંતોષી નરજ શ્રદ્ધા પામે છે. હવે

धर्म्मं शनैः संचिनुयाद्वल्मीकमिव पुत्तिकाः ।
परलोकसहायार्थं आस्वन्नं स्वशरीरिणं ॥

અર્થ—ધર્મપ્રમાણે ધીમે ધીમે આચરણ કરવું અને પરલોકમાં જવા માટે પ્રકાશ રૂપ આત્માને જાણવો આચાર્યોનું પણ એવું કહેવું છે કેઃ—

धर्म्मे मनिर्भवतु वः सततोत्थितानां
स ह्येष एव परलोकगतस्य बंधुः ।
अर्थाः स्त्रियश्च निपुणैरपि सेव्यमाना
नैवाप्तभाव मपियांति नच स्थिरत्वम् ॥

સર્વ લોકોની વારવાર ધર્મમા બુદ્ધિ થાઓ, ધર્મ એજ પરલોકમાં જવા માટે ભાઈ છે. જેઓ આ સ્ત્રી, કુટુંબ પુત્રમાંજ પોતાનુ ચિત્ત લગાડે છે તેઓ આ લોકમાં સ્થિર રહી શકતા નથી. તેમજ તેને પરલોકમા પણ સુખ મળવાનુ નથી. પરંતુ ધર્મ બને લોકમાં સુખ આપવાવાળોછે. ત્યારે તે સત્ય ધર્મ ક્યા છે તે આપણે તપાસીએ.

धरति धारयति वा विश्वमिति धर्मः
ध्रियते सन्मार्गतया लोकैरितिवा धर्मः

સર્વ સંસાર ધારણ કરે અથવા સર્વ સંસાર જેને ધારણ કરે એજ ધર્મ.

સર્વ ભાઇઓના જાણવામાં હશેજ કે ચિદાભાસમાંથી સર્વ શક્તિમાન અને સર્વજ્ઞ શુદ્ધચૈતન્યની સ્ફુરણામાંથી પ્રથમ મનુભગવાને સર્વ મનુષ્યપ્રાણીના કલ્યાણને અર્થે અનંત કાળના ઇશ્વરી સત્યધર્મની પ્રવૃત્તિ વારંવાર ઉત્પત્તિના સમયે કરી છે. હવે તે ઈશ્વર-પ્રણીત સનાતનધર્મનાં લક્ષણો મનુભગવાને કહ્યાં છે તે આપણે બારીકીથી તપાસવાની ઘણી જરૂર છે એટલુંજ નહીં પરંતુ તેપ્રમાણે આપણે સંસાર વ્યવહાર અને ધર્મમાં વર્તતાં શિખવાથી આપણને અતિ ઉત્તમ લાભ થવાનો સંભવ છે. પ્રથમ અતિ ઉત્તમ—

अहिंसा परमो धर्मः છે.

सर्वथा सर्वदा सर्वभूतानामनभिद्रोहः अहिंसा ज्ञेया.

ભાવાર્થ—કોઇપણ પ્રાણીનો દ્રોહ કરવો નહીં. દ્રોહ મનુષ્યપ્રાણીનોજ થાય છે માટે મુખ્યત્વે કરી વેદવ્યાસના અભિપ્રાય પ્રમાણે કોઇપણ મનુષ્યપ્રાણીનો તિરસ્કાર નહિ કરતાં સર્વજાનેવિષે ભ્રાતૃભાવ રાખી પરસ્પર પ્રીતિથી વર્ત્યાથી અને અમૂલ્ય લાભ થાય છે. હવે ત્યારે સનાતન ધર્મો તે ક્યા તે આપણે જોઈએ. અને તે દરેકને જુદા પાડી તેનું અવલોકન કરીએ.

મનુસ્મૃતિ અ૦ ૬ શ્લોક ૧૨ માં કહ્યું છે કેઃ—

धृतिः क्षमा दमो स्तेयं शौचमिंद्रियनिग्रहः ।
धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणम् ॥

१ धृति.

ધીરજ, સંતોષ. મનુષ્યે સર્વદા સંતોષ રાખવો જોઈએ છે, સંતોષથી પરમ સુખ મળે છે. જુઓ મનુસ્મૃતિ અ૦ ૪ શ્લોક ૧૨ મા કહ્યું છે કે:

संतोषं परमास्थाय सुखार्थी संयतो भवेत् ।
संतोषमूलं हि सुखं दुःखमूलं विपर्ययः ॥

સંતોષ તેને કહે છે કે જે કાંઇ પણ મનુષ્યને ધન મળે તેથી પોતાના પ્રારબ્ધની રેખા રે, અન્યાય કે છળકપટથી અતિશય ધન મેળવવાની ઇચ્છા કરી રાખવી નહીં. સંતોષથી જ તે આ લોક અને પરલોક બન્નેમાં સુખી છે. આ લોકમાં ધન સંતાન, પરિવાર વિગેરેનું સુખ મળે છે અને પરલોકમાં મોક્ષ મળે છે. જેને આ લોકમાં સંતોષ નથી તે અસંતોષથી અને અપારતૃષ્ણાના કારણે ઢગે ધન ભેગું કરવાને જગતમાં અનેક પ્રકારે આડી વાંકી વગ્યાઓ ખાવાં પડે છે અને પોતાના સ્વધર્મથી પણ રહિત થઈ ચિંતાનો માર્યો મરણ પામે છે. સંતોષી સર્વદા સુખે સુવે છે. અને ઓછા ઓછા ખાવાના નહિ તેને ખાવા ન મળે તોપણ તે પ્રસન્નતામાં રહે છે અને મોટા ધનવાનોની દુર્દશા જોઈ તેને હસવું આવે છે કે તેઓએ આટલું બધું ધન ભેગું કર્યા છતાં તેઓને સુખ પ્રાપ્ત થયું નથી. જેની તૃષ્ણા દૂર થઇ નથી તેજ દરિદ્રી છે. ભર્તૃહરી રાજાએ કહ્યું છે કે:-

स च भवति दरिद्रो यस्य तृष्णा विशाला ।

જેને અપાર તૃષ્ણા છે તેજ દરિદ્રી છે સંતોષથી પુરુષ પરમેશ્વરને પ્રિય છે. ભાગવતમાં એક રતીદેવ નામના રાજાનું દૃષ્ટાંત આપેલું છે તે રાજા એટલો ઉદાર હતો કે જ્યારે તેનું રાજ્ય ગયું ત્યારે તેને જે કાંઈ પોતાના પરિશ્રમ અને ન્યાયે કરી ધન મળતું હતું તેથી તે યજ્ઞદાન વિગેરે કરી પોતાના કુટુંબનું પાલન કરતો હતો. એક વખત ૪૮ દિવસ સુધી જે કાંઈ કેવું અન્ન તેને મળ્યું તે અતિથીના ભોજનમાં વપરાઈ ગયું. ત્યારે રાજાએ કેવળ જળપાન કરી ૪૮ દિવસ સુધી પોતાનો દેહ રાખ્યો અને ૪૯ મે દિવસે જે અન્ન તેને મળ્યું તે ભોજન સમયે એક બ્રાહ્મણ આવ્યો તેને તેમાંથી થોડો ભાગ આપ્યો અને ફરી એક ચાંડાળ પોતાના કુતરાને લઈને આવ્યો અને કહ્યું કે હે રાજા! હું અને મારો કુતરો બન્નેજ ભૂખ્યા છીએ માટે અમને અન્ન આપો. ત્યારે રાજાએ રહેલું સર્વ તેને આપી દીધું અને પોતે કેવળ જળપાન કરી રહ્યો. રાજાનો આવો સંતોષ જોઈ બ્રહ્મા, વિષ્ણુ, અને રુદ્રે રાજાપાસે આવી તેને વરદાન માગવા કહ્યું. રાજાએ સર્વેની પૂજા કરી વરદાન માગ્યું કે સર્વે પ્રાણી અન્ન, ધન, સંતાનથી સુખી રહે એ સિવાય બીજું કાંઈ જોઈતું નથી. મારે મારા નિર્વાહ ઉપરાંત વધારે ઉન્માદ કરાવે એવી તૃષ્ણા જોઈતી નથી. સર્વ દેવોએ તેમજ તેને આશિષ દીધી.

વાસ્તે જે મનુષ્ય સંતોષ રાખે છે તે સુખી છે અને અસંતોષથી અંધકારરૂપ નરકમાં પડે છે. માટે વેદો કહેવા પ્રમાણે સંતોષથી મનુષ્ય મોક્ષ પામે છે. હવે

૨ ક્ષમા.

માફી—સહનતા. કોઇએ આપણાપર અવગુણ કર્યો ત્યાં તેનાપર કૃપા રાખવી, શરણે આવેલાને ભાઈસમાન ગણવો.

सत्यपि सामर्थ्ये क्षमते इतिक्षमा પોતામાં સામર્થ્ય હોય તે છતાં સહનતા રાખવી તેનું નામ **ક્ષમા** છે. ચાણક્યમાં કહ્યું છે કેઃ—

પોતાના શરીરમાં સામર્થ્ય પણ હોય અને કોઈ આપણી નિંદા અથવા વેર કરે અને દુઃખ ઉત્પન્ન કરે તેને સહન કરી લે અને પોતે કોઇને મારે નહીં કે ગાળ નહીં દે અને સર્વ જીવોપર દયા રાખે તેનું નામ **ક્ષમા** છે. આવું વેદોનું કહેવું છે કે **ક્ષમા** એજ ક્રોધને જીતવાવાળી છે. જે મનુષ્ય ક્ષમારૂપી તરવાર ધારે છે તેને દુર્જન પણ કાંઈ કરી શકતા નથી.

क्षमा खड्गकरे यस्य दुर्जनः किं करिष्यति ।
अतृणे पतितो वन्हिः स्वयमेवोपशाम्यति ॥

વળી ભાગવતમાં લખ્યું છે કે, રાજા અમરિષ મોટો ક્ષમાવાન અને દયાળુ હતો. ભગવાને તેના રક્ષણાર્થે સુદર્શન ચક્રને આજ્ઞા કરી હતી. એક સમય તે રાજાએ એક વર્ષ સુધી એકાદશીનું વ્રત કરી અંતે કાર્તકી એકાદશીનું વ્રત કરી બીજે દ્વાદશીને દિવસે બ્રાહ્મણોને ભોજન કરાવી રાજા પોતે ભોજન કરવા જતો હતો ત્યારે દુર્વાસાઋષિ આવ્યા અને રાજાને કહ્યું કે, હુંપણ તમારો અભ્યાગત છું. રાજાએ દુર્વાસાને માન આપી બોલાવ્યા. દુર્વાસા સ્નાન કરવા ગયા અને ત્યાં વખત લાગવાથી દ્વાદશી પૂર્ણ થવા આવી તેથી બ્રાહ્મણોની આજ્ઞાથી રાજાએ જળ પારણું કર્યું. એટલામાં થોડી વારમાં દુર્વાસા આવી ચડ્યા અને કહ્યું કે અરે! દુષ્ટ રાજા! તેં તારા રાજ્ય અને લક્ષ્મીના મદે કરી મારૂં અપમાન કર્યું માટે બ્રાહ્મણોના અપમાનનું ફળ તને મળશે. એટલું કહી પોતાની જટામાંથી રાજાને બાળી નાંખવાને અગ્નિ ઉત્પન્ન કર્યો એટલે સુદર્શન ચક્રે ઉઠીને અગ્નિને શાંત કર્યો અને દુર્વાસાની પુંઠ પકડી. એક વર્ષસુધી દુર્વાસા નાસતા ફર્યા પણ કોઈએ તેની રક્ષા કરી નહીં. આખરે ફરી તેજ રાજાને ત્યાં પોતે પાછા આવ્યા. રાજાએ સુદર્શનને મળી પ્રાર્થના કરી શાંત કર્યું. પછી દુર્વાસાઋષિના ચરણમાં પોતે પડી પોતાના અપરાધની ક્ષમા માંગી કહ્યું કે આપ હવે ભોજન લ્યો હુંપણ આજ વર્ષ થયું તેજ જળપાનથી બેઠો છું. દુર્વાસાએ ભોજન લઇ રાજાને ઘણો ઘણો ધન્યવાદ આપી કહ્યું કે તું મોટો ક્ષમાવાન છે. આવી રાજાની ક્ષમાવાન વૃત્તિ જોઈ ભગવાન પણ તેના ઉપર પ્રસન્ન થયા અને અંતે તે મોક્ષને પ્રાપ્ત થયો.

માટે જે મનુષ્ય ક્ષમાવાન હોય છે તે આલોકમાં પ્રતિષ્ઠા-કીર્તિ, સુખ મેળવી પરમપદને પામે છે.

३ दम.

સહન કરવું. મનના વિકારોને તાબે ન થવું તે.

मनसो दमनं दमः इति सनन्द वचनात् ।
शीतातपादिसहिष्णुता दम इति गोविन्दराजः ॥

कुत्सितात्कर्मणो विप्र यच्च चित्तनिवारणम् ।
स कीर्तितो दमः प्राज्ञैस्समस्तैस्तत्त्वदर्शिभिः ॥

દમને મનુસ્મૃતિમાં વર્ણવ્યું છે કે વિકારના કારણરૂપ, વિષય સમીપ હોય તોપણ મનનું વિકારપણું ન થાય તેનું નામ દમ, અથવા મનને નિયમમાં રાખવું. ટાઢ તડકા વિગેરેનું સહન કરવું તેને પણ કેટલાક દમ કહેછે. વિદ્વાન તત્ત્વદર્શીઓનું કહેવું છે કે નિંદિત કર્મથી ચિત્તને પાછું ખેંચવું તેનું નામપણ દમ છે. મનને સ્વાધિનમાં રાખવું એનું નામ પણ દમ

જારી અને વેશ્યાગમન કરવાને પણ શાસ્ત્રમાં ઘણો દોષ ગણેલો છે. તે તરફ મનોવૃત્તિને જવા નહીં દેવાને પણ દમ કહેછે. મન ઘોડું ચંચળ છે અને વાંદરાની માફક એક ઠેકાણે સ્થીર રહી શકતું નથી. માટે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, એ વિષયોથી દૂર રાખવું એજ કલ્યાણકારક છે. મનને જીતવાથી કામક્રોધાદિ શત્રુઓ નાશ પામેછે. વળી મનુસ્મૃતિ અ૦ ૪ ને શ્લોક ૬૪ માં લખ્યું છે કે:—

न नृत्येदथवा गायेन्न वादित्राणि वादयेत् ।
नास्फोटयेन्न च क्ष्वेडेन्न च रक्तो विरावयेत् ॥

નાચવું નહિ, કે નાચ જોવો નહિ, ગાવું નહિ કે ગાયન સાંભળવું નહિ, વાજાં વગાડવાં કે વગાડાવવાં નહિ, મોઢેથી તાલ આપવો નહિ કે તેમાં આસક્ત થવું નહિ. દરેક મનુષ્યે પોતાના બાળકોને નાની વયથીજ આવી આવી બાબતોથી દૂર રાખવા પ્રયત્ન કરવો જોઈએ કે બાળક નહિ નાચવા કે નાચ સાંભળવા, જોવા કે ગાવા, ફુલે કે કુસંગીઓની ગતીમાં ફસે નહીં. પાખંડી મતવાદીઓએ નાનાપ્રકારના વિષયરસ ભરેલાં નાટકો અને નોવેલ વિગેરેનાં પુસ્તકો બાળકોની બુદ્ધિ હરણ કરવા માટે પ્રગટ કર્યાં છે જે વાંચવાથી બાળકોનો માનસિક ક્રમ ભ્રષ્ટ થઈ બુદ્ધિ નષ્ટ થઈ મન વિકારને પામે છે. વળી અનિતિના વિષયનાં ચિત્રો જોવાથી [illegible] અને તેથી શરીર રોગી અને નિર્બળ થઈ જાય [illegible] પર [illegible] વિદ્યાભ્યાસ સિવાય વિષય [illegible] કરવાથી [illegible] કરવા કદીપણ આજ્ઞા આપી નથી. ભાગવતના સ્કંધ ૧૧ અધ્યાય ૨૬ શ્લોક ૨૨ મા લખ્યું છે કે:—

अथापि नोपसज्जेत स्त्रीषु स्त्रैणेषु चार्थवित् ।
विषयेन्द्रियसंयोगान्मनः क्षुभ्यति नान्यथा ॥

સ્ત્રી અને સ્ત્રીનો પ્રસંગ કરવાવાળા મનુષ્યોનો સહવાસ કરવો નહિ. બુદ્ધિવાન હોય તોપણ તેની દ્રષ્ટિએ વિષયના સંસર્ગથી વિકાર પામી મન ભટકતું ફરે [illegible] નહિ. જે મનુષ્ય સત્સંગ સાંભળતો નથી તેનું મન [illegible] રહેછે. એવું મન [illegible] છે તેને કોઈ પણ પ્રકારની ઇચ્છા-અભિલાષા રહેતી નથી. એમ પુરાણમાં આવેલું છે કે [illegible] અને [illegible] મન [illegible] જ્યારે [illegible] ત્યારે [illegible] નહિ. અને જ્યારે [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

श्रद्धयेष्टं च पूर्तं च नित्यं कुर्यादतन्द्रितः ।
श्रद्धाकृते ह्यक्षये ते भवतः स्वागतैर्धनैः ॥

આલસ છોડી દઈ શ્રદ્ધાપૂર્વક નિત્ય યજ્ઞયાગાદિ ઇષ્ટ ધર્મકાર્ય જરૂર કરવાં તથા વાવ, કુવા, તળાવ, વિગેરે ખોદાવવાં. ખરા પરસેવાનો પૈસો એણે મેળવેલો હોય તે શ્રદ્ધાપૂર્વક આ બે કામ કરે તો અક્ષય મોક્ષનું ફળ પામે છે

હાલના સમયમાં કેટલાક પાખંડી લોકોએ અનેક પ્રકારના ગ્રંથો રચી વેદસ્મૃતિથી વિરૂદ્ધ ચલાવ્યો કર્યો છે. એક નામાંકિત નામનાએ અજ્ઞાન નામનો અભિમાર્ગ ઉભો કર-નારો ગ્રંથ રચ્યો છે તેમાં લખ્યું છે કે ચોરી, છનાકર, વિગેરે જેમ તેમ કરી ધન લાવી સાધુઓને ખવરાવવું. હવે વિચારવું જોઈએ કે ચોરીનું ધન, સર્વ સાધુ વૈરાગીઓએ ખા-ધાથી તેઓની ભક્તિ તથા યોગ નષ્ટ થઈ જાયછે. ગ્રંથોમાં પ્રથમ તો ચોરનું ધન લેવા સાધુ સંન્યાસીઓનેમાટે મના લખી છે. હાલના સમયમા બહુધા એવા સાધુ વૈરાગીઓ માલમ પડેછે કે તુલસીદાસે પોતાના રામાયણમાં લખ્યું છે કેઃ—

જોઈ મરી ઘર સંપતિ નાશી, મૂડ મુડાઈ ભયે સંન્યાસીઃ
તે વિપ્રનસે પાંવ પુજાવૈં, ઉભય લોક નિજ હાથ નસાવૈં.

વળી જેને રાગ ન હોય તેનું નામ વૈરાગી. વળી હાલના સમયના વૈરાગીઓ રાગી અને વિષયના આગ્રહ હોયછે તેવા વિષય આગ્રહવાળાઓ મહાત્મા સાધુ વૈરાગી લોકો ઉપર તેઓ કલંક લાવે છે માટે એવા રાગિ લોકોનાં વચન ખરી માનવાં નહિ એવું વેદ સ્મૃતિ કહે છે. મનુષ્યોએ તેવા પાખંડી કપટરૂપ કદિ વિશ્વાસ રાખવો નહિ. તેવા લોક વેદધર્મનો નાશ કરાવેછે. વળી તુલસીકૃત રામાયણમાં કહ્યુ છે કેઃ—

કલિમલ ગ્રસે ધર્મ સબ લુપ્ત ભયે સદ્ગ્રંથ,
દંભિન નિજમતિ કલ્પકરિ પ્રગટ કિયે બહુ પંથ.

વળી કેટલીક લોકોના નાના પ્રકારના પંથો કલ્પના ચલાવી અને હાલ સત્ય સનાતનધર્મની અવનતિ લોક થવાથી દિવસાદિન મનુષ્યોની ઘણી હાની થઇ ગઈ છે.

परमं यत्नमातिष्ठेत्स्तेनानां निग्रहे नृपः ।
स्तेनानां निग्रहादस्य यशो राष्ट्रं च वर्धते ॥

ચોરને ચોરી કરતાં અટકાવવાથી રાજાએ ચાતુર્વિધ મેળવેલ હોઈ કરે દેશ ક-લ્યાણી રાજ્યની કીર્તિ તથા તેનું રાજ્ય વધ્યા કરે.

રાજા પૃથુએ ન્યાયથી ધન મેળવી પ્રજાનું પાલન કર્યું અને નવલું વર્ષ કર્યાં અને તેના પ્રજાના રક્ષણ કરવાની પરમેશ્વર ઉપર ભરોસાથી તેમને ઘેર પધાર્યા અને પૃથુએ વાસણ ખા-વવા કર્યું ત્યાં પૃથુએ દેવ ઋષિ પધાર્યા ત્યારે દર્શન કરી નહીં, ત્યારે અધ્યયન પ્રકાશ થવા અને એવું વાસણ ભાગ્યું કે આ વૃત્તિ પૃથ્વીના નામથી અત્યાર સુધી પ્રસિદ્ધ છે અને અંતમાં રાજાને ઈશ્વરકૃપાથી મુક્તિ થઈ.

જે મનુષ્ય અન્યાય અને અધર્મથી ધન એકઠું કરેછે તે ધનનો બીજા લોક ભોગ કરેછે. વળી તે ધન તેનો મૂળથી નાશ કરી તેઓને નરકમાં નાખે છે

अन्यायोपार्जितं द्रव्यं दश वर्षाणि तिष्ठति ।
प्राप्ते चैकादशे वर्षे समूलं च विनश्यति ॥

જે મનુષ્યે પાપ અને ચોરીથી ધન એકઠું કર્યું હોય તે તેની પાસે દશ વર્ષસુધી રહેછે. અગીઆરમું વરસ બેસતાંજ તે પાપીનું સર્વસ્વ નાશ કરી દે છે

પાપથી ધન પેદા કરનારનો સંગ કરવો નહીં અથવા તેઓનો વાણીથી પણ સત્કાર કરવો નહીં.

पाषण्डिनो विकर्मस्थान्वैडालव्रतिकाञ्छठान् ।
हैतुकान्बकवृत्तींश्च वाङ्मात्रेणापि नार्चयेत् ॥

પાખંડી, નિષિદ્ધ કર્મ કરનાર, વેદ વિરુદ્ધ તર્ક કરનાર અને બગલા ભગત એટલા અતિ કાળમાં ઘેર આવ્યા તો તેમનો વાણીથી પણ સત્કાર કરવો નહિ

એક કવિએ કહ્યું છે કેઃ—

સુમતિન કરમેં સુરતિન હરિમેં કહો રૂપ ધર કૈસા ।
ઉપરસે તો સિદ્ધબન બૈઠા અન્તર પૈસા પૈસા ॥

ટુંકમાં જે મનુષ્ય પારકું દ્રવ્ય હરી લે છે તે નરકનો અધિકારી થઈ પશુયોનિમાં ઉત્પન્ન થાયછે.—

૯ शौच.

પવિત્રતા, નિર્મળતા. પવિત્રતા બે પ્રકારની છે. એક દેહઉપરના મળોને શુદ્ધ કરવા તે. બીજી આંતરની એટલે મનથી કામ, ક્રોધ, લોભ, મોહ અને મદ વિગેરે શત્રુઓનો ત્યાગ કરવો તે. મનુસ્મૃતિ અ૦ ૫ શ્લોક ૧૦૯ માં કહ્યું છે કેઃ—

अद्भिर्गात्राणि शुध्यन्ति मनः सत्येन शुध्यति ।
विद्यातपोभ्यां भूतात्मा बुद्धिर्ज्ञानेन शुध्यति ॥

શરીર પાણીથી શુદ્ધ થાયછે, મન સત્યથી ચોખું રહેછે, અને જીવાત્મા બ્રહ્મજ્ઞાન અને તપથી પવિત્ર થાયછે. બુદ્ધિ જ્ઞાનથી નિર્મળ થાયછે. વળી મનુસ્મૃતિ અ૦ ૫ શ્લોક ૧૩૫ માં કહ્યું છે કેઃ—

वसा शुक्रमसृङ्मज्जा मूत्रविड्घ्राणकर्णविट् ।
श्लेष्माश्रुदूषिका स्वेदो द्वादशैते नृणां मलाः ॥

શરીરમાંથી નિકળતો ચીકણો પદાર્થ, વીર્ય, લોહી, માથામાંથી નિકળતી ચરબી, મૂત્ર, વિષ્ઠા, કુચો, કાનનો મેલ, લીંટ, પીયા, પરસેવો એટલા પુરૂષના શરીરના બાર મળ જાણવા.

આ સર્વે જળથી મનુષ્યને શુદ્ધ કરવાની ફરજ છે, એથી દેહ શુદ્ધ થાયછે. જેનામાં એ મળો હોયછે તેને મેલો કહેવામાં આવેછે અને તેવાના શરીરમાં સર્વદા રોગનો વાસ હોયછે. તેવા મલિન પુરૂષથી ઈશ્વર પણ દૂર રહેછે. પરમાત્મા પોતે નિર્મળ છે. તેણે મનુષ્યને શુદ્ધ રહેવાનેમાટે જળ, આગ, વનસ્પતિ વિગેરે પદાર્થો બનાવ્યા છે, તેથી મનુષ્યે જો પોતાની શુદ્ધિ ન રાખી તો તેણે જાણવું કે તેણે ઈશ્વરી આજ્ઞાનો ભંગ કર્યો.

આ પ્રમાણે બહારની શુદ્ધિ કર્યા પછી અંતઃકરણની શુદ્ધિ કરવી. કારણ કે જ્યાં-સુધી અંતઃકરણની શુદ્ધિ થઈ નથી, ત્યાંસુધી તે પુરૂષ પરમેશ્વરનો પ્રિય બનતો નથી. જેનું અંતઃકરણ શુદ્ધ નથી તેવા પુરૂષમાટે તુલસીકૃત રામાયણમાં લખ્યું છે કેઃ—

મન મલીન તન સોહત કૈસા,
વિષ રસ ભરા કનક ઘટ જૈસા.

એટલામાટે મનુષ્યે અંતઃકરણની શુદ્ધિમાટે કામ, ક્રોધ વિગેરે છ શત્રુનો ત્યાગ કરવો અવશ્ય છે. તે આ લોક અને પરલોકના સુખોનો નાશકર્તા છે. જ્યારે દેહમાં કામનું જોર વધેછે ત્યારે તેથી ક્રોધ વધેછે, ક્રોધથી મોહ, મોહથી બુદ્ધિ નષ્ટ થાયછે, અને બુદ્ધિ નષ્ટ થવાથી મનુષ્ય અધમગતિ પામેછે. વળી ભગવદ્‌ગીતાના અ૦ ૫ શ્લોક ૨૬ માં લખ્યું છે કેઃ—

कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ।
अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम् ॥ २६ ॥

જે પુરૂષે કામ, ક્રોધનો ત્યાગ કર્યો છે તેણે પોતાનું મન જીત્યું છે અને તે સાક્ષાત્ બ્રહ્મલોકને પામેછે. વળી મનુસ્મૃતિ અ૦ ૫ શ્લોક ૧૦૫ માં મનુષ્યોની શુદ્ધિ કરવા વાળી વસ્તુમાટે લખ્યું છે કેઃ—

ज्ञानं तपोऽग्निराहारो मृन्मनो वार्युपाञ्जनम् ।
वायुः कर्मार्ककालौ च शुद्धेः कर्तॄणि देहिनाम् ॥ १०५ ॥

જ્ઞાન—તપ, અગ્નિ, આહાર, માટી, જળ, મન, ગાયના છાણનું લીંપણ, વાયુ, ધર્મ, કાર્ય, સૂર્ય, અને કાળ એટલાં દેહ ધારણ કરનારને પવિત્ર કરનાર છે.

६ इंद्रियनिग्रह.

વિષયો તરફ જતી બાહારની અને અંદરની ઇંદ્રિયોને રોકી વિકાર પામવા ન દેવી તેને ઇંદ્રિયનિગ્રહ કહેછે. મનુસ્મૃતિ અ૦ ૨ ના નીચેના શ્લોકો ૯૦-૮૮-૯૪-૯૩-૯૬ માં કહ્યું છે કેઃ—

श्रोत्रं त्वक्चक्षुषी जिह्वा नासिका चैव पञ्चमी ।
पायूपस्थं हस्तपादं वाक्चैव दशमी स्मृता ॥ ९० ॥

શ્રોત્ર (કાન) ત્વક્ (ચામડી) ચક્ષુ (આંખ) જિહ્વા (જીભ) અને નાસિકા

[illegible]) [illegible] ([illegible]) [illegible] અને [illegible] એ પાંચ [illegible]

इन्द्रियाणां विचरतां विषयेष्वपहारिषु ।
संयमे यत्नमातिष्ठेद्विद्वान्यन्तेव वाजिनाम् ॥ ८८ ॥

[illegible]

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥ ९४ ॥

[illegible]

इन्द्रियाणां प्रसङ्गेन दोषमृच्छत्यसंशयम् ।
संनियम्य तु तान्येव ततः सिद्धिं नियच्छति ॥ ९३ ॥

[illegible]

इन्द्रियाणां तु सर्वेषां यद्येकं क्षरतीन्द्रियम् ।
तेनास्य क्षरति प्रज्ञा दृतेः पादादिवोदकम् ॥ ९९ ॥

[illegible] શ્રીમદ્ભગવદ્ગીતાના અ० ૨ શ્લોક ૬૨ ૬૩ માં કહ્યું છે —

ध्यायतो विषयान्पुंसः सङ्गस्तेषूपजायते ।
सङ्गात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥ ६२ ॥
क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥ ६३ ॥

[illegible]

નાશ પામેછે, અને બુદ્ધિનો નાશ થવાથી માણસ મુવા જેવો થઈ જાયછે ૧૨-૧૩—
વળી મનુસ્મૃતિ અ૦ ૨ શ્લોક ૨૨૫ માં લખેછે કેઃ—

मात्रा स्वस्रा दुहित्रा वा न विविक्तासनो भवेत् ।
बलवानिन्द्रियग्रामो विद्वांसमपि कर्षति ॥ २१ ॥

કોઈ પણ પુરૂષે મા, બેહેન અથવા દીકરીની સાથે પણ એકાંતમાં બેસવું નહિ. કારણ કે ઇંદ્રિયગણ બળવાન છે અને તે શાસ્ત્રપ્રમાણે આત્માને નિયમમાં રાખનાર પંડિતનું પણ મન હરેછે.

ભર્તૃહરી જ્યારે સંસાર ત્યાગ કરી વનમાં ગયા ત્યારે એક રાત્રિને સમયે એકલા હતા તે સમયે કામે પોતાની પ્રબળતા દેખાડી ત્યારે ભર્તૃહરીએ નીચેના શ્લોકમાં કહ્યું છે કેઃ—

भिक्षाशनं तदपि नीरसमेकवारं शय्या च भूः परिजनो निजदेहमात्रं ।
वस्त्रं च जीर्णशतखण्डमयी च कंथा हाहा तथापि विषया न परित्यजन्ति ॥

"જુવો ! હું ભીક્ષા માંગી જે મળેછે તેને પાણીથી ધોઈ નાખી સ્વાદરહિત એકવાર ભોજન કરૂંછું, વળી પૃથ્વીઉપર સુઉંછું, એકલો શરીરમાત્ર છું અને ફાટાંતુટાં વસ્ત્ર ધારણ કરૂંછું અને સેંકડો લુગડાની ગોદડીમાં સુઉંછું તોપણ હાય હાય ! કેવી ખેદની વાત છે કે વિ-ષય મને છોડતો નથી. કામ મારી પાછળજ પડ્યો છે અને છુટતો નથી"

જુવો ! આવા ભર્તૃહરી જેવા યોગીને એમ સામગ્રીવગર પણ કામ પેદા થયો તો જે લોકો નાનાપ્રકારના પદાર્થોના ભોગ ભોગવે છે તેઓને તો કામ જરૂર સતાવ્યા વગર રહે નહીં. વળી ભાગવતમાં કહ્યું છે કેઃ—

जिव्हैकतोमुमपकर्षति माविरुप्ताः शिश्नोन्यतस्त्वगुदरं श्रवणं कुतश्चित् ।
घ्राणोन्यतश्चपलदृक् क्व च कर्मशक्तिर्बह्व्यःसपत्न्यइव गेहपतिं लुनन्ति ॥

જ્યાંસુધી પુરૂષને એમ માલમ પડતું નથી કે આ ઇંદ્રિયો મને નરક પ્રાપ્ત કરાવનારી છે. ત્યાંસુધી તે ઇંદ્રિયારામ બનેછે, અને જ્ઞાનદ્રષ્ટિથી તેને માલમ પડેછે કે આ ઇંદ્રિ-યલોક મનુષ્યને વશાપણામાં ખેંચી લેછે. મનુસ્મૃતિ અ૦ ૪ શ્લોક ૧૬ માં કહ્યું છે કેઃ—

इंद्रियार्थेषु सर्वेषु न प्रसज्येत कामतः ।
अतिप्रसक्तिं चैतेषां मनसा संनिवर्तयेत् ॥

ઇંદ્રિયના વિષય જે રૂપ, રસ, ગંધ, સ્પર્શ ઇત્યાદિ તેમાં અતિશય આસક્ત ન થવું. ઇંદ્રિયવિષય ઉપયોગઅનુસાર તેમાં ગરક ન થવું. અતિશય આસક્તિને મટાડવાનો ઉપાય એ જે ઇંદ્રિય અસ્થિર છે અને સ્વર્ગ, મોક્ષસુખની પ્રાપ્તિને વિરોધી છે એવી ભાવના કરીને વિષયાસક્તિમાંથી મનને પાછું હઠાવવું.

જે પુરૂષ ઇંદ્રિયોને પોતાના સ્વાધિનમાં રાખેછે તે મનુષ્ય આ લોક અને પરલોક બંનેનાં સુખ સંપાદન કરવા સમર્થ થાયછે.

૭ મી. બુદ્ધિ,

शुश्रूषा श्रवणं चैव ग्रहणं धारणं तथा ।
ऊहापोहार्थविज्ञानं तत्त्वज्ञानं च धीगुणाः ॥

વેદવેદાન્ત શાસ્ત્રોનું શ્રવણ મનન કરવું બુદ્ધિના વાસ્તુક્ય નીતિમાં આઠ ગુણ કહ્યા છે શુશ્રુષા એટલે સેવા, શાસ્ત્રોનું શ્રવણ કરવું, સત્ પદાર્થનું ગ્રહણ કરવું તે ધારણ કરેલા વેદાદિની પરીક્ષા કરી કહેવું અથવા ઉપદેશ કરવો, તર્કને દૂર કરવો, અને પ્રયોજનથી નિશ્ચય કરી બ્રહ્મતત્ત્વને જાણવું એ આઠ ગુણ બુદ્ધિના છે.

મનુષ્યને બુદ્ધિરૂપી એવો પદાર્થ આપ્યો છે અને તેને આઠ ગુણવાળી કરી છે. બુદ્ધિ એક હીરાસમાન રત્ન છે જ્યારે બુદ્ધિનું શાસ્ત્રમાં જોડાણ થાયછે ત્યારે તેનો અધીક પ્રકાશ થાયછે જેમકે ખાણમાંથી નિકળેલા હીરાને સંઘાડા ઉપર ચડાવી સાફ કરાવામાં આવ્યા પછી તે અધીક તેજસ્વી થઈ વધારે મૂલ્યવાન થઈ જાયછે.

વળી મનુસ્મૃતિ અ૦ ૨ શ્લોક-૮-૧૬૦.

सर्वं तु समवेक्ष्येदं निखिलं ज्ञानचक्षुषा ।
श्रुतिप्रामाण्यतो विद्वान्स्वधर्मे निविशेत वै ॥ ८ ॥

જ્ઞાનરૂપી ચક્ષુથી જે વિદ્વાન પુરૂષે અનુભવ મેળવ્યો છે તે તો વેદના પ્રમાણથી જે જે ધર્મ પાળવા કહેલા છે તે તે સ્વધર્મે પાળવાતત્પર રેહેનાર નથી.

यस्य वाङ्मनसी शुद्धे सम्यग्गुप्ते च सर्वदा ।
स वै सर्वमवाप्नोति वेदान्तोपगतं फलम् ॥ १६० ॥

જેનું ભાષણ તથા મન સદા ચોખ્ખું અને સાવધ છે તે વેદાંતમાં કહેલા સર્વ પુણ્યફળને પ્રાપ્ત પામેછે. મનુસ્મૃતિ અ૦ ૪ શ્લોક ૧૭૮.

येनास्य पितरो याता येन याताः पितामहाः ।
तेन यायात् सतां मार्गं तेन गच्छन्न रिष्यते ॥

જે માર્ગે પોતાના પિતા અને તેમના પિતા ચાલતા આવ્યા છે તેવા સજ્જનના માર્ગે ચાલવું. કારણ તેને માર્ગે ચાલવાથી મનુષ્ય અધર્મી બનતો નથી.

મહાભારતના વનપર્વમાં કહ્યું છે કે:—

धर्मस्य तत्त्वं निहितं गुहायां महाजनो येन गतः स पंथाः ।

મોટા મહાન પુરૂષોએ જે માર્ગ બતાવ્યો છે તે માર્ગે સર્વ પુરૂષોએ ચાલવાનું છે. સત્સંગ અને સત્‌શાસ્ત્ર કે અભ્યાસથી બુદ્ધિ નિર્મળ થાયછે. સાધુ પુરૂષ કે જન કે વૈષ્ણવ હોયતેની સંગમતા કેવળ સત્‌માર્ગેજ ચાલવાથી થઈ છે. ભાગવતના દશમસ્કંધ અ૦ ૪ શ્લો૦ ૧૬-૨૧

मूलं हि विष्णुर्देवानां यत्र धर्मः सनातनः।

દેવતાઓના મૂળ વિષ્ણુ છે વિષ્ણુનું મૂળ સનાતનધર્મ છે જે મનુષ્ય તે સનાતનધર્મનું સેવન કરેછે તેજ ઉત્તમ પુરૂષ છે અને તેઓનાં લક્ષણ ભાગવતના તૃતીયસ્કંધ-કપિલોપાખ્યાનમાં અને એકાદશસ્કંધમાં વિદેહના સંવાદમાં અને ગીતાજીમાં કહ્યાં છે.

तितिक्षवः कारुणिकास्सुहृदस्सर्वदेहिनां।
अजातशत्रवः शांतास्साधवः साधुभूषणाः।
मदाश्रयाः कथामृष्टाः शृण्वन्ति कथयन्ति च।
तपन्ति विविधास्तापा नैतान्मद्गतचेतसः॥
त एते साधवः साध्वि सर्वसंगविवर्जिताः।
संगस्तेष्वथ ते प्रार्थ्यः संगदोषहरा हि ते॥
न कामकर्मबीजानां यस्य चेतसि संभवः।
वासुदेवैकनिलयः स वै भागवतोत्तमः॥
त्रिभुवनविभवहेतवेऽप्यकुण्ठस्मृतिरजितात्मसुरादिभिर्विमृग्यात्।
न चलति भगवत्पदारविन्दाल्लवनिमिषार्धमपि स वैष्णवाग्र्यः॥

गीतायामुक्तं च।

अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः।
सर्वारंभपरित्यागी यो मद्भक्तः स मे प्रियः॥
समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः।
शीतोष्णसुखदुःखेषु समः संगविवर्जितः॥
तुल्यनिन्दास्तुतिर्मौनी संतुष्टो येन केनचित्।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः॥
ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः॥
तथाच श्रुतिः
साधवः शास्त्रानुवर्तिनः

જે શાસ્ત્રપ્રમાણે ચાલતો હોય, સહનશીલ હોય, સર્વ જીવ પ્રાણીમાત્રપર [illegible] રાખતો હોય, અને શાન્ત મતિવાળો હોય તે સાધુ કહેવાય. જે વેદાન્તનું શ્રવણ કરે અને પરમાત્મામાં પોતાનું મન લગાડે તેને સંસારતાપ હોતો નથી. સર્વના સંગનો ત્યાગ કરવાવાળો સાધુજ છે. સાધુ [illegible] કામ ક્રોધથી રહિત અને [illegible] ઈશ્વરસ્મરણમાં જેનું ચિત્ત પરોવાયેલું હોય તેને ઉત્તમ ભક્ત કહે છે. જે [illegible] ઈશ્વરભજનથી વિરક્ત નહિ અને સૌ ધર્મનો ત્યાગ કરી પરમાત્મનો [illegible] વૈષ્ણવ કહે છે. ગીતાજીમાં શ્રીકૃષ્ણે કહ્યું છે કે—

જે [illegible] શુદ્ધ અન્તઃકરણવાળો ઉદાસીનતાથી રહિત અને સર્વનો ત્યાગ [illegible] મારો ભક્ત મને પ્રિય છે. જે મનુષ્યના શત્રુ અને મિત્રોમાટે સમભાવ છે, માન કે અપમાનમાં સમાન છે, [illegible] કે સુખદુઃખમાં સમાનતા રાખે છે, અને જે [illegible] રહિત છે, [illegible] કે સ્તુતિ [illegible] છે, જે મૌન [illegible] જે [illegible] રહેઠાણ કે મઠાદિ બાંધી બેસતો નથી, જેની સ્થિર બુદ્ધિ છે, એવો જે ભક્તિમાન છે. [illegible] જે વૈરાગ્ય [illegible] [illegible] છે. [illegible] વૈષ્ણવ [illegible] નથી. [illegible] તપ, સંયમઆદિ ધારણ [illegible] વૈષ્ણવ [illegible] નથી. [illegible] સંયમઆદિ ધારણ [illegible] નથી.

બુદ્ધિ અને ધર્મનું [illegible] બુદ્ધિથી [illegible] [illegible] ધર્મનો [illegible].

૯ વિદ્યા.

[illegible] विद्या वा [illegible] विद्या
या [illegible] अनर्थेति विद्या ॥

[illegible]

[illegible] ।
[illegible] ॥

[illegible]

[illegible] ॥

અરે મનુષ્ય! વિદ્યા અને આત્મજ્ઞાનની ખોજ કર અને તેનું ચિંતન કર એજ તારું કલ્યાણ કરવાવાળું છે. જેવી ઇશાવાસ્યોપનિષદ્માં કહ્યું છે કેઃ—

विद्यां चाविद्यां च यस्तद्वेदोभयं सह ।
अविद्यया मृत्युं तीर्त्वा विद्ययामृतमश्नुते ॥

જે પુરુષ વિદ્યા વા અવિદ્યા બંનેને જાણે છે તે અવિદ્યાથી પ્રાપ્ત થતા સંસારનો નાશ કરી મોક્ષને પામેછે. વિદ્યારૂપી નેત્ર જેને નથી તેને ભલે તેટલાં મોટાં નેત્રો હોય તોપણ તે નેત્રો તેને કાંઇ પણ ફળતા નથી. રઘુવંશમાં કહ્યું છે કેઃ—

कामं कर्णान्तविश्रान्ते विशाले तस्य लोचने ।
चक्षुष्मत्ता तु शास्त्रेण सूक्ष्मकार्यार्थदर्शिना ॥

રાજા રઘુને કાનસુધી મોટાં બે નેત્રો હતાં પરંતુ શાસ્ત્રથીજ સૂક્ષ્મ કાર્યોને જોઇ શકતા હતા અને અંતઃકરણની ગુપ્ત વાતો જાણી જતા હતા. ચાણક્યમાં કહ્યું છે કેઃ—

वलीपलितकायोपि कुर्वीत श्रुतिसंग्रहं ।
न तत्र ध्यानिनो यांति यत्र यांति बहुश्रुताः ॥ १ ॥

ઘરડા, જુવાન, ઠરડ થઇ જાય તોપણ વિદ્યાનો સંગ્રહ કરે. વિદ્યા શિખનારાઓ અધિકારી પ્રસંગોકને પહોંચે છે ત્યાં પૈસાવાળા શેઠ જઇ શકતા નથી. ૧

अनेकसंशयोच्छेदि परोक्षार्थस्य दर्शकम् ।
सर्वस्य लोचनं शास्त्रं यस्य नास्त्यंध एव सः ॥ २ ॥

અનેક સંશયોનો નાશકર્તા પરોક્ષજ્ઞાનરૂપ શાસ્ત્રવાળાં નેત્ર જેને છે નહિ તે આંધળો છે.–૨

पण्डिते च गुणाः सर्वे मूर्खे दोषाश्च केवलाः ।
तस्मान्मूर्खसहस्रेषु प्राज्ञ एको विशिष्यते ॥ ३ ॥

વિદ્વાન સર્વગુણસંપન્ન હોયછે. મૂર્ખ દોષવાન છે. તેટલામાટે હજારો મૂર્ખ કરતાં એક વિદ્વાન ઉત્તમ ગણાય છે—૩

विद्या नाम नरस्य कीर्तिरतुला प्रच्छन्नमन्तर्द्धनं
विद्या भोगकरी पुनर्यशकरी विद्या गुरूणां गुरुः ।
विद्या बंधुजनो विदेशगमने विद्या परं दैवतं
विद्या राजसु पूजिता शुभधनं विद्याविहीनः पशुः ॥ ४ ॥

મનુષ્યની વિદ્યા એજ મોટી કીર્તિ છે અને તે ગુપ્ત ધન છે. વિદ્યા ભોગ અને યશ કરાવનારી છે. વિદ્યા ગુરુનો ગુરુ છે. પરદેશમાં બંધુસમાન છે. વિદ્યા એક દેવતા છે. વિદ્યા-

ના શાસ્ત્રોકોને આ સત્કાર થાયછે. વિદ્યા એવું ઉત્તમ ધન છે કે જેનાથી પણ [illegible] વિદ્યાવગરનો મનુષ્ય પશુસમાન છે. ૪

अजरामरवत्प्राज्ञो विद्यामर्थं च चिन्तयेत् ।
गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत् ॥ ५ ॥

બુદ્ધિવાન મનુષ્ય વિદ્યા [illegible] પોતાને [illegible] માને અને ધર્મ કરવાને માટે મૃત્યુએ [illegible] એમ જાણી ધર્મમાં પ્રવર્તે.—૫

વિદ્વાન પુરૂષના [illegible] ધન [illegible] અને [illegible] [illegible] અને ફરી ધન [illegible] [illegible] વિદ્યાથી [illegible] નાશ થાય છે. વળી મનુસ્મૃતિ [illegible]

वेदाभ्यासोऽन्वहं शक्त्या महायज्ञक्रियाक्षमा ।
नाशयन्त्याशु पापानि महापातकजान्यपि ॥

દરરોજ પોતાની શક્તિપ્રમાણે વેદાભ્યાસ કરવાથી [illegible] કરવાથી, અને [illegible] દાન કરવાથી મહાપાતકમાંથી [illegible] થાય છે.

આધુનિક નવીન [illegible] [illegible]

આવા લોકોને મનુએ હલકા કહ્યા છે. શ્રીમદ્ભાગવતસ્કંધ ૧૦ ના અ૦ ૨૦ ના શ્લોક ૨૩ માં કહેલ છે:—

पाखण्डिनामसद्वादैर्वेदमार्गाः कलौ यथा ॥

પાખંડીઓના જુઠા બકવાદથી કલિયુગમાં વેદમાર્ગ ઢંકાઈ ગયો છે. તુલસીદાસે પણ લખ્યું છે કેઃ—

દોહા.

કલિમલ ગ્રસે ધર્મ સબ લુપ્ત ભયે સદ્‌ગ્રંથ।
દંભિન નિજમતિ કલ્પિકર પ્રગટ કિયે બહુ પંથ॥

વળી મનુસ્મૃતિ અ૦ ૩ શ્લોક ૧૬૮ માં કહેલ છે:—

ब्राह्मणस्त्वनधीयानस्तृणाग्निरिव शाम्यति ।
तस्मै हव्यं न दातव्यं न हि भस्मनि हूयते ॥

ઘાસના તણખલાંનો અગ્નિ જેવો ઝટ હોલવાઈ જાય છે તેપ્રમાણે મૂર્ખ બ્રાહ્મણ પણ તરત હોલવાઈ જાય છે તેમાટે તેને હવ્યકવ્ય ન આપવું કારણ જેમ રાખોડીમાં હોમ થતો નથી તેમ તેવા બ્રાહ્મણને આપવાનું ફળ નથી. વળી મનુસ્મૃતિ અ૦ ૨ શ્લોક ૧૫૪ માં લખેલ છે:—

न हायनैर्न पलितैर्न वित्तेन न बन्धुभिः ।
ऋषयश्चक्रिरे धर्मं योऽनूचानः स नो महान् ॥

પુષ્કળ વર્ષ થવાથી, પળિયાં આવવાથી, દ્રવ્યથી અથવા બંધુઓથી કોઈએ મહત્ત્વ માન્યું, સગાંવહાલાંની પ્રીતિથી માણસને મોટાઈ અથવા વડીલપણું આવતું નથી. પરંતુ ઋષિઓ એ વિષયે એવો નિશ્ચય કરી ગયેલા છે કે જેણે વેદ અને વેદાંગનું અધ્યયન કર્યું છે તેને મોટા અથવા વડીલ કહેવો.

